૧૭૩	શ્રી અસિતભાઈ રવિન્દ્રપ્રસાદ વોરા	૨૬	૨૬
૧૭૪	શ્રી કેયુર જયંતિલાલ પરીખ	૨૬	૨૬
૧૭૫	શ્રી રઝિયાબાનુ ફિરોજ અહેમદ રંગરેજ	૨૬	૨૨
૧૭૬	શ્રી ઈનાયતહુસેન કુરમુલ્લાહમીયા સૈયદ	૨૬	૨૬
૧૭૭	શ્રી શેહઝાદખાન નાસીરખાન પઠાણ	૨૬	૨૨

૧૭૮	શ્રી કૈલાસબેન વિક્રમકુમાર ઠાકોર	૨૬	૨૬
૧૭૯	શ્રી કાળીદાસ સવાભાઈ સોલંકી	૨૬	૨૨
૧૮૦	શ્રી કાળુભાઈ પોપટભાઈ ભરવાડ	૨૬	૨૪
૧૮૧	શ્રી દિપ્તીબેન નિખીલકુમાર શેઠ	૨૬	૨૨
૧૮૨	શ્રી દશરથભાઈ રતિલાલ વાઘેલા	૨૬	૨૬
૧૮૩	શ્રી દશરથભાઈ જશુભાઈ પટેલ	૨૬	૨૨
૧૮૪	શ્રી ભગવતીબેન ભાઈલાલભાઈ પટેલ	૨૬	૨૪
૧૮૫	શ્રી ગિરીશકુમાર નીરંજનભાઈ શાહ	૨૬	૨૪
૧૮૬	શ્રી ભરતભાઈ દામજીભાઈ ગોંડલીયા	૨૬	૨૦
૧૮૭	શ્રી હંસાબેન રમેશભાઈ પટેલ	૨૬	૨૬
૧૮૮	શ્રી ગૌરાંગભાઈ મહેન્દ્રભાઈ દરજી	૨૬	૨૪
*૧૮૯	શ્રી હસમુખભાઈ સોમાભાઈ પટેલ	૨૬	૧૭
૧૯૦	શ્રી પારૂલબેન અનિલકુમાર પટેલ	૨૬	૨૬
૧૯૧	શ્રી વિક્રમભાઈ અરજણભાઈ ભરવાડ	૨૬	૧૮
૧૯૨	શ્રી અતુલકુમાર રાવજીભાઈ પટેલ	૨૬	૨૬

* નિશાનીવાળા સભ્યશ્રી કુલ મિટીંગોની એકંદર સંખ્યાના ૨/૩ (બે તૃતીયાંશ) કરતાં ઓછી મિટીંગોમાં હાજર હતા.

તા.૦૧-૦૪-૨૦૧૩ થી તા.૩૧-૦૩-૨૦૧૪ સુધીમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની એકપણ મીટીંગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી.

પરિશિષ્ટ- "બ"

તા.૦૧-૦૪-૨૦૧૩ થી તા.૩૧-૦૩-૨૦૧૪ દરમ્યાન મળેલ અમદાવાદ મ્યુનિસિપલ બોર્ડની મિટીંગોમાં મ્યુ.કાઉન્સીલરશ્રીઓની સરેરાશ હાજરી

અ.નં.	તારીખ	મીટીંગની સંખ્યા	કુલ સભ્ય સંખ્યા	ખાલી જગા	હાજર સભ્ય સંખ્યા	હાજરીની ટકાવારી
૧.	૩૦-૦૪-૧૩	૨	૧૯૧	★૧	૧૮૮	૯૮.૪૩
૨.	૧૦-૦૫-૧૩	૨	૧૯૧	★૧	૧૮૨	૯૫.૨૯
૩.	૨૮-૦૬-૧૩	૨	૧૯૧	★૧	૧૭૬	૯૨.૧૫
૪.	૩૧-૦૭-૧૩	૨	૧૯૧	★૧	૧૭૯	૯૩.૭૨
૫.	૨૧-૦૮-૧૩	૨	૧૯૧	★૧	૧૮૨	૯૫.૨૯
૬.	૩૦-૦૯-૧૩	૨	૧૯૧	★૧	૧૭૨	૯૦.૦૫
૭.	૨૯-૧૦-૧૩	૨	૧૯૧	★૧	૧૭૬	૯૨.૧૫
૮.	૨૬-૧૧-૧૩	૨	૧૯૧	★૧	૧૬૮	૮૭.૯૬
૯.	૨૦-૧૨-૧૩	૨	૧૯૧	★૧	૧૭૩	૯૦.૫૮
૧૦.	૩૦-૦૧-૧૪	૨	૧૯૧	★૧	૧૮૫	૯૬.૮૬
૧૧.	૦૫-૦૨-૧૪	૧	૧૯૧	★૧	૧૮૩	૯૫.૮૧
૧૨.	૦૬-૦૨-૧૪	૧	૧૯૧	★૧	૧૮૧	૯૪.૭૬
૧૩.	૨૪-૦૨-૧૪	૨	૧૯૧	★૧	૧૭૬	૯૨.૧૫
૧૪.	૨૫-૦૩-૧૪	૨	૧૯૧	★૧	૧૭૩	૯૦.૫૮

★ નોંધઃ- નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.લી.ગે.નં.૧૦૨૦૧/૨૦૧૨ તા.૨૫-૭-૧૨ ના હુકમથી ડીસ્કવોલીફાઇ થવાથી.

અહેવાલના વર્ષ દરમ્યાન એટલે કે તા.૦૧-૦૪-૨૦૧૩ થી તા.૩૧-૩-૨૦૧૪ સુધીમાં સ્ટેચ્યુટરી તથા સ્પેશીયલ કમિટીઓએ કરેલ કામગીરીનો અહેવાલ :-

અહેવાલના વર્ષ દરમ્યાન એટલે કે તા.૦૧-૦૪-૨૦૧૩ થી તા.૩૧-૩-૨૦૧૪ સુધીમાં સ્ટેચ્યુટરી તથા સ્પેશીયલ કમિટીઓએ કરેલ કામગીરી નીચેના પત્રકમાં દર્શાવવામાં આવી છે.

સ્ટેચ્યુટરી કમિટીઓ

અ.નં.	કમિટીનું નામ	બેઠકની સંખ્યા	નિકાલ કરેલ કામોની સંખ્યા
૧.	સ્ટેન્ડીંગ કમિટી	૬૨	૨૨૫૩
૨.	ટ્રાન્સપોર્ટ કમિટી	૨૬	૨૯૯

સ્પેશીયલ કમિટીઓ

અ.નં.	કમિટીનું નામ	બેઠકની સંખ્યા	નિકાલ કરેલ કામોની સંખ્યા
૧.	વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી	૨૭	૪૬૫
૨.	રોડઝ એન્ડ બિલ્ડીંગ કમિટી	૨૬	૬૭૩
૩.	હેલ્થ એન્ડ સોલીડવેસ્ટ મેને. કમિટી	૨૫	૧૩૫
૪.	ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેને. કમિટી	૧૬	૮૦
૫.	હાઉસીંગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ઈ.ડબલ્યુ.એસ. કમિટી	૧૮	૨૬
૬.	રીક્રી. કલ્ચ. એન્ડ હેરીટેજ કમિટી	૨૦	૭૦
૭.	હોસ્પિટલ કમિટી	૨૪	૧૦૪
૮.	લીગલ કમિટી	૨૨	૩૧
૯.	રેવન્યુ કમિટી	૨૪	૩૩
૧૦.	મટીરીયલ મેનેજમેન્ટ એન્ડ પરચેઈઝ કમિટી	૨૫	૪૪
૧૧.	મહિલા અને બાળવિકાસ કલ્યાણ કમિટી	૨૪	૩૬
૧૨.	સ્ટાફ સીલેકશન એન્ડ એપોઈન્ટમેન્ટ કમિટી	૭	૨૩

અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે શ્રી કિશોરભાઈ સી. રાઠોડ (બી.એ., એલએલ.બી., એમ.એલ.ડબલ્યુ) એ તા.૧-૪-૨૦૧૩ થી તા.૩૧-૩-૨૦૧૪ સુધી મ્યુ.સેક્રેટરી તરીકે કામ કર્યુ હતું.

ન મૂ નો - ૧

સને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ દરમ્યાન અમદાવાદ જીલ્લામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બંધારણીય કામકાજ દર્શાવતું પત્રક

(૧)	અનુક્રમ નંબર	:	૧
(૨)	મહાનગરપાલિકાનું નામ	:	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
(૩)	જેના અન્વયે બંધારણ થયું હોય તે	:	ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુ. કોર્પો. એકટ-૧૯૪૯ અધિનિયમ
(૪)	ચોરસ કિલોમીટર વિસ્તાર	:	મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતું નથી.
(૫)	વિસ્તારની અંદર વસ્તી ૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર	:	મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતું નથી.
(૬)	નિયુકત બેઠકો સહિતની બેઠકોની કુલ સંખ્યા	:	૧૯૨
(૭)	(ક) નિયુકત કરેલ		
	(ખ) મતદાર મંડળો (વિભાગ) દ્વારા ચૂંટાયેલા સભ્યો	:	૧૯૨
(૮)	(ક) મહિલા અનામત	:	૬૪
	(૧) સામાન્ય	:	૫૦
	(૨) અનુ.જાતિ	:	૦૭
	(૩) પછાત વર્ગ	:	૦૭
	કુલ	:	૬૪
	(ખ) (૧) અનુ.જાતિ માટે અનામત બેઠકો (કુલ ૨૧ પૈકી ૭ મહિલા અનામત)	:	૧૪
	(૨) પછાત માટે અનામત બેઠકો (કુલ-૨૦ પૈકી ૭ મહિલા અનામત)	:	૧૩
	(ગ) આદિજાતિ માટે અનામત	:	૦૧
	કુલ અનામત	:	૯૨
(૯)	સામાન્ય બેઠકો	:	૧૦૦

(૧૦)કુલ બેઠકો	:	૧૯૨
(૧૧) આસન-૧૨ અને ૧૩ માં જણાવેલ બેઠકો સહિતની યોજાયેલી કુલ બેઠકોની સંખ્યા (તા.૧-૪-૨૦૧૩ થી તા.૩૧-૩-૨૦૧૪)	:	૧૩
(૧૨) આસન-૧૧ માં કુલ બેઠકોમાંથી કાર્યસાધક સંખ્યા (કોરમ)ના અભાવે નિષ્ફળ સાબિત થઈ હોય તેવી બેઠકોની સંખ્યા.	:	નથી
(૧૩) આસન-૧૧ માંથી કુલ બેઠકોમાંથી મુલતવી રાખવામાં આવી હોય તેવી બેઠકોની સંખ્યા.	:	૧૩
(૧૪) દરેક બેઠકમાં હાજર હોય તેવા સભ્યની સરેરાશ ટકાવારી	:	૯૩.૨૭ %
(૧૫) વિશેષ નોંધ	:	આ.નં.૪ અને ૫ ની માહિતી મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતી નથી.

૨.૨ સેન્ટ્રલ ઓફીસ
૨૦૧૩ - ૨૦૧૪

બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૯૪ મુજબ તમામ વહીવટી જવાબદારી મ્યુનિ.કમિશનરશ્રીની છે. તેમના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની નિમણૂંક , બઢતી / બદલી સીનીયોરીટી જેવા કામોનો નિર્ણય કમિશનરશ્રી કરે છે. અને તેના અમલીકરણની કામગીરી સેન્ટ્રલ ઓફીસ મારફતે કરવામાં આવે છે. આ ઓફીસ મ્યુનિ.કમિશનરશ્રી અને ડે.મ્યુનિ.કમિશનરશ્રી (વહીવટ) ની સીધી દેખરેખ નીચે કામ કરે છે. આ ઓફીસમાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

૧. શિરસ્તેદાર વિભાગ
૨. હેડ કલાર્ક વિભાગ
૩. સંકલન વિભાગ

<u>શિરસ્તેદાર વિભાગ : -</u>

મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાઓમાં કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓની નિમણૂંક ફેરબદલી , બઢતી ,કર્મચારીઓના સીનીયોરીટી લીસ્ટ બનાવવા , કર્મચારીઓને કાયમ કરવા , ખાતાકીય પરીક્ષા લેવી , ઈનસર્વિસ ટ્રેનિંગ વિગેરે કામગીરી કરે છે. હાઈકોર્ટ દિવાની કોર્ટ , લેબર કોર્ટમાં એસ્ટા.અંગેના તમામ કેસો અંગેની માહીતી પુરી પાડવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા થાય છે. વહીવટી સ્ટાફ , ગ્રેડેશન લીસ્ટ તૈયાર કરવા , વિવિધ ખાતાઓમાં જગા ભરવી , બઢતી ઈન્ટરવ્યુ અર્ગેની તજવીજ કરવી , રાજય સરકારના ક્ષેત્રમાં આવતી જગાઓની મંજુરી લેવી , મહેકમ અંગે રાજય સરકારશ્રી સમક્ષ પત્ર વ્યવહાર , પોલીસી (નીતી) ના હુકમ , ભરતી , અને બઢતીના નિયમો અંગેની કાર્યવાહી તેમજ ફાઈલોની જાળવણી વગેરે કામ કરે છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં યોજાતા સેમીનારમાં કોર્પોરેશનના પ્રતિનિધિ મોકલવા નકકી કરાવવા સ્ટે.કમીટીની મંજૂરી મેળવી આપવાનું કામ કરે છે.

રોસ્ટર વિભાગ દ્વારા રાજય સરકારની નીતી અનુસાર રોસ્ટરનું અમલીકરણ કરાવવાની કામગીરી, રાજય સરકાર દ્વારા માંગવામાં આવેલ રોસ્ટર અંગેની માહીતી પૂરી પાડવી , કર્મચારીઓના રોસ્ટર બઢતીના પ્રશ્નોમાં અભિપ્રાય આપવા વગેરે કામગીરી કરે છે. જુદા જુદા ખાતાઓમાં રોસ્ટર રજીસ્ટરો રાખવા અને રખાવવાની કામગીરી પણ કરે છે.

અનુ.નં	વિગત	૨૦૧૩/ ૨૦૧૪
૧.	રોસ્ટર અભિપ્રાય (વર્ગ ૧ થી ૪)ની વિવિધ જગાઓ માટે	૮૦
૨.	જી.ડી.ઈએસટી.ઠરાવની સંખ્યા	૯૧૭
૩.	જુદા જુદા વર્ગ અને જગ્યાઓ માટે સેન્ટ્રલ ઓફીસે સ્વીકારેલ અરજીઓની સંખ્યા (ઈન્ટરવ્યુ બ્રાંચની)	૭૫૫૧૮
૪.	જુદા જુદા ખાતાઓ માટે જુદા જુદા વર્ગના ઉમેદવારોના ઈન્ટરવ્યુ થયા તેની સંખ્યાં	૬૩૦
૫.	ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલ અને પસંદગી પામેલ ઉમેદવારોની સંખ્યા	૬૩

ડીસ્પેચ વિભાગમાં મ્યુ.કોર્પો ના જુદા જુદા ખાતાઓમાથી આવેલ પત્રો(ફાઈલો)ની સંખ્યા **૬૪૧૧** તેમજ રાજ્ય સરકારશ્રીમાંથી તથ અન્ય આવેલ સરકારી પત્રોની સંખ્યા **૫૮૯** છે.તેમજ માહીતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ આવેલ અરજીઓની સંખ્યા **૪૬૪** છે.

રાજય સરકારશ્રીની નીતી અનુસાર હાલમાં ફાઈલીગ સીસ્ટમ પણ અપનાવવામાં આવેલ છે. વર્ગ ૧, ૨ અને ૩ માં આવતાં કલેરીકલ વહીવટી / ટેકનીકલ કેડરનાં અધિકારીશ્રીઓ / કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ સરકયુલર દ્વારા જે તે વર્ષના અંતે ખાતામાંથી ભરાવીને મંગાવવામાં આવે છે. ચાલુ વર્ષમાં આશરે ૨૭૪૫ જેટલાં વાર્ષિક ખાનગી અહેવાલ અત્રે સ્વીકારવામાં આવેલ છે.

હેડ કલાર્ક વિભાગ :

મ્યુનિ.કમિશનરશ્રીના નામે આવતી ખાતાની અરજીઓ , સરકારી ખાતાઓની તથા અર્ધસરકારી કે અન્ય સંસ્થાઓ તરફથી રૂબરૂમાં આવતી અથવા ટપાલ મારફતે આવે તેને ઇન્વર્ડ રજીસ્ટરમાં નોંધ કરી આ ટપાલો સંબંધીત ખાતાઓને મોકલવાની તથા સરકાર સાથેના પત્રવ્યવહારની કામગીરી સંભાળે છે.

વર્ષ	પ્રજા તરફથી આવેલ અરજીઓ ની સંખ્યા	રાજયસરકારે કે કેન્દ્ર અથવા સરકારી સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓની સંખ્યા	ખાતાકીય પત્રોની સંખ્યા	મેયરશ્રી, ડે.મેયરશ્રી અને સ્ટે.કમીટીના ચેરમેનશ્રી તરફથી આવેલ પત્રોની સંખ્યા	કાઉન્સીલરશ્રી વત્તા ધારાસભ્યશ્રી ડાયરેકટ મ્યુનિસિપલ કમિશનરશ્રી	કુલ આવેલ અરજીઓની સંખ્યા
૨૦૧૩-૧૪	૧૮૬૩૩	૧૧૯૬૧	૧૦૮૭	૧૧૦૬	૧૪૭૫	૩૪૨૬૨

વધુમાં કેટલીક સંસ્થાઓ તરફથી કે રાજ્ય સરકાર તરફથી મંગાવવામાં આવતી માહીતી જુદા જુદા ખાતાઓમાંથી લેખિત કે ટેલીફોન દ્વારા એકત્રીત કરી જે તે સંસ્થાને મોકલી આપે છે.

મ્યુનિ.કમિશનર તરફથી ખાતાના અધિકારીશ્રીઓ અગર કર્મચારીઓને માહીતી સુચના કે આદેશ આપતા પરીપત્રો આ વિભાગ દ્વારા મોકલવામાં આવે છે, અને જરૂરીયાત અનુસાર માહીતી એકત્ર કરે છે.વિવિધ કમિટિઓના અધ્યક્ષશ્રીઓ તરફથી રાખવામાં આવતા રાઉન્ડના પરીપત્રો પ્રસિધ્ધ કરી સંબંધિત અધિકારીશ્રીઓને જાણ કરવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.મ્યુનિ.કમિશનરશ્રી, ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ ની ઓફીસ અને ઘરના ટેલીફોન બીલોનું ચુકવણું કરવાની વ્યવસ્થા કરે છે, તથા કેટલીક સંસ્થાઓમાં મ્યુ.કોર્પો સભ્ય હોઇ તેમના વાર્ષિક લવાજમ ભરવાની તજવીજ અત્રેથી થાય છે.

મ્યુનિ.કોર્પોની મિલ્કતો , જમીનો , પ્લોટો , મ્યુ.હોલ,મ્યુ.સ્નાનાગાર , હોસ્પિટલોની સાચવણી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ , વહીવટી વડાઓની સલામતી અને જાહેર પ્રસંગોએ વ્યવસ્થા સાચવવા માટે મ્યુનિ.કોર્પો દ્વારા જુદી જુદી ખાનગી સીકયુરીટી સંસ્થાઓની સેવા લેવામાં આવે છે. સને ૨૦૧૩ / ૨૦૧૪ ના વર્ષ દરમ્યાન આવી ૬ સીકયુરીટી સંસ્થાઓ પાસેથી ૧૭૪૬ ગાર્ડ સેવાઓ લેવામાં આવેલ છે. કુલ ૪૨૭ જેટલા પોઇન્ટોનો સમાવેશ થાય છે.અને તેની પાછળ વાર્ષિક આશરે રૂ. ૧૪,૭૮,૭૨,૨૧૭ ખર્ચ થયેલ છે. આમ સમગ્ર સીકયુરીટી સંસ્થાઓની સેવાઓ લેવા તથા દેખરેખની કામગીરી સેન્ટ્રલ ઓફીસ સીકયુરીટી બ્રાંચ દ્વારા કરવામાં આવે છે.

તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની બદલી, બઢતી, ફાળવણીને લગતા તેમજ અન્ય બાબતોના જી.ડી.ઇએસટી.ઠરાવો, સરકયુલરો, ઓફીસ ઓર્ડર, જુદી જુદી કેડરના પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ તેમજ ફાઇનલ પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ, સરકયુલર્સ, વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિનિયમોના મેન્યુઅલ ૨ પ્રકરણ (૮) ના રૂલ્સ (૫) ની જોગવાઇ મુજબ કર્મચારીઓએ ડીપોર્ટમેન્ટલ પરીક્ષા પાસ કરવાની થાય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના મેન્યુઅલ પુસ્તક ૨ ના પ્રકરણ ૮ ના વિનીયમ ૭ મુજબ ડીપાર્ટમેન્ટલ પરીક્ષામાં પાસ થવા માટે કુલ ૩૦૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૧૨૦ ગુણ અને દરેક પેપરમાં ૧/૩ ગુણ મેળવવા જરૂરી છે. અને

એલ.એસ.જી.ડી પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારીઓએ ફકત પેપર નં ૨ તથા ૩ ની પરીક્ષા આપવાની રહે છે. અને તેમાં દરેકમાં ૧/૩ ગુણ તથા તેઓએ બંનેમાં ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૮૦ ગુણ મેળવવાના રહે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા વિનીયમો અનુસાર તેમજ આર.જી.એન. નં ૪૫૮ ૨૦૦૪ - ૨૦૦૫ થી પરીક્ષાના પેપરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

અ.નં.	પેપરનું નામ	ગુણ
૧.	સને ૧૯૪૯ નો બોમ્બે મ્યુનિ.કોર્પો એકટ	૧૦૦
૨.	ઓફીસ મેનેજમેન્ટ	૧૦૦
૩.	બેઝીક કમ્પ્યુટર એપ્લીકેશન (થીયરી અને પ્રેકટીકલ)	૫૦ ૫૦

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જુનીયર કલાર્ક, એસ્ટેટ ટી.ડી.ઓ ખાતાના સબ ઇન્સ્પેકટર, ડી.ટી.પી ઓપરેટર તથા જુનીયર કમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓને ઉપરોકત પરીક્ષા આપવાની થાય છે. જે મે તેમજ નવેમ્બર માસના છેલ્લા અઠવાડીયાં લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ડીપાર્ટમેન્ટલ પરીક્ષા લેવામાં આવેલ જેમાં નીચે જણાવ્યા મુજબના ઉમેદવારો હાજર રહેલ તેમજ પાસ થયેલ કર્મચારીઓની સંખ્યા નીચે મુજબ છે.

વિગત	પરીક્ષા માટે ફોર્મ ભરેલ કર્મચારીની સંખ્યા	પરીક્ષા માટે હાજર રહેલ કર્મચારીની સંખ્યા	પરીક્ષા માટે ગેર હાજર રહેલ કર્મચારીની સંખ્યા	પાસ	નાપાસ
મે ૨૦૧૩	૧૩	૧૨	૧	૧૧	૧
નવે.૨૦૧૩	૨૭	૨૫	૨	૨૩	૨
કુલ	૪૦	૩૭	૩	૩૪	૩

સંકલન વિભાગ (બોર્ડ અને કમિટિ)

અમદાવાદ મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતાઓ તરફથી રજૂ કરવામાં આવતા કામો તથા મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા કરવામાં આવતી દરખાસ્તોના કામો જે તે ખાસ કમિટિમાંથી મંજૂર થયા બાદ સ્ટેન્ડીગ કમિટિ તથા મ્યુ.બોર્ડની માસિક સામાન્ય સભામાં જે તે કામો મંજૂર કરાવવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે.

વર્ષ દરમ્યાન એસ્ટેટ,હાઉસીંગ,રીક્રીએશનલ,માધ્યમિકશાળા સંચાલન સમિતિ,ટાઉન પ્લાનીંગ,રોડ અને બિલ્ડીંગ,હોસ્પિટલ,હેલ્થ,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ,વોટર સપ્લાય,ટેક્ષ,લીગલ વિગેરે ખાસ કમિટિના એકંદરે કુલ **૩૯૯૧** કામોના ઠરાવો કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઓડિટ અહેવાલ કમિટિની મિટિંગ દરમ્યાન થયેલ ઠરાવોની જાણ જે તે ખાતા અધિકારીશ્રીને તથા સમયાંતરે અવારનવાર પરિપત્ર દ્વારા પણ કરવામાં આવેલ છે.અને તેના કારણે ખાતાના પડતર ઓડિટ વાંધાનો જેતે ખાતા અને ચીફ ઓડિટ વચ્ચે સંકલન સાધી મોટા પ્રમાણમાં વાંધાનો નિકાલ થાય તે પ્રમાણે તજવીજ કરવામાં આવે છે.સ્ટેન્ડીગ

કમિટિએ અપીલ સબ કમિટિની નવી રચના કરેલ છે.જેમાં વર્ષ દરમ્યાન આ કમિટિમાં કુલ ૬૦૨૩ ઠરાવો કરવામાં આવેલ છે. જે ઠરાવોના અમલીકરણ માટે જરૂરી વહીવટી મંજૂરીની કામગીરી ઇન્ડ.રીલેશન ખાતા દ્વારા જરૂરી તજવીજ કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કમિટીઓના ઠરાવોની સંખ્યા

૧. સ્ટેન્ડિંગ કમિટિના થયેલ ઠરાવ	૨૨૫૩
૨. અપીલ સબકમિટિ માં થયેલ ઠરાવ	૧૦
૩. ઓડીટ સબ કમિટી	૧૧
૪. જુદી જુદી ખાસ કમિટિમાં થયેલ ઠરાવ	૧૬૯૪
૫. સ્ટાફ સિલેક્શન કમિટિમાં થયેલ ઠરાવ	૨૩
૬. મ્યુ.બોર્ડ ની સામાન્ય માસિક સભામાં થયેલ ઠરાવ	૨૦૩૨

વર્ષ ૨૦૧૩/૧૪ ના વર્ષમાં બજેટ બેઠક ૨૦૧૪/૧૫ ના સંદર્ભે પ્રશ્નોની માહીતિ પણ મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા પુછવામાં આવેલ છે.જેમાં કુલ **૯૧૨** જેટલા સવાલો વિવિધ ખાતાને લગતા પુછવામાં આવેલા, જેના જવાબો જે તે ખાતાના ડે.મ્યુ.કમિશરશ્રી દ્વારા તૈયાર કરાવી સદર સવાલના જવાબની કોપી મ્યુ.સેક્રેટરીશ્રી મારફતે જે તે મ્યુ.કાઉન્સીલરશ્રીને આપવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

આમ ૦૧.૦૪.૨૦૧૩ થી ૩૧.૦૩.૨૦૧૪ સુધીના સમગ્ર વર્ષનો વિગતવાર વાર્ષિક વહીવટી અહેવાલ રજૂ કરેલ છે. જે જાણમાં લેવા વિનંતી છે.

૨.૩ ટેક્ષ ડિપાર્ટમેન્ટ

૨૦૧૩-૧૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક સ્વાયત સંસ્થા છે. તેની રચના ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ મુજબ થયેલ છે. સદરહું એકટમાં કોર્પોરેશનની ફરજીયાત તથા મરજીયાત ફરજોનું વર્ણન કરવામાં આવેલ છે અને સદર ફરજો અદા કરવા નાણાંકિય સાધનો ફાળવેલા છે. આ વિવિધ પ્રકારના કાર્યો કરવા માટે જે આવકના સાધનો છે તે પૈકી **પ્રોપર્ટી ટેક્ષ** આવકનું એક મુખ્ય સાધન છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહિવટનું વિકેન્દ્રીકરણ કરવામાં આવતા અમદાવાદ શહેરના **અગાઉ કુલ ૫ (પાંચ) ઝોન બનાવવામાં આવેલ હતા.** ત્યારબાદ શહેરની હદમાં વધારો થતા **એક નવો ઝોન (નવા પશ્ચિમઝોન) બનાવવામાં આવેલ હતો. હાલમાં ઉત્તરઝોન, દક્ષિણઝોન, પૂર્વઝોન, પશ્ચિમઝોન, મધ્યઝોન અને નવા પશ્ચિમઝોન મળી કુલ ૬ ઝોન છે.** આ તમામ ઝોનલ કચેરીઓના ટેક્ષ વિભાગો દ્વારા તેમના ઝોન વિસ્તારમાં આવેલ અને જુદા-જુદા ટેક્ષ વોર્ડમાં સમાવિષ્ટ થયેલ રહેણાંક અને બિનરહેણાંક મિલકતોના પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

માનનીય ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (ટેક્ષ) ની સીધી દેખરેખ હેઠળ **ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રી ફરજ બજાવે છે. જેઓ સમ્રગ ટેક્ષ ખાતાની વહિવટી અને પોલીસી મેટર સંદર્ભેની કામગીરી સંભાળે છે.**

ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ ૬ (છ) ટેક્ષ ઝોનલ કચેરીઓમાં કુલ ૭ ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીઓ ફરજ બજાવે છે. ટેક્ષ-ઝોનલ કચેરીના પ્રોપર્ટી ટેક્ષ વિભાગમાં આસી. મેનેજરશ્રીઓ, સુપરવાઇઝરી સ્ટાફ તેમજ ફિલ્ડ સ્ટાફ ફરજ બજાવે છે.

ટેક્ષ ખાતાની ૬ ઝોનલ કચેરીઓમાં અહેવાલી વર્ષ દરમ્યાન ૧૫ આસી. મેનેજરો, ૩૦ ડિવીઝનલ સુપ્રિન્ટેન્ડેન્ટ, ૨૪૮ વોર્ડ ઇન્સ્પેકટરો અને ૯૫ ડિવીઝનલ કલાર્ક ફરજ બજાવતા હતા. જે તે ઝોનના ટેક્ષ-વોર્ડમાં કરદાતાઓના ટેક્ષ બીલોમાં જરૂરી સુધારા વધારા કરવા તેમજ તે અંગેના કોમ્પ્યુટર ફોર્મ ભરવાની કાર્યવાહી, વાંધા અરજીઓના નિકાલને કારણે આકારણીમાં ફેરફાર કરવાની કાર્યવાહી તેમજ મિલકતના પ્રકારમાં પડેલ ભાગલાને લીધે અથવા અન્ય કોઇ પણ કારણોસર જે કોઇ ફેરફાર થયેલ હોય તે અંગેની જરૂરી કાર્યવાહી જે તે વોર્ડના વોર્ડ ઇન્સ્પેકટરો તથા ડિવીઝનલ કલાર્ક દ્વારા કરવામાં આવે છે. આ સિવાય કરદાતાઓની નામ ટ્રાન્સફર, કબજા ફેરફાર, ખાલી-બંધ, સ્પેલીંગમાં સુધારો કરવો જેવી અરજીઓનો પણ નિયત સમય મયાદામાં નિકાલ કરવામાં આવે છે.

ટેક્ષ-ઝોનલ કચેરીઓના **પ્રોપર્ટી ટેક્ષ વિભાગ દ્વારા** ઝોનલ વિસ્તારમાં બનેલ નવી મિલકતોની આકારણી કરવામાં આવે છે અને કરદાતાઓને **ખાસ નોટિસ** બજાવવામાં આવે છે. જે તે ઝોનના ડેપ્યુટી એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ ડિવીઝનલ સુપ્રિન્ટેન્ડેન્ટ તેમજ વોર્ડ ઇન્સ્પેકટરો દ્વારા **જે તે મિલ્કતની સ્થળ તપાસ કરી ટેક્ષની આકરાણી કરવામાં આવે છે.** જો મિલકતના ઉપયોગમાં ફેરફાર થયેલ હોય કે ભાડુઆત બદલાયા હોય અથવા બાંધકામમાં વધારો હોય તો તેવી મિલકતોની ફેર-આકારણી કરવામાં આવે છે અને **ખાસ નોટિસો** બજાવવામાં આવે છે.

મિલકતોની આકારણી બાબતે ટેક્ષ ખાતા દ્વારા દર વર્ષે જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં ટેક્ષ ખાતા દ્વારા કરદાતાઓને ઇસ્યુ કરવામાં આવેલ ટેક્ષ બીલો સામે કરદાતાઓ દ્વારા કરવામાં આવેલ વાંધા અરજીઓનો **જે તે ઝોનના ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ જે તે ઝોનના એપેલેટ ઓફિસરો મારફતે નિકાલ કરાવવામાં આવે છે.** એપેલેટ ઓફિસરો કરદાતાઓ પાસેથી જરૂરી પુરાવા મેળવી અને જરૂરિયાત મુજબ સ્થળ તપાસ કરી કરદાતાઓની વાંધા અરજીઓનો નિકાલ કરે છે. વાંધા અરજીઓનો નિકાલ થયા પછી અને માંગણા બીલો ઇસ્યુ થયા બાદ જે કરદાતાઓને અસંતોષ હોય તેવા કરદાતાઓ **સ્મોલકોઝ કોર્ટમાં દિન-૧૫ માં અપીલ કરી શકે છે.**

મિલકતની આકારણી થયા પછી ટેક્ષ ખાતા દ્વારા પ્રત્યેક મિલકતના ટેક્ષના માંગણા (ડિમાન્ડ) બીલો તેમજ ખાસ નોટિસો કોમ્પ્યુટર ખાતા પાસે તૈયાર કરવામાં આવે છે. સદરહું ટેક્ષ બીલો અને ખાસ નોટિસો સંદર્ભે કરદાતાઓ તરફથી કરવામાં આવતી વાધાં અરજીઓનો પણ જે તે ઝોનના એપેલેટ ઓફિસરો દ્વારા તાત્કાલિક નિકાલ કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેક્ષ ખાતાની વહીવટી સરળતા ખાતર અને કરદાતાઓને વધુ સારો ન્યાય મળી રહે તે હેતુથી **૫૦૦૦ એન્ટ્રી દીઠ એક ટેક્ષ વોર્ડની રચના કરવામાં આવેલ છે. હાલમાં ટેક્ષ વોર્ડની કુલ સંખ્યા ૨૯૨ છે.**

અહેવાલી વર્ષ **૨૦૧૩-૧૪** માં રહેણાંકની મિલકતોની અને બિનરહેણાંહની મિલકતો મળી **કુલ ૧૭,૮૩,૬૮૬** મિલકતોના ટેક્ષ બીલો કમ નોટિસો કરદાતાઓને આપવામાં આવેલ, તેમાં બીલ ભરવાની છેલ્લી તારીખ ઝોનવાઈઝ અલગ-અલગ દર્શાવવામાં આવેલ હતી.

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ના સુધારા મુજબ કલમ ૧૪૧-ક અનુસાર નિયત તારીખ પછી માંગણા બીલની રકમ ઉપર **૧૮% લેખે દંડનીય વ્યાજ ઓનલાઈન ચાર્જ કરી વસુલ કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન બાકી ટેક્ષની વસુલાત કરવા કુલ ૧૫,૦૫૬ પ્રોપર્ટીઓને સીલ કરવામાં આવેલ હતી.**

સને ૨૦૧૩-૧૪ ના અહેવાલી વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષ પેટે **ચાલુ બાકી રૂા. ૭૪૪.૯૧ કરોડ** તેમજ **પાછલી બાકી રૂા. ૧૩૯૭.૯૩ કરોડ મળી કુલ રૂા. ૨૧૪૨.૮૪ કરોડ માંગણુ (ડિમાન્ડ) હતુ,** જેમાંથી અહેવાલી વર્ષમાં **કુલ રૂા.૬૬૯.૧૫ કરોડની** વસુલાત થયેલ છે.

કરદાતાઓને પોતાના રહેઠાણથી દુર સુધી જવુ ના પડે તે માટે અહેવાલી વર્ષ દરમ્યાન **કુલ ૫૪ સીટી સિવીક સેન્ટરો કાર્યરત કરવામાં આવેલ હતા.** સદર સિવીક સેન્ટરોના સ્ટાફ દ્વારા અન્ય તમામ પ્રકારના મ્યુનિસિપલ ટેક્ષ ઉપરાંત પ્રોપર્ટી ટેક્ષના ઓનલાઈન નાણાં સ્વીકારવામાં આવે છે તથા કરદાતાઓને પહોંચો (રસીદો) આપવામાં આવે છે.

એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટની ટેક્ષ મધ્યસ્થ કચેરીના થિયેટર શો ટેક્ષ વિભાગ દ્વારા શહેરમાં ચાલતા સિનેમા થિયેટરો પાસેથી **શો ટેક્ષ** વસુલ લેવામાં આવે છે. **ગુજરાત સરકારે જે ચલચિત્રોને કર મુકિત આપી હોય તેવા ચલચિત્રોને 'શો ટેક્ષ' માંથી મુકિત આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન થિયેટર શો ટેક્ષની આવક રૂા. ૯૭,૬૭,૦૧૦/- થયેલ હતી.**

ધંધાર્થે વપરાતા પાણી અંગે **અગાઉ** મીટરથી કનેકશનો આપી **'વોટર ચાર્જ'** વસુલ કરવામાં આવતો હતો. મીટરથી અપાતા વોટર કનેકશનો માટે મીટર રીડર તથા સીનીયર મીટર રીડરની દેખરેખ હેઠળ મીટર રીડીંગ લઈ **જે તે સમયે** કોમ્પ્યુટરાઈઝ બીલો તૈયાર કરવામાં આવતા હતા તથા તેની વસુલાત માટે જરૂરી પગલાં ભરવામાં આવતા હતા. **સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નં. ૯૨૩ તા. ૦૧.૧૨.૨૦૦૧** અનુસાર જુની વોટર મીટર પધ્ધતિની જગ્યાએ **હવે પ્રો-રેટા ચાર્જીસ પધ્ધતિ** અપનાવવામાં આવેલ છે, **જે મુજબ હાલમાં** મીટર ટેક્ષ વસુલવાની કાર્યવાહી જે તે ઝોનના ટેકનીકલ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.

ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીના તાબા હેઠળ વ્હીકલ ટેક્ષ વિભાગ કાર્યરત છે. વ્હીકલ ટેક્ષ વિભાગ દ્વારા યાંત્રિક વાહનોના લાઈફ ટાઈમ ટેક્ષની વસુલાત કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં **કુલ ૧,૭૦,૫૮૮ યાંત્રિક વાહનો** નોંધાયેલ હતા અને લાઈફ ટાઈમ વ્હીકલ ટેક્ષ પેટે **રૂા. ૫૫,૨૭,૫૪,૭૨૦** વસુલ લેવામાં આવેલ હતા.

૨.૪ ગુમાસ્તાધારા ખાતુ

૨૦૧૩-૧૪

ફેક્ટરી એક્ટ લાગુ પડતો ન હોય તેવી સંસ્થાઓને જેમકે દુકાનો,સને ૧૯૪૮નો બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ ગુમાસ્તાધારો ફેક્ટરી એક્ટ લાગુ પડતો ન હોય તેવી સંસ્થાઓને દા.ત.વેપારી પેઢીઓ,હોટલો અને થિયેટરોને લાગુ પડે છે.આ એક્ટનો તથા પેમેન્ટ ઓફ વેજીસ એક્ટનો અમલ કરાવવાનું તથા તેના કેસો કોર્ટમાં દાખલ કરી કસુરદારને યોગ્ય નશ્યત કરાવવાનું કામ ગુમાસ્તાધારા ખાતા દ્વારા કરવામાં આવે છે.વર્ષ દરમ્યાન વહીવટી કામગીરીની રૂપરેખા નીચે મુજબ છે.

સને ૧૯૪૮ ધી બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.એક્ટ તમામ દુકાનો વેપારી પેઢીઓ,રેસીડેન્સીયલ હોટલો,રેસ્ટોરન્ટ,ખાનપાનની જગ્યાઓ સીનેમા,નાટકો,થીયેટરો અને જાહેર આનંદપ્રમોદની તમામ સંસ્થાઓને લાગુ પડે છે.તા.૩૧/૩/૨૦૧૪ સુધીમાં આવી સંસ્થાઓની કુલ સંખ્યા ૧,૪૧,૪૯૧ છે.ગત વર્ષમાં આવી સંસ્થાઓની સંખ્યા ૧,૨૫,૪૯૬ હતી.

સને ૧૯૪૮ ધી બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.એક્ટના કાનૂનભંગ અંગે પગારમાં કાપકૂપ,કાયદા મુજબની નોટીસ વગર નોકરીમાંથી છૂટા કરવા તથા હક્કરજાનો પગાર અને નોટીસ પગાર ન મળવાને કારણે નોકરો તરફથી લેખિત ફરિયાદો વધુ આવે છે.જે ગુમાસ્તાઓની તેમના હક્ક પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે.પેમેન્ટ ઓફ વેજીસ એક્ટના ભંગ અંગેની ફરિયાદોનો નિકાલ કોર્ટના આશ્રય વગર પણ કરવામાં આવે છે.જે સંસ્થાઓમાં બાળ કામદાર માલુમ પડે તેની સામે એક્ટની કલમ ૩૨ મુજબ પગલાં ભરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના હદવિસ્તાર સાથે એક્ટના અમલ નીચે નોંધાયેલ સંસ્થાઓની સંખ્યા પ્રતિવર્ષ વધતી જાય છે.અ.મ્યુ.કોર્પોરેશનની હદ પણ વધેલ છે.સરકારે પ્રસિદ્ધ કરેલ રજીસ્ટ્રેશન રીન્યુઅલ અંગેના રૂલ અનુસાર ૨૦૧૩-૧૪ના વર્ષ દરમ્યાન રીન્યુઅલ ફી ની આવક રૂ.૨૧,૮૫,૩૦૫/- થઇ છે.

બોમ્બે પ્રોવિઝનલ મ્યુ.કોર્પો.એક્ટ ૧૯૪૯ હેઠળ મ્યુ.કોર્પો.ના વિસ્તારની દુકાનો, વેપારીગૃહો, હોટલો, નાસ્તાગૃહો અને જાહેર મનોરંજનની સંસ્થાઓ જેવા નાના વેપારીગૃહોના કર્મચારીઓને ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ ૧૯૮૦ જે સંસ્થાઓને લાગુ પડે છે.તેમાં આ યોજના હેઠળ ૧લી જાન્યુ.૧૯૮૧થી ગુમાસ્તાઓ માટેની "ફરજીયાત ગ્રુપ વીમા યોજના"દાખલ કરાવવામાં આવેલ છે.આ યોજના અન્વયે જે કર્મચારીઓ પૂર્ણ સમયના હોય,૧૮ વર્ષથી ૬૦ વર્ષથી નીચેની ઉમરના હોય તેઓને લેવામાં આવે છે.સંસ્થાના માલિકે પ્રત્યેક કર્મચારી દીઠ રૂ.૬/-તથા કર્મચારીએ પ્રિમિયમ ફાળા પેટે દર વર્ષે રૂ.૬/- મળી કુલ રૂ.૧૨/- દર વર્ષે ૧૫મી જાન્યુ.અગાઉ ભરવાના હોય છે.વીમાની રકમ મૃત્યુ પામેલ કર્મચારીના વારસદારોને વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/- સુધી જીવનવીમા કોર્પો. ચૂકવે છે.

અહેવાલી વર્ષમાં રીન્યુઅલ ફી ની આવક કલમ ૭ અને ૮ એટલે કે નવી સંસ્થાઓના રજીસ્ટ્રેશન અંગેના 'એ' ફોર્મની આવક તથા નોંધણીમાં ફેરફાર અંગેની 'ઇ' ફોર્મની આવક અને રજીસ્ટ્રેશનના ડુપ્લીકેટ ફોર્મની આવક મળી એકંદર કુલ આવક રૂ.૩૧,૩૯,૪૯૪/- થઇ છે,જે ગત વર્ષે રૂ.૨૭,૧૧,૩૫૬/- થયેલ હતી.

એક્ટ નીચેની સંસ્થાઓમાં કામ કરતા નોકરો તથા પ્રજાના સહકાર વિના આ એક્ટનો અમલ કરવો મુશ્કેલ છે.આવા નોકરો,નોકરી ગુમાવવાના ભયથી સહકાર આપતા નથી.પરંતુ હાલમાં નોકરોના યુનિયનો અસ્તિત્વમાં આવતા જાય છે.જે એક નવી આશાનું શુભચિન્હ ગણી શકાય.

સને ૧૯૪૮ના બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.ની કલમ ૭૧ મુજબ ગુમાસ્તાધારા ખાતા તરફથી પ્રતિ વર્ષ રીપોર્ટ મ્યુ.કમિશનરશ્રીને મોકલવામાં આવે છે.સદર રીપોર્ટ કેલેન્ડર વર્ષ એટલે કે એપ્રિલ-૧૩ થી માર્ચ-૧૪ સુધીનો હોય છે.

૨.૫ કોમ્પ્યુટર ખાતુ
૨૦૧૩-૨૦૧૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોમ્પ્યુટર વિભાગ દ્વારા તેની ચાલુ સિસ્ટીમો જેવી કે પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, પે-રોલ, એફ.એ.એસ.,વોટર મીટર વિગેરેને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન સફળતાપૂર્વક સંચાલન કરી જરૂરી આઉટપુટ સમયાંતરે લેવાની કામગીરી સંપૂર્ણપણે સમયમર્યાદામાં ચોકસાઈપૂર્વક કરી જે તે ખાતાની જરૂરીયાત મુજબ કામગીરી કરેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોની પાયાની જરૂરીયાતોની કામગીરીમાં પારદર્શકતા લાવવા તથા સવલતો પૂરી પાડવા ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ દ્વારા તમામ ઝોનનું લીક અપ લીઝ લાઈન દ્વારા કરી કોમ્પ્યુટરાઈઝેશન હેઠળ નીચેની સુવિધા આવરી લેવામાં આવેલ છે.

શહેરીજનોની સુવિધા અને સગવડતા વધારવાની સાથે સાથે કામગીરીમાં પારદર્શકતા આવે એ પણ ખૂબ જ જરૂરી છે. આ અંગે ઈન્ફર્મેશન ટેકનોલોજીનો વ્યવહારૂ ઉપયોગ ખૂબ જ મહત્ત્વનો બની રહે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકારશ્રીની સંસ્થા ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિ.ના સહયોગથી ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટના અમલીકરણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેના સંદર્ભે પશ્ચિમ ઝોનમાં ૧૦, પૂર્વ ઝોનમાં ૧૦, મધ્ય ઝોનમાં ૭, દક્ષિણ ઝોનમાં ૬, ઉત્તર ઝોનમાં ૮, નવા પશ્ચિમ ઝોનમાં ૧૦ એમ ૫૦ સિવિક સેન્ટર તેમજ દાણાપીઠ, મેમનગર, આર.ટી.ઓ અને વિરાટનગર ખાતે એક-એક એમ કુલ ચાર ટેક્ષ કલેક્શન સેન્ટર સહિત કુલ ૫૫ સેન્ટર્સ કાર્યરત કરવામાં આવેલ છે. સદર તમામ સિવિક સેન્ટરને લીઝ લાઈન વડે સાંકળી લેવામાં આવેલ છે. જેથી કોઈ પણ ઝોનનો કરદાતા કોઈ પણ સેન્ટર ખાતે નાણાં ભરી શકે તેમજ ફરિયાદ નોંધાવી શકે છે. તદુપરાંત નાગરિકો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.egovamc.com પરથી ઓન લાઈન ટેક્ષ, પ્રોપર્ટી ટેક્ષ, વ્યવસાય વેરા પેમેન્ટ કરી શકે તે અંગેની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. **નાગરિકોને સિવિક સેન્ટર પરથી નીચે જણાવેલ સવલતો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

- પ્રોપર્ટી ટેક્ષ કલેક્શન.
- વ્યવસાય વેરા કલેક્શન.
- વ્હીકલ ટેક્ષ કલેક્શન.
- આર.ટી.આઈ. અરજી સ્વીકાર.
- હેલ્થ લાયસન્સ.
- બીલ્ડીગ પ્લાન એપ્રુવલ.
- હોકર્સ લાયસન્સ ઈસ્યુઅન્સ.
- હોલ બુકીગની કામગીરી.
- ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન અને રીન્યુઅલ.
- જન્મ-મરણ નોંધણીના પ્રમાણપત્રોનું ઈસ્યુઅન્સ.

ઈ-ગવર્નન્સ ખાતા દ્વારા શરૂ કરવામાં આવેલ ફરિયાદ નિવારણ વ્યવસ્થા (CCRS) Comprehensive Complaint Redressal System **અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા અ.મ્યુ.કોની સેવાઓને લગતી ફરિયાદ નોંધી શકાય છે. ટેલિફોન નંબર ૧૫૫૩૦૩ ઉપર નાગરિકો તેમની ફરિયાદો નોંધાવી શકે છે. વધારે માહિતી www.amccrs.com પર ઉપલબ્ધ છે.**

- કમ્પ્લેઈન રીડ્રેસલ સિસ્ટમ હેઠળ પાયાની સવલતો જેવી કે પાણી,ગટર,રસ્તા,સ્ટ્રીટ લાઈટ,જનરલ કમ્પલેઈનની નોંધણી.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડની સંપૂર્ણ ૨૦૧૩-૧૪ અંતિત માહિતી વેબસાઇટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.
- અમદાવાદ શહેરમાં સને ૨૦૦૪-૦૫ થી "હોકર્સ લાયસન્સ" સિવિક સેન્ટર્સ પરથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ૫૦૭ હોકર્સ લાયસન્સ ઇસ્યુ કરી કુલ રૂા.૧,૯૨,૮૭૫/- વસુલ કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.egovamc.com દ્વારા નાગરિક ઘરે બેઠા પણ મ્યુ.કોર્પો.ને લગતી વિવિધ માહિતી મેળવી શકે તેમજ ફરીયાદ નોંધાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાયેલ છે.
- પે-રોલ સિસ્ટમમાં કર્મચારીઓનાં પગારબીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં છાપી જે તે વિભાગના કર્મચારીઓને અલગ અલગ ઇસ્યુ કરેલ છે.મકાન એડવાન્સ,વાહન એડવાન્સની કર્મચારી વાઇઝ વાર્ષિક હિસાબી સ્લીપ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે છાપી આપવામાં આવેલ છે. આ ઉપરાંત કર્મચારીઓની ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે સી.પી.એફ.,જી.પી.એફ.ની સ્લીપો સમયસર પ્રિન્ટીગ કરી આપેલ છે. પે-રોલ સિસ્ટમના અનુસંધાનમાં દર માસે મ્યુ.બેંક,વિવિધ ક્રેડિટ સોસાયટીઓની કપાત,મ્યુનિ.કર્મચારીઓની લોન કપાત પત્રકોનું ડેટા અપડેટ કરવામાં આવે છે. વર્ગ ૧-૨-૩ ના કર્મચારીઓનો પગાર ફરજિયાત બેંક મારફતે ચુકવવાની કામગીરી ચાલુ રાખી કર્મચારીઓના બેંક ફોર્મની ડેટા એન્ટ્રી તથા ચેકિંગ કરી પે-રોલ પ્રોસેસ કરેલ છે. ઉપરાંત વર્ગ ૪ ના કર્મચારીઓના બેંક પેમેન્ટ માટેની પણ સવલતો ઉભી કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોનના કોમર્શીયલ તેમજ રેસીડેન્સીયલ પ્રોપર્ટી ટેક્ષનાં બીલો, છેલ્લી ચેતવણીની નોટીસો તથા ચતુવર્ષિય આકારણીના આકારણી પત્રકોનું પ્રિન્ટીગ કોમ્પ્યુટર ખાતા મારફતે કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.egovamc.com ના વેબસાઇટ અપડેશન જે-તે ખાતાની સૂચના મુજબની કામગીરી પણ નિયમિત રીતે કરેલ છે.
- આ ઉપરાંત નોન શીડયુઅલ રોજીંદા કર્મચારીઓના પગાર બીલો મેન્યુઅલી બનતા હતા જે હવે કોમ્પ્યુટર ખાતા દ્વારા તૈયાર કરવામાં આવે છે.
- રીટાયરમેન્ટ બેનીફીટ સિસ્ટમને એકાઉન્ટ્સ વિભાગમાં સર્વર તથા નેટવર્કીગની મદદથી પેન્સન,પી.એફ.,ગ્રેજ્યુઇટી,હક્કરજાના હિસાબો તથા જી.આઇ.એસ.ના મોડયુલને આવરી લઇ આ તમામના ગુજરાતી ભાષામાં રીપોર્ટ તૈયાર કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરી નાણા વિભાગ મારફતે અમલીકૃત કરાવેલ છે.
- ઓડિટ વિભાગને સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ આવરી લઇ ઓડિટ વાંધાઓ,તેના નિકાલ તથા વાર્ષિક અહેવાલ કોમ્પ્યુટર ઉપર નેટવર્કીગ દ્વારા તૈયાર કરી શકાય તેવી વ્યવસ્થા કરી આપેલ છે.
- લીગલ ખાતાના હાઇકોર્ટ,સીટી સિવિલ કોર્ટના તમામ રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝેશન હાથ ધરી પૂર્ણ કરાયેલ છે અને તેઓને તમામ કોર્ટ કેસોની ડેટા એન્ટ્રી માટે જરૂરી લેન નેટવર્કીગ કરી આપેલ છે.
- નાણા વિભાગના માસિક અહેવાલો,બજેટ તથા અહેવાલોના પત્રકોને નાણા વિભાગની જરૂરીયાત મુજબ કોમ્પ્યુટરાઇઝ કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા પ્રોગ્રામીગ દ્વારા ઉપલબ્ધ કરી આપેલ છે.
- ફાઇનાન્સીયલ એકાઉન્ટીગ સિસ્ટમમાં નાણાંકીય વર્ષ દરમ્યાન માસિક રીકન્સીલેશન, રિપોર્ટ મોડીફીકેશન, એબસ્ટ્રેક લોડીગ અને અપડેશન તથા ફાઇનલ પ્રોસેસીગ નિયમિત રીતે કરી આપવામાં આવ્યું. માસિક હિસાબો ગુજરાતીમાં અને ત્રિમાસિક બજેટ સુધારા અને તેના અપડેશનની કામગીરી પણ સમયસર કરી આપવામાં આવી.
- ઇસ્યુ કરવામાં આવેલા ચેકોના નામના સુધારા કરવા માટેનું મોડયુલ, એકાઉન્ટ માસ્ટર તેમજ બજેટ કન્ટ્રોલની એન્ટ્રી અને મોડીફીકેશનની કામગીરી તેમજ નાણાં વિભાગની માગણી મુજબના રિપોર્ટ તૈયાર કરી આપવામાં આવ્યા.
- શહેરના સંસદ અને વિધાનસભાના પ્રતિનિધિઓ એવા સંસદ સદસ્યશ્રીઓ તેમજ વિધાનસભા સદસ્યશ્રીઓને તેમના વિસ્તારના વિકાસ કામો માટે મળતી ગ્રાન્ટ સામે દરખાસ્ત થયેલ વિકાસ કામો અને આ કામોની પ્રગતિની ભૌતિક

અને નાણાકીય માહિતી દર્શાવતી વિગતો વેબસાઇટ ઉપર એમ.પી./એમ.એલ.એ.ગ્રાન્ટ ના ફોલ્ડરમાં તૈયાર કરી મૂકેલ છે. અને પ્લાનીંગ વિભાગના સંકલનમાં કાર્યરત કરેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વહીવટી કામગીરીને વધુ પારદર્શક બનાવવા સારૂ કર્મચારીઓને સંબંધીત વહીવટી આદેશો, વેબસાઇટ ઉપર એમ્પલોઇ ઓર્ડરના ફોલ્ડરમાં મૂકવાની કાર્યવાહી કરેલ છે. આ હુકમો કોઇપણ વ્યક્તિ ઇન્ટરનેટના માધ્યમ દ્વારા જોઇ શકે તેવી વ્યવસ્થા કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદાજુદા વિભાગો દ્વારા ટેન્ડર જાહેરાતો સમાચારપત્રોમાં અપાતી હતી. આ ટેન્ડર જાહેરાતોને વૈશ્વિક સ્તરે પ્રસારણ મળે અને કોર્પોરેશનને વધુ સારી ઓફરો મળી રહે તે સારૂ તમામ વિભાગનાં ટેન્ડર્સ અત્રેની વેબસાઇટ ઉપર ઉપર લોડ કરી મૂકવામાં આવેલ છે. જેથી ઇન્ટરનેટ દ્વારા કોઇપણ વ્યક્તિ ટેન્ડર જાહેરાત, ટેન્ડર ફોર્મ વાંચી શકે નકલ ડાઉનલોડ કરી શકે, અને અમ.મ્યુ.કોર્પો.ને વધુ સારી ઓફર મળી શકે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ગુમાસ્તાધારાનાં ૧૨૭૪૨ પ્રમાણપત્રો રીન્યુઅલ કરવામાં આવ્યા, ૧૫૯૯૧ પ્રમાણપત્રો નવા ઇસ્યુ કરવામાં આવ્યા, ૬૧૨૨ પ્રમાણપત્રોના સુધારા કરી આપવામાં આવ્યા તથા ૧૦૦૨૪ ડુપ્લીકેટ પ્રમાણપત્રો ઇસ્યુ કરવામાં આવ્યાં.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ દરમિયાન કુલ ૧૪૪૦૯૩ જન્મ-મરણ પ્રમાણપત્ર માટેની અરજીઓનો નિકાલ કરાયેલ છે.તથા તેની ફી મારફતે રૂા.૯૧,૬૩,૪૧૫/- નાણાં ખાતે જમા આપેલ છે.જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- વર્ષ દરમિયાન ટી.ડી.ઓ. ફીની કુલ ૩૮,૧૩૩ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૩૬૧,૫૫,૨૬,૬૩૭/- આવક મળેલ છે.
- સિવિક સેન્ટરમાં હોલ બુકીંગ મોડયુલ કાર્યરત કરેલ છે જેમાં કુલ ૪૩૫૩ ટ્રાન્ઝેક્શન્સ દ્વારા કુલ રૂા.૩૧૪,૨૦,૯૦૪/- આવક મળેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો તથા એક બેન્ક (કલેક્શન સેન્ટર) મારફતે વર્ષ દરમિયાન કુલ ૧૦,૯૯,૧૫૩ રીસીપ્ટો દ્વારા રૂા.૬,૬૯,૧૪,૬૭,૦૬૭/- પ્રોપર્ટી ટેક્ષ વસુલ કરી નાણાં ખાતે જમા આપેલ છે. જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ દરમિયાન કુલ ૨૦૪૧૫૦ રીસીપ્ટો દ્વારા રૂા.૧,૦૧,૨૬,૩૯,૦૦૨/- વ્યવસાય વેરો વસુલ કરી નાણાં ખાતે જમા આપેલ છે. જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- વ્હીકલ ટેક્ષ સિસ્ટમમાં સીટી સિવિક સેન્ટરો ઉપર વ્હીકલ ટેક્ષ પેટે કુલ ૧૭૦૫૯૦ રીસીપ્ટો દ્વારા રૂા.૫૫,૨૭,૫૪,૭૨૦/- નો ટેક્ષ રીકવર કરેલ છે.
- સરકારશ્રીના આદેશ અનુસાર રાઇટ ટુ ઇન્ફોર્મેશન અન્વયે સિવિક સેન્ટર્સ ખાતે અરજીઓ સ્વીકારવાની વ્યવસ્થા કરી આ અરજીઓ જે તે વિભાગને નિયમિત મોકલી અપાયેલ છે.જેમાં કુલ ૧૦૧૬૮ અરજીઓ સ્વીકારી રૂા.૧,૫૦,૦૪૦/- વસુલ કરેલ છે.
- વધુમાં ચાલુ વર્ષે પ્રથમ વખતે એકાઉન્ટ ખાતાની જરૂરીયાત મુજબ ઝોન વાઇઝ બજેટ નોંધણી મોડયુલ અમલીકૃત કરેલ છે.જેથી તમામ કામોની નોંધણીનું સેન્ટ્રલાઇઝ મોનીટરીંગ થઇ શકે.
- પે-રોલ અંગેની ડેટા એન્ટ્રી સીધી બીલ ક્લાર્ક મારફતે થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- કર્મચારીઓના પી.એફ.લોનના ફોર્મ મેન્યુઅલી ભરવામાં આવતાં હતાં જે હવે બીલક્લાર્ક દ્વારા ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- વેલ્ફેર લોન ફોર્મ મેન્યુઅલી ભરવામાં આવતાં હતાં જે હવે બીલક્લાર્ક દ્વારા ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- **કોમ્પ્રીહેન્સીવ કમ્પ્લેઇન્ટ રીડ્રેસલ સીસ્ટમ (CCRS) :** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરીકોને પડતી મુશ્કેલીની તથા તેઓની ફરીયાદ બાબતે જાણકારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સુધી પહોંચાડવા માટે એક

સર્વગ્રાહી ફરીયાદ નિવારણ પધ્ધતિનું અમલીકરણ કરેલ છે. આ માટે **M/s.VBSoft (India) Ltd.** દ્વારા સોફટવેર, હાર્ડવેર તથા મેનપાવર પુરો પાડવામાં આવેલ છે. સી.સી.આર.એસ. સિસ્ટમના ભાગરૂપે હાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક કોલ સેન્ટર ઉભું કરવામાં આવેલ છે. જે સવારે ૬.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. કોલ સેન્ટર સિવાય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૬૪ વોર્ડ ઓફિસ તથા ૬ ઝોનલ ઓફિસ ખાતે આવેલ ફરીયાદ નિવારણ કક્ષ મારફતે પણ ફરીયાદ નોંધાવી શકાશે. તથા ઇન્ટરનેટના માધ્યમથી પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.egovamc.com પરથી ફરીયાદ નોંધાવી શકાશે. આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૨૪ ડીપાર્ટમેન્ટની ૨૦૫ પ્રકારની અલગ અલગ કમ્પ્લેઇનને અલગ અલગ માધ્યમ દ્વારા એક સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવેલ છે. ફરીયાદ નોંધાવ્યાની સાથે તેમના મોબાઇલ પર આ અંગેનો મેસેજ મોકલી આપવામાં આવશે. ફરીયાદ નોંધાવ્યાની જાણ અધિકારીને પણ એસ.એમ.એસ. મારફતે કરવામાં આવશે. ત્યાર બાદ અધિકારી/કર્મચારી દ્વારા ફરીયાદને લગતી કામગીરી કર્યાની જાણકારી કોઇ પણ વોર્ડ ઓફિસ કે ઝોનલ ઓફિસના ફરીયાદ નિવારણ કક્ષમાં જાણ કર્યેથી ફરીયાદીની સંમતિ સાથે ફરીયાદ બંધ કરવામાં આવે છે. આમ કરવાથી સમગ્ર ફરીયાદ નિવારણ પધ્ધતિમાં પારદર્શિતા આવે છે અને ફરીયાદ કરનાર નાગરીકને ફરીયાદ કયા તબક્કા પર છે તેની માહિતી પણ મળી રહે છે.

જેથી કરીને કમ્પ્લેઇનનો નિકાલ થયા અંગેનો તથા કમ્પ્લેઇનના પ્રકારની અને વિસ્તાર અંગેની સંપૂર્ણ માહિતી એક જ જગ્યાએથી ઉપલબ્ધ થશે. સમયાંતરે એકત્રિત કરેલ કમ્પ્લેઇનના ડેટા તથા શહેરને લગતા વિવિધ પ્રશ્નોનું આધુનિક પધ્ધતિ દ્વારા પૃથક્કરણ કરી મળેલ માહિતીનો ભવિષ્યમાં કરવામાં આવનાર જાહેર કામોમાં ઉપયોગ કરવાથી આવી ફરીયાદો આવતી અટકાવી શકાય.

૨.૬ ઈલેકશન ખાતુ

૨૦૧૩-૧૪

૧. અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણી-૨૦૧૦ના ચુંટણી ખર્ચ પેટે નિવાસી અધિક કલેક્ટર શ્રી તથા નિયુક્ત ૧૬-ચૂંટણી અધિકારીશ્રીઓને મહાનગરપાલિકા દ્વારા કુલ રૂા.૧૦,૪૧,૨૯,૨૦૦/- અંકે રૂપિયા દસ કરોડ એકતાલીસ લાખ ઓગણત્રીસ હજાર બસો પુરાની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાંટના હિસાબો મેળવવા સારૂ નિવાસી અધિક કલેક્ટર શ્રી, અમદાવાદને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી/કચેરીને તેઓના થકી સુચના કરાવવા અત્રેની કચેરી દ્વારા અગાઉ પત્રો પાઠવવામાં આવેલ તદ્અનુસંધાને કુલ-૧૨ નિયુક્ત ચુંટણી અધિકારીશ્રીઓ તેમજ નિવાસી અધિક કલેક્ટરશ્રી, અમદાવાદની નગરપાલિકા શાખ દ્વારા તેઓના હિસાબો રજુ કરવામાં આવેલ જેની ચકાસણી કરવામાં આવેલ છે. તે પૈકી કુલ-૫ નિયુક્ત ચુંટણી અધિકારીશ્રીઓના હિસાબોની જમા-ખર્ચી કરાવવામાં આવેલ છે તેમજ કુલ-૭ નિયુક્ત ચુંટણી અધિકારીશ્રીઓ તેમજ નિવાસી અધિક કલેક્ટરશ્રી, અમદાવાદની નગરપાલિકા શાખને હિસાબોની વિસંગતતા/વાંધા દુર કરવા જણાવવામાં આવેલ છે.

૨. સચિવ શ્રી, રાજ્ય ચુંટણી આયોગના જાહેરનામા પત્ર ક્રમાંકઃ રાચઆ/મનપા/અમદાવાદ/પેટાચુંટણી/૨૦૧૨ તા.૧૭/૩/૨૦૧૨ થી મહાનગરપાલિકાના ઈલે.વોર્ડ નં.૩૬, બાપુનગરની પેટા ચુંટણી તા.૮/૪/૨૦૧૨ ને રવિવારના રોજ યોજવામાં આવેલ. તદઅનુસંધાને ચૂંટણી અધિકારીશ્રીને આપવામાં આવેલ ગ્રાંટ રૂા.૬,૧૮,૦૪૪/-ના હિસાબો રજુ કરવામાં આવેલ અને જેની ચકાસણી કરી હિસાબોની જમા-ખર્ચી કરાવવામાં આવેલ.

૩. ભારતના સેન્સસ વિભાગ દ્વારા સને-૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાની જાહેરાત કરવામાં આવતા નિયામકશ્રી, વસ્તી ગણતરી વિભાગ, ગાંધીનગર થી અમદાવાદ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારના સેન્સસ વોર્ડોની વસ્તીના આંકડા મેળવવામાં આવેલ. સેન્સસ વિભાગમાંથી સને-૨૦૧૧ મુજબ અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારોની સેન્સસ વોર્ડ (જુના સીમાંકન મુજબ કુલ-૪૩ ઈલેક્શન વોર્ડો તથા નવા સમાવિષ્ટ વિસ્તારોના કુલ-૧૪ ઈલેક્શન વોર્ડો મળી કુલ-૫૭) મુજબ વસ્તીના આશરે ૧૨૫૦૦ બ્લોકના નક્શા મેળવી તેના ઉપરથી સેન્સસ વોર્ડ/બ્લોક વાર સરનામાઓ/લોકેશનોની યાદી તૈયાર કરવાની કામગીરી અંશતઃ પુર્ણ કરવામાં આવેલ છે અને અન્ય વોર્ડોની કામગીરી પ્રક્રિયામાં છે.

સેન્સસ વોર્ડ મુજબના નક્શામાં વસ્તીના બ્લોક નંબર દર્શાવવાની કામગીરી અંશતઃ પુર્ણ કરવામાં આવેલ છે અને ત્યાર બાદ સેન્સસ વોર્ડ કુલ-૫૭ ઉપરથી ઈલે.વોર્ડ કુલ-૬૪ મુજબની વસ્તીના આંકડા મેળવવાની કામગીરી પ્રક્રિયામાં છે.

૪ તા.૦૫/૦૩/૨૦૧૪ ના રોજ લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૪ ની જાહેરાત થતા જ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જાહેર તેમજ ખાનગી જગ્યાઓ ઉપર ધજા-પતાકા, તોરણ, બેનર્સ, પોસ્ટર, હોર્ડીંગ્સ, દિવાલ પરના લખાણો વિગેરે જેવી આચારસંહિતા ભંગને લગતી બાબતો જણાય તો તેને તાત્કાલીક ઉતારી લેવા કલેક્ટર કચેરીમાં મિટીગનું આયોજન કરવામાં આવેલ અને ઝોનવાઈઝ નોડલ ઓફિસર અને આસી.મ્યુનિ.કશિનરશ્રી તથા ઝોનવાઈઝ ડે.એસ્ટેટ ઓફિસર શ્રીઓની રાહબરી હેઠળ રાઉન્ડ ધ કલોક દબાણની ગાડી, સ્ટાફ વિગેરે રાખી આચારસંહિતા અમલીરકણની કામગીરી સચોટ અને અસરકારક રીતે થાય તે માટે એક ઝુંબેશ ચલાવવામાં આવેલ અને ઝોનવાઈઝ કરવમાં આવેલ કામગીરીનો રીપોર્ટ ચીફ નોડલ ઓફિસર શ્રી, આચારસંહિતા અમલીકરણ અને નિવાસી અધિક કલેક્ટર, અમદાવાદને કરવામાં આવેલ. આ ઉપરાંત રોજે-રોજ કરવામાં આવેલ આચારસંહિતાના અમલીકરણની કામગીરીનો દૈનિક રીપોર્ટ મ્યુનિસિપલ

કમિશનરશ્રી, ડે.મ્યુનિ.કમિશનર (ઈલેક્શન)શ્રી, તેમજ ચીફ નોડલ ઓફિસર શ્રી, આચારસંહિતા અમલીકરણ અને નિવાસી અધિક કલેક્ટર, અમદાવાદને કરવામાં આવેલ.

ઈલેકશન વિભાગના કર્મચારીઓ દ્વારા આચારસંહિતા ભંગને લગતી ફરીયાદો ફરીયાદ રજીસ્ટરમાં નોંધી સંબંધિત ઝોનમાં તે ફરીયાદનો નીકાલ કરવાની કામગીરીનો મેસેજ/સુચના આપવાની કાર્યવાહી કરી તેનો ઈલેક્શન ખાતા દ્વારા ચીફ નોડલ ઓફિસર શ્રી, આચારસંહિતા અમલીકરણ અને નિવાસી અધિક કલેક્ટર, અમદાવાદના સંકલનમાં રહી જે તે આચારસંહિતા ભંગની આવેલ ફરીયાદોનો હકીકતલક્ષી અહેવાલ પાઠવવાની કામગીરી કરવામાં આવેલ.

૫ અમદાવાદ મહાનગરપાલિકાના કુલ-૪ ઈલેકશન વોર્ડોમાં કોર્ટ લીટીગેશન તથા કુલ-૩ ઈલેકશન વોર્ડોમાં ચુંટાયેલા કાઉન્સીલરશ્રીઓને ગેરલાયક ઠરાવવા અંગે ન્યાયીક પ્રક્રિયા ચાલુ છે. તે સંદર્ભે જરૂરી પત્ર વ્યવહારની તથા મુદતના સમયે કોર્ટમાં હાજર રહેવાની કામગીરીઓ પણ કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતમાં દર્શાવ્યા પ્રમાણે મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૦ અન્વયે ફાળવવામાં આવેલ ગ્રાન્ટના હિસાબો મેળવવા, સ્ટ્રોંગ રૂમમાં સીલ ઈ.વી.એમ. ઈરેઝ કરવા તથા નવા ખરીદ કરવામાં આવેલ ઈ.વી.એમ. ઉપર ડેડ સ્ટોક નંબર પેઈન્ટ કરાવવા તેમજ જુદી-જુદી નગરપાલિકાઓને ભાડેથી આપવામાં આવેલ ઈ.વી.એમ. પરત મેળવવા સ્વીકારવાની કામગીરીઓ પ્રક્રિયામાં છે.

૨.૭ વેલ્ફેર ખાતુ

૨૦૧૩-૧૪

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના કર્મચારીઓના વ્યાપક હિતોને લગતી કલ્યાણકારી પ્રવૃત્તિ દ્વારા સંસ્થા અને કર્મચારી આલમ વચ્ચે કડીરૂપ ભુમિકા ભજવતા વેલ્ફેર ખાતાની કામગીરીની રૂપરેખા નીચે મુજબ છે.

૧. નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીના કુંટુબ માટે : -(રાજય સરકારનાધારા ધોરણ મુજબ)

નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીઓના નિરાધાર થતા કુટુંબને સહાયરૂપ થવા તેઓના આશ્રિતને અગ્રિમતાના ધોરણે નોકરી આપવાના એડમી.ઠ.નં.૧૩૭૫ તા.૦૨.૧૨.૭૫ મુજબ આશ્રિતોને વર્ગ ૩ તથા વર્ગ ૪ માં નોકરી આપવામાં આવતી હતી. ત્યાર બાદ રાજય સરકારના ઠરાવ નં રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા. ૦૫/૦૭/૨૦૧૧ થી રહેમરાહે નોકરીના બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવા માટે ઠરાવ કરવામાં આવેલ તેનો અમલ કરવા માટે માટે સ્ટે.કમિટી ઠરાવ નં ૧૦૨૨ તા.૦૨.૦૯.૧૧ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠરાવ નં ૧૬૫૫ તા.૩૦.૦૯.૨૦૧૧ થી મંજૂરી મળેલ હોવાથી સેન્ટ્રલ ઓફીસ સરકયુલર નંબર ૪૨ તા.૦૮.૧૨.૧૧ કરવામાં આવેલ.

ક્રમ	મૃત્યુ પામનાર કર્મચારીની સેવાનો બાકી રહેતો સમયગાળો	ઉચ્ચક નાણાંકીય સહાય
૧.	૨૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય	રુ.૬ લાખ
૨.	૨૦ વર્ષથી ઓછી પણ ૧૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય	રુ.૫ લાખ
૩.	૧૦ વર્ષથી ઓછી સેવા બાકી હોય	રુ.૪ લાખ

ત્યાર બાદ આ અંગે સેન્ટ્રલ ઓફીસ સરકયુલર નં ૫૦ તા.૧૨.૧૨.૧૧ થી ચાલુ ફરજ દરમ્યાન અવસાનર પામનાર વર્ગ ૩ તથા વર્ગ ૪ ના કર્મચારીના પેન્શનપાત્ર કુટુંબના સભ્યને નાણાંકીય સહાય મેળવવા સંબંધિત ખાતાના બીલ કલાર્ક મારફતે જરૂરી પ્રક્રિયા કરી નાણાંકીય સહાય મેળવવા કાર્યવાહી કરવા જાણ કરવામાં આવેલ છે. જે મુજબ અગાઉની પેન્ડિગ અરજીઓવાળા અરજદારોને પણ નાણાંકીય સહાય ચુકવવામાં આવેલ છે.

ગત વર્ષની બાકી અરજીઓ	**૧૫૦**
ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ	**૮૦**
વર્ષ ૨૦૧૩/૨૦૧૪ ની કુલ અરજીઓ	**૨૩૦**
વર્ષ ૨૦૧૩/૨૦૧૪ માં નિકાલ કરેલ અરજીઓ	**૧૧૦**
વર્ષના અંતે બાકી અરજીઓ	**૧૨૦**

આમ ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ વર્ગ ૩ ના ૨૨ તથા તથા વર્ગ ૪ ના ૭૪ મળી કુલ ૯૬ કર્મચારીઓના કુટુંબના પેન્શનપાત્ર વ્યકિતને ઉપરોંકત નીતી મુજબ કુલ રૂા.૪,૫૨,૦૦,૦૦૦/- (અંકે રૂા. ચાર કરોડ બાવન લાખ પુરા) નાણાંકીય સહાય ચુકવવામાં આવેલ છે. જયારે ૧૪ અરજીઓ દફતરે કરેલ છે.

૨. ઈજનેર મેનહોલ ખાતામાં અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીના કુટુંબ માટેઃ-(આઈ. આર. ખાતાના નિયમો મુજબ)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈજનેર મેનહોલ ખાતામાં નોકરી દરમ્યાન અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીઓના આશ્રીત વારસદારોને સ્ટે.કમિટી ઠ.નં.૧૨૯૬ તા.૧૯.૦૧.૦૬ તથા મ્યુનિ.કોર્પેરેશન ઠ.નં.૧૦૯૩ તા.૨૭.૦૨.૦૬થી મળેલ મંજુરી અનુસાર નોકરી આપવામાં આવે છે. સદર વર્ષ દરમ્યાન આવેલી દરખાસ્તો અંગેની વિગતો નીચે મુજબ છે

ગત વર્ષની બાકી અરજીઓ	૧૪
ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ	૫૩
વર્ષ ૨૦૧૩/૨૦૧૪ ની કુલ અરજીઓ	૬૭
વર્ષ ૨૦૧૩/૨૦૧૪ માં નિકાલ કરેલ અરજીઓ	૪૧
વર્ષના અંતે બાકી અરજીઓ	૨૬

આમ વર્ષ ૨૦૧૩/૨૦૧૪ માં કુલ ૪૧ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવેલ છે. કુલ ૪૧ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બાકી કેસો રહેવાનું કારણ એ છે કે જુદા જુદા ખાતાઓ તરફથી અધૂરી દરખાસ્તો આવે છે. તથા અરજદારો તરફથી પૂરતાં પૂરાવા રજુ કરવામાં આવતા નથી.

આમ ઉપર મુજબ રાજય સરકારના નિતી નિયમો મુજબ તથા મેનહોલ ખાતાના નિયમો મુજબ જરૂરી કાર્યવાહી સેન્ટ્રલ ઓફિસ વેલ્ફેર ખાતા મારફત કરવામાં આવે છે.

મૃત્યુ રાહત યોજના :

મૃત્યુ જેવી અણધારી આપત્તિમાં સહાયરૂપ થવા " મૃત્યુ રાહત યોજના " હેઠળ અવસાન પામેલ મ્યુનિ કર્મચારીઓના વારસદારોને તા.૩૦.૦૬.૯૭ ના ઠરાવ નંબર.૧૧૭૧ થી રૂા.૨૫૦૦/- ની સહાય વેલ્ફેર ફંડમાંથી આપવામાં આવે છે. સદર વર્ષ દરમ્યાન રાહત યોજનાનો લાભ મૃત્યુ પામેલ ૧૮૪ કર્મચારીઓના વારસદારોને જે તે સબંધિત ખાતા દ્વારા આપવામાં આવેલ છે.

૩. ઘોડીયા ઘરની વ્યવસ્થા :

મ્યુનિસિપલ કંમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓનાં નાના બાળકોની સાર સંભાળ માટે ઘોડિયાઘરની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. જેમાં મહિલા કર્મચારીઓના બાળકોની સાર સંભાળ રાખવા માટે (૧) એક આયા રાખવામાં આવેલ છે. સદર વર્ષમાં એવરેજ ૫ બાળકોએ લાભ લીધેલ હતો.

૪. લેડીઝ રૂમ :

મ્યુનિસિપલ કંમ્પાઉન્ડમાં મહિલા કર્મચારીઓ માટે લેડીઝરૂમ ચલાવવામાં આવે છે. અને તે લેડીઝરૂમની જરૂરિયાત મુજબ ચીજ વસ્તુઓ વેલ્ફેર ખાતેથી આપવામાં આવે છે.

૫. ગ્રુપ વિમા યોજના :

સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નં.૧૫૨૨ તા.૨૬.૦૩.૯૮ મુજબ તા.૦૧.૦૪.૯૮ થી રાજય સરકારના ધોરણે ગ્રુપ વિમા યોજનાની સ્કીમ અમલમાં આવેલ છે. જેમાં ગ્રેડ વાઇઝ કપાત , રિસ્ક પ્રિમીયમ તથા વેલ્ફેર ખાતા દ્વારા આપવામાં આવતા રિબેટની રકમ નીચે મુજબ છે.

કેટેગરી	કર્મચારીની સંખ્યા	કુલ જી.આઇ.એસ.	રિસ્ક પ્રિમીયમ	રીબેટ
એ	૪૯૧	૨૩૫૬૮૦૦	૭૦૭૦૪૦	૧૭૬૭૬૦
બી	૪૨૬	૧૦૨૨૪૦૦	૩૦૬૭૨૦	૭૬૬૮૦
સી	૩૨૫૭	૩૯૦૮૪૦૦	૧૧૭૨૫૨૦	૩૧૨૬૭૨
ડી	૧૨૨૨૬	૭૩૩૫૬૦૦	૨૨૦૦૬૮૦	૫૮૬૮૪૮
કુલ	૧૬૪૦૦	૧૪૬૨૩૨૦૦	૪૩૮૬૯૬૦	૧૧૫૨૯૬૦

આમ વેલ્ફેર ખાતા દ્વારા વાર્ષિક આશરે રૂા.૧૧,૫૨,૯૬૦/- (અંકે રૂા.અગ્યાર લાખ બાવન હાજર નવસો સાઇઠ) જેટલી રકમ ભોગવવાની થાય છે. વેલ્ફેર ખાતા ધ્વારા ઉપર મુજબ કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

૨.૮ લીગલ ખાતુ
૨૦૧૩-૨૦૧૪

લીગલ ખાતા ધ્વારા મ્યુનિ.કોર્પો.ની તમામ પ્રકારની કાનુની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ખાતા ધ્વારા ડે.મ્યુનિ.કમિ.શ્રીઓને અને ખાતાના અધિકારીશ્રીઓને પાવર્સ ડેલીગેશન કરવાની મ્યુનિ.કોર્પો.ના સ્ટેન્ડીંગ ઓર્ડર, બાયલોઝ, રેગ્યુલેશન તથા અન્ય નીતિ નિયમોમાં સુધારા-વધારા કરવાની તથા નિયમો બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત જુદી જુદી કોર્ટોમાં મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ દાખલ થતા દાવાઓમાં તથા મ્યુનિ.કોર્પો.તરફથી કરવામાં આવતા દાવાઓમાં વકીલો રોકવાની, વકીલોને ફી ચુકવવાની કોર્ટના ચુકાદાઓનો અમલ કે ચુકાદા વિરૂધ્ધ અપીલ કરવાની બી.પી.એમ.સી. એકટ તથા પી.એફ. એ. એકટ હેઠળની ફરિયાદો દાવાની કામગીરી તમામ ખાતાઓને કાનુની માર્ગદર્શન તથા સલાહ સુચનો આપવાની કામગીરી કરવામાં આવે છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

૧) મ્યુનિ.કમિ.શ્રીને પોતાની સત્તા બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ મુજબ ૪૯(૧) હેઠળ ડે.મ્યુનિ.કમિ.શ્રીઓને અને કલમ-૬૯(૧) નીચે મ્યુનિ.અધિકારીઓને સોંપવાની સત્તા મળેલ છે. અહેવાલવાળા વર્ષમાં ઉપરોકત જોગવાઇ હેઠળ કુલ ૦૬ પાવર ડેલીગેશન ઓર્ડર કરવામાં આવેલા છે.

૨) મ્યુનિ.કોર્પો.ના બાયલોઝ રેગ્યુલેશન, સ્ટેન્ડીંગ ઓર્ડરોમાં સુધારા કરાવવા તથા નવા નિયમો બનાવવા અને જુદા જુદા ખાતાઓમાંથી આવતી દરખાસ્તો સબંધમાં તજવીજ કરવાની નવા નિયમો કે ચાલુ નિયમોમાં સુધારા વધારા સામે જાહેર વાંધાઓ મંગાવવા, વર્તમાનપત્રો તથા ગેઝેટમાં નોટીસે પ્રસિધ્ધ કરાવવાની તથા મંજુર થયેલ દરખાસ્તોને રાજય સરકારની મંજુરી માટે મોકલવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલવાળા વર્ષ દરમ્યાન વિનીયમો તથા કર્મચારીઓની ભરતી અને બઢતી, લાયકાતો અંગેના નિયમો અંગે આર.જી.એન. ઠરાવોથી સુધારા કરવામાં આવે છે.

૩) સુપ્રિમકોર્ટ, હાઇકોર્ટ, સીટી સીવીલ કોર્ટ, સ્મોલકોઝ કોર્ટ, સેસન્સ કોર્ટ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ થતા અને અ.મ્યુ.કો. ધ્વારા દાખલ કરવામાં આવતા કેસોમાં મ્યુનિ.કોર્પો. તરફથી રજુઆત (બચાવ) કરવા માટે કોર્ટવાઇઝ એડવોકેટોની પેનલ રોકવામાં આવે છે. ઉપરોકત કોર્ટ ધ્વારા આપવામાં આવતા ચુકાદા હુકમો કે એવોર્ડને જે તે ખાતામાં મોકલી આપી અમલ કરવાની તથા જરૂર જણાય તો જુદા જુદા ચુકાદા વિરૂધ્ધ અપીલ કરાવવાની તજવીજ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ઉપરોકત કોર્ટોમાં નીચે મુજબની કામગીરી થયેલ છે.

(અ) સીટી સીવીલ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૮૯૮૮ દાવા પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૮૦૩ નવા કેસો દાખલ થયેલા છે. વર્ષ દરમ્યાન ૨૧૯ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ.કોર્પોની વિરૂધ્ધમાં ૦૦ દાવાઓ, અને ૨૧૯ દાવાઓનો તરફેણમાં નિકાલ થયેલ છે. આમ, વર્ષના અંતે ૯૫૭૨ દાવાઓ બાકી રહેલ છે.

(બ) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૬ તથા કોર્ટ નં. ૮માં પી.એફ.એ. હેઠળની ફરીયાદ અને બી.પી.એમ.સી. એકટ હેઠળની ફરીયાદો કે દાવાઓ દાખલ થાય છે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં વર્ષની શરૂઆતમાં કોર્ટોમાં કેસો ૨૨૦૨ પેન્ડીગ હતા. વર્ષ દરમ્યાન ૦૯ નવા કેસો દાખલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૨૪૮ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ. કોર્પો.ની વિરૂધ્ધ ૧૯૯ કેસો અને મ્યુનિ.કોર્પો.ની તરફેણમાં ૪૯ કેસાનો નિકાલ થયેલ છે. આમ, વર્ષના અંતે કુલ ૧૯૬૩ કેસો બાકી રહેલા છે.

(ક) હાઇકોર્ટમા ચાલતા કેસોમાં જુદા જુદા એડવોકેટોની પેનલો રોકવામાં આવે છે. જે તે કેસોની અગત્યતા અને કેસની વિગત (વિષયો)ને લક્ષમાં લઇને પેનલ ઉપરના એડવોકેટોને બ્રીફ આપવામાં આવે છે. હાઇકોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૩૪૧૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૩૧૭ નવા કેસો દાખલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૧૫૯ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ.કોર્પોના વિરૂધ્ધમાં ૦૮ અને તરફેણમાં ૧૫૧ કેસોનો નિકાલ થયેલ છે. આમ, વર્ષના અંત કુલે ૩૫૭૭ કેસો બાકી રહેલ છે.

(ડ) સ્મોલ કોઝ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં પ્રોપર્ટી ટેક્ષ સિવાયના કુલ ૨૭૮ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૧૨ નવા કેસો દાખલ થયેલા છે. વર્ષ દરમ્યાન ૪૨ કેસોનો નિકાલ થયેલ છે, તે પૈકી મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધમા ૩૪ કેસો, તરફેણમાં ૦૮ કેસનો નિકાલ થયેલ છે. આમ, વર્ષના અંતે કુલ ૨૪૮ કેસો બાકી રહેલ છે.

(ઇ) પ્રોપર્ટી ટેક્ષ અંગેની મ્યુનિ. વેલ્યુએશન અપીલો વર્ષની શરૂઆતમાં ૫૦૫ બાકી હતી. વર્ષ દરમ્યાન ૩૦ નવી એમ.વી.એ દાખલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૪૮ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ.કોર્પો.ની વિરૂધ્ધમાં ૧૧ કેસો,તરફેણમાં ૩૭ કેસો આવેલ છે.

(એફ) સુપ્રિમ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૬૭ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૦૭ નવા કેસો દાખલ થયેલા છે. વર્ષ દરમ્યાન ૦૩ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ. કોર્પો. વિરૂધ્ધમાં ૦૧ કેસો, તરફેણમાં ૦૨ કેસોનો નિકાલ થયેલ છે.આમ, વર્ષના અંતે કુલ ૭૧ કેસ બાકી રહેલ છે.

ઉપરોકત કોર્ટોમાં મ્યુનિ.કોર્પો.ના પેનલ ઉપરના એડવોકેટોને નિયત કરેલ ફી ચુકવવામાં આવે છે. કેસની અગત્યના ધ્યાનમાં લઇ સ્પે.ફી થી પણ સીની.કાઉન્સીલરો રોકવામાં આવે છે. વર્ષ દરમ્યાન મ્યુનિ. એડવોકેટોને રૂા. ૮૭,૭૩,૧૧૪/- પ્રોફેશનલ ફી ચુકવવામાં આવેલ છે.

કોર્ટોની કામગીરી ઉપરાંત લીગલ ખાતા ધ્વારા તમામ ખાતાઓને કાયદાકીય સલાહ સુચનો માર્ગદર્શન, કાનુની અભિપ્રાયો આપવાની કામગીરી સીની. લીગલ આસીસ્ટન્ટ ધ્વારા કરવામાં આવે છે. ઉપરાંત જરૂર પડે પેનલ ઉપરના એડવોકેટસ પાસે પણ અભિપ્રાય લેવામાં આવે છે.

લીગલ ખાતાની કામગીરી સીનીયર લીગલ આસી.શ્રીની સીધી દેખરેખ હેઠળ ઓ. સુપ્રિ.શ્રી, જુની. લીગલ આસી.શ્રી, હેડ કલાર્કશ્રી, સીની. કલાર્ક, જુની. કલાર્ક તથા પટાવાળાઓ સહિત શીડયુલ મુજબ કુલ ૩૧ કર્મચારીઓ ધ્વારા કરવામાં આવે છે. અહેવાલવાળા વર્ષ દરમ્યાન રૂા.૧,૫૨,૦૭,૫૭૫/- જેટલું એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ થયેલ છે.

૨.૯ હિલ ગાર્ડન પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકા
૨૦૧૩-૧૪

અમદાવાદ શહેરમાં આવેલ કાંકરીયા તળાવની ફરતે, ઉંચી નીચી ટેકરીઓનો વિકાસ કરી સને ૧૯૫૧માં કમલા નહેરુ ઝૂલોજીકલ ગાર્ડનની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે ઝૂ માં જુદા જુદા પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપો રાખવામાં આવતા હતાં. ઝૂનો મુખ્ય ઉદ્દેશ નાશપ્રાય વન્ય જીવોનું સંરક્ષણ, શિક્ષણ અને સંશોધન હોઈ તે મુજબ ઝૂ ની કામગીરી થાય છે. દર વર્ષે ઝૂ ની સમીક્ષા સુચનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી તરફથી થાય તે મુજબ પણ તેનો અમલ કરવામાં આવે છે. નવા પ્રોજેકટ માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી નાણાંકીય સહાય પણ કરે છે.

પ્રાણી સંગ્રહાલયઃ-

વિશ્વનાં વિવિધ દેશોના વિવિધ પશુ, પક્ષીઓ, સરીસૃપો આ પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવે છે. જેની સંખ્યા ૨૫૦૦ જેટલી અને જાતિઓ ૧૫૦ જેટલી છે. આ જાનવરોની વૈજ્ઞાનિક ઢબે સારસંભાળ રાખવામાં આવે છે. તથા તેઓને કુદરતી વાતાવરણ પુરુ પાડવામાં આવે છે. ઉપરાંત પાંજરામાં માળા તથા અન્ય સુવિધા પુરી પાડવાથી પશુ-પક્ષી-સરીસૃપોનું પ્રજનન સરળતાથી થાય છે. તેથી જાનવરોની સંખ્યામાં ઉત્તરોઉત્તર વધારો થતો જાય છે. ઝૂ માં કિંમતી પશુ-પક્ષીઓ જેવા કે વિવિધ પ્રકારના ભારતીય પોપટ, ક્રાઉન્ડ પીજીયન, રોજીપેલીકન, નીકોબાર પીજીયન, સામાન્ય મોર, સ્પૂનબીલ, વ્હાઈટઈબીસ, શિયાળ, હોગડીયર, સ્પોટેડ ડીયર, સાબર, શિયાળ, શાહુડી તથા સર્પોના બચ્ચાં થવાથી તેમની સંખ્યા ઉત્તરોત્તર વધી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન મેન્ડેરીન બતક ગ્રે કોકટીલના બદલામાં પ્રાણીસંગ્રહાલયમાં લાવવામાં આવેલ છે.

ઝૂ માસ્ટર પ્લાન :-

સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હીને કાંકરીયા પ્રાણીસંગ્રહાલયનો માસ્ટર પ્લાન બનાવીને મોકલવામાં આવેલ હતો જે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હીએ અહેવાલી વર્ષ દરમ્યાન એપ્રુવ કરેલ છે. જેથી તે મુજબ હવે કાંકરીયા પ્રાણીસંગ્રહાલયમાં નવીનીકરણની કામગીરી કરવામાં આવશે.

નોક્ટરનલ એનીમલ હાઉસ :-

કાંકરીયા પ્રાણીસંગ્રહાલય હસ્તક આવેલ વન્ટ્રી હિલ ગાર્ડન માં નોક્ટરનલ એનીમલ હાઉસ બનાવવાનુ આયોજન કરવામાં આવેલ છે.નોક્ટરનલ એનીમલ હાઉસમાં દિવસ દરમિયાન રાત્રિનુ વાતાવરણ અને રાત્રિદરમિયાન દિવસનુ વાતાવરણ રાખીને આખુ નોક્ટરનલ હાઉસ બંધ ટાઈપ બનાવવામાં આવશે. નોક્ટરનલ એનીમલ હઉંસમાં નિશાચર પ્રાણીઓને રાખવામાં આવશે. આ નિશાચર પ્રાણીઓની મોટાભાગની વર્તણૂંકો રાત્રિ દરમિયાન થતી હોય છે. જે મુલાકાતીઓને જોવા મળતી નથી. પરંતુ આ નોક્ટરનલ હાઉસ બનવાથી નિશચર પ્રાણીઓની વર્તણૂંકા મુલાકાતીઓ દરમિયાન નિહાળી શકાશે.

વન ટ્રી હીલ ગાર્ડનમાં નોક્ટરનલ એનીમલ હાઉસનુ ભૂમિપૂજન કાંકરીયા કાર્નીવલ ૨૦૧૩ ની ઉજવણી દરમિયાન માનનીય શહેરી વિકાસ તથા મહેસુલ મંત્રી શ્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે તા.૨૫.૧૨.૨૦૧૩ ના રોજ કરવામાં આવ્યુ. અને નોક્ટરનલ એનીમલ હાઉસની કામગીરી અંદાજીત ૨૪ માસમાં પૂર્ણ થશે.

કાંકરીયા પ્રાણીસંગ્રહાલય ખાતે ખાતર બનાવવાનો પ્રોજેક્ટઃ-

કાંકરીયા પ્રાણીસંગ્રહાલયમાં પિંજરાઓમાંથી તથા પહાડીઓમાંથી નીકળતા ગાર્ડનીગ કચરામાંથી ખાતર બનાવવાનો પ્રોજેક્ટ બનાવવામાં આવેલ છે. જે કાંકરીયા કાર્નીવલ ૨૦૧૩ દરમિયાન તા.૨૫.૧૨.૨૦૧૩ થી શરૂ કરવામાં આવેલ છે.

- **બટરફલાય પાર્ક**

આ બટરફલાય પાર્કમાં ૨૦૦ જાતિના વિવિધ પ્રકારના ૧૬૦૦૦ ફુલછોડ ઉગાડવામાં આવેલા છે અને તેમાં રંગબેરંગી સુગંધીત ફુલો આવેલા છે આ બટરફલાય પાર્કમાં લેન્ડ સ્કેપીંગ કરીને લોન પ્લોટ બનાવેલ છે તેમાં વિવિધ પ્રકારના બે નવા ફુવારાઓ મુકવામાં આવેલા છે.જેથી ૧૪ થી ૧૫ પ્રકારના ૬૦૦-૯૦૦ પતંગીયા આર્કષીત થઈને બટરફલાય પાર્કમાં આવે છે.

વન ટ્રી હિલ ગાર્ડનમાં આવેલા બટરફલાયપાર્કમાં બાળકો માટે ગ્લાઇડર રાઇડ્સ ફરીથી તા.૧૫.૧૧.૧૩ થી શરૂ કરવામાં આવેલ છે.

વેટરીનરી સર્વિસીસઃ-

ઝૂમાં રાઉન્ડ ધ કલૉક વેટરીનરી સેવા ઉપલબ્ધ છે. તે માટે ઝૂ માં વેટરનરી ડૉકટર જાનવરોનું નિરીક્ષણ કરે છે. અને જાનવર બિમાર જણાય તો તાત્કાલિક સારવાર આપે છે. જો જાનવર વધુ બિમાર હોય તો ઝૂ હોસ્પીટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરી સારવાર અપાય છે. ઉપરાંત જાનવરોને ઋતુ પ્રમાણે વિવિધ રસીઓ, દવાઓ, એન્ટીસ્ટ્રેસ સારવાર ઉપરાંત ડીવર્મીંગ અને ડીસઈન્ફેકશન પણ કરે

છે. જાનવરોમાં વિવિધ રોગના નિદાન માટે જરુરી સેમ્પલો લઈ ચકાસણી પણ કરવામાં આવે છે. ઠંડી-ગરમી , વરસાદથી જાનવરોના રક્ષણ માટે પણ વ્યવસ્થા ગોઠવેલી છે. કિંમતી જાનવરોની હીસ્ટ્રી કાર્ડમાં નોંધ રાખવામાં આવે છે.

ઝૂ એજયુકેશનઃ-

ઝૂની મુલાકાતે આવતાં સ્કુલના બાળકોને તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે વેટરીનરી કૉલેજ, ઝુઓલોજી સ્ટુડન્ટ, સેપ્ટ, આઈ.આઈ.એમ., એન.આઈ.ડી.,ફાઈન આર્ટસ ના સ્ટુડન્ટસ ઝૂમાં માર્ગદર્શન માટે આવે છે. તથા રીસર્ચ પણ કરે છે અને ઝૂના અધિકારીશ્રીઓ તરફથી માર્ગદર્શન આપવામાં આવે છે. વેટરનરી કોલેજ સ્ટુડન્ટસ દાંતીવાડા અને આણંદથી ઈનટર્નશીપ માટે આવે છે.

- કાંકરિયા પ્રાણીસંગ્રહાલય ખાતે ભારતના વેસ્ટર્ન રીજીયનના રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર તથા મધ્યપ્રદેશના ઝુ માંથી તા.૧૭.૦૧.૧૪ થી તા.૩૧.૦૧.૧૪ દરમિયાન મેનેજમેન્ટ ઓફ વાઈલ્ડ એનીમલ્સ ઈન કેપ્ટીવીટી વીથ સ્પેશ્યલ રેફરન્સ ટુ એનરીચમેન્ટ ઓફ એનીમલ એન્ક્લોઝર વિષય ઉપર એનીમલ કીપર્સ તાલીમ પ્રોગ્રામ કરવામાં આવ્યો જેમાં કુલ ૧૬ ઝૂના ૨૮ તાલીમાર્થીઓએ ભાગ લઈને ટ્રેનીંગ મેળવી હતી.
- કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં તા.૦૧.૧૦.૧૩ થી તા.૦૭.૧૦.૧૩ દરમ્યાન **વન્ય પ્રાણી સપ્તાહની** ઉજવણી કરી તથા તા.૧૪.૦૧.૨૦૧૪ થી તા.૩૦.૦૧.૨૦૧૪ દરમ્યાન **એનીમલ વેલ્ફેર પખવાડીયાની** ઉજવણી કરવામાં આવેલ. જેમાં સવારે ૯.૦૦ વાગ્યા ૧૨.૦૦ સુધી ૧૨ વર્ષના બાળકોને વિના મૂલ્યે કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો તથા ટચ ટેબલ દ્વારા વન્ય પ્રાણીઓની માહિતી પણ આપવામાં આવેલ હતી.

- **ફ્રેન્ડઝ ઓફ ઝૂ યોજના તારીજોઃ ૨૦૧૩-૨૦૧૪**

કુલ પાર્ટી : ૨૩

કુલ દત્તક લીધેલ પ્રાણી ની સંખ્યા : ૩૬

સને ૨૦૧૩-૧૪ કુલ આવક રૂા ૪,૬૨,૦૬૦/-

ફ્રેન્ડઝ ઓફ ઝૂ ની સ્કીમ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક આવેલ કમલા નહેરૂ પ્રાણી સંગ્રહાલય કાંકરીયામાં રાખવામાં આવેલા વન્ય પશુ પંખીઓને **"ફ્રેન્ડઝ ઓફ ઝૂ"** બનાવવા માટેની યોજના સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૧૭૧૬ તા.૨૭.૦૩.૨૦૦૮ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. તથા સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૨૬૪ તા.૧૫.૫.૨૦૦૮ મુજબ મે.મ્યુ.કમિ.સાહેબ ને મળેલ સત્તા મુજબ હાલમાં યોજના નો અમલ ચાલુ છે. સદર યોજના ને સારો પ્રતિસાદ મળી રહેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

<u>વન્ય પશુ-પંખીઓને એડોપ્ટ (ફ્રેન્ડસ ઓફ ઝૂ) કરવા માટે પાળવાની શરતો :-</u>

૧. પ્રાણીસંગ્રહાલયનો દર વર્ષે પ્રસિધ્ધ થતો વાર્ષિક વહીવટી અહેવાલમાં ફ્રેન્ડસ ઓફ ઝૂનું નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.અને જે તે પશુ- પંખીને એડોપ્ટ કરેલ હશે તે વ્યકતિ કે સંસ્થાને સર્ટિફિકેટ આપવામાં આવશે.

૨. ફ્રેન્ડસ ઑફ ઝૂને વર્ષ દરમ્યાન બે વખત ચાર-ચાર પ્રવેશ ટિકીટ વિનામૂલ્યે આપવામાં આવશે.જેથી તે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લઈ શકશે

૩. પ્રાણીસંગ્રહાલયમાં શૈક્ષણિક કાર્યક્રમો રાખવામાં આવે ત્યારે ફ્રેન્ડસ ઑફ ઝૂને કાર્યક્રમમાં આમંત્રણ આપવામા આવશે.

૪.જાનવરોને વિવિધ ઋતુમાં જેવી કે ઠંડીમાં હીટર, ચોમાસામાં પોલીથીનનું સારૂ કાપડ અને ગરમીમાં એર કુલર,એ.સી. પાણીના છાંટવા માટે પ્લાસ્ટીકના પાઈપો માટેનો ખર્ચ 'ફ્રેન્ડસ ઑફ ઝુ' બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૫. જાનવરોના આધુનિક પાંજરાના બાંધકામ માટે થનાર ખર્ચ,તેમજ જાનવરોના પાંજરામાં જે ઈલેકટ્રીક/ ઈલેકટ્રીક ખર્ચ થાય તે ફ્રેન્ડસ ઑ ઝૂ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૬. ઝુની અંદર આવતા મુલાકાતીઓને ઠંડુપાણી પીવા માટે મળી શકે તે માટે વોટરકુલર,અપંગ વ્યકતિ માટે વ્હીલચેર, સાઉન્ડ સીસ્ટમ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝુ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન ના વિવિધ ખાતાઓના કામોનો લગતી જાહેર ખબરો દૈનિક વર્તમાનપત્રોમાં છાપવવા ની તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થતા વિવિધ કાર્યક્રમો તથા જુદા જુદા ખાતાઓ દ્વારા થતા કામો અંગે ની પ્રસનોટ વિવિધ વર્તમાન પત્રો,ઇલેકટ્રીક મિડિયા તથા પ્રેસ મિડિયા સુધી પહોચાડવા ની કામગીરી પબ્લિસિટી ખાતા દ્વારા થાય છે.

ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંબંધી દૈનિકો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતાં સમાચારોના પ્રેસ કટીગ મેયરશ્રી,સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી,મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે.જે વિવિધ ખાતાઓ ને જરૂરી કાર્યવાહી અર્થે ધ્યાન દોરવામાં આવે છે.

ખાતા દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ માંથી માહિતી મંગાવી મ્યુનિ.ડેસ્ક ડાયરી છપાવવાની કામગીરી કરવામાં આવે છે.વધુમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમોમાં કામ કરનાર વિવિધ પાર્ટીઓના બીલોના પેમેન્ટ ની ચુકવણી ની કામગીરી કરવામાં આવે છે.અહેવાલી વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ દ્વારા વિકાસ કામોને લગતી જાહેર ખબરો,ટેન્ડર નોટીસ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી.વર્ષ દરમ્યાન પ્રેસ કોન્ફરન્સના આયોજન,બજેટ ની પ્રેસ કોન્ફરન્સ તેમજ નાગરીકો ને જાણ થાય તેવા ઉપયોગી સુચનોની માહિતી રાખવા સંબંધી ખાસ પ્રેસનોટ પ્રસિદ્ધ કરવવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો અને ઝુંબેશ ની પ્રચાર-પ્રસાર ની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી હતી.

અહેવાલી વર્ષમાં શહેરનાં જુદા જુદા વાર્ડમાં વિવિધ કામોના ઉદ્ઘાટન સમારંભ,પ્રતિમા અનાવરણવિધિઓ,નામાભિધાનવિધિઓ,ખાતમુર્હતવિધિઓ,સાંસ્કૃતિક કાર્યક્રમો અને સત્કાર સમારંભો વગેરે વિવિધ કાર્યક્રમોના આયોજનો ખાતા દ્વારા થતા હતા.આ ફંકશનોના ફોટોગ્રાફીના કામો મહોત્સવ-ઉજવણીના તથા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સંબંધી વિવિધ સ્થળે પોસ્ટરો,બેનરો-હોર્ડિંગ્સ વગેરે મુકવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી.

૨.૧૯ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતુ
૨૦૧૩-૧૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ શહેરની જનતાની સુખ સગવડો ને પ્રાથમિક જરૂરીયાતો પુરી પાડવા અને અમદાવાદ શહેરના વિકાસ માટે કરવામાં આવતા કામો માટે સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જરૂરીયાત પ્રમાણેના માલ ખરીદ કરવામાં આવે છે અને મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓને તેમના ઇન્ડેન્ટો મુજબ માલ ઇસ્યુ કરવામાં આવે છે. મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સની છેલ્લા પાંચ વર્ષની ખરીદી અને ઇસ્યુની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

વર્ષ	ઉઘડતી સિલક (રૂ.માં.)	ખરીદી (રૂ.માં.)	ઇસ્યુ (રૂ.માં.)	વર્ષ આખરે બેલેન્સ (રૂ.માં.)
૨૦૦૯-૧૦	૧૩૦૪૮૪૮૫૬/-	૫૫૦૬૫૯૩૫૨/-	૫૫૭૬૬૫૨૦૨/-	૧૨૩૫૭૯૦૦૬/-
૨૦૧૦-૧૧	૧૨૩૫૭૯૦૦૬/-	૭૫૫૮૩૦૬૬૫/-	૭૨૨૯૨૨૧૬૫/-	૧૫૬૪૮૭૫૦૬/-
૨૦૧૧-૧૨	૧૫૬૪૮૭૫૦૬/-	૪૯૬૨૦૦૬૭૨/-	૪૩૦૯૯૮૦૦૭/-	૨૨૧૬૯૦૧૭૧/-
૨૦૧૨-૧૩	૨૨૧૬૯૦૧૭૧/-	૬૧૧૮૦૭૧૪૯/-	૫૫૬૨૭૮૭૧૬/-	૨૭૭૨૧૮૬૦૪/-
૨૦૧૩-૧૪	૨૭૭૨૧૮૬૦૪/-	૬૨૭૯૨૯૭૭૧/-	૬૭૫૫૧૭૨૮૮/-	૨૨૯૬૩૧૦૮૭/-

સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ કરેલ ખરીદી તથા ઇસ્યુ કરેલ માલની સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિસિપલ સ્ટોર્સના હીસાબોની વિગત નીચે જણાવ્યા મુજબ છે. જેમાં સને ૨૦૧૩-૧૪ ના માલની માસવાર ખરીદી તથા ઇસ્યુની રકમ દર્શાવવામાં આવી છે. સેન્ટ્રલ સ્ટોર્સમાં ખરેખર ખરીદી થયેલ છે. તેમજ ચીફ એકાઉન્ટ ખાતે મોકલવામાં આવેલ એબ્સ્ટ્રેકટના હિસાબી આંકડા ઉપરથી છે. જેનો ખર્ચ સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિ.સેન્ટ્રલ સ્ટોર્સ બજેટહેડ ઉપર પાડેલ છે. તથા જમા કરાવેલ રકમોની છે.

ટેબલ-બી

માસ	ખરીદીની રકમ(રૂપિયા લાખમાં)	ઇસ્યુની રકમ (રૂપિયા લાખમાં)
એપ્રિલ	૩૧૪.૩૧	૧૭૬.૩૪
મે	૧૫૮.૬૪	૫૦૬.૬૦
જુન	૬૯૪.૯૨	૫૦૪.૧૬
જુલાઇ	૩૪૪.૯૮	૪૯૩.૨૯
ઓગસ્ટ	૩૯૪.૩૪	૪૦૨.૩૦
સપ્ટેમ્બર	૪૯૯.૮૩	૫૪૦.૪૨
ઓકટોબર	૪૪૯.૬૬	૩૯૬.૩૩
નવેમ્બર	૪૩૫.૮૮	૪૭૦.૧૯
ડીસેમ્બર	૯૭૭.૮૧	૧૨૪૭.૯૮
જાન્યુઆરી	૬૨૯.૮૭	૮૧૧.૫૧
ફેબ્રુઆરી	૯૫૪.૭૮	૭૬૨.૨૭
માર્ચ	૪૨૪.૨૭	૪૪૩.૭૮
કુલ	**૬૨૭૯.૨૯**	**૬૭૫૫.૧૭**

સને ૨૦૧૩-૧૪ના વર્ષ દરમ્યાન કરાયેલ ખરીદી અને ઈસ્યુની માહિતી ઉપર જણાવેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ઈજનેર ખાતા માટે એફ.આર.સી.કવર, લીકવીડ કલોરીન ગેસ વિગેરેની ખરીજીની મંજુરી મેળવી રેઈટ કોન્ટ્રાકટ કરેલ છે. અને માલ મંજુરી મુજબનો ઈજનેર ખાતામાં બારોબાર લેવામાં આવેલ છે. અને માલનું પેમેન્ટ ઈજનેર ખાતા મારફતે બારોબાર કરવામાં આવે છે. અ.મ્યુ.કો.ના ઈજનેર વિભાગના પાણીના કામો માટેની ડી.આઈ.પાઈપ તેમજ સી.આઈ.સ્પેશીયલ, શીશુ,શણ, પ્રિ.મોન્સુન એકશન પ્લાનની આઈટમો, ટેક્ષ ખાતાની કોમ્પ્યુટર સ્ટેશનરી, જનરલ કન્ટીજન્સી આઈટમો, કોપર સલ્ફેટ, ફટકડી તેમજ ફર્નીચરની આઈટમો અન્ય જે તે વપરાશકર્તા ખાતામાંથી આવતી જરૂરીયાત મુજબની ખરીદી સક્ષમસત્તાની મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવે છે અને મંજુર થયેલ ટેન્ડરર પાસેથી ખાતાની જરૂરીયાત મુજબ ખરીદી કરવામાં આવે અને માલ ખરીદ કરેલ માલસામાનને ઈન્ડન્ટથી જે તે વપરાશકર્તા ખાતાને ઈસ્યુ કરવામાં આવે ત્યારે પછીથી તે ખાતાના બજેટહેડમાં ખર્ચ પાડીને માલસામાનની જમાખર્ચી કરવામાં આવે છે.

સેન્ટ્રલ સ્ટોર્સના સને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષમાં થયેલ કુલ ખરીદી -

(૧) ૧૫૧ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતે ખર્ચ પાડીને ખરીદ કરવામાં આવેલ તેની રકમ (લાખમાં) રૂ.૬૨૭૯.૨૯

(૨) અન્ય જુદા જુદા ખાતે ખર્ચ પાડીને સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ દરમ્યાન સંબધિત ખાતાઓ દ્વારા ખરીદી માટે સેન્ટ્રલ સ્ટોર્સ મારફતે રેઈટ કોન્ટ્રાકટ પ્રક્રિયા મંજુર કરાવા અંગેની માહિતી નીચે મુજબ છે.

અ.નં.	**ખાતાનું નામ**	**આઈટમ**	**રકમ (રૂપિયામાં) લાખમાં**
૧	રાસ્કા વિયર પ્રોજેકટ (વોટર પ્રોજેકટ)	કલોરીન ગેસ	૧૮૮.૫૮
૨	ઈજનેર ખાતુ (એફ.આર.સી.કવર)	એફ.આર.સી.કવર	૦૦.૦૦
		કુલ ખર્ચ	**૧૮૮.૫૮**

(૩)ઉપરોકત ખાતાએ જે તે વસ્તુની ખરીદી કરી પોતાના ખાતામાં બારોબાર ખર્ચ પાડેલ છે.

અનુક્રમ નં.૧ થી ૨ ખરીદી અંગેનો કુલ ખર્ચ

ઉઘડતી સિલક	**૨૭૭૨૧૮૬૦૪/-**
ખરીદી	**૬૨૭૯૨૯૭૭૧/-**
ઈસ્યુ ૨૦૧૩-૧૪	**૬૭૫૫૧૭૨૮૮/-**
તારીખ ૩૧-૦૩-૨૦૧૪ ના રોજ બંધ સિલક	**૨૨૯૬૩૧૦૮૭/-**

સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ દરમ્યાન સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ ખરીદી **રૂ.૬૨૭૯.૨૯** લાખમાં કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં ખરીદી કરવા અંગે નીકળેલ (૧) ટેન્ડરો (૨) ઈન્કવાયરી અને ભાવ માંગ (૩) બજાર પરચેઈઝ અને ઓફરથી કરવાની જે વિધિ કરેલ માલ-સામાનની માહિતી નીચે જણાવ્યા મુજબ છે.

ટેબલ-ડી

અ.નં.	વર્ષ	ટેન્ડરની સંખ્યા
૧	૨૦૦૯-૨૦૧૦	૨૬૯
૨	૨૦૧૦-૨૦૧૧	૧૭૫
૩	૨૦૧૧-૨૦૧૨	૨૨૯
૪	૨૦૧૨-૨૦૧૩	૨૪૮
૫	૨૦૧૩-૨૦૧૪	૨૩૦

ટેબલ-ઈ

અ.નં.	વર્ષ	રકમ	બજાર પરચેઈઝ સંખ્યા	ઓફર્સની સંખ્યા
૧	૨૦૦૯-૨૦૧૦	૧૩૨૭૨૯૩/-	૮૨	
૨	૨૦૧૦-૨૦૧૧	૨૨૯૬૪૬૮/-	૨૫	
૩	૨૦૧૧-૨૦૧૨	૧૬૪૫૬૫૯/-	૨૩	
૪	૨૦૧૨-૨૦૧૩	૬૭૦૩૭૪૫/-	૨૭	૩
૫	૨૦૧૩-૨૦૧૪	૪૧૩૯૬૨૫/-	૨૭	૨

સામાન્ય રીતે સમાચાર પત્રોના જાહેર ખબર દ્વારા ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી રૂ.૧૦ લાખની ઉપરની ખરીદી માટે એન-કોડ સોલ્યુશન દ્વારા ઈ-ટેન્ડરીંગથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. તેમજ રૂ. ૧૦ લાખથી ઓછી કિંમતના ટેન્ડરો અ.મ્યુ.કો.ની વેબસાઈટ પર ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરીને ટેન્ડરો દ્વારા ખરીદી કરવામાં આવે છે કેટલીક આઈટમોની ખરીદી વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી અને કેટલી આઈટમોની ખરીદી વસ્તુઓ ઉત્પાદકો પાસેથી સીધા ખરીદવાનું આવશ્યક બને છે. જેથી ગુણવત્તાની યોગ્ય નિયંત્રણ અને માલ પ્રાપ્તિની સરળતા સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનનું નાણાકીય અને વહીવટી હિત જળવાઈ રહે છે.

અ.મ્યુ.કો.જુદા જુદા ખાતાઓ દ્વારા પ્રિન્ટીંગ કરાવવા અંગે આવતા ઈન્ડેન્ટો માટે એકજ પ્રકારના કામકાજ જેવા કે રજીસ્ટર,પેડ. બુક વિગેરે આઈટમો માટે જે તે આઈટમના કામના પ્રકાર તેમજ છાપકામના ઓછામાં ઓછા ભાવો નકકી કરી લેબર કામના ટેન્ડરો મંગાવીને લેબર કોન્ટ્રાકટ કરેલ છે. જેથી કરીને એકજ પ્રકારના કામકાજ માટે ભાવની એકસુત્રતા જળવાઈ તેમજ સદર કામગીરી અ.મ્યુ.કો.ના નાણાંકીય હીત પણ જળવાઈ, ઉપરોકત કામગીરી સિવાયના પ્રિન્ટીંગ કામ કરાવવા અંગેની ઓફરની ઈન્કવાયરીની વિગત નીચે મુજબ છે.

ટેબલ-એફ

અ.નં.	વર્ષ	ઈન્કવાયરની સંખ્યા
૧	૨૦૦૯-૨૦૧૦	૪૭૮
૨	૨૦૧૦-૨૦૧૧	૨૯૯
૩	૨૦૧૧-૨૦૧૨	૩૦૦
૪	૨૦૧૨-૨૦૧૩	૧૩૮
૫	૨૦૧૩-૨૦૧૪	૦૫૪

સેન્ટ્રલ સ્ટોર્સના જુદા જુદા ઈસ્યુ વિભાગો દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓને માલ ઈસ્યુ કરવામાં આવે છે તે સંદર્ભે માલ મેળવવા આવેલ વર્ષવાર ઈન્ડેન્ટોની સંખ્યા નીચે મુજબ છે.

ઈસ્યુ વિભાગ	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
કન્ટીજન્સી ૧-૨	૨૭૮૬	૧૪૭૬	૨૨૫૩	૨૩૪૪	૨૩૯૮
પ્રિન્ટીંગ	૫૩૩	૪૨૩	૪૨૧	૩૭૨	૪૪૯
હાર્ડવેર	૩૯૭	૩૯૪	૫૯૧	૪૮૨	૪૯૬
સીમેન્ટ	૨૫૪	૧૯૧	૧૮૯	૨૦૩	૧૭૫
ડ્રેસ	૧૨૨	૨૮૭	૨૨૭	૭૭૬	૦૬૫
સ્ટીલ	૮૩૪	૧૨૬	૧૨૫	૧૧૨	૧૧૧
સી.પી.સી.	૪૧૩૫	૪૪૫૬	૩૭૬૨	૩૨૩૯	૩૨૪૦
એબ્સ્ટેકટ	૮૨૯૧	૫૩૯૬	૬૨૨૦	૬૬૭૨	૫૪૯૩

આ મુજબ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના સને ૨૦૧૩-૧૪ની સાલના વાર્ષિક અહેવાલમાં ખરીદી અને ઈસ્યુ અંગેની સઘળી બાબતો દર્શાવવામાં આવી છે. મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સની અને બીજા ખાતાઓ માટે થઇ ને કુલ વાર્ષિક ખરીદી તથા ખાતાઓની સરળતા ખાતર રેઇટ કોન્ટ્રાકટ થી ખરીદીની મંજુરી પ્રકીયા સહિત કુલ રૂ.૬૨૭૯.૨૯/- લાખ કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ તરફથી માલની જરૂરીયાત મુજબના ઈન્ડેન્ટ મુજબ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા માલ ઈસ્યુ કરવામાં આવે છે અને આ ઈસ્યુ થયેલ માલ-સામાનનો ઉપયોગ કરીને અમદાવા શહેરની જનતાની સુખાકારી અને આવશ્યક સેવાઓ પુરી પાડીને શહેરના વિકાસ માટેની પ્રાથમિક સગવડ પુરી પાડવામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સઘળા ખાતાઓને માલ ઈસ્યુ કરી સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના કર્મચારીઓએ ખંત અને ઉત્સાહથી સને ૨૦૧૩-૧૪ના વર્ષ

દરમ્યાનની કામગીરી નિષ્ઠાપુર્વક સોપાંયેલ ફરજ બજાવેલ છે. વિભાગ પ્રમાણેની ખરીદી અને ઈસ્યુની માહિતી નીચે મુજબ છે.

અ.નં.	વિભાગનું નામ	ખરીદી લાખમાં	ઈસ્યુ લાખમાં
૧	કન્ટીજન્સી ૧-૨	૪૦૦.૯૬	૩૬૨.૧૨
૨	પ્રિન્ટીંગ	૫૮.૯૬	૪૮.૮૯
૩	હાર્ડવેર	૧૯૫.૧૬	૧૮૪.૮૬
૪	સીમેન્ટ	૧૨.૩૭	૧૫.૦૯
૫	ડ્રેસ	૯.૮૬	૧૦.૪૨
૬	સ્ટીલ	૧૭.૨૮	૧૫.૬૭
૭	સી.પી.સી.	૫૫૮૪.૭૦	૬૧૧૮.૧૨
		૬૨૭૯.૨૯	**૬૭૫૫.૧૭**

આ ઉપરાંત સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા ઈન્વેટરી સિસ્ટમની જરૂરીયાત તથા આધુનિક સમયને અનુરૂપ અપગ્રેડ કરી તમામ ખાતાઓને માલસામાનની ઉપલબ્ધીની જાણકારી મળી રહે તે હેતુસર ઈન્વેન્ટરી સિસ્ટમ ઈન્ટ્રનેટ પર મુકી પારદર્શકતા અને વહીવટી સુગમતા માટેના પ્રયાસમાં સફળતા મેળવેલ છે.

૨.૨૦ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતુ
૨૦૧૩-૨૦૧૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તેના કર્મચારીઓ વચ્ચે ઉભા થતાં ઔધોગિક વિવાદો અંગેની કામગીરીનું વ્યવસ્થિત સંકલન તથા લેબર કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં આવતા કેસોની કામગીરી તેમજ મ્યુ. કર્મચારીઓ વિરુધ્ધની ખાતાકીય તપાસ અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની કામગીરી મુખ્યત્વે લેબર સેલ તથા ઈન્કવાયરી સેલ એમ બે વિભાગમાં વહેંચાયેલી છે.

(૧) લેબર સેલ

આ વિભાગમાં લેબર ઓફિસર, આસી.મેનેજર (આઈ.આર.) વેલ્ફેર કમ લેબર ઓફિસરો તેમજ ખાતાની વહીવટી પાંખના કલેરીકલ સ્ટાફનો સમાવેશ થાય છે. આ વિભાગ ધ્વારા નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(અ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કર્મચારીઓના ઘણા યુનીયનો છે. આ યુનીયનો ધ્વારા કર્મચારીઓને લગતા અનેકવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. આ વિભાગ યુનીયનોના આવા પત્રો સ્વીકારી સંબંધીત ખાતાની રીમાર્કસ મંગાવી યોગ્ય રીતે નિર્ણય લેવડાવવા બાબતે કાર્યવાહી હાથ ધરે છે, વધુમાં યુનિયનો ધ્વારા આપવામાં આવતી હડતાળની નોટિસ સંબંધની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(બ) જુદા જુદા યુનિયનો ધ્વારા મ્યુનિસિપલ કર્મચારીઓની માંગણીઓના સંબંધમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની જોગવાઈ હેઠળ લેબર કમિશનરશ્રીની કચેરીમાં સમાધાન કાર્યવાહી જે ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે તે વિવાદો સંબંધમાં ખાતાની રીમાર્કસ મેળવી, સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવી સમાધાન અધિકારીને જવાબ પાઠવવામાં આવે છે.

(ક) ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ, કંન્ટ્રોલીંગ ઓથોરીટી વિગેરેને રેફરન્સ થયેલ કેસો અંગેની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ તથા અન્ય ઓથોરીટી સમક્ષના કેસોમાં જે તે ખાતાઓમાંથી વિગતો મંગાવી, મ્યુ.લેબર એડવોકેટશ્રીના સંપર્કમાં રહી તેઓની પાસે લેખીત નિવેદનો તૈયાર કરાવવામાં આવે છે અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ તથા લેબર કોર્ટમાં ફાઈલ કરાવવામાં આવે છે. આ કોર્ટીમાં મુદ્દતના દિવસોએ આ ખાતાના વેલ્ફેર-કમ-લેબર ઓફિસરો કોર્ટમાં હાજર રહી મ્યુ.લેબર એડવોકેટોને મદદ કરે છે, વધુમાં કોઈ કેસમાં કોર્પો.ના કોઈ કર્મચારી અગર અધિકારીને મ્યુનિ.કોર્પો.ના સાક્ષી આપવા હાજર રાખવાના હોય તો તે અંગેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે તેમજ હાઈકોર્ટમાં ચાલતી સર્વિસ મેટરોની કામગીરી તથા લેબર કોર્ટ તથા ટ્રિબ્યુનલના એવોર્ડ વિરુધ્ધ્ અપીલ કરવાનું યોગ્ય જણાય તો તે અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં શરુઆતમાં લેબર કોર્ટમાં ૩૬૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૦૪૩ નવા દાખલ થયેલ. આમ કુલ ૪૧૨ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૦૯૬ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષ આખરે ૩૧૬ કેસો પેન્ડીંગ છે. અહેવાલી વર્ષની શરુઆતમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં કુલ ૧૬૩ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન નવા ૧૦ કેસો દાખલ થયેલ. આમ કુલ ૧૭૩ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૦૬૪ કેસોની નિકાલ થયેલ છે અને વર્ષ અંતે ૧૦૯ કેસો બાકી રહેલ છે.

(ડ) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની કલમ-૨ (પી) અન્વયે સમાધાન કરાવવાની તથા કલમ-૩૩(૩) અન્વયે યુનિયનોના હોદેદારોને રક્ષીત કામદાર તરીકે જાહેર કરવા બાબતની કાર્યવાહી આ ખાતા ધ્વારા હાથ ધરવામાં આવે છે.

(ઈ) કોન્ઝરવન્સી ખાતામાં સફાઈ કામદાર નોકરી દરમ્યાન મૃત્યુ પામે અગર અનફીટ થાય તો તેવા કેસોમાં મ્યુનિ.કોર્પો.ની નીતિ મુજબ તેમના આશ્રીતોને નોકરી આપવાની કામગીરી આ વિભાગના વેલ્ફેર-કમ-

લેબર ઓફિસરો મારફતે હાથ ધરવામાં આવે છે. પાછલી બાકી ૧૭૦ ઉપરાંત ચાલુ અહેવાલી વર્ષમાં અન્ય ૩૭૬ અરજી આવેલ. આમ કુલ ૫૪૬ અરજીઓ પૈકી ૩૩૪ અરજીઓ મંજુર કરેલ છે. તથા ૧૫ અરજીઓ ના મંજુર કરેલ છે. અને બાકી ૧૯૭ અરજીઓ તપાસ ઉપર બાકી હતી.

(૨) **ઈન્કવાયરી સેલઃ-**

ઈન્કવાયરી સેલમાં છ ઈન્કવાયરી ઓફિસરો, સંકલન અધિકારી (આઈ.આર.) તથા અન્ય કલેરીકલ સ્ટાફ કામગીરી બજાવે છે. મ્યુનિસિપલ કર્મચારીઓની ફરજ પ્રત્યેની બેદરકારી, નાણાંની ઉચાપત ગેરહાજરી તથા અન્ય ગેરવર્તણૂંક બાબતમાં ખાતાકીય તપાસની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સક્ષમ સત્તાના આદેશ અનુસાર ૬૧ કેસોમાં ચાર્જશીટ, ૨૩૩ કેસોમાં શો-કોઝ નોટિસ આપવામાં આવેલ છે. ૨૮ કેસોમાં કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલા છે. ૬૫ કેસોમાં ઈન્કવાયરી ઓફિસરોએ ઈન્કવાયરી પુરી કરી તેમનો રિપોર્ટ સક્ષમ સત્તાને સુપ્રત કરેલ છે. જેમાં ઈન્કવાયરી ઓફિસરના રિપોર્ટના અનુસંધાનમાં સક્ષમ સત્તા ધ્વારા ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ સજા કરવામાં આવી છે. ૧ કેસમાં ૧ ઇન્ક્રીમેન્ટ ૩ માસ માટે, ૬ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૬ માસ માટે, ૨૩ કેસોમાં એક ઈન્ક્રીમેન્ટ એક વર્ષ માટે, ૭ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે, ૧૪ કેસોમાં એક ઇન્ક્રીમેન્ટ કાયમી ધોરણે, ૪ કેસમાં ૨ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર વિના, ૧૩ કેસોમાં બે ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૦૨ કેસોમાં ત્રણ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૧ કેસમાં બે ઈન્ક્રીમેન્ટ ત્રણ વર્ષ માટે, ૨ કેસમાં ૨ ઈન્ક્રીમેન્ટ બે વર્ષ માટે, ૧ કેસમાં એક ઈન્ક્રીમેન્ટ ત્રણ વર્ષ માટે, ૩ કેસમાં ચાલુ ગ્રેડમાં લઘુત્તમ સ્તરે ઉતારવા, ૮ કેસોમાં દંડની શિક્ષા , ૧૨ કેસોમાં રીમુવલ/ ડીસમીસલ/ નોકરીનો અંત ના હુકમો કરવામાં આવેલા છે. ૨ કેસોમાં ઠપકો/તાકીદ/ચેતવણી આપવામાં આવેલ છે. ૧૦ કેસોમાં પ્રકરણ દફતરે કરવામાં આવેલ છે. વધુમાં ૫ કેસોમાં પેન્શન કાપની શિક્ષાના હુકમો કરવામાં આવેલ છે. આ ઉપરાંત પોલીસ કેસ તથા લાંચ રૂશ્વત વિરોધી ખાતા ધ્વારા માંગવામાં આવતી જરુરી માહિતી પુરી પાડવાની કામગીરી પણ કરવામાં આવે છે. સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના સંબંધમાં તેમના સબસીસ્ટન્સ એલાઉન્સ અંગે મ્યુનિ.કોર્પો.ના નિયમ અનુસાર સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવવાની કામગીરી પણ કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની સને ૨૦૧૩-૨૦૧૪ વર્ષની વહીવટી કામગીરી ઉપર મુજબ છે. આ સાથે વ્યકિતગત મ્યુનિસિપલ કર્મચારી કે કર્મચારી સમુહના પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય અને તે રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને કર્મચારીઓ વચ્ચેના ઔધોગિક સંબંધો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવામાં તથા વહીવટી તંત્રને મજૂર પ્રશ્નોના યોગ્ય માર્ગદર્શન અને સલાહ સૂચના આપવાનું ખાતાનું મુખ્ય ધ્યેય છે.

પત્રકઃ અ

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

વર્ષ	વર્ષની શરુઆતમાં બાકી કેસો	વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષાંતે બાકી રહેલ કેસો
૧	૨	૩	૪	૫	૬
૨૦૧૧-૨૦૧૨	૫૧૩	૦૧૭	૫૩૦	૦૬૮	૪૬૨
૨૦૧૨-૨૦૧૩	૪૬૨	૦૧૬	૪૭૮	૩૧૫	૧૬૩
૨૦૧૩-૨૦૧૪	૧૬૩	૦૧૦	૧૭૩	૦૬૪	૧૦૯

પત્રક : બ

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા લેબર કોર્ટ સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

વર્ષ	વર્ષની શરુઆતમાં બાકી કેસો	વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષાંતે બાકી રહેલ કેસો
૧	૨	૩	૪	૫	૬
૨૦૧૧-૨૦૧૨	૩૧૯	૦૨૩	૩૪૨	૦૨૨	૩૨૦
૨૦૧૨-૨૦૧૩	૩૨૦	૧૨૧	૪૪૧	૦૭૨	૩૬૯
૨૦૧૩-૨૦૧૪	૩૬૯	૦૪૩	૪૧૨	૦૯૬	૩૧૬

પત્રકઃ ક

ઈન્કવાયરી સેલની કામગીરી દર્શાવતું પત્રક

અ. નં.	વિગત	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧	કર્મચારીઓને આપેલ શોકોઝ નોટીસની સંખ્યા	૩૯૧	૩૧૮	૨૩૩
૨	કર્મચારીઓને આપેલ ચાર્જશીટની સંખ્યા	૧૩૩	૦૮૦	૦૬૧
૩	સસ્પેન્ડ કરવામાં આવેલ કર્મચારીઓની સંખ્યા	૦૧૫	૦૧૮	૦૨૮
૪	હાજરી ચેકીંગમાં ગેરહાજર માલુમ પડેલ કર્મચારીઓને આપેલ નોટીસોની સંખ્યા	૦૩	૦૩૩	૦૩૭
૫	૧ દિવસના પગારનાં દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા	-	-	-
૬	૦ાા દિવસના પગારના દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા	-	૦૨૫	૦૨૬
૭	દફતરે કરેલ કર્મચારીની સંખ્યા	-	૦૦૮	૦૧૦

પત્રકઃ ડ

નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કે અનફીટ થતાં સફાઈ કામદારનાં આશ્રિતને મ્યુ.નિતી નીયમ મુજબ અપાયેલ નોકરીની છેલ્લા ૩ વર્ષની માહિતી દશાર્વતું પત્રક

વર્ષ	ગત વર્ષની બાકી અરજીઓ	વર્ષ દરમ્યાન નવી આવેલ અરજીઓ	કુલ અરજીઓ	મંજુર કરેલ અરજીઓ	ના મંજુર કરેલ અરજીઓ	વર્ષાન્તે બાકી અરજીઓ
૧	૨	૩	૪	૫	૬	૭
૨૦૧૧-૨૦૧૨	૧૪૧	૩૦૭	૪૪૮	૨૬૨	૦૮	૧૭૮
૨૦૧૨-૨૦૧૩	૧૭૮	૨૩૪	૪૧૨	૨૩૪	૦૮	૧૭૦
૨૦૧૩-૨૦૧૪	૧૭૦	૩૭૬	૫૪૬	૩૩૪	૦૧૫	૧૯૭

૨.૨૧ સેન્ટ્લ પૂલ ઓફ ટાઈપીસ્ટખાતુ
૨૦૧૩-૧૪

સેન્ટ્રલ પૂલ ઓફ ટાઈપીસ્ટ ખાતાનાં એસ્ટાબ્લીશમેન્ટ શીડયુલમાં સ્ટેનોગ્રાફરો, ડી.ટી.પી. ઓપરેટર, જુનીયર કોમ્પ્યુટર ઓપરેટર,ટાઈપીસ્ટ કમ કલાર્ક , ઈન્ચાર્જ-ઝેરોક્ષ,ફેકસ,ટેલેક્ષ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટનો સમાવેશ થાય છે. મ્યુનિ. કમિશ્રનરશ્રી, ડે. મ્યુ. કમિશ્રનરશ્રીઓ તેમજ જુદા જુદા ખાતાના વડા અધિકારીઓની કચેરીમાં સ્ટેનોગ્રાફરો દ્વારા માહિતીનું સંકલન કરવું, મહત્વની મીટીંગોની મીનીટસ બનાવવી તેમજ કચેરીના તાબા હેઠળના અધિકારીઓને ઉપરી અધિકારીશ્રીની સૂચના મુજબ માહિતીની જાણ કરવી, રાજ્ય સરકાશ્રીની કચેરીઓ તેમજ નાગરિકોની ફરીયાદોના ફોન એટેન્ડ કરવા જેવી કામગીરી તેમજ અધિકારીશ્રી દ્વારા સુચવાયેલ ગોપનીય ખાસ અગત્યની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા ખાતાકીય નોંધ બનાવવામાં આવે છે. ટાઈપીસ્ટ કમ કલાર્ક દ્વારા ખાતાની આંતરિક કચેરીની કામગીરી કરવામાં આવે છે, તેમજ ફેક્સ ઈન્ચાર્જ દ્વારા રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય અર્ધ સરકારી કચેરીઓમાં મોકલવાના થતા ફેકસની કામગીરી કરવામાં આવે છે, તથા બહારથી આવેલ ફેકસ સબંધિત વિભાગને તાકીદે મોકલવાની કામગીરી કરવામાં આવે છે.

સેન્ટ્રલ પૂલ ઓફ ટાઈપીસ્ટ ખાતામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ જેવા કે એસ્ટેટ,ટી.ડી.ઓ.,લીગલ,બગીચા ખાતુ,સી.એન.સી.ડી.,સ્લોટર હાઉસ, ઝૂ , બાલવાટિકા,બાલભવન,મ્યુનિ.સેકન્ડરી સ્કૂલ,ગુમાસ્તાધારા,મધ્ય ઝોન વિગેરે ખાતા ધ્વારા કેન્દ્ર સરકાર,રાજય સરકાર તેમજ અન્ય ખાતાકીય તેમજ વિભાગીય કચેરીઓ તથા સંસ્થાઓ સાથે જે પત્ર વ્યવહાર કરવામાં આવે છે. તેના પત્રો, જુદી જુદી માહિતીઓ, પત્રકો, સરકયુલરો, કોમ્પ્યુટર ઉપર ટાઈપ કરવાની ,ઝેરોક્ષ તથા પ્રિન્ટીંગ ને લગતી કામગીરી કરવામાં આવે છે. જે ખાતાઓમાં ટાઈપીસ્ટની જગ્યા નથી, તેવા તમામ ખાતાઓની નોંધ બનાવવાનું કામ અત્રે કરવામાં આવે છે. અન્ય ખાતાના ટાઈપીસ્ટ રજા ઉપર જાય ત્યારે તે ખાતાની કચેરીની કામગીરી અત્રે કરવામાં આવે છે.

૨.૨૨ ચીફ ઓડિટ ખાતુ
૨૦૧૩-૧૪

મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના તથા ટ્રાન્સપોર્ટ ફંડના,શેઠ વા.સા,જન.હોસ્પિટલ,અને શેઠ મા.જે.પુસ્તકાલયની તમામ પ્રકારની આવક અને ખર્ચના હિસાબી રેકર્ડ તપાસવાનું તથા આ ખાતાઓની કામગીરી કાનુન મુજબ થાય છે કે કેમ?તે તપાસવાનું કામ આ ખાતુ કરે છે.તેમજ શેઠ મા.જે.પુસ્તકાલય તથા એ.એમ.ટી.એસ.વિભાગનાં એસ્ટાબ્લીશમેન્ટ સિવાયનાં તમામ બીલોનું પ્રિઓડીટ કરવામાં આવે છે.મ્યુ.કોર્પોની કામગીરી છ ઝોનમાં ઝોનવાઇઝ કરવામાં આવે છે.અમદાવાદ મ્યુ.કોર્પોરેશન હસ્તકનાં જુદા જુદા સ્ટોર્સ,તમામ મ્યુ.હોસ્પીટલો અને દવાખાના ,બાલભવન,લાઇબ્રેરી,શેઠ.મા.જે.પુસ્તકાલય,શેઠ વા. સા. હોસ્પીટલ અને એ. એમ. ટી. એસ. વિભાગના તમામ સ્ટોર્સનું ફીઝીકલ વેરીફીકેશન ખાતાનાં સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.

મ્યુ.ચીફ ઓડિટરશ્રી-પત્રક

ડે. મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૧	ડે.મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૨ (ઇન્ચાર્જ)	
૧. એસ્ટાબ્લીશમેન્ટ	૧ એ.એમ.ટી.એસ.	
૨. વાર્ષિક અહેવાલ	૨.શેઠ વા.સા.હોસ્પિટલ	
૩. પૂર્વ ઝોન	૩.એમ.જે.લાયબ્રેરી	
૪. મધ્યઝોન	૪.નવા.પ.ઝોન	
	આસી.મેનેજરશ્રી.૧	**આસી.મેનેજરશ્રી.૨**
	૧. ઇજનેર પ્રોજેકટ/ એસ્ટેટ/ ટી.ડી.ઓ	૧.એસ્ટાબ્લીશમેન્ટ
	૨. ઉત્તરઝોન	૨. .નવા પ.ઝોન
	૩. દ.ઝોન	૩.કન્કરન્ટ/એકાઉન્ટ
	૪.કોમ્પ્યુટર ગૃપ	૪. એ.એમ.ટી.એસ.
	૫. આઉટડોર પોષ્ટ ઓડિટ	
	૬.જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ	
	૭. પ.ઝોન	

સને ૨૦૧૩-૧૪ ના વર્ષ દરમ્યાન નીકળેલ વાંધાઓ તે પૈકી દફતરે તથા બાકી વાંધાની વિગત દર્શાવતું પત્રક

અ.નં	વિગત	કુલ નિકળેલા વાંધા	દફતરે થયેલ વાંધા	બાકી વાંધા
૧	આઉટડોર પોસ્ટ ઓડિટ	૩૭૭	૧૫૬	૨૨૧
૨	ઇજનેર	૪૯	૨૨	૨૭
૩	ઉત્તરઝોન	૮૭૪	૪૫૮	૪૧૬
૪	કંકરન્ટ ઓડીટ	૩૭૩	૧૫૧	૨૨૨
૫	દક્ષિણ ઝોન	૪૫૭	૧૬૨	૨૯૫
૬	નવા.પશ્ચિમ ઝોન	૮૩૧	૨૯૮	૫૩૩
૭	પૂર્વ ઝોન	૩૯૮	૧૩૫	૨૬૩

૮	પશ્ચિમ ઝોન	૧૭૨૮	૮૭૧	૮૫૭
૯	મધ્ય ઝોન	૬૯૯	૧૮૧	૫૧૮
૧૦	એકાઉન્ટ ગૃપ	૮૯૨	૧૬	૮૭૬
૧૧	જેએનએનયુઆરએમ પ્રોજેકટ	૨૩	૦	૨૩
	કુલ વાંધાઓ	૬૭૦૧	૨૪૫૦	૪૨૫૧
ક્રમ નં.	ખાતાનું નામ	**કુલ નિકળેલા વાંધા**	**દફતરે થયેલ વાંધા**	**બાકી વાંધા**
૧૨	એ.એમ.ટી.એસ-પ્રિ ઓડીટ	૬૩૬	૫૭૪	૬૨
૧૩	એ.એમ.ટી.એસ-પોષ્ટ ઓડીટ	૧૧૪	૧૮	૯૬
૧૪	વા.સા.હોસ્પિટલ	૩૯૨	૨૦૧	૧૯૧
૧૫	મા.જે.પુસ્તકાલય- પ્રિ ઓડીટ	૧૩૧	૧૨૯	૨
૧૬	મા.જે.પુસ્તકાલય-પોષ્ટ ઓડીટ	૧૬	૧	૧૫
	કુલ વાંધાઓ	**૧૨૮૯**	**૯૨૩**	**૩૬૬**

સને ૨૦૧૩-૧૪ ના વર્ષ દરમ્યાન દફતરે થયેલ વાંધાઓની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	ગ્રુપ/ઝોનનું નામ	વાંધાની સંખ્યા	રીકવરીની રકમ
૧	પશ્ચિમઝોન	૧૨૭૪	૬૧૩૯૬૨૩.૦૦
૨	પૂર્વઝોન	૫૮૬	૫૧૪૯૩૯૯.૦૦
૩	ઉત્તરઝોન	૭૧૬	૨૨૯૯૨૦૩.૦૦
૪	મધ્યઝોન	૭૨૩	૨૩૯૭૬૮૩.૦૦
૫	દક્ષિણ ઝોન	૭૫૨	૩૩૩૨૯૦૪.૦૦
૬	કંકરન્ટ ઓડીટ	૨૪૩	૩૦૪૦૨.૦૦
૭	ઈજનેર	૩૪	૫૧૮૨૩૯૩.૦૦
૮	આઉટ ડોર પોષ્ટ ઓડીટ-૧	૧૭૯	૧૧૬૯૨૯.૦૦
૯	નવા પશ્ચિમ ઝોન	૩૪૯	૨૨૦૮૬૮૧.૦૦
૧૦	જેએનએનયુઆર એમ પ્રોજેકટ	૨	૬૯૫૭૮૭.૦૦
૧૧	એકાઉન્ટ	૮૨	૯૩૭૦૬.૦૦
	કુલ વાંધાઓ	**૪૯૪૦**	**૨૭૬૪૬૭૧૦.૦૦**
૧૨	એ.એમ.ટી.એસ-પ્રિ ઓડીટ	૫૯૫	૪૯૦૮૧૧.૦૦
૧૩	એ.એમ.ટી.એસ-પોષ્ટ ઓડીટ	૩૧	૨૧૬૭.૦૦
૧૪	વા.સા.હોસ્પિટલ	૩૦૦	૧૨૭૦૮૬૪.૦૦
૧૫	મા.જે.પુસ્તકાલય- પ્રિ ઓડીટ	૧૩૦	૮૦૪૪.૦૦
૧૬	મા.જે.પુસ્તકાલય-પોષ્ટ ઓડીટ	૪	૧૨૯.૦૦
	કુલ વાંધાઓ	**૧૦૬૦**	**૧૭૭૨૦૧૫.૦૦**

૨.૨૩ હેરીટેજ

૨૦૧૩-૨૦૧૪

અમદાવાદ શહેર આશરે ૬૦૦ વર્ષથી વધુ પુરાણું ઐતિહાસિક શહેર છે.અમદાવાદ શહેરના ગોરવવંતા વારસાની શહેરના નાગરીકોને, તેમજ દેશ વિદેશી પ્રવાસીઓને તેની જાણકારી થાય તેમજ આ મહામુલા વારસાને જાળવી રાખવા તેમજ તેને ટકાવી રાખવા તેમજ આ અંગે નાગરિકોમાં જાણકારી વધે અને પરસ્પર સહકારથી તેનો ઉતરોતર વિકાસ થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હેરીટેજ વિભાગ કામગીરી કરે છે.

સને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષમાં હેરીટેજ વિભાગ દ્વારા તબકકાવાર હેરીટેજને લગતા સંખ્યાબંધ કાર્યક્રમો યોજવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) **<u>હેરીટેજ વોકીંગ ટુરઃ-</u>**

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના દ્વારા શહેરના કોટ વિસ્તારમાં આવેલ કોતરણી વાળા મકાનો, ઐતિહાસિક સ્થાપત્યો, મંદિરોનો પગપાળા ચાલીને ગાઇડ ધ્વારા પરિચય કરાવવા અંગે હેરીટેજ વોકીગ ટુરનુ આયોજન કરવામાં આવેલ છે. આ વોકીંગ ટુર શ્રી સ્વામીનારાયણ મંદિર, કાલુપુરથી દરરોજ સવારે ૮.૦૦ વાગે પ્રથમ સ્લાઇડ શો બતાવ્યા બાદ શરુ કરવામાં આવે છે. અને નકકી કરેલા રુટ ઉપરના રસ્તા ઉપરથી પસાર થઇ જુમ્મા મસ્જીદ ખાતે ટુર સમાપ્ત થાય છે.

(૨) **<u>કવિશ્રી દલપતરામ જંયતિ ઉજવણી :-</u>**

ગુજરાત ભાષાના મહાનકવિ અને સમાજસુધારક કે જેઓની પ્રતિમા લાંબેશ્વરની પોળ (હેરીટેજ વોક ટુર) કે જયાં તેઓ રહેતા હતા. તે મકાનમાં કવિ દલપતરામ સમારક બનાવી મુકવામાં આવેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ માનનીય મેયરશ્રી, મ્યુનિ પદાધિકારીઓ અને જાહેર જનતા દ્વારા કવિશ્રીની જન્મ જંયતિનો પુષ્પાજંલીના કાર્યક્રમ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

(૩) **<u>ચબુતરાઓના રીસ્ટોરેશનની કામગીરી :-</u>**

ચબુતરો એ પોળની એક લાક્ષણિકતા છે. લગભગ અમદાવાદ કોટ વિસ્તાની ઘણી પોળોમાં લાકડાની કોતરણીયુકત તેમજ પથ્થરના નકશીયુકત ચબુતરા આવેલ છે. આવા ચબુતરા કે જે અમદાવાદની આગવી ઓળખ છે. તેનું રીપેરીગ / રીસ્ટોરેશનની કામગીરીનું આયોજન કરેલ છે. જેમાં (૧) વાસણા ગામમાં આવેલ વાસણા મકતમપુર પાટીદાર પંચ ધાર્મિક ટ્રસ્ટનો ચબુતરો તથા (૨) શાહપુર વોર્ડમાં રેવાદાસની પોળમાં મંગળ પારેખના ખાંચામાં આવેલ ચબુતરો રીપેર કરવામાં આવેલ છે.

(૪) **<u>ભદ્રપ્લાઝા ડેવલપમેન્ટની કામગીરી :-</u>**

અમદાવાદ શહેરમાં ભદ્રનો કિલ્લો ઐતિહાસીક મહત્વ ધરાવે છે. આ સ્થળની આજુબાજુનો વિસ્તાર જુદી જુદી અનેકવિધ પ્રવૃતિઓથી ધબકતો છે.આ જગ્યાઓના ડેવલેપમેન્ટ કરવાની કામગીરી માટે જે.એન.એન.યુ.આર.એમ. અંતર્ગત ૭૪.૩૯ કરોડનો પ્રોજેકટ મંજુર થયેલ છે.સદરહુ કામગીરી બે તબક્કામાં કરવાની થાય છે.પ્રથમ તબક્કામાં ભદ્ર મંદિરથી ત્રણ દરવાજા સુધી પ્લાઝા ડેવલપમેન્ટની કામગીરી જેમાં સમગ્ર ભદ્ર કિલ્લાથી ત્રણ દરવાજા સુધીના વિસ્તારને પ્રદુષણરહિત અને વધુ લોકભોગ્ય બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમા રાહદારીઓ તેમજ મુલાકાતીઓ માટે સુગમ અને સલામત રસ્તાઓ, પેવીગ, સાઇનેજ, લાઇટીગ ,લેન્ડ સ્કેપીગ, આકર્ષક સ્ટ્રીટ ફર્નિચર તથા અન્ય ટુરીસ્ટ સુવિધાઓ વધારવાની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં ભદ્રના કિલ્લાના રીસ્ટોરેશન અને રીસ્ટ્રકચરીગની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે જેમાં ભદ્રના કિલ્લા ખાતે મ્યુઝિયમ તેમજ સીટી સેન્ટર વિકસાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આમ ભદ્ર વિસ્તારને ડેવલપ કરવા પબ્લિક ટોઇલેટ , પાર્કીગ , બાગ-બગીચા , રસ્તા ડેવલપમેન્ટ , સ્ટ્રીટ લાઇટ , વિગેરે કામગીરી કરવાનું આયોજન છે. ત્રણ દરવાજાથી

ભદ્રકાળી મંદિર સુધીના માર્ગને પેડેસ્ટ્રીઅન પ્લાઝા તરીકે વિકસાવી આ વિસ્તારમાં વાહનોની અવર-જવર નિયંત્રિત કરવામાં આવનાર છે. સદરહુ યોજના રાષ્ટ્રીય રક્ષિત ઇમારતના પ્રતિબંધીત એરીયામાં આવતી હોવાથી આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડીયા(ASI)ના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ કામગીરી કરવા અંગે ASI સાથે એમ.ઓ.યુ. કરવામા આવેલ છે.

સદરહુ ડેવલપમેન્ટ સાથે શહેરના ૬૦૦ વર્ષ જુના ફોર્ટનું રીસ્ટોરેશન હેરીટેજ ટેકનીકથી કરવા માટે એ.એસ.આઇ. સાથે એમ.ઓ.યુ. કરીને તેઓ મારફતે ૪.૯૦ કરોડનાં ખર્ચે કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.આ રકમ અમ.મ્યુનિ.કોર્પો.એ ASI માં જમા કરાવેલ છે

હેરીટેજ કોન્ઝર્વેશનમાં બેસ્ટ પ્રોજેક્ટનો એવોર્ડ આ પ્રોજેક્ટને હુડકો દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૩માં એનાયત કરવામાં આવેલ છે.આ પ્રકારનો મોડેલ પ્રોજેક્ટ ઇન્ડીઆમાં પ્રથમ છે.

(૫) **<u>અપગ્રેડેશન ઓફ હેરીટેજ વોક રૂટની કામગીરી :-</u>**

અપગ્રેડેશન ઓફ હેરીટેજ વોક રૂટનું કામ કરવામાં આવેલ છે.

(૬) **<u>કેલિકો ડોમના રીસ્ટોરેશનની કામગીરી</u> :-**

રિલીફ રોડ ઉપર આવેલ કેલિકો ડોમના રીસ્ટોરેશનની કામગીરી કામનું આયોજન કરવામાં આવેલ છે, તથા પ્રથમ તબકકામાં ભોયરાને રીસ્ટોરેશન કરવાનું કામ હાલમાં પ્રગતિમાં છે .

(૭) **<u>રીસ્ટોરેશન ઓફ ફોર્ટ વોલ</u> :-**

અમદાવાદ શહેરના ફરતે આવેલ ફોર્ટ વોલનું પણ રીપેરીગ/રીસ્ટોરેશનની કામગીરીનું આયોજન કરેલ છે.જેમાં કામા હોટલની સામે આવેલ ફોર્ટ વોલનું રીપેરીગ/રીસ્ટોરેશનનું કામ કરવામાં આવેલ છે. તથા રાયફલ કલબથી શાહપુર રોડ સ્ટોર્સ સુધીની ફોર્ટ વોલનું કામ ચાલુ છે.જે ટુંક સમયમાં પુરૂ થનાર છે.

(૮) **<u>રીસ્ટોરેશન ઓફ સ્ટેપ વોલ</u> :-**

અમદાવાદ શહેરના સ્ટેડીયમ વોર્ડમાં વાડજ મહેસાણા સોસાયટી નજીક આવેલ મ્યુનિ. પ્લોટમાં આવેલી જુની ઐતિહા સિક વાવનું રીસ્ટોરેશન કરવાનું કામ પુર્ણ કરવામાં આવેલ છે.

(૯) **<u>વર્લ્ડ હેરીટેજ સીટી માટેના ડોઝીયરને કામગીરી</u> :-**

અમદાવાદ શહેરને યુનેસ્કો દ્વારા " વર્લ્ડ હેરીટેજ સીટી "નો દરજ્જો અપાવવા માટે સેપ્ટ યુર્નિવસીટી દ્વારા ડોઝીયર બનાવવાનું કામ હાલમાં પ્રગતિમાં છે.

(૧૦) **<u>૧૦ સીલેકટેડ હેરીટેજ ટુરીઝમ સાઇટ ડેવલપમેન્ટની કામગીરી</u> :-**

અમદાવાદ શહેરમાં આવેલ ૧૦ સીલેકટેડ હેરીટેજ ટુરીઝમ સાઇટ ડેવલપમેન્ટ કરવા માટે અ.મ્યુ.કો. અને ટુરીઝમ કોર્પોરેશન ગુજરાત લિમીટેડ સાથે ડેવલપમેન્ટની કામગીરીની પ્રપોઝલ બનાવવાનું કામ હાલમાં પ્રગતિમાં છે.

(૧૧) **<u>સરદાર પટેલ ગેલેરી- સીટી સેન્ટરની કામગીરી</u> :-**

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન કંમ્પાઉન્ડમાં આવેલ સરદાર પટેલ ભવન એ - બ્લોક (હેરીટેજ બિલ્ડીગ) માં " સરદાર ગેલેરી તથા સીટી સેન્ટર ડેવલપ કરવા માટે રીર્સચ વર્કની કામગીરીનું કામ હાલમાં પ્રગતિમાં છે.

(૧૨) **<u>વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી</u> :-**

વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી દરમિયાન તા.૧૯-૧૧-૨૦૧૩ થી તા.૨૫-૧૧-૨૦૧૩ સુધી જુદા-જુદા કાર્યક્રમો કરવામાં આવેલા.

(૧૩) **<u>ભદ્ર ફોર્ટ રીસ્ટોરેશનની કામગીરી</u> :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂા.૪.૯૦ કરોડ આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડીયા(એ.અસ.આઇ.)માં ભદ્ર ફોર્ટ રીસ્ટોરેશન / કન્ઝર્વેશનની કામગીરી માટે જમા કરવામાં આવેલ છે. તથા આ કામગીરી આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડીયા મારફતે હાલમાં પ્રગતિમાં છે.

૩.૧ એસ્ટેટખાતુ

૨૦૧૩-૧૪

મ્યુનિસિપલ કોર્પોરેશનની માલીકીની જુદી જુદી મિલ્કતો આવેલી છે.જે મિલ્કતોના વહીવટીની કામગીરી મુખ્યત્વે એસ્ટેટ ખાતામાંથી થાય છે.મ્યુનિસિપલ કોર્પોરેશનની માલીકીની મિલ્કતો જેવી કે ટાઉન હોલ , વિવિધ પ્રકારના મ્યુનિસિપલ હોલ,પીકનીક હાઉસ, પાર્ટી પ્લોટ ઓડીટોરીયમ વિગેરે ભાડે આપવા સંદર્ભે બુકીગ તથા રીફંડની આનુસાંગિક કાર્યવાહી એસ્ટેટ વિભાગેથી થાય છે.વિવિધ પ્રકારના મ્યુનિસિપલ માલીકીના કવાર્ટસની ભાડા તથા વેચાણ અંગેની વહીવટી કામગીરી આ વિભાગેથી થાય છે.મ્યુનિસિપલ હદ અંગેના સર્ટીફીકેટ આપવા તેમજ નવી રોડ લાઇનો મુકવા તથા રસ્તાઓ , ચોક, અંડરપાસ ,ઓવરબ્રીજ વિગેરેના નામ આપવા સહિતની કામગીરી આ વિભાગેથી થાય છે.જાહેર ખબરને લગતી નિતિ વિષયક બાબતો નક્કી કરવાની કામગીરી તથા મ્યુનિસિપલ કોર્પોરેશન માટે જરૂરી હોય તેવી ખાનગી મિલ્કતો / પ્લોટના એકવીઝીશન અંગેની કામગીરી એસ્ટેટ વિભાગેથી થાય છે.મ્યુનિસિપલ માલીકીના પ્લોટો પ્રિમીયમથી વેચાણ આપવા કે ભાડાપટ્ટે આપવા અંગેની કાર્યવાહી અત્રેના વિભાગેથી કરવામાં આવે છે.મ્યુનિસિપલ રસ્તાઓ તથા મ્યુનિસિપલ મિલ્કતોમાં ખાનગી ટેલીકોમ કંપનીઓને ઓ.એફ.સી. કેબલ તેમજ ટાવર / પોલ સ્ટ્રકચર ઉભા કરવા અંગે જગ્યાઓ ફાળવવાની નિતિ વિષયક બાબતો તેમજ મ્યુનિસિપલ રસ્તાઓ ઉપર ઇલેકટ્રીક કેબલો , ટેલીફોન કેબલો તથા ગેસ લાઇનો નાંખવા લેવાના થતા ભાડા સંદર્ભે નક્કી કરવાની થતી નિતિ વિષયક બાબતો એસ્ટેટ ખાતેથી કરવામાં આવે છે.અમદાવાદ શહેરના ઘન કચરાના તથા પ્રવાહી કચરાના નિકાલ અર્થે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન બનાવવા તેમજ લેન્ડ ફીલ સાઇટ માટે જરૂરી જમીનો મેળવવામાં આવેલ છે તેની વહીવટી કામગીરી સુએજ ફાર્મ વિભાગ દ્વારા કરવામાં આવે છે.કેન્દ્ર સરકારના નેશનલ પોલીસી ઓન અર્બન સ્ટ્રીટ વેન્ડર્સના અનુસંધાને અમદાવાદ મહાનગર પાલીકા વિસ્તાર માટે બનાવવામાં આવેલ શહેરી શેરી ફેરીયા (સ્ટ્રીટ વેન્ડર્સ) સ્કીમ- ૨૦૧૦ ના અમલીકરણ સંદર્ભે ઝોન સાથે સંકલનની કામગીરી તથા શહેરી વિસ્તારમાં અડચણરૂપ થતાં રાત્રી બજાર તથા નેચરલ માર્કેટોને અન્યત્ર શીફટ કરવા અંગેની નિતિ વિષયક બાબતો અંગે કાર્યવાહી કરવામાં આવે છે.ભાડે આપવામાં આવેલ મ્યુનિસિપલ કવાર્ટસ તથા અન્ય મિલ્કતોમાં ભાડુઆત દ્વારા કરવામાં આવતા શરત ભંગ અંગે કેસ દાખલ કરવા તથા તેને આનુસાંગિક કરવાની થતી તમામ કાર્યવાહી એસ્ટેટ ખાતાના સી.ઓ.પી. વિભાગ દ્વારા કરવામાં આવે છે.આમ, એસ્ટેટ ખાતા દ્વારા મ્યુ.પ્રોપર્ટી અંગેની વહીવટી બાબતો અંગે કાર્યવાહી કરવામાં આવે છે.

<u>દબાણ-સંકલન વિભાગઃ-</u>

અમદાવાદ શહેરમાં કોમર્શીયલ દબાણો તથા ધાર્મિક દબાણો અંગેની નીતિ વિષયક બાબતો,મ્યુ.રસ્તામાં નાખવામાં આવતા અંડરગ્રાઉન્ડ ટેલીફોન કેબલો,ઇલેકટ્રીક કેબલો,પાઇપ લાઇનો,ગેસ લાઇનોની વાર્ષિક ભાડા સહી તેની નીતિ વિષયક બાબતો તથા ૨-જી,૩-જી અને ૪-જી સેવાઓ માટે મ્યુ.રસ્તા તથા મ્યુ.પ્લોટ કે જેમાં હયાત મ્યુનિ.મકાનો આવેલા હોય તેવા પ્લોટમાં ખુલ્લી જગ્યા ઉપલબ્ધ હોય અને તેની માંગણી ટેલીફોન કંપનીઓ દ્વારા કરવામાં આવે તો તે ફાળવવા અંગેની નીતિ વિષયક બાબતો અંગે આ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.સ્ટ્રીટ વેન્ડર્સ પોલીસીની નિતી વિષયક કામગીરી અત્રેના વિભાગે થાય છે, પાર્કીગ અંગેની નીતિ વિષયક બાબતો અંગે આ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.વિકલાંગ શિક્ષિત બેરોજગારોને સમાજ સુરક્ષા નિયામકશ્રી દ્વારા નક્કી કરાયેલ લાભર્થીઓને ટેલીફોન બુથ ફાળવવા અંગેની કાર્યવાહી, તથા હોકર્સ લાયસન્સ ને લગતી નીતિ વિષયક બાબતો અંગેની કાર્યવાહી આ વિભાગ અંતર્ગત થાય છે.

મ્યુ.કોર્પોરેશનને પ્રાપ્ત થયેલ રીઝર્વ પ્લોટોનાં જમીન મહેસૂલ ભરવાની કાર્યવાહી તથા મ્યુ.કોર્પોરેશનનસ વિવિધ વિભાગોને જાહેર હેતુ માટે સરકારી જમીનની જરૂરીયાત હોય તો તેવી સરકારી જમીનો મેળવવાની કાર્યવાહી પ્રોપર્ટી સર્વે વિભાગ દ્વારા કરવામાં આવે છે.મ્યુ.કોર્પોરેશનની હદ તો નવી હદના વિસ્તારોમાં આવતા વિવિધ રસ્તાઓના કબજા જે તે સરકારી વિભાગો પાસેથી મેળવવા તથા ગુ.હા.બોર્ડ અને સ્લમ કલીરન્સ બોર્ડની વસાહતોના ખુલ્લા પ્લોટો અને આંતરિક રસ્તાઓના કબજા મેળવવાની નીતિ વિષયક બાબતો અંગે આ વિભાગેથી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

<u>એસ્ટેટ મેનેજમેન્ટ ઓફિસર બ્રાન્ચઃ-</u>

મ્યુ.કોર્પોરેશની બાંધકામવાળી મીલ્કતો જેવી કે માર્કેટ,દુકાનો,મીની સ્ટોલ,ગોડાઉનો,સ્લમ કવાર્ટસ,ફીશ માર્કેટ વિગેરેના ભાડા તથા વેચાણ અંગેની નીતિ વિષયક બાબતો અંગે વિભાગેથી કાર્યવાહી કરવામાં છે,નવી બાંધવામાં આવેલ દુકાનોની ટેન્ડર કમ હરાજીની કાર્યવાહી આ વિભાગેથી થાય છે.જુદી જુદી સ્કીમ હેઠળ મ્યુ.કોર્પોરેશન દ્વારા કરાવામાં આવે છે.આવસોની ફાળવણીની નીતી બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

<u>લેન્ડ એકવીઝીશન વિભાગઃ-</u>

અ.મ્યુ.કોર્પોરેશનના વિવિધ વિભાગો કે જેવા કે વોટર પ્રોજેકટ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા અન્ય વિભાગને પોતાના વિભાગની જાહેર હેતુ માટેની કામગીરી માટે મ્યુ.વિસ્તારમાં ખાનગી જમીન/મિલ્કતોની જરૂરીયાત ઉભી થાય ત્યારે જે તે ખાતા દ્વારા સક્ષમ સત્તાની સૈધ્ધાંતિક મંજૂરી મેળવી એકવીઝીશન વિભાગે પ્રપોઝલ મોકલી આપેથી માંગણીવાળી જમીન/મિલ્કતની સંપાદન અંગની કામગીરી આ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.બી.પી.એમ.સી.એકટની કલમ ૭૭-૭૮ મુજબની કાર્યવાહી કરી,જે તે દરખાસ્ત સરકારશ્રીના એકવીઝીશન ઓફિસરને મોકલી આપવામાં આવે છે.લેન્ડ એકવીઝીશન ઓફિસરશ્રીના હુકમ અનુસાર સંપાદિત જમીનના કબજા લેવાની તથા એવોર્ડ મુજબ વળતર ચૂકવવાની કાર્યવાહી આ વિભાગ દ્વારા કરી,સંપાદિત જમીન/મિલ્કત જરૂરીયાતવાળા વિભાગને આ બ્રાન્ચ દ્વારા સોંપી દેવામાં આવે છે.

<u>જી.ઇ.(પ્રોપર્ટી)ઃ-</u>

ટી.પી.સ્કીમ રૂએ અ.મ્યુ.કોર્પોરેશનને પ્રાપ્ત થયેલ પ્લોટો જે તે હેતુ માટે ૯૯ વર્ષના ભાડા પટ્ટેથી આપવા અંગે ટેન્ડરની કાર્યવાહી આ વિભાગેથી થાય છે.સરકારશ્રી તથા સરકારશ્રીના મૂલ્યાંકન ખાતુ જે બજાર કિંમત નક્કી કરવામાં આવે તે બંનેમાંથી જે વધુ હોય તે મુજબ પ્રિમીયમની રકમ વસુલ લઇ,વાર્ષિક એડવાન્સ ભાડાની રકમ વસુલ લઇ પ્લોટ ફાળવવાની કાર્યવાહી જી.ઇ.(પ્રોપર્ટી) વિભાગેથી થાય છે.

<u>જાહેરખબર વિભાગઃ-</u>

અમદાવાદ શહેરમાં જાહેર રસ્તા ઉપર તથા ખાનગી મિલ્કતોમાં જાહેર ખબરના હેતુસર હોર્ડીંગ્સ,એલ.ઇ.ડી,વેલસેસ,કીયોસ,ગેરંટી વિગેરેની મંજુરી અંગેની નીતિવિષયક બાબતોની કાર્યવાહી જાહેર ખબર વિભાગ દ્વારા કરવામાં આવે છે.સ્ટેન્ડીગ કમીટી દ્વારા ટોકનભાડેથી કામચલાઉ રીતે ઉભા કરાવામાં આવતા હોર્ડીંગ્સના નાણાં વસુલ કરવાની કાર્યવાહી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

<u>એસ્ટેટ ડ્રોઈંગ બ્રાન્ચઃ-</u>

૧. **એસ્ટેટ** ડ્રોઈંગ વિભાગ દ્વારા જુદાજુદા વિભાગેથી આવતા પત્રો તથા સરકારી પત્રોનુ મોનેટેરીંગ / મૂલ્યાકન કરવુ તથા જે તે કર્મચારીને કામગીરી સોંપવી અને તૈયાર કરાવવુ.

૨. અ.મ્યુકો.ના તમામ ગામતળનાં પાર્ટ પ્લાનના નકશા બતાવવા તથા જરૂર જણાયતો સ્થળ પરિસ્થિની ચકાસણી કરવી તથા તેના ડ્રોઈંગ સર્ટીફીકેટ બનાવવા મ્યુ.હદ પ્રમાણ પત્રની ફાળવણી.

૩. અ.મ્યુ.કો . ના બી.પી.એમ.સી એક્ટ મજુબ પ્રિસ્ક્રાઈબ્ડ રોડ લાઈન મુકવાની કામગીરી જેમાં દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપવી વાંધા સુચનો મંગાવવા અને નિકાલ કરવો તથા નકશાઓ તૈયાર કરીને સ્ટે.કમિટી અને મ્યુનિ.કમિશનરની મંજૂરી મેળવવા બાદ સંલગ્ન ખાતાને જાણ અર્થે કોપીઓ તથા જરૂરી ઠરાવની કોપીઓ રાખવી

૪. એકવીઝીશન ,જી.પ્રોપર્ટી સ્કીમ કપાત નાં ડ્રોઈંગ બનાવવા તથા અદલા બદલા નાં ડ્રોઈંગ બનાવવાં તેમજ દરેક ઝોનમાંથી આવતા પ્લાનોના સ્કેચ દોરવા બુકે જરૂરી નોંધ સાથે આપવા પ.મ્યુનિ કોર્પોરેશનનાં ઇલેકશન વોર્ડના વેચાણ અપવાનાં નકશાં બાબતે જરૂરી મંજુરી મેળવવી ને નિયત કરેલ ચાર્જ જમા કરેથી નકશાં આપવા તેમજ સેન્સસને કામગીરી પણ કરવાની .

૬. દરેક ઝોનમાંથી બિલ્ડીંગ પ્લાન ના ફાઈલોની રજા ચિઠ્ઠી / બી.યુ પરમીશન ની ફાઈલો ની જરૂરી નોંધ દાખલા બુકે રાખવી

૭. અ.મ્યુ.કો ના રસ્તા / ચોકના નામાવિધાન અંગે જરુરી એવી કાર્યવાહી કરવી અને મંજૂરી મેળવવી અને નામાવિધાના તૈયાર કરવામાં આવે છે.

<u>કોમ્પીટન્ટ ઓફીસરની બ્રાન્ચ :-</u>

મ્યુનિ,કોર્પોરેશન વિસ્તારમાં આવેલ ભાડાની મ્યનિ.મિલકતોમાં જ્યારે પણ શરતભંગ તેમજ કોર્પોરેશનની જરૂરીયાત હોય ત્યારે તે મિલકતો પરત મેળવવાની થાય ત્યારે આ વિભાગ દ્વારા ઝોન માંથી તમામ કાર્યવાહી પૂર્ણ થયાબાદ આ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.ગુજરાત પબ્લીક પ્રીમાઈસીઝ એક્ટ ૧૯૭૨ અન્વે ટેનન્ટ -ઇન-એરીયર્સ પેટા ભાડુઆતે કરારની શરતોની ભંગ,મકાન અને જમીનમાં ખાલી પ્રત્યક્ષ કબજા .આ પહેલાં કોર્પો.ના એડવોકટ તરફથી ટેનન્સી ટર્મીનેટની નોટીસ આપવામાં આવે છે.બી.પી.એમ.સી.એકટની કલમ -૪ થી શો કોઝ નોટીસ આપવામાં આવે છે.સામાવાળાને જાતે અથવા વકીલ રોકી ખુલાસો કરવાની તક આપવામાં આવે છે.ત્યારબાદ

જજમેન્ટના આધારે એકટની કલમ-૫ મુજબ ઈવીકશન ઓર્ડર બજાવીને મ્યુનિ.પ્રોપટીનો ખાલી પ્રત્યક્ષ કબજો કોર્પો.ને આપવામાં આવે છે. મે.કોમ્પીટન્ટ ઓફીસર સાહેબના જજમેન્ટની વિરુધ્ધ પાર્ટી બી.પી.એમ.સી.એકટની કલમ-૯ મુજબ સીટી સીવીલ કોર્ટમાં જઈ શકે છે.

<u>સુએજ ફાર્મ વિભાગ :-</u>

અમદાવાદ મ્યુનિ.કોર્પો.ને સમગ્ર શહેરના અન્ડર ગ્રાઉન્ડ ડ્રનેજ સીસ્ટમ દ્વારા એકત્ર થતા ગંદા પાણીના નિકાલ માટે વર્ષો અગાઉ જમીન સંપાદન કરેલ.સદરહુ જમીન બે ભાગમાં વહેંચાયેલ છે જેમકે સાબરમતી નદીના પૂર્વભાગે પીરાણા સુએઝ પ્લાન્ટ તથા પશ્ચિમ તરફ ના ભાગે વાસણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલ છે. પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કુલ જમીન સર્વે પ્રમાણે ૨૬૬૨ એકર છે. જ્યારે વાસણા પ્લાન્ટની કુલ જમીન૪૬૦ એકર છે.

અમ્યુકો. એ.સ્ટે.ક.ઠ.નં.૨૭૦૪ તા ૩૦/૩/૮૯ તથા જનરલ બોર્ડ ઠ.નં. ૯૬ તા ૨૧/૦૪/૮૯ થી ખેડુતોના પ્રતિનિધિઓ સાથે પરાણા ખેડુત મંડળ સાથે સમાધાન કરી મુળ જમીનનો કબજો પરત મેળવી તે સામે ૧/૩ જમીન કાયમી લીઝ ડીડ થી આપવાનુ ઠરાવેલ છે. જે અંગે થી લીઝ ડીડ કરી આપવામં આવે છે.સુએઝફાર્મ ની જમીન માં ધનકચરામાંથી જુદીજુદી પ્રોડક્ટ / પેલેટસ / પાવર ઉત્પાદન માટે સોલીડ મેનજમેન્ટ વિભાગ દ્વારા તાજેતરમાંસ્ટે.કમિટી તેમજ જનરલ બોર્ડ દ્વારા થયેલ જુદાજુદા ઠરાવો મુજબ ક્રએટીવ ઈકો.રીસાયકલ પોર્ટ લી,એબેલોન કલીન અમદાવાદ લી. એ ટુ ઝેડ મેનટન્સલી. ડીજાઇ પાવર લી. ડી.એન.પી. ઈન્ફ્રા પ્રા લી. વગેરે કંપની ઓને જમીન ફાળવણી કરવામાં આવેલ છે.

<u>એસ્ટેટ પબ્લીક હોલ વિભાગ :-</u>

૧. એસ્ટેટ પબ્લીક હોલ વિભાગ દ્વારા ૨૬-કોમ્યુનીટી હોલ, ૩-પીકનીક હાઉસ, ૧૧- પાર્ટી-પ્લોટ, ૧ સરદાર પટેલ સ્ટેડીયમ, ૩, ઓડીટોરીયમ / મેમો. હોલ, તથા ૨,ઓપન એર થિયેટર મળી કુલ-૪૬ જગ્યાઓની વહીવટી કામગીરી અત્રેનાં વિભાગે થી થાય છે. સદર તમામ જગ્યાઓનું બુકીંગ ચારમાસ અગાઉ સીટી સિવિક સેન્ટર ઉપર થી નક્કી કરેલ ભાડા ની રકમ લઈ ઓનલાઈન બુકીંગ કરવામાં આવે છે.

૨. ઉપરોક્ત તમામ જગ્યાઓમાં જુદા જુદા કાર્યક્રમ માટે મંડપ ડેકોરેશનનો કોન્ટ્રાકટ ટેન્ડર પ્રક્રિયાથી આપવામાં આવે છે. ઓનલાઈન બુકીંગ કરાવ્યાબાદ કોઈપણ કાર્યક્રમ માટે મંડપ ડેકોરેશન, રસોઈનાં વાસણો, લાઈટ, સાઉન્ડનાં સાધનો મ્યુનિ.કોર્પો.નાં માન્ય.ડેકોરેશન પાસે થી જ લેવાનાં રહે છે.

૩. મ્યુનિ.સંચાલિત નવનિર્મિત જગ્યા માટે ઈજનેર ખાતા દ્વારા જે તે જગ્યાનું બાંધકામ તેમજ કામગીરી પૂર્ણ થયાબાદ એસ્ટેટ પબ્લીક હોલ વિભાગને સોંપવામાં આવે છે. ત્યારબાદ સદર જગ્યાનું ભાડુ / ડીપોઝીટ નક્કી કરવા અર્થે સ્ટેન્ડીગ કમિટીની મંજુરી મળે થી ઓનલાઈન બુકીંગ ચાલુ કર્યા બાદ વપરાશ અર્થે અરજદાર ને આપવામાં આવે છે.

૪. બુકીંગ નાં <u>૭</u> દિવસ પહેલાં મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ નાં નામનો જે તે જગ્યાનાં ભાડા જેટલો ડીપોઝીટ નો ડીમાન્ડ ડ્રાફટ સરદાર પટેલ ભવન એસ્ટેટ પબ્લીક હોલ વિભાગ ત્રીજો માળ, એસ્ટેટ ખાતુ દાણાપીઠ અમદાવાદ ખાતે જમા કરાવી હોલ વપરાશ પરમીશન મેળવવાની રહેશે. પરમીશન વગર બુકીંગની જગ્યાનો વપરાશ થઈ શકશે નહી તથા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કામકાજ ના દિન-૧૫ માં સર્વિસટેક્ષ / લાઈટબીલ / નુકશાની ખર્ચ ભરી ડીપોઝીટનો ડી.ડી. પરત લેવાનો રહેશે. તેમ કરવામા કસુર થશે તો બુકીંગ કરાવનાર વ્યકિત / સંસ્થા પાસે થી રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) મ્યુનિ.કોર્પો.ના નિયમ મુજબ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવશે.

૫. કોમ્યુ.હોલ / પીકનીક હાઉસ / પાર્ટી-પ્લોટ / ઓપન એર થિયેટર નો ઉપયોગ ન કરવો હોય તો વપરાશના ચોખ્ખા આઠ દિવસ અગાઉ અરજી કરેથી અને જે તે જગ્યા તે તારીખે બીજાને આપવામાં આવશે તો ભરેલી હોલની વપરાશ ફી ની રકમમાંથી ૫૦ ટકા કેન્સલેશન ચાર્જ કાપી લઈ બાકીની ફી રીફંડ આપવામાં આવશે, પરંતુ તે તારીખે હોલ બુક ન થાય તો ૭૫ ટકા કેન્સલેશન ચાર્જ કાપી લઈ બાકીની ફી રીફંડ આપવામાં આવશે,

૬. કોમ્યુ.હોલ / પીકનીક હાઉસ / પાર્ટી-પ્લોટ / ઓપન એર થિયેટરમાં અનિવાર્ય સંજોગોને કારણે જો બુકીંગ તારીખ કેન્સલ (રદ) કરવાની થાય તો બુકીંગની તારીખનાં ચોખ્ખા આઠ દિવસ અગાઉ એસ્ટેટ પબ્લીક હોલ વિભાગમાં ત્રીજોમાળ, મ્યુનિ.કોર્પો.દાણાપીઠ અમદાવાદ ને લેખિત અરજી કરવાની રહેશે. જો સમય મર્યાદામાં લેખિત અરજી નહી કરવામાં આવેતો જે તે જગ્યાનાં ભરેલ ભાડાની રકમમાંથી કોઈપણ રકમ પરત મળવાને પાત્ર થશે નહી.

એસ્ટેટ હરાજી વિભાગ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ની વાર્ષિક આવક

અનુ. નં.	માસ	રકમ
૧	એપ્રીલ ૨૦૧૩	૪૦૯૨/-
૨	મે	
૩	જુન	૨૪૦/-
૪	જુલાઇ	૨૩૨૨/-
૫	ઓગષ્ટ	૩૧૬/-
૬	સપ્ટેમ્બર	૪૨૦/-
૭	ઓકટોમ્બર	૮૬૪/-
૮	નવેમ્બર	૨૮૮/-
૯	ડીસેમ્બર	૮૪૩/-
૧૦	જાન્યુઆરી ૨૦૧૪	૧૮૦૦/-
૧૧	ફેબ્રુઆરી	૩૫૦૨/-
૧૨	માર્ચ	૧૦૦/-
	કુલ	૧૪૭૮૭/-

હરાજી વિભાગની કુલ આવક રૂ.ચૌદ હજારસાતસો સીત્યાશી પુરા.

એસ્ટેટ મધ્યસ્થ કચેરી કેશીયર આવક : વર્ષ ૨૦૧૩-૨૦૧૪

વર્ષ ૨૦૧૩-૨૦૧૪	ચેક	રોકડા	કુલ આવક
એપ્રિલ -૨૦૧૩	૧૧૦૦૪૦	૧૦૭૫૯૨૬	૧૧૮૫૯૬૬
મે -૨૦૧૩	૨૪૬૧૬૭૬	૫૯૧૬૩૦	૩૦૫૩૩૦૬
જુન -૨૦૧૩	૪૫૧૭૭૬૫	૧૩૬૫૧૦૬	૫૮૮૨૮૭૧
જુલાઇ -૨૦૧૩	૧૩૪૮૩૨૦	૯૦૪૦	૧૩૫૭૩૬૦
ઓગસ્ટ -૨૦૧૩	૭૭૩૭૪૯૬	૩૦૫૧૮૪	૮૦૪૨૬૮૦
સપ્ટેમ્બર -૨૦૧૩	૪૯૦૧૬૭૬	૧૭૬૮૨૯	૫૦૭૮૫૦૫
ઓકટોમ્બર-૨૦૧૩	૪૭૨૦૮૯૫	૭૦૪૩૯૨	૫૪૨૫૨૮૭
નવેમ્બર -૨૦૧૩	૧૬૫૯૬૪૮	૧૧૧૪૧૯	૧૭૭૧૦૬૭
ડિસેમ્બર -૨૦૧૩	૧૧૯૮૭૮૬૦	૧૨૩૪૯૩૭	૧૩૨૨૨૭૯૭
જાન્યુઆરી ૨૦૧૪	૬૪૬૧૫૯૩	૨૫૯૨૮૭	૭૧૨૦૮૮૦
ફેબ્રુઆરી ૨૦૧૪	૨૪૮૬૭૨૯	૨૭૦૭૭૩	૨૭૫૭૫૦૨
માર્ચ ૨૦૧૪	૧૩૧૯૧૦૭૬૪	૭૬૭૦૨૭	૧૩૨૬૭૭૭૯૧
કુલ આવક	૧૮૦૭૦૪૪૬૨	૬૮૭૧૫૫૦	૧૮૭૫૭૬૦૧૨

અંકે રૂપિયા અઢાર કરોડ પંચોતેર લાખ છોતેર હજાર બાર પૂરા

તારીખ ૦૧-૪-૨૦૧૩ થી ૩૧-૦૩-૨૦૧૪ સુધી ની જાહેર ખબર વિભાગની કુલ આવક દર્શાવતુ પત્રક

અનુ	વિગત	પૂર્વ	પશ્ચિમ	ઉત્તર	દક્ષિણ	મધ્ય	નવા પશ્ચિમ	મધ્યસ્થ કચેરી	કુલ
૧	મ્યુનિ.મિલકત પરની આવક	૨૨૮૬૯૨૮	૧૦૨૮૫૦૨૯૯	૫૪૯૪૦૮૩	૭૫૬૬૪૧૦	૫૬૩૭૮૪૮	૩૨૬૭૦૬૭૯	૩૪૯૪૫૭૦	૧૬૦૦૦૦૮૧૭
૨	ખાનગી.મિલકત પરની આવક	૧૧૮૮૫૨૦	૧૯૭૮૪૩૭૪	૧૮૭૮૯૫૭	૩૬૦૧૫૪૭	૨૩૦૨૬૪૯	૧૧૭૧૩૧૬૯	૦	૪૦૪૬૯૨૧૬
૩	પરચુરણ	૮૩૧૦૦	૨૪૭૫૦૫૮	૨૫૫૮૫૩	૨૬૦૦૦	૪૧૯૯૫૦	૨૭૮૮૧૮	૨૧૩૯૪૭૦	૫૩૭૮૨૪૯
૪	અનામત ની આવક	૧૧૨૦૨૫	૩૯૪૧૦૨૩	૫૦૧૫૨૫	૬૨૬૫૭૨	૪૪૦૪૦૦	૭૭૨૭૨૨૫	૧૫૫૨૮૧	૧૩૫૦૪૦૫૧
	કુલ	૩૬૭૦૫૭૩	૧૨૮૭૫૦૭૫૪	૮૧૩૦૪૧૮	૧૧૮૨૦૫૨૯	૮૮૦૦૮૪૭	૫૨૩૮૯૮૯૧	૫૭૮૯૩૨૧	૨૧૯૩૫૨૩૩૩

ઉપર દર્શાવ્યા પ્રમાણે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં એસ્ટેટ જાહેર ખબર વિભાગની તમામ ઝોનની કુલ આવક રૂા. ૨૧૯૩૫૨૩૩૩ (અંકે રૂપિયા એકવીસ કરોડ ત્રાણુ લાખ બાવન હજાર ત્રણસો તેત્રીસ પુરા) થયેલ છે.

પત્રક- ૩.૧.૧

એસ્ટેટ ખાતા દ્વારા વહીવટ કરવામાં આવતી મિલ્કતોની સંખ્યા દર્શાવતુ પત્રક—૨૦૧૩-૨૦૧૪

અનુ.નં	મિલ્કતનુ નામ	મધ્ય	પશ્ચિમ	ન. પશ્ચિમ	દક્ષિણ	ઉત્તર	પૂર્વ ઝોન	ખુલ
૧	સ્ટાફ ક્વાટર્સ	૧૫૬૮	૧૪૪	---	----		૫૨૬	૨૨૩૮
૨	લેબર સ્ટાફ ક્વાટર્સ	૧૪૦	૦		૧૪૧	૮૯		૩૭૦
૩	સ્લમ ક્વાટર્સ	૧૧૨	૬૯૨		૨૩૦૪	૨૩૩૭	૬૦૫	૬૦૫૦
૪	દુકાનો	૨૭૭૬	૧૬૯		૧૫૮	૪૬૯	૨૩૪	૩૮૦૬
૫	મીની સ્ટોલ	૧૩	૩૫		૧૪૮	૧૬૩	૧૭૦	૫૨૯
૬	મોટા સ્ટોલ							
૭	મીટ એન્ડ ફીશ સ્ટોલ						૩૦	૩૦
૮	રેસ્ટોરેન્ટ(ફુટ કોટ)				૨			૨
૯	ગોડાઉન	૨૬		---	૯	૭	૯	૫૧
૧૦	ફેકટરી શેડ					૯૬		૯૬
૧૧	ઓફિસો				૧			૧
૧૨	દાણી લીમડા સાઈટો				૩૪૦			૩૪૦
૧૩	લાટી બજાર લીઝ પ્લોટ				૬૭			૬૭
૧૪	જમીન સાઈટો	૪			૨૬	૮		૩૮
૧૫	લીઝ પ્લોટ					૭૭		૭૭
૧૬	છુટક લીઝ એન્ટ્રી		૧૦૬		૧			૧૦૭
૧૭	મ્યુ.શાળાઓ				૧			૧
૧૮	શાળાના રૂમ	૬૩						૬૩
૧૯	બેંન્ક મકાન							
૨૦	પોસ્ટ ઓફિસ	૧						૧
૨૧	પોલીસ ચોકી	૩			૨			૫
૨૨	સંકલિત નગર (જુહાપુરા)							
૨૩	એન્વાયરમેન્ટ સ્કીમ છાપરા							
૨૪	એકવીઝીશન ચાલી છાપરા						૫૮૦	૫૮૦
૨૫	નાથાલાલ ઝઘડા બ્રીજ નીચની દુકાનો .				૭૦			૭૦
૨૬	નાથાલાલ ઝઘડા બ્રીજ નીચેના મીની સ્ટોલ				૮		૪	૧૨
૨૭	નાથાલાલ ઝઘડા બ્રીજ નીચેના ગોડાઉન				૪			૪
૨૮	ઈ.ડબલ્યુ.એસ.દુકાનો + મકાનો	૫૨૮			૪૦ ૧૦૭૪		૩૧૧૦	૫૬૮ ૪૧૮૪
૨૯	ખોખરા માર્કેટ				૧			૧

૩૦	ઝૂપડા				૮૨૨	૧૮૪		૧૦૦૬
૩૧	મકાન નવી / જૂની વસાહત				૫૭૬	૧૧૧૨		૧૬૮૮
૩૨	કેન્ટીન પ્રાણી સંગ્રાલય				૧			૧
૩૩	કાંકરીયા સોનુ વિઝન				૧			૧
૩૪	ગુજ.પોલ્યુ.બોર્ડ				૧			૧
૩૫	એ.ઇ.સી. સબ સ્ટેશન				૭			૭
૩૬	દ.ઝોન+ રીવર ફ્રન્ટ + જે.એન. આર.યુ.આર.એમ.				૫૬૩૩		૩૧૧૦	૮૪૪૩
૩૭	ધાબા					૪૯		૪૯
૩૮	વૈકલ્પીક વ્યવસ્થા					૧૦૫		૧૦૫
૩૯	કેબીન					૨૨		૨૨
૪૦	મીન્સ પ્રો.છાપરાં						૧૦૮૮	૧૦૮૮

પત્રક-૩.૧.૨

મ્યુ.મિલ્કત ભાડાની અન્ય ઉપજની વિગત દર્શાવતું પત્રક.(રૂા.લાખમાં)૨૦૧૩-૨૦૧૪

અ. ન.	મિલ્કતનું નામ	મધ્ય	પશ્ચિમ	ન. પશ્ચિમ	દક્ષિણ	ઉત્તર	પૂર્વ ઝોન	કુલ
૧.	મકાન-દુકાન		૬૧૪૩૩૪		૧૧૪૩૩૦			૭૨૮૬૬૪
૨.	સ્લમ - સ્કીમ							
૩.	ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ							
૪.	લાયસન્સ ફી		૧૧૬૪૦	૧૨૩૫૭૮૯૩			૨૩૮૨૦૦૦	૧૪૭૫૧૫૩૩
૫.	લેબર કવાર્ટસ							
૬.	નિર્વાસિત	૨૩૯૩૮						૨૩૯૩૮
૭.	રબારી વસાહત							
૮.	દાણાપીઠ							
૯.	શાકમાર્કેટ							
૧૦.	મીટ માર્કેટ							
૧૧.	ફીશ માર્કેટ							
૧૨.	છૂટી જમીન	૧૦૨૦૦	૨૯૫૯	૨૧૩૭૭૮૦			૭૮૪૦૦૦	૨૯૩૪૯૩૯
૧૩.	પ્રિમીયમ		૧૯૫૨૪૨૪					૧૯૫૨૪૨૪
૧૪.	પરચુરણ	૨૪૪૧૧૦		૩૮૫૫૨	૧૧૮૮૦૦	૩૬૩૫		૪૦૫૦૯૭
૧૫.	દાવા ખર્ચ							
૧૬.	કવાર્ટસ હાયર પરચેઝ	૨૮૩૩૪૮૬	૯૭૬૯૭૬					૩૮૧૦૪૬૨
૧૭.	સંકલિત નગર							
૧૮.	મીની સ્ટોલ ભાડા				૨૦૭૭૦૯૭			૨૦૭૭૦૯૭

૧૯.	સ્કુલબોર્ડ ભાડા							
૨૦.	અન્ય ક્વાર્ટસ ભાડા				૨૬૪૩૪૮૦			૨૬૪૩૪૮૦
૨૧.	અન્ય મકાન ભાડા							
૨૨.	ગોડાઉન ભાડા							
૨૩.	મીન્સ પ્રોફીટ							
૨૪.	બેટરમેન્ટ ચાર્જ	૧૯૦૩૨૩	૧૦૮૭૭૩૧	-------	૪૦૦૪૨૦		૩૫૧૫૯૬૮	૫૧૯૪૪૪૨
૨૫.	નામ ટ્રાન્સફર ફી	૨૪૬૪૫૨			૧૦૦૦૦	૨૩૪૪૬૦		૪૯૦૯૧૨
૨૬.	હુડકો							
૨૭.	સીક્યોરીટી ફી / ડીપોઝીટ	૭૫૩૩૯૦૮	૪૭૬૭૬					૭૫૮૧૫૮૪
૨૮.	અન્ય ડીપોઝીટ	----						
૨૯.	ટેમ્પરરી સ્ટોલ લાયસન્સ ફી	૨૪૩૦૪૮			૫૧૦૬૭૦			૭૫૩૭૧૮
૩૦.	ઈ.ડબલ્યુ.એસ લાભાર્થી ફાળો	૨૮૬૬૦૦	૨૪૧૪૦		૪૭૦૩૨૫૮	૧૫૪૮૫૫૯		૬૫૬૨૫૫૭
૩૧.	સર્વિસ ચાર્જ							
૩૨.	ઉપરદળનુ ભાડુ	૧૨૬૬૮૦						૧૨૬૬૮૦
૩૩.	હાયર પરચેઝ કવા.				૪૧૮૧૨૭			૪૧૮૧૨૭
૩૪.	જે.એન આર યુ.				૮૨૮૯૮૦			૮૨૮૯૮૦
	કુલ	૧૧૭૩૮૭૪૫	૪૭૧૭૮૮૦	૧૪૫૩૪૨૨૫	૧૧૮૨૫૧૬૨	૧૭૮૬૬૫૪	૬૬૮૧૯૬૮	૫૧૨૮૪૬૩૪

પત્રક નં. ૩.૧.૩

સને ૨૦૧૩-૨૦૧૪ વર્ષ દરમ્યાન થયેલ જાવક ખર્ચ દર્શાવતુ પત્રક

અ.નં.	ખાતાનો કેશ નં.	રકમ (રૂા.)	વિગત
૧	૨	૩	૪
- - - NIL - - -			

પત્રક નં. ૩.૧.૩ (બી)

સને ૨૦૧૩-૨૦૧૪ વર્ષ દરમ્યાન થયેલ આવક દર્શાવતુ પત્રક

અ.નં.	**ખાતાનો કેશ નં.**	**રકમ (રૂા.)**	**વિગત**
૧	**2**	૩	૪
- - - NIL - - -			

પત્રક નં. ૩.૧.૩(સી)

સને ૨૦૧૩-૨૦૧૪ વર્ષ દરમ્યાન થયેલ કોર્ટ લીટીગેશનનુ પત્રક

અ. નં	ટી.પી./વોર્ડ/મોજે/ ફા.પ્લોટ /સર્વે નં.	દાવા નંબર	વિગત
૧	મોજે પાલડી ટી.પી. સ્કીમ નં. ૨૨ એફ.પી ૧૨૧/પૈકી	સીડીસી(પશ્ચિમ)/આરટીએસ/ અપીલ/ કેસનં. ૧૦૭/૨૦૧૩ (રાજેન્દ્રકુમાર માણેકલાલ તથા અન્ય વિ. અ.મ્યુ.કો. તથા અન્ય)	અ.મ્યુ.કો. દ્વારા સંપાદન કરેલ જમીનમાં અ.મ્યુ.કો. ની રેવન્યુ રેકર્ડમાં પડેલ નોંધ રદ કરવા અંગે દાદ માંગેલ. વિવાદીની વિવાદ અરજી સીટી ડે. કલેકટરશ્રી દ્વારા તા. ૩૧/૩/૨૦૧૪ ના હુકમથી નોંધ ના-મંજુર કરેલ છે.
૨	મોજે પાલડી ટી.પી. સ્કીમ નં. ૨૨ એફ.પી ૧૨૧/પૈકી	સીડીસી(પશ્ચિમ)/આરટીએસ/ અપીલ/કેસ નં. ૧૦૮/૨૦૧૩ (મેનેજરશ્રી અલ્હાબાદ બેંક વિ. અ.મ્યુ.કો. તથા અન્ય)	અ.મ્યુ.કો. દ્વારા સંપાદન કરેલ જમીનમાં અ.મ્યુ.કો. ની રેવન્યુ રેકર્ડમાં પડેલ નોંધ રદ કરવા અંગે દાદ માંગેલ. વિવાદીની વિવાદ અરજી સીટી ડે. કલેકટરશ્રી દ્વારા તા. ૩૧/૩/૨૦૧૪ ના હુકમથી નોંધ ના-મંજુર કરેલ છે.
૩	મોજે દરીયાપુર - કાજીપુરના રે.સર્વે નં. ૪૮/બી/૧/પૈકી	નામ. સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી. (સી) નં. ૩૯૪૧ /૨૦૧૩ થી બાબુભાઇ રાજપુત વિ. અ.મ્યુ.કો.	અરજદારશ્રી દ્વારા નામ. હાઇકોર્ટમાં કરેલ એફ.એ. ૧૦૬૨/૧૯૯૬ નામ. હાઇકોર્ટ દ્વારા તા. ૪/૧૨/૨૦૧૩ ડીસપોઝ કરેલ હોઇ, તેની સામે અરજદારશ્રી દ્વારા નામ. સુપ્રિમ કોર્ટમાં દાવો કરેલ છે. જે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા તા. ૧/૨/૨૦૧૪ ના હુકમ થી દાવો ડીસમીસ કરેલ છે.
૪	મોજે દરીયાપુર - કાજીપુરના રે.સર્વે નં. ૪૮/બી/૧/પૈકી	સ્પે. સી એ. ૩૬૪૯/૨૦૧૪ ટ્રસ્ટી શ્રી શેઠ હઠીસીંગ કેસરી સીંગ ટ્રસ્ટ વિ. ગર્વ. ઓફ ગુજરાત, અ.મ્યુ.કો. તથા અધર્સ	અ.મ્યુ.કો. દ્વારા સંપાદન કરેલ જમીન પરત મેળવવા દાદ માંગેલ છે. અ.મ્યુ.કો. તરફથી નામ. કોર્ટમાં એફીડેવીટ ફાઇલ કરેલ છે. દાવો ચાલુ છે.
૫	મોજે કોતરપુર ના રે.સર્વે નં. ૭૬, ૮૫	અમદાવાદ રૂરલ પ્રીનસીપાલ સીનીટર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં લે. રેફ. નં. ૧૨૯/૦૩ પ્રિયકાંત ઠાકોરલાલ ના કુ.મુ. નંદીની બેન વિ. વ.ખા.જ.સં. અધિકારી, અ.મ્યુ.કો.	અરજદારે એલ.એ.ક્યુ. કેસ નં. ૧/૦૨ માં લેન્ડ એક્વી.ની કલમ -૧૮ હેઠળ નોટીસ આપીને વધારાના વળતર મેળવવા દાદ માંગેલ છે. સદર દાવા બાબતે અ.મ્યુ.કો. તરફથી જવાબ ફાઇલ કરેલ છે અને સદર દાવો ચાલુમાં છે.
૬	મોજે કોતરપુર ના રે.સર્વે નં. ૮૪/૯	અમદાવાદ રૂરલ પ્રીનસીપાલ સીનીટર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં લે. રેફ. નં. ૧૨૪/૦૩ સુંદર ફાર્મના ડાયરેક્ટર - આનંદભાઇ ઝવેરી વિ. વ.ખા.જ.સં. અધિકારી,	અરજદારે એલ.એ.ક્યુ. કેસ નં. ૧/૦૨ માં લેન્ડ એક્વી. ની કલમ -૧૮ હેઠળ નોટીસ આપીને વધારાના વળતર મેળવવા દાદ માંગેલ છે. સદર દાવા બાબતે અ.મ્યુ.કો. તરફથી જવાબ ફાઇલ કરેલ છે અને સદર દાવો

અ. નં	ટી.પી./વોર્ડ/મોજે/ ફા.પ્લોટ /સર્વે નં.	દાવા નંબર	વિગત
		અ.મ્યુ.કો.	ચાલુમાં છે.
૭	મોજે કોતરપુર ના રે.સર્વે નં. ૮૪/૩, ૮૪/૪	અમદાવાદ રૂરલ પ્રીનસીપાલ સીનીટર સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં લે. રેફ. નં. ૧૨૫/૦૩ કોતરપુર ફાર્મના ડાયરેક્ટર - આનંદભાઇ ઝવેરી વિ. વ.ખા.જ.સં. અધિકારી, અ.મ્યુ.કો.	અરજદારે એલ.એ.ક્યુ. કેસ નં. ૧/૦૨ માં લેન્ડ એક્વી. ની કલમ -૧૮ હેઠળ નોટીસ આપીને વધારાના વળતર મેળવવા દાદ માંગેલ છે. સદર દાવા બાબતે અ.મ્યુ.કો. તરફથી જવાબ ફાઇલ કરેલ છે અને સદર દાવો ચાલુમાં છે.
૮	મોજે કોતરપુર ના રે.સર્વે નં. ૮૬/૨ પૈકી	અમદાવાદ રૂરલ પ્રીનસીપાલ સીનીટર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં લે. રેફ. નં. ૧/૦૪ ઠાકોર નટવરજી તથા અન્ય વિ. વ.ખા.જ.સં. અધિકારી, અ.મ્યુ.કો.	અરજદારે એલ.એ.ક્યુ. કેસ નં. ૧/૦૨ માં લેન્ડ એક્વી. ની કલમ -૧૮ હેઠળ નોટીસ આપીને વધારાના વળતર મેળવવા દાદ માંગેલ છે. સદર દાવા બાબતે અ.મ્યુ.કો. તરફથી જવાબ ફાઇલ કરેલ છે અને સદર દાવો ચાલુમાં છે.
૯	મોજે કોતરપુર ના રે.સર્વે નં. ૮૪/૫	અમદાવાદ રૂરલ પ્રીનસીપાલ સીનીટર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં લે. રેફ. નં. ૧૨૭/૦૩ શ્યામાબેન સારાભાઇ વિ. વ.ખા.જ.સં. અધિકારી, અ.મ્યુ.કો.	અરજદારે એલ.એ.ક્યુ. કેસ નં. ૧/૦૨ માં લેન્ડ એક્વી. ની કલમ -૧૮ હેઠળ નોટીસ આપીને વધારાના વળતર મેળવવા દાદ માંગેલ છે. સદર દાવા બાબતે અ.મ્યુ.કો. તરફથી જવાબ ફાઇલ કરેલ છે અને સદર દાવો ચાલુમાં છે.
૧૦	મોજે કોતરપુર ના રે.સર્વે નં. ૮૪/૧૦ થી ૮૪/૧૪	અમદાવાદ રૂરલ પ્રીનસીપાલ સીનીટર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં લે. રેફ. નં. ૧૨૬/૦૩ સરસવાડી ફાર્મના ડાયરેક્ટર - આનંદભાઇ ઝલેરી વિ. વ.ખા.જ.સં. અધિકારી, અ.મ્યુ.કો.	અરજદારે એલ.એ.ક્યુ.કેસ નં. ૧/૦૨ માં લેન્ડ એક્વી. ની કલમ -૧૮ હેઠળ નોટીસ આપીને વધારાના વળતર મેળવવા દાદ માંગેલ છે. સદર દાવા બાબતે અ.મ્યુ.કો. તરફથી જવાબ ફાઇલ કરેલ છે અને સદર દાવો ચાલુમાં છે.
૧૧	મોજે કોતરપુર ના રે.સર્વે નં. ૮૧/૧, ૮૧/૨	અમદાવાદ રૂરલ પ્રીનસીપાલ સીનીટર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં લે. રેફ. નં. ૧૨૮/૦૩ વનલીલા બેન તે હરીપ્રસાદના વિધવા વિ. વ.ખા.જ.સં. અધિકારી, અ.મ્યુ.કો.	અરજદારે એલ.એ.ક્યુ.કેસ નં. ૧/૦૨ માં લેન્ડ એક્વી. ની કલમ -૧૮ હેઠળ નોટીસ આપીને વધારાના વળતર મેળવવા દાદ માંગેલ છે. સદર દાવા બાબતે અ.મ્યુ.કો. તરફથી જવાબ ફાઇલ કરેલ છે અને સદર દાવો ચાલુમાં છે.

પત્રક નં ૩.૧.૩ (ડી)

સને ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન એસ્ટેટ અક્વી બ્રાન્ચની મેળવેલા કબજાની વિગતો પત્રક

અ.ન.	ખાતાનો તુમાર નં.	સર્વે નં / ફા.પ્લોટ નં	કબજા મળેલ ની વિગત
૧.	**NIL**		

પત્રક નં ૩.૧.૪

સને ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન એસ્ટેટ એલ.એન.ડી વિભાગની કામગીરી દર્શાવતુ પત્રક

અ.નુ	વિગત	પૂર્વ	પશ્ચિમ	મધ્ય	ઉત્તર	દક્ષિણ	ન.પ	કુલ
૧	ભયજનક મકાનો ઉતારવા આપેલ નોટિસ	૨	૨૧	૧૨			૧	૩૬
૨	ભયજનક મકાનો ઉતાર્યા	૨	૫	૨			૧	૧૦
૩	મકાન સમારકામ અંગે આપેલ નોટિસ	૩	૨૩	૩			૧	૩૦
૪	૧૦ ડી મુજબ આપેલ સર્ટીફીકેટ							
૫	કોર્પો.એક્ટ કલમ ૩૯૨ (૧) બી મુજબ કોર્ટમાં કરેલ ફરિયાદ							
૬	મ્યુનિ.માલિકીની જમીન ભાડાપટ્ટે અપેલ કેસો							
૭	મ્યુનિ.રાજમાર્ગની જમીન ભાડાપટ્ટ આપેલ કેસો							
૮	રેવન્યુ ફી મેળવેલ જમીન ની વિગતો મેળવવા							
૯	જમીનનો અદલોબદલો કર્યો હોય તેવા કેસો		૪૭					૪૭
૧૦	વિશેષ ધારામાંથી મુકિત મેળવેલ જમીનની વિગતો							
૧૧	બક્ષીસ દાનમાં મળેલ જમીન ની વિગત							
૧૨	મ્યુનિ.કોર્પો એકટ ની ૨૦૫ કલમ મુજબ ખાનગી રસ્તાને મ્યુ.રાજમાર્ગ તરીકે જાહેર કરેલ કેસો							
૧૩	વૃક્ષારોપણ અંગે મ્યુ.કોર્પો ને ઠરાવેલ નીતિ મુજબ મેળવેલ જમીન							
૧૪	મ્યુ.સ્ટ્રટ લેન્ડ ની જગા ભાડાપટ્ટે આપી લાઇટ માટે એન.ઓ.સી આપેલ હોય તેવા કેસો							

પત્રક-૩.૧.૫

સને ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન એસ્ટેટ પરમીટ લારી સ્ટેન્ડ વિભાગની લાયસન્સ ફી તથા અન્ય રકમ વસુલ કર્યાની વિગત દર્શાવતુ પત્રક

અનુ	બજેટ હેડનું નામ	પૂર્વ	પશ્ચિમ	મધ્ય	ઉત્તર	દક્ષિણ	ન.પ.	કુલ
૧	લારી સ્ટેન્ડની લાયસન્સ ફી							
૨	લારી સ્ટેન્ડ પરચુરણ આવક							
૩	લારી સ્ટેન્ડ અનામત					૧૫૩૪૪૦૧		૧૫૩૪૪૦૧
૪	અદ્દ્ધર ચંદરવા લાયસન્સ ફી							
૫	નિર્વાસિત પ્લોટોની અનામત સંખ્યા	૬૦		૨૧૬૨				૨૨૨૨
૬	નિર્વાસિત પ્લોટોની લાયસન્સ ફી							
૭	ટેમ્પરરી સ્ટેન્ડ લાયસન્સ ફી							
૮	એસ્ટેટ લાયસન્સ ફી		૩૧૬૩૭			૯૯૩૫૭૫		૧૦૨૫૨૧૨
૯	રમતગમત નુ મેદાન							
૧૦	છુટી જમીન/ફી હોલ્ડ લાયસન્સ ફી			૫૪૯૭૦૫		૨૮૫૬૦૨		૮૩૫૩૦૭
૧૧	પગથિયા							
૧૨	એસ્ટેટ પરચુરણ (દબાણ)						૩૮૫૫૨	૩૮૫૫૨
૧૩	નિર્વાસિત પ્લોટ / ટ્રાન્સફર ફી			૧૮૪૭૭૩૧				૧૮૪૭૭૩૧
૧૪	મ્યુ.પ્લોટોની ભાડાની આવક	૭૮૪૦૦૦	૧૩૬૦૪૨૦		૮૨૭૦૦૦		૨૧૩૭૭૮૦	૫૧૦૯૨૦૦૦
૧૫	એન્ક્રોચમેન્ટ આવક							
૧૬	પરમીટ ફી	૨૩૮૨૦૦૦	૩૦૦૭૧૩૧				૧૨૩૫૭૮૯૩	૧૭૭૪૭૦૨૪
૧૭	એસ્ટેટ લીઝ હોલ્ડર જમીનનું ભાડુ							
૧૮	પે ઍ પાર્ક		૨૫૫૭૦૪૩	૩૯૬૯૨૫૦				૬૫૨૨૨૯૩
	કુલ	૩૧૬૬૦૬૦	૬૯૫૨૨૩૧	૬૩૬૮૮૪૮	૮૨૭૦૦૦	૧૪૩૨૫૭૮	૧૪૫૩૪૨૨૫	૩૩૨૮૦૯૪૨

૩.૧.૬

સને ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન ઝોનવાઈઝ દૂર કરવામાં આવેલ દબાણની કામગીરી ની માહિતી દર્શાવતું પત્રક.

અ.ન	ઝોનનું નામ	લારી	ગલ્લા	કેબીન	કોલુ	પરચુરણ	કાચા શેડ	પાકાશેડ	ઓટલા	કોસ શેડ	ખુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	મધ્યઝોન										
૨	ઉત્તરઝોન										
૩	દક્ષિણઝોન	૧૦૧	૧			૩૭૮					
૪	પૂર્વઝોન										
૫	પશ્ચિમઝોન	૨૬૭	૧૨	૫	૨	૧૦૦૦૮	૨૧૨	૬	૧૮૪	૫૫	૧૦૭૫૧
૬	નવા પ.ઝોન	૩૧૨	૩	૪		૨૧૪૦					૨૪૫૯
	કુલ	૬૮૦	૧૬	૯	૨	૧૨૫૨૬	૨૧૨	૬	૧૮૪	૫૫	૧૩૬૯૦

પત્રક ૩.૧.૭

સને ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન ડ્રોઈંગ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલ કામગીરી ની માહિતી દર્શાવતુ પત્રક

અનુ.નં	વિગત	કુલ અરજી	પેડીંગ	નિકાલ
૧	**ETS /NM** રસ્તાનાં નામ /ચોક	૨		
૨	**ETS /ERL** રોડ લાઈન	૪		
૩	રોડ લાઈન પાર્ટ પ્લાન /ગુડા પાર્ટ પ્લાન	૧૬૮		
૪	ઝોનીંગ સર્ટી અરજી / ગુડા ઝોનીંગ સર્ટી	૧૬૫		
૫	દાખલા બુકની નોંધ (નવી હદ)	૩૫૬		
૬	દાખલા બુકનીનોંધ (જુની હદ)			
૭	આર.ટી .આઈ અરજી	૨૭		
૮	સેન્ટ્રલ રેકર્ડ ખાતાના બિલ્ડીંગ પ્લાન ચકાસણી	૭૦		
૯	અન્ય પરચુરણ અરજી	૫૦		

પત્રક ૩.૧.૮

સને ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન કોમ્પીટન્ટ ઓફીસરની બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલ કામગીરી ની માહિતી દર્શાવતુ પત્રક

અ.નં	વિગત	કેસોની સંખ્યા
૧	ગત વર્ષના બાકી કેસની સંખ્યા	૩૮૮
૨	ચાલુ વર્ષના નવા કેસોની સંખ્યા	૧
૩	કુલ કેસોની સંખ્યા	૩૮૯
૪	દફતરે	૦
૫	પાછલી સાલના ઈવીકશન થયેલા પરંતુ કબજો લેવાના બાકી કેસોની સંખ્યા (જે તે ઝોનમાંથી ખાતાએ પુરશીસ રજુ કરેલ ન હોવાથી)	૬૨૦
૬	નિકાલ થયેલા પરંતુ કબજા લેવાના બાકી કેસોની સંખ્યા	૨૦
૭	ઈવીકશન બજાવવાના બાકી કેસો	૧૬૨
૮	અહેવાલી વર્ષમાં કબજો લીધેલ કેસોની સંખ્યા	૦
૯	નવા કેસો બોર્ડ ઉપર પેન્ડીંગ	૨૦૭

પત્રક ૩.૧.૯

સને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ દરમ્યાન થયેલ આવક દર્શાવતુ પત્રક

અ.નુ.	વિગત	રકમ (રૂા)
૧	૯૯વર્ષ માટે ફાળવેલ પ્લોટોનાં પ્રિમીયમની રકમ	૯૨૮૮૪૭૦/-
૨	૯૯વર્ષ માટે ફાળવેલ પ્લોટોનાં વાર્ષિક ભાડાની આવક	૪૯૩૦૨૦/-
	કુલ	૯૭૮૧૪૯૦/-

પત્રક ૩.૧.૯ (બી)

સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ દરમ્યાન થયેલ આવક દર્શાવતુ પત્રક

અનુ.નં	ટી.પી./વોડએ./માજે/ ફા.પ્લોટ /સર્વે નંબર	દાવાનં.	વિગત
૧	૨૬	૭૬	અરજદારશ્રી અશોક નાયકે (૧) ના. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં ૭૪૩૪/૨૦૧૨ (આર.ટી.આઈ) અને (૨) ના.હાઈકોર્ટમાં પી આઈ એલ નં ૧૫૯ ઓફ ૨૦૧૧ કરેલ છે.
૨			રાજીવ ગાધી કો.ઓ.સોસા નાં ચેરમેન /સક્રેટરીએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં ૧૫૩૫૧/૨૦૧૨ કરીને મકોનો બનાવવા માટે પ્લોટની માંગણી અન્વયે દાવો કરેલ છે.

સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં સુએજ ફાર્મ વિભાગની આવક નીચે મુજબ છે.

અનુ	આવકનો પ્રકાર	આવક રૂપિયામાં
૧	વર્ષ દરમ્યાન ઉપજ	૧૬૩૩
૨	પરચુરણ	------
૩	પ્રિમીયમ ની આવક	૨૭૫૦૨૦
૪	ટોકન ભાડુ	૨૨૫૩૬
૫	દાવ ખર્ચ	૨૫૦૦
૬	આર.ટી.આઈ.	૧૧૨
	કુલ	૩૦૧૭૯૧

અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર સાતસો એકાણું પુરા

વર્ષ દરમ્યાન ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન કરેલ કામગીરી અન્વયે નીચે મુજબ આવક થયેલ છે.

અ.નં.	જગ્યા નું નામ	કુલ રકમ રૂા.
૧.	કોમ્યુનીટી હોલ ભાડા ની આવક	૩,૭૦,૧૩,૪૯૯/-
૨.	પીકનીક હાઉસ, તથા પાર્ટી-પ્લોટની આવક	૬૦,૦૪૦/-
૩.	ડૉ. બાબાસાહેબ આંબેડકર મેમો.હોલની આવક	૩૦,૭૧,૮૧૪/-
૪.	સરદાર પટેલ સ્ટેડીયમ ભાડા ની આવક	૧૦,૦૪૦/-
૫.	ઝુલેલાલ ઓપન એર થિયેટર ની ભાડા ની આવક	૪૮,૧૧,૩૪૭/-
૬.	શેઠ મંગળદાસ ટાઉન હોલ	૧,૧૩,૭૭,૯૯૪/-
૭.	રવિન્દ્રનાથ ટાગોર મેમોરીયલ હોલ	૪૭,૪૦,૯૯૪/-
૬.	ટેન્ડર ફોર્મ ની આવક	૨૨,૦૦૦/-
૭.	પરચુરણ આવક	૦૨,૭૪,૬૯૩/-
કુલ રૂા.		**૦૬,૧૩,૮૨,૪૨૧/-**

૩.૨ નગરવિકાસ ખાતુ
૨૦૧૩-૨૦૧૪

સાથે જોડાણ કરવાની કામગીરી ચાલુ વર્ષે કરી તેઓને આ યોજનામાં સાંકળવામાં આવેલ છે. આમ આ વિસ્તારની વસ્તીને ઉચ્ચ ગુણવત્તા વાળા નર્મદાના શુધ્ધ કરેલા પાણી આપવાની સિધ્ધિ હાંસલ કરેલ છે અને સાથે સાથે ૮૦ બોરના વીજળીનાં બીલોની બચત કરેલ છે. આ બોરોને ચાલુ અવસ્થામાં રાખી જાસપુર થી મળતા પાણી પુરવઠામાં જી.ઇ.બી પાવરકટ કે અન્ય કારણસર ઘટ પડે ત્યારે તેમાંથી પાણી પુરવઠો પુરો પાડી પ્રજાની પાણીની જરૂરિયાતને પહોંચી વળવાનો પ્રયાસ કરવામાં આવે છે .

નવા.પ.ઝોનની હદમાં સમાવિષ્ટ ૩૦ નગરપાલિકા/ ગ્રામપંચાયત વિસ્તારો પૈકીના ઉપર દર્શાવેલ ૧૩ ગામ સિવાયના અન્ય ૧૭ ગામોના જે તે પંચાયત સમયે ચાલુ ૬૨ બોરો દ્વારા હયાત જુની વ્યવસ્થા મુજબની પાણી વ્યવસ્થા ચાલુ રાખવામાં આવેલ છે અને આ તમામ બોરો ની મશીનરીની તથા ઇલેક્ટ્રીક પાવરની મરામત નિભાવની કામગીરી પણ જાળવી રાખવામાં આવેલ છે.

★ કલોરીનેશન :-

હાલ ચાલુ બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થામાં ક્લોરીનેટેડ પાણી આપવા માટે મ્યુ.કોર્પોરેશન દ્વારા નવા ક્લોરીન ડોઝર લગાવવાની કામગીરી પણ ચાલુ વર્ષે પુરી કરવામાં આવેલ છે. આમ આ બોર ઉપરથી તથા નર્મદા યોજનાના હેડવર્ક્સ ઉપરથી અપાતો તમામ પાણી પુરવઠો આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

★ નર્મદાનું પાણી આપવાનો પ્રોગ્રેસ :-

મુળ નર્મદા યોજના માં પ્રતિવ્યક્તિ ૧૪૦ લિટર પાણી મુજબ ૧ ઘરમાં એવરેજ ૫ વ્યક્તિ મુજબ ઘર દીઠ આશરે ૭૦૦ લિટર કે તેથી વધુ પાણી ૮ કલાકમાં પ્રતિદીન આપવાનું આયોજન હતું. પરંતુ તે વ્યવહારુ અને લોક અપેક્ષા મુજબનું ન હોઇ મ્યુ.કોર્પોરેશન દ્વારા પંચાયતની જુની વ્યવસ્થા મુજબ હયાત કનેકશન ધારકોને પાણી આપવાનું ચાલુ રાખેલ છે તથા નવા કનેકશન ધારકોને ૮ કલાક ને બદલે ૨ કલાકમાં તેટલું જ પાણી આપવા માટેનું આયોજન કરવામાં આવેલ છે અને આ માટે નર્મદા યોજના અન્વયે નાખવામા આવેલ પાઇપલાઇનોના નેટવર્ક માં જરૂરી સુધારા વધારા કરવાની કામગીરી માં પણ જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ છે. નર્મદા યોજનામાં નાંખવામાં આવેલ પાણીની લાઇનો પીવીસીની હોવાથી તથા પંચાયત સમયની જુની હયાત લાઇનો પીવીસી અથવા એસી અથવા આરસીસી પાઇપ હોવાથી તેમાં જોવા મળતા લીકેજ તથા પોલ્યુશનના વધારે પ્રમાણને ધ્યાનમાં રાખતા તબક્કા વાર આ વિસ્તારમાં નવી ડી.આઇ. પાઇપલાઇન નાખવાની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે ૮૦ થી ૨૦૦ મીમી સુધી આશરે ૩૬.૯૮ કીમી લંબાઇની તથા ૨૦૦મીમી થી વધુ મોટી આશરે ૧.૦૦ કીમી ની મળીને કુલ ૩૭.૯૮ કીમી નવી લાઇનો નાખવાની કામગીરી કરવામાં આવેલ છે.

★ પબ્લીક ટેપ :-

નવા.પ.ઝોનના ચાલી તથા ઝૂપડા વિસ્તારોમાં રહેતા ઓછી આવક વાળા શ્રમજીવી વર્ગને પણ નર્મદાના શુધ્ધ કરેલ પાણી મળી રહે તે હેતુથી ગોતા,રાણીપ,ચાંદલોડીયા,સરખેજ,તથા વેજલપુર વિસ્તારમાં ૧૪ સ્થળોએ નવી પબ્લીક ટેપ મુકવાની કામગીરી કરવામાં આવેલ છે.

-: ઈજનેર રોડ વિભાગ ની કામગીરી :-

નવા.પ.ઝોનના આશરે ૧૭૮.૭૬ ચો. કીમી વિસ્તારમાં આવેલા ૧૨ નગરપાલિકા તથા ૧૮ ગ્રામપંચાયત પૈકી ના ૧૩૨ ફૂટ રીંગ રોડ તથા એસ.જી.હાઇવે વચ્ચેના વિસ્તારના ૨૦ ટીપી વિસ્તારમાં રસ્તાઓના વિકાસ મરામત નિભાવની કામગીરી નગરપાલિકા તથા ઔડા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવતી હતી. આ સિવાયની અન્ય નવી ટીપી સ્કીમોના વિસ્તારોમાં ડ્રાફ્ટ ટીપી સ્કીમ મુજબ નવા રસ્તા ખોલવાની તથા તેનો વિકાસ અને મરામત નિભાવની કામગીરી ઔડા દ્વારા કરવામાં આવતી હતી.

મ્યુ. કોર્પોરેશનની હદમાં સમાવેશ થયા બાદ નવેમ્બર - ૨૦૦૭ પછી આ રસ્તાઓ માં અન્ય સર્વિસિસ માટે થયેલા ખોદાણકામો કે પાણીના ભરાવાને કારણે રસ્તા તુટવાના કીસ્સા ઘણા મોટા પ્રમાણમાં જોવા મળેલ છે. આવા રસ્તાઓના મરામત નિભાવની કામગીરી પેચવર્ક દ્વારા મ્યુ.કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલ અને ચાલુ વર્ષે મ્યુ.કોર્પોરેશનના મેટલ ડેપો ઉપરથી તથા કોન્ટ્રાકટર પાસેથી હોટમીક્ષ મટીરીયલ મેળવી પેચવર્કનાં કામો કરવામાં આવેલ છે. આ ઉપરાંત અગ્રતાના

ધોરણે આશરે ૧૬.૪૧ કીમી રસ્તા પહોળા કરવાની તથા ૨૧.૨૬ કીમી રોડ નવા બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે. આશરે ૩૩.૭૮ કીમી લંબાઇના રોડ રીસરફેસ કરાવાની કામગીરી કરાવમાં આવેલ છે.

વિકાસના તબક્કામાં હોવાથી ટેલીફોન, ઇલેક્ટ્રીક કેબલ તથા ગેસ જેવી પાઇપલાઇન નાંખવાના કામો પ્રગતિમાં હોઇ આ ચાલુ કામોના કારણે થનાર ખોદાણ ને ધ્યાનમાં રાખી વધુ વિસ્તારોમાં રોડ વાઇડનીંગ તથા રીસરફેસનાં કામો આ ખોદાણનાં કામો પુરા થયા બાદ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે.

સને ૨૦૧૩-૧૪ માં કુલ રૂા.૪૪૧૨.૮૭ લાખ ના ખર્ચે રોડના કેપીટલના કામો કરવામાં આવેલ છે.

-: ઈજનેર બિલ્ડીંગ વિભાગ ની કામગીરી :-

મ્યુ.કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયા બાદ નવા.પ.ઝોનના વિસ્તારમાં આવતી તમામ ૧૧ નગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ્ય કાર્યાલયોમાં કાળી, ચાંદલોડીયા, રાણીપ, ઘાટલોડીયા, થલતેજ, ગોતા, વેજલપુર, સરખેજ, વસ્ત્રાપુર, જોધપુર, બોડકદેવ મ્યુ.કોર્પોરેશનની સબઝોનલ ઓફીસો તથા અન્ય ઓફીસો ની બેસવાની વ્યવસ્થા ગોઠવી આ વિસ્તારને પ્રજાની લોકસુખાકારીની પ્રાથમિક ફરજો તથા જવાબદારીઓ નિભાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત જગતપુર, ચેનપુર, ઓગણજ, ગોતા, ભાડજ, આંબલી, મકરબા, મક્તમપુરા, ની ગ્રામપંચાયત ઓફીસો દ્વારા પંચાયત સમયે અપાતી માળખાકીય સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે.

નવી હદના વિસ્તારોમાં ટેક્ષની નવી આકારણી થાય ત્યાં સુધી પંચાયત સમયે આકારણી મુજબ લેવાતા કરની પ્રથા ચાલુ રાખી અને ઉપરોક્ત ઓફીસો દ્વારા કર ઉઘરાવવાની પ્રથા ચાલુ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત જન્મ-મરણનાં દાખલા આપવાની સેવા પણ આ ઓફીસો ઉપરથી ચાલુ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત સરખેજ, જોધપુર, બોડકદેવ, વસ્ત્રાપુર, મેમનગર, થલતેજ, ઘાટલોડીયા, ચાંદલોડીયા વિસ્તારોમાં અગાઉ જીલ્લા પંચાયત સમયના હેલ્થ સેન્ટરો ઉપરથી અપાતી સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે.

★ નવા પશ્ચિમ ઝોન બિલ્ડીંગનું કામ :-

નવા.પ.ઝોનના બોડકદેવ વોર્ડમાં ૩૨.૦૯ કરોડ ના ખર્ચે ઓડીટોરીયમ બનાવવાની કામગીરી ચાલુ છે આ ઉપરાંત રાણીપ વોર્ડમાં કોમ્યુનીટી હોલ ૪.૧૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે તથા કાળી વોર્ડમાં સ્માશનગૃહ રીનોવેશ કરવામાં આવેલ છે. સરખેજ વોર્ડમાં અરવિંદ બાલકેન્દ્ર ૩.૦૯ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે,થલતેજ સબઝોનલ ઓફીસ ૨.૭૦ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી ચાલુ છે.

★ અર્બન હેલ્થ સેન્ટર ના કામો :-

રાણીપ વોર્ડમાં ૧.૧૦ કરોડ ના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટરનું કામ પુર્ણ કરેલ છે.

નવા પશ્ચિમ ઝોન ઇજનેર ખાતા દ્વારા ઉપરોક્ત ઓફીસોના મરામત નિભાવ માટેના રોજબરોજની ફરીયાદોનો નિકાલ કરવા મેન્ટેનન્સ સ્ટાફને કામગીરી સોંપવામાં આવે છે તેમજ કામો હાથ ધરવા માટે જરૂરી માલસામાન પણ જે તે સ્ટોરમાંથી મેળવી કરવામાં આવે છે. જે કામો ડીપાર્ટમેન્ટલ કરાવી શકાય તેમ ન હોય તેવા કામોના અંદાજ બનાવી જે તે સક્ષમ સત્તાની વહીવટી મંજુરી મેળવી આગળની ઘટતી કાર્યવાહી કરી એજન્સીને કામો સોંપી ખાતાના જવાબદાર સ્ટાફના સુપરવીઝન હેઠળ બહારની એજન્સી પાસેથી કામો કરાવવામાં આવે છે.

મરામત નિભાવના કામો જનતા, સામાજીક કાર્યકરો તેમજ કન્ટ્રોલ રૂમ તેમજ સિવીક સેન્ટર તરફથી મળતી ફરીયાદોને આધારે પણ હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત ન.પા. તથા પંચાયત સમયના પુર્વ હોદેદારો, ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓના સુચનો મુજબ તેઓશ્રીએ ફાળવેલ / દર્શાવેલ બજેટમાંથી કામો કરવામાં આવે છે. તદઉપરાંત ખાતાની વહીવટી કામગીરી જેવી કે સ્ટોસેમાં ઈન્ડેન્ટ ભરવા, માલસામાન વિગેરે લેવા અને એકાઉન્ટને લગતી ખર્ચની વિગત આપવી, જમાખર્ચી વિગેરે કરાવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે.

-: ઈજનેર ડ્રેનેજ વિભાગ ની કામગીરી :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોની હદમાં સમાવિષ્ટ નવા વિસ્તારો માં તૈયાર થયેલ ટી.પી.સ્કીમ વિસ્તારો માં ઔડા દ્વારા ડ્રેનેજ લાઇનો તથા વરસાદી પાણીની લાઇનો નાંખવાની કામગીરી જુદા જુદા તબક્કામાં કરવામાં આવતી હતી. આ લાઇનોની જાળવણી માટે ઔડા દ્વારા જેટીંગ મશીન તથા ગલી એમ્ટીયર મશીનો વસાવી ચોકીંગની આવતી ફરીયાદોના નિકાલ માટે આ મશીનરીઓથી જરૂરી કામગીરી હાથ ધરવામાં આવતી હતી. આ ઉપરાંત આ લાઇનોનાં નિયમીત જાળવણી અને ડીસીલ્ટીંગ માટે ભાડાની ડીસીલ્ટીંગ રીક્ષાઓ તથા અન્ય સાધનો તથા મજુરો રાખી કોન્ટ્રાકટ પધ્ધતિ થી કરાવવામાં આવતી હતી. ત્યારબાદ ઉચ્ચ કક્ષાએ લેવાયેલ નિર્ણય મુજબ તા. ૧.૪.૦૮ થી આ પ્રકારની સમગ્ર મરામત નિભાવની ની કામગીરી ઔડા દ્વારા મ્યુનિ. કોર્પોની સોંપવામાં આવેલ છે. નવા પશ્ચિમ ઝોનમાં કુલ **૧૭.૧૪** કિમી ડ્રેનેજ લાઇન નવી નાંખવામાં આવેલ છે. તેમજ હયાત ડ્રેનેજ લાઇનમાં **૨.૭૫ કિમી નો વધારો કરવામાં આવેલ છે. આ ઉપરાંત આશરે ૪.૬૫ કિ.મી ની નવી સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ લાઇન** નાંખવામાં આવેલ છે.

★કેપીટલ વર્કસ ના કામો :-

સને ૨૦૧૩-૧૪ નવા પશ્ચિમ ઝોનમાં જુદા જુદા કેપીટલના કામો કરવા માટે રૂા.૫૮.૭૮ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. નવા પશ્ચિમ ઝોનનાં ૧૦ વોર્ડમાં પ્રાથમિક તબકકે કરવાના થતા જરૂરી કામો નો સર્વે કરી તે મુજબ ૧૯૦ કામો ના અંદાજો બનાવી ટેન્ડરો મંગાવી તેના કામો હાથ ધરવામાં આવેલ છે જે પુર્ણતાને આરે છે.

આ કામોમાં જુદા જુદા વોર્ડના મુખ્ય ટી.પી. રસ્તાઓને પહોળા કરવા, રસ્તા રીસરફેસ કરવા, ફુટપાથ પેવીંગ કરવા, અછત વાળા વિસ્તારોમાં પાણીની લાઈનના કામો કરવા, શક્ય હોય તથા લેવલ મળતું હોય તેવી જગ્યાએ સ્ટ્રોમ વોટર ડ્રેઇન તથા સીસ્ટમેટીક ડ્રેનેજ લાઈન નાંખવાના કામોના અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. તે પૈકી મોટા ભાગના કામના ટેન્ડરો તૈયાર કરવામાં આવેલ છે. તથા તે મુજબ મંજુર થયેલ કામોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જે મુજબ રોડ-ફુટપાથ વિભાગનાં રૂા.૪૪૧૨.૮૭ લાખના, ડ્રેનેજ વિભાગનાં રૂા.૫૬૪.૮૬ લાખનાં, પાણી વિભાગનાં રૂા.૭૮૧.૨૪ લાખનાં, બિલ્ડીંગ/અન્ય વિભાગનાં રૂા. ૧૧૭.૮૮ લાખનાં કામોનું પ્લાનીંગ કરેલ છે. જે પુર્તતાને આરે છે.

★આંગણવાડીનાં કામોઃ-

સને ૨૦૧૩.૧૪ માં૧૦ આંગણવાડી બનાવવામાં આવેલ છે. ૧૮ પ્રીફેબ્રીકેટેડ આંગણવાડીની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. ૬ પ્રીફેબ્રીકેટેડ આંગણવાડીની કામગીરી ચાલુ છે.

★ વ્યક્તિગત શૌચાલયનાં કામોઃ-સ

સને ૨૦૧૨-૧૩માં નવા પશ્ચિમ ઝોનમાં પર્યાવરણ સ્વચ્છતા સંસ્થા, શ્રી મોરાજીભાઇ દેસાઇ લોક કેળવણી પ્રશિષ્ઠાન ટ્રસ્ટ, ગુજરાત એસોસીએશન ફોર રૂરલ એડ અર્બન ડેવલપમેન્ટ વગેરે એન.જી.ઓ દ્વારા કુલ ૨૪૯ વ્યક્તિગત શૌચાલય પુર્ણ કરેલ છે. તથા સને **૨૦૧૩-૧૪** માં નવા પશ્ચિમઝોનમાં ૫૬૨ પૈકી ૩૩૧ વ્યક્તિગત શૌચાલય પુર્ણ કરેલ છે. તથા બાકીના વ્યક્તિગત શૌચાલય બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

★ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાં મહાનગરોમાં લોકોપયોગી અંતરમાળખાકીય વિકાસનાં કામોઃ-

સને ૨૦૧૩-૧૪માં નવા પશ્ચિમ ઝોનમાં **સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાં** કુલ **૩૧૫** સોસાયટીઓએ રોડ બનાવવા માટે પૈસા ભરેલ જે પૈકી **૩૧૩** સોસા.માં કામો પુર્ણ કરેલ છે. તથા અન્ય સોસાયટીઓમાં અરજી આવ્યા મુજબ કામગીરી પ્રગતિમાં છે.

નવા પશ્ચિમ ઝોનમાં વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન જુદા જુદા બજેટહેડ હેઠળ રોડ રીસરફેસ કરવા માટે જુદા જુદા વોર્ડમાં કુલ **૮૪૩૦૬.૯૯** મે.ટન હોટમીક્ષ વાપરીને નવા પશ્ચિમ ઝોનના રોડનું સ્ટેટસ અપગ્રેડ કરવામાં આવેલ છે.

૪.૧૩ બગીચા ખાતુ
૨૦૧૩-૧૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ, હરીયાળું અને સુંદર બનાવવાનાં ઘનિષ્ટ પ્રયત્નો કરવામાં આવી રહયા છે. શહેરની સુંદરતામાં વધારો થાય તેમજ આપણું શહેર પ્રદૂષણ મુકત બને અને શહેરીજનોની આરોગ્ય સુખાકારી જળવાઇરહેતેહેતુથીમ્યુનિ.કોર્પો.નાંબગીચાવિભાગદ્વારા **વર્ષ - ૨૦૧૩-૧૪** માં કરવામાં આવેલ કામગીરીની ટૂંકી નોંધ નીચે મુજબ છે.

(૧) નવા બગીચાઓ બનાવવા/ હયાત બગીચાઓનું રીનોવેશન - Appendix-A
(૨) સેન્ટ્રલ વર્જ અને ટ્રાફીક સર્કલોનાં ડેવલપમેન્ટ/ રીનોવેશનની કામગીરી - Appendix- B
(૩) વૃક્ષારોપણની કામગીરી - Appendix-C
(૪) ONGC અમદાવાદ ફલાવર શૉ-૨૦૧૪ Appendix-D
(૫) વર્ષ દરમ્યાન થયેલ મુખ્ય કામગીરીનાં ફોટોગ્રાફ્સ - Appendix-E

Appendix-A

❖ **નવા બનાવવામાં આવેલ બગીચાઓ:**

અનુ.ન.	ઝોન	નવા બનાવેલ બગીચાનું નામ/ સ્થળ
૧	પૂર્વ	અર્બુદાનગર વોર્ડમાં આવેલ નિકોલ જીમનેશીયમ કંપાઉન્ડમાં ગાર્ડન ડેવલપમેન્ટ
૨	ઉત્તરઝોન	સરદારનગર વોર્ડમાં ઉવર્શી બંગ્લોઝ પાછળ આવેલ ફાઇનલ પ્લોટ નં-૪૪ માં ગાર્ડન ડેવલપમેન્ટ
૩	ઉત્તરઝોન	નરોડા વોર્ડમાં સત્યમ ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાછળ આવેલ ટી.પી -૨,ફાઇનલ પ્લોટ નં-૧૫૬ માં ઓકસીજન પાર્ક ડેવલપમેન્ટ
૪	દક્ષિણઝોન	વટવા વોર્ડમાં આવેલ દેવીમાતા મંદીર સામેના પ્લોટમાં ગાર્ડન ડેવલપમેન્ટ
૫	દક્ષિણઝોન	ખોખરા વોર્ડમાં આવેલ ડેન્ટલ કોલેજના કંપાઉન્ડમાં ગાર્ડન ડેવલપમેન્ટ
૬	ન.પ.ઝોન	ઘાટલોડીયા ઓવર બ્રીજ નીચે સીનીયર સીટીઝન પાર્ક ડેવલપમેન્ટ
૭	ન.પ.ઝોન	જોધપુર વોર્ડમાં વિશ્વેશ્વર મહાદેવ પાસેનાં પ્લોટમાં ગાર્ડન ડેવલપમેન્ટ
૮	ન.પ.ઝોન	બોડકદેવ વોર્ડમાં નવા બનાવવામાં આવેલ કોમ્પ્યુનીટી હોલ કંપાઉન્ડમાં ગાર્ડન ડેવલપમેન્ટ

❖ **અપગ્રેડ કરી અદ્યતન કરેલ બગીચાઓ:**

અનુ.ન.	ઝોન	બગીચાનું નામ/ સ્થળ	રીમાર્કસ
૧	મધ્યઝોન	રાયખડ વોર્ડમાં આવેલ સરદાર બાગનું રીનોવેશન	નવી ડીઝાન મુજબ ગાર્ડનનું સંપુર્ણ રી-ડેવલપમેન્ટ કરેલ છે.

Appendix-B

❖ **સેન્ટ્રલ વર્જ અને ટ્રાફીક સર્કલોનાં ડેવલપમેન્ટ/ રીનોવેશન :**

બગીચા ખાતા દ્વારા શહેરનાં રસ્તાઓ ઉપર આવેલા ટ્રાફીક સર્કલો, ટ્રા-એંગલો તેમજ રોડની વચ્ચેની સેન્ટ્રલ વર્જમાં ફુલ-છોડ વાવીને શહેરને સુંદર બનાવવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. સે.વર્જ/ ટ્રાફીક સર્કલો પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે ડેવલપમેન્ટ કરવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. ચાલૂ વર્ષમાં ડેવલપ/ રીનોવેટ કરેલ સે.વર્જ/ ટ્રાફીક સર્કલોની વિગતો નીચે મુજબ છે.

અનુ. ન.	ઝોન	ટ્રાફીક સર્કલનું સ્થળ	રીમાર્ક્સ
૧	મધ્યઝોન	દુધેશ્વર વોર્ડમાં આવેલ ગાંધી સ્મૃતિ કુંજ દુધેશ્વર સ્મશાન પાસેનુ સર્કલ	ફુલ-છોડ તેમજ ડેકોરેટીવ પ્લાન્ટ્સથી પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૨	મધ્યઝોન	ખાડીયા વોર્ડમાં રાયપુર દરવાજાથી કાકરીયા ગેટ સેન્ટ્રલ વર્જ	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૩	મધ્યઝોન	અંડરબ્રીજથી સુભાષબ્રીજ સેન્ટ્રલવર્જ	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૪	પશ્ચિમ	પાલડી વોર્ડમાં જમાલપુરબ્રીજ થી ચીરાગ મોટર ચાર રસ્તા સુધીની સેન્ટ્રલ વર્જ (મોડેલ રોડ).	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૫	પશ્ચિમ	નવરંગપુરા વોર્ડમાં કોર્મસ સર્કલથી નવરંગપુરા ક્રોસીગ સુધીની સુધીની સેન્ટ્રલ વર્જ (મોડેલ રોડ).	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૬	પશ્ચિમ	નવરંગપુરા વોર્ડમાં મીઠાખળી છ રસ્તાથી નવરંગપુરા ક્રોસીગ સુધીની સેન્ટ્રલ વર્જ (મોડેલ રોડ).	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૭	ઉત્તરઝોન	ઠક્કરબાપાનગર વોર્ડમાં ને.હા.નં.૮ થી ખારીકટ કેનાલ સુધીનાં રોડની સેન્ટ્રલ વર્જ	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૮	ઉત્તરઝોન	મેઘાણીનગર વોર્ડમાં રામેશ્વર ચાર રસ્તા થી રત્નાસાગર ચાર રસ્તા સુધીના મોડેલ રોડ સેન્ટ્રલ વર્જ	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૯	ઉત્તરઝોન	નોબલનગર વોર્ડમાં નરોડા સ્મશાન ગૃહ થી હરિદર્શન ચાર રસ્તા સુધીની સેન્ટ્રલ વર્જ	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૧૦	દક્ષિણઝોન	મણિનગર વોર્ડમાં દિવાન બલ્લુભાઈ સ્કૂલ થી વ્યાયામ શાળા થઈ ફુટબોલ ગ્રાઉન્ડ સુધીની સેન્ટ્રલ વર્જ	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન
૧૧	દક્ષિણઝોન	પંડિત દિનદયાલ ઉપાધ્યાય ગાર્ડન થી મચ્છીપીરનાં છાપરાં થઈ કાંકરીયા ગેટ સુધીનાં મોડલ રોડની સેન્ટ્રલ વર્જ	નવું પ્લાન્ટેશન કરી બ્યુટીફિકેશન

Appendix-C

❖ **વૃક્ષારોપણ :**

બગીચા ખાતા દ્વારા શહેરમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ છે તેમજ મફત રોપ વિત્તરણ દ્વારા વૃક્ષારોપણ અંગે જન જાગૃતિ લાવવા પ્રયત્નો કરવામાં આવેલ છે. સને-૨૦૧૩/૧૪ માં બગીચા ખાતા દ્વારા કરવામાં આવેલ વૃક્ષારોપણની કામગીરીની ઝોનવાર માહિતી નીચે મુજબ છે.

અ.નં.	વિગત	ઝોનનું નામ						કુલ
		મધ્યઝોન	પૂર્વઝોન	પશ્ચિમઝોન	ઉત્તરઝોન	દક્ષિણઝોન	નવા પશ્ચિમઝોન	
૧	રોડસાઈડ પ્લાન્ટેશન	૧૦૦૧	૧૭૫૧	૨૦૪૩	૧૯૮૧	૧૦૯૨	૫૬૩૨	**૧૩૫૦૦**
૨	અધર ધેન રોડસાઈડ પ્લાન્ટેશન	૮૩૮	૩૭૫૭	૧૨૭૮	૭૪૦૩	૭૬૪૮	૪૦૬	**૨૧૩૩૦**
૩	મફત રોપ વિતરણ	૩૯૯	૩૫૩૫	૫૧૫૩	૨૨૯૯	૪૧૮૯	૮૪૫	**૧૬૪૨૦**
૪	ટ્રી-ગાર્ડ વિતરણ	૦	૪૪૪૬	૪૦૨	૩૧૧૫	૩૬૫૩	૩૮૩	**૧૧૯૯૯**
	કુલ પ્લાન્ટેશન	**૨૨૩૮**	**૧૩૪૮૯**	**૮૮૭૬**	**૧૪૭૯૮**	**૧૬૫૮૨**	**૭૨૬૬**	**૬૩૨૪૯**

Appendix-D

❖ **ONGC અમદાવાદ ફલાવર શૉ-૨૦૧૪**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્યનાં સંયુક્ત ઉપક્રમે સાબરમતી રીવરફ્રન્ટ, ટાગોર હોલની પાછળ (એલીસબ્રીજ અને સરદાર બ્રીજની વચ્ચે) તા.૨૫ થી તા.૩૦ જાન્યુ.૨૦૧૪ સુધી " ONGC અમદાવાદ ફલાવર શો - ૨૦૧૪" નું સફળ આયોજન.

- બાળકોથી લઈને યગંસ્ટર્સ તેમજ સિનિયર સિટીઝન મળીને અંદાજે ૭ થી ૭.૫ લાખ શહેરીજનો દ્વારા ફલ્વાર શૉની મુલાકાત.
- હાઈડ્રેન્જીયા, કેલાલીલી, અમરલીલી, ગુઝમાનીયા, ઓર્કીડ, એન્થુરીયમ, ડહાલીયા, સીમ્બેડીયમ ઓર્કીડ, તુલીપ જેવા ફુલોની ૭૫૦ જેટલી જાતોના ૧ લાખ કરતાં વધુ વધુ રોપાને જુદા-જુદા ડીઝાઈન અને આકારમાં પ્રદર્શન.
- અમદાવાદ ફલાવર મર્ચન્ટ એસો.નાં સહયોગથી રંગબેરંગી ફુલોથી તૈયાર કરવામાં આવેલ પક્ષીઓ અને જુદા-જુદા આકારના સ્કલ્પચર સાથે કરવામાં આવેલ લેન્ડસ્કેપીગ.
- વિવિધ કૃષિ/ બાગાયતને લગતી સરકારી યોજનાઓની ઉપયોગી માહિતી.
- રાજ્યભરનાં ૬૦૦ કરતાં વધુ પ્રોગ્રેસીવ ખેડુતો દ્વારા ફુલોનું પ્રદર્શન.
- ગુજરાત અને મહારાષ્ટ રાજયની ૨૩ નર્સરીઓ દ્વારા વર્ટીકલ ગાર્ડન, ટેરેસ ગાર્ડન, કિચન ગાર્ડન, અર્બન ફાર્મીગ ટેકનીક, ટેરેરીયમ પ્લાન્ટેશન મેથડ, આધુનિક લેન્ડસ્કેપીગ કોન્સેપ્ટ તેમજ ટેપીઓરી (જુદા-જુદા આકાર) ના પ્લાન્ટસ, મેડીસનલ (આર્યુવૈદિક) પ્લાન્ટસ અને બોન્સાઈનું પ્રદર્શન.

Appendix-E

❖ ફોટોગ્રાફ્સ

પશ્ચિમઝોન મોડલ રોડ સેન્ટ્રલ વર્જ બ્યુટીફિકેશન
ONGC અમદાવાદ ફલાવર શૉ-૨૦૧૪

ONGC અમદાવાદ ફલાવર શૉ-૨૦૧૪

ONGC અમદાવાદ ફ્લાવર શૉ-૨૦૧૪

૪.૧૪ લાઈટખાતુ

૨૦૧૩-૧૪

પત્રક -૧

વર્ષ	વપરાયેલ યુનિટ	વપરાયેલ વિજળીનો ખર્ચ	સરેરાશ યુનિટનો ખર્ચ	સ્ટ્રીટલાઈટ મ★નિ નો ખર્ચ	સ્ટ્રીટલાઈટ સીસ્ટમમાં વિજળી વપરાયેલ તથા મ★નિ નો ખર્ચ
૧	૨	૩	૪	૫	૬
૨૦૦૧-૦૨	૨૪૩૭૯૩૨૬	૮૧૦૦૪૪૭૧.૦૦	૩૨૬.૮૯	૧૫૨૧૫૮૭૦.૦૦	૯૬૨૨૦૩૪૧.૦૦
૨૦૦૨-૦૩	૨૫૪૫૧૮૦૦	૮૦૦૪૦૧૦૦.૦૦	૩૧૪.૪૭	૧૫૪૪૨૧૩૦.૦૦	૯૫૪૮૨૨૩૦.૦૦
૨૦૦૩-૦૪	૨૩૭૬૫૯૪૯	૮૮૩૩૭૭૭૧.૦૦	૩૭૧.૬૯	૧૫૭૩૬૨૯૦.૦૦	૧૦૪૦૭૪૦૬૧.૦૦
૨૦૦૪-૦૫	૨૪૫૬૮૦૦૦	૯૦૮૦૩૦૦૦.૦૦	૩૬૯.૬૦	૧૫૯૮૭૨૧૦.૦૦	૧૦૬૭૯૦૨૧૦.૦૦
૨૦૦૫-૦૬	૨૭૩૩૯૬૬૦	૧૦૧૪૮૭૦૪૫.૦૦	૩૭૧.૨૦	૧૬૩૧૬૭૨૦.૦૦	૧૧૭૮૦૩૭૬૫.૦૦
૨૦૦૬-૦૭	૩૦૯૪૨૬૭૮	૧૧૪૩૧૬૭૯૪.૦૦	૩.૬૯૪૫	૩૬૭૯૫૩૫૦.૦૦	૧૫૧૧૧૨૧૪૪.૦૦
૨૦૦૭-૦૮	૩૪૫૬૮૫૫૫	૧૩૧૯૬૬૫૦૭.૦૦	૩.૮૧૭૫	૫૧૨૬૨૨૮૨..૦૦	૧૮૩૨૨૮૭૮૯.૦૦
૨૦૦૮-૦૯	૩૬૧૦૬૬૮૧	૧૩૫૯૫૪૭૨૪.૦૦	૩.૭૬૫૪	૬૫૧૬૧૬૯૮.૦૦	૨૦૧૧૧૬૪૨૨.૦૦
૨૦૦૯-૧૦	૪૨૭૧૬૮૦૨	૧૯૩૮૦૮૭૪૦.૦૦	૪.૫૩૭૧	૭૫૨૦૩૪૪૬.૦૦	૨૬૯૦૧૨૧૮૬.૦૦
૨૦૧૦-૧૧	૪૬૩૦૯૩૦૩	૧૮૯૧૩૨૨૩૧.૦૦	૪.૦૮૪૧	૭૮૦૩૧૫૬૨.૦૦	૨૬૭૧૬૩૭૯૩.૦૦
૨૦૧૧-૧૨	૪૬૧૬૦૦૦૫	૧૯૮૭૨૧૧૧૬.૦૦	૪.૩૦૫	૮૫૬૮૨૪૭૫.૦૦	૨૮૪૪૦૩૫૯૧.૦૦
૨૦૧૨-૧૩	૪૭૮૧૬૯૭૫	૨૩૬૫૪૪૯૨૮.૦૦	૪.૯૪૬	૮૮૭૫૨૩૯૩.૦૦	૩૨૫૨૯૭૩૨૧.૦૦
૨૦૧૩-૧૪	૪૮૯૬૯૮૬૧	૨૪૬૯૯૨૨૬૩.૦૦	૫.૦૪૩	૯૫૩૮૦૪૨૯.૦૦	૩૪૨૩૭૨૬૯૨.૦૦

પત્રક -૨

સ્ટ્રીટલાઈટ સીસ્ટમમાં વર્ષ દરમ્યાન જુની તથા નવી હદમાં નાંખેલ થાંભલાની સંખ્યા મરકયુરી, સોડિયમ, ટયુબલાઈટ તથા ૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઈટ, સામાન્ય લાઈટ તથા કુલ લાઈટોની સંખ્યા દર્શાવતું પત્રક							
વર્ષ	વર્ષ દરમ્યાન નાંખેલ નવા પોલની સંખ્યા	ટયુબલાઈટની સંખ્યા	મરકયુરી લાઈટની સંખ્યા	સોડિયમ લાઈટની સંખ્યા	૧૧વોટ સી.એફ.એલ. ની સંખ્યા	સામાન્ય લાઈટની સંખ્યા	કુલ લાઈટની સંખ્યા
૨૦૦૧-૦૨	૧૦૫૨	૨૬૨૪૦	૮૭૧૦	૨૪૪૨૫	૧૧૭૪૫	૪૪૭૦	૭૮૧૩૯
૨૦૦૨-૦૩	૨૦૨૭	૨૫૧૪૬	૮૬૩૧	૨૬૧૦૩	૧૧૭૮૦	૪૪૪૦	૭૮૨૦૦
૨૦૦૩-૦૪	૧૮૭૪	૨૩૦૬૦	૭૭૨૨	૩૦૮૭૫	૧૨૭૦૦ +૭૪૧ - ફલડ લાઈટ	૪૦૩૦	૭૮૩૦૮
૨૦૦૪-૦૫	૧૦૭૩	૨૩૪૫૩	૨૨૯૨	૩૯૮૬૧	૧૩૪૨૯	૩૧૨	૭૯૩૪૭
૨૦૦૫-૦૬	૧૨૯૨	૨૫૭૩૪	૨૬૫૭	૩૭૦૩૬	૧૩૮૪૮ + ૨૯૬ ફલડ લાઈટ	૨૭૮	૭૯૮૪૯
૨૦૦૬-૦૭	૩૫૭૮	૨૪૪૬૦	૨૮૮૯	૩૮૧૩૫	૧૭૧૨૨ + ૪૨૩ ફલડ લાઈટ	૩૯૮	૮૩૪૨૭
૨૦૦૭-૦૮	૩૨૮૦	૨૫૬૫૪	૨૯૫૭	૩૮૯૪૯	૧૮૧૯૪ + ૫૭૬ ફલડ લાઈટ	૩૭૭	૮૬૭૦૭
૨૦૦૮-૦૯	૨૮૧૬	૨૬૭૩૧	૩૦૬૪	૩૯૪૭૩	૧૯૧૯૧+ ૬૯૪ ફલડ લાઈટ	૩૭૦	૮૯૫૨૩
૨૦૦૯-૧૦	૩૭૯૪	૨૭૪૬૫	૩૧૬૯	૪૧૧૬૭	૨૦૪૪૧+ ૭૧૫ ફલડ લાઈટ	૩૬૦	૯૩૩૧૭
૨૦૧૦-૧૧	૯૩૩૫	૩૧૪૦૭	૩૨૦૭	૪૪૪૩૭	૨૨૫૧૨+૭૩૯ ફલડ લાઈટ	૩૫૦	૧૦૨૬૫૨
૨૦૧૧-૧૨	૪૫૪૦	૩૩૦૨૨	૩૨૫૧	૪૭૦૮૩	૨૨૭૯૭+૭૩૯ ફલડ લાઈટ	૩૦૦	૧૦૭૧૯૨
૨૦૧૨-૧૩	૭૨૫૩	૩૮૯૦૦	૩૮૪૫	૫૩૩૩૨	૧૭૫૬૮+૭૯૪ ફલડ લાઈટ	૦૬	૧૧૪૪૪૫
૨૦૧૩-૧૪	૯૬૮૪	૪૫૫૧૫	૩૩૬૬	૫૫૭૯૬	૧૮૬૪૦+૮૧૨ ફલડ લાઈટ	૦૦	૧૨૪૧૨૯

પત્રક -૩

વર્ષ	પોલની સંખ્યા	બત્તીના પોઈન્ટની સંખ્યા	કુલ ઈલે. લોડ વોટેજમાં (કિ.વો.)	સરેરાશ બત્તી પર પોઈન્ટ પર કિલોવોટ
૧	૨	૩	૪	૫
૨૦૦૧-૦૨	૭૨૧૦૦	૭૮૧૩૯	૭૪૬૩.૧૮	૯૫.૫૧
૨૦૦૨-૦૩	૭૨૩૦૦	૭૮૨૦૦	૭૪૭૦.૧૨	૯૫.૦૧
૨૦૦૩-૦૪	૭૨૯૦૦	૭૮૩૦૮	૭૪૯૦.૧૬	૯૫.૬૪
૨૦૦૪-૦૫	૭૩૦૦૦	૭૯૩૪૭	૭૫૧૨.૩૩	૯૪.૬૮
૨૦૦૫-૦૬	૭૩૨૦૦	૭૯૮૪૯	૭૫૬૦.૮૪	૯૪.૬૫
૨૦૦૬-૦૭	૭૬૬૭૮	૮૩૪૨૭	૭૫૭૦.૮૫	૯૦.૭૪
૨૦૦૭-૦૮	૮૦૦૫૮	૮૬૭૦૭	૭૫૭૩.૧૫	૮૭.૩૪
૨૦૦૮-૦૯	૮૨૮૭૪	૮૯૫૨૩	૭૭૬૫.૮૯	૮૬.૭૪
૨૦૦૯-૧૦	૯૩૩૧૭	૯૬૮૩૫	૮૦૩૮.૨૫	૮૬.૧૪
૨૦૧૦-૧૧	૧૦૨૬૫૨	૧૧૨૬૪૦	૮૬૨૭.૫૨	૭૬.૫૯
૨૦૧૧-૧૨	૧૦૭૧૯૨	૧૨૩૫૭૦	૯૦૨૩.૦૯	૭૩.૦૨
૨૦૧૨-૧૩	૧૧૪૪૪૫	૧૩૯૮૭૫	૯૩૪૦.૬૧	૬૬.૭૮
૨૦૧૩-૧૪	૧૨૪૧૨૯	૧૫૧૪૬૮	૯૯૬૬.૨૧	૬૫.૮૦

પત્રક -૪.૧૩.૧

શહેરના રસ્તાઓ ઉપર જુદા-જુદા પ્રકારની દિવાબત્તીની સંખ્યા દર્શાવતુ પત્રક

વર્ષ	ટયુબલાઈટની સંખ્યા	મરકયુરી લાઈટની સંખ્યા	સોડિયમ લાઈટની સંખ્યા	૧૧વોટ સી.એફ.એલ. ટયુબલાઈટની સંખ્યા	સામાન્ય લાઈટની સંખ્યા	કુલ સંખ્યા
૨૦૦૧-૦૨	૨૭૭૮૫	૮૭૧૨	૨૫૪૨૫	૧૧૭૪૩	૪૪૭૪	૭૮૧૩૯
૨૦૦૨-૦૩	૨૬૩૦૦	૮૬૩૧	૨૬૫૦૦	૧૨૩૨૯	૪૪૪૦	૭૮૨૦૦
૨૦૦૩-૦૪	૨૩૦૬૦	૭૭૨૨	૩૦૦૭૫	૧૨૭૦૦ + ૭૨૧ ફલડ લાઈટ	૪૦૩૦	૭૮૩૦૮
૨૦૦૪-૦૫	૨૩૪૫૩	૨૨૯૨	૩૯૮૬૧	૧૩૪૨૯	૩૧૨	૭૯૩૪૭
૨૦૦૫-૦૬	૨૫૭૩૪	૨૬૫૭	૩૭૦૩૬	૧૩૮૪૮ + ૨૯૬ ફલડ લાઈટ	૨૭૮	૭૯૮૪૯
૨૦૦૬-૦૭	૨૪૪૬૦	૨૮૮૯	૩૮૧૩૫	૧૭૧૨૨ + ૪૨૩ ફલડ લાઈટ	૩૯૮	૮૩૪૨૭
૨૦૦૭-૦૮	૨૫૬૫૪	૨૯૫૭	૩૮૯૪૯	૧૮૧૯૪ + ૫૭૬ ફલડ લાઈટ	૩૭૭	૮૬૭૦૭
૨૦૦૮-૦૯	૨૬૭૩૧	૩૦૬૪	૩૯૪૭૩	૧૯૧૯૧+૬૯૪ ફલડ લાઈટ	૩૭૦	૮૯૫૨૩
૨૦૦૯-૧૦	૨૭૪૬૫	૩૧૬૯	૪૧૧૬૭	૨૦૪૪૧+૭૧૫ ફલડ લાઈટ	૩૬૦	૯૩૩૧૭
૨૦૧૦-૧૧	૩૧૪૦૭	૩૨૦૭	૪૪૪૩૭	૨૨૫૧૨+૭૩૯ ફલડ લાઈટ	૩૫૦	૧૦૨૬૫૨
૨૦૧૧-૧૨	૩૩૦૨૨	૩૨૫૧	૪૭૦૮૩	૨૨૭૯૭+૭૩૯ ફલડ લાઈટ	૩૦૦	૧૦૭૧૯૨
૨૦૧૨-૧૩	૩૮૯૦૦	૩૮૪૫	૫૩૩૩૨	૧૭૫૬૮+૭૯૪ ફલડ લાઈટ	૦૬	૧૧૪૪૪૫
૨૦૧૩-૧૪	૪૫૫૧૫	૩૩૬૬	૫૫૭૯૬	૧૮૬૪૦+૮૧૨ ફલડ લાઈટ	૦૦	૧૨૪૧૨૯

પત્રક -૪.૧૩.૨
વિજળી વપરાશ અને ખર્ચની મહિતી દર્શાવતુ પત્રક

વર્ષ	વિજળી વપરાશ ૧૦૦૦ કિલોવોટ	ખર્ચ રૂા. લાખમાં	યુનિટ દીઠ સરેરાશ ખર્ચ (રૂા.)
૧	૨	૩	૪
૨૦૦૧-૦૨	૨૪૭૭૯	૮૧૦.૦૪	૩.૨૭
૨૦૦૨-૦૩	૨૫૪૫૧	૮૦૦.૪૦	૩.૧૪
૨૦૦૩-૦૪	૨૩૭૬૬	૮૮૩.૩૮	૩.૭૨
૨૦૦૪-૦૫	૨૪૫૬૮	૯૦૮.૦૩	૩.૭૦
૨૦૦૫-૦૬	૨૭૩૩૯	૧૦૧૪.૮૭	૩.૭૧
૨૦૦૬-૦૭	૩૦૯૪૩	૧૧૪૩.૧૭	૩.૬૯
૨૦૦૭-૦૮	૩૪૫૬૮	૧૩૧૯.૬૬	૩.૮૧
૨૦૦૮-૦૯	૩૬૧૦૬	૧૩૫૯.૫૪	૩.૭૬
૨૦૦૯-૧૦	૪૨૭૧૭	૧૯૩૮.૦૯	૪.૫૪
૨૦૧૦-૧૧	૪૬૩૦૯	૧૮૯૧.૩૨	૪.૦૮
૨૦૧૧-૧૨	૪૬૧૬૦	૧૯૮૭.૨૧	૪.૩૦
૨૦૧૨-૧૩	૪૭૮૧૭	૨૩૬૫.૪૫	૪.૯૫
૨૦૧૩-૧૪	૪૮૯૭૦	૨૪૬૯.૯૨	૫.૦૪

પત્રક -૪.૧૩.૩
શહેરમાં આવેલ લાઈટનાં કુલ થાંભલા, બત્તીની સંખ્યા તેમજ બત્તી દીઠ સરેરાશ વિજળી વપરાશ દર્શાવતુ પત્રક

વર્ષ	થાંભલાની સંખ્યા		બત્તીની કુલ સંખ્યા	બત્તીના પોઈન્ટ દીઠ સરેરાશ ઈલે. લોડ (વોટ)	બત્તી દીઠ સરેરાશ વિજળી વપરાશ (યુનિટ)	બત્તી દીઠ સરેરાશ વિજળી વપરાશનો ખર્ચ
	વર્ષ દરમ્યાન નવા	કુલ				
૧	૨	૩	૪	૫	૬	૭
૨૦૦૧-૦૨	૧૨૫૨	૭૨૧૦૦	૭૮૧૩૯	૯૫.૫૫	૩૧૭.૧૨	૧૦૩૬.૬૭
૨૦૦૨-૦૩	૨૦૨૭	૭૨૯૦૦	૭૮૨૦૦	૯૫.૬૪	૩૦૩.૪૯	૧૦૨૧.૯૪
૨૦૦૩-૦૪	૧૮૭૪	૭૨૯૦૦	૭૮૩૦૮	૯૫.૬૪	૩૦૩.૪૯	૧૧૨૮.૦૮
૨૦૦૪-૦૫	૧૦૭૩	૭૩૦૦૦	૭૯૩૪૭	૯૪.૬૮	૩૦૯.૬૩	૧૧૪૪.૩૭
૨૦૦૫-૦૬	૧૨૯૨	૭૩૨૦૦	૭૯૮૪૯	૯૪.૬૯	૩૪૨.૩૮	૧૨૭૦.૯૮
૨૦૦૬-૦૭	૩૫૭૮	૭૬૭૭૮	૮૩૪૨૭	૯૦.૭૪	૩૭૦.૮૯	૧૩૭૦.૨૭
૨૦૦૭-૦૮	૩૨૮૦	૮૦૦૫૮	૮૬૭૦૭	૮૭.૩૪	૩૯૮.૬૮	૧૫૨૧.૯૮
૨૦૦૮-૦૯	૨૮૧૬	૮૨૮૭૪	૮૯૫૨૩	૮૬.૭૪	૪૦૩.૩૨	૧૫૧૮.૬૫
૨૦૦૯-૧૦	૩૭૯૪	૯૩૩૧૭	૯૬૮૩૫	૮૬.૧૪	૪૫૭.૭૬	૨૦૭૬.૯૦
૨૦૧૦-૧૧	૯૩૩૫	૧૦૨૬૫૨	૧૧૨૬૪૦	૭૬.૫૯	૪૧૧.૧૩	૧૬૭૯.૦૯
૨૦૧૧-૧૨	૪૫૪૦	૧૦૭૧૯૨	૧૨૩૫૭૦	૭૩.૦૨	૩૭૩.૫૫	૧૬૦૮.૧૭
૨૦૧૨-૧૩	૭૨૫૩	૧૧૪૪૪૫	૧૩૯૮૭૫	૬૬.૭૮	૩૪૧.૮૬	૧૬૯૧.૧૨
૨૦૧૩-૧૪	૯૬૮૪	૧૨૪૧૨૯	૧૫૧૪૬૮	૬૫.૮૦	૩૨૩.૩૦	૧૬૩૦.૬૬

<u>સ્વીચીંગ પોઈન્ટઃ-</u>

શહેરની લાઈટની સંખ્યામાં થયેલ વધારાના કારણે તેમજ સ્ટ્રીટલાઈટીંગ સુધારાને કારણે લોડ વધવાથી લોડ ડીસ્ટ્રીબ્યુશન કરવા માટે વધારાના ૩૨૮ નંગ સ્વીચીંગ પોઈન્ટ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં મુકેલ છે.જેથી આ સાથે કુલ ૨૪૩૦ નંગ સ્વીચીંગ પોઈન્ટની સંખ્યા થયેલ છે.

સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં રોશની મરામત નિભાવ લાઈટીંગ સુધારવા પોલ ખસેડવા અંગેના ૩૦૨ -૩૮૪૧૯ બજેટમાં ખર્ચ રૂા.૬૩૯.૫૬ લાખનો ખર્ચ થયેલ છે. તથા સ્ટ્રીટલાઈટ જનરલ અંગેના ૩૦૨-૬૪૯૦૨ બજેટમાં કેપીટલ કામોનો રૂા.૧૬૦૦.૧૩ લાખનો ખર્ચ થયેલ છે.

સ્ટ્રીટલાઈટના કરવામાં આવેલ કામોના આંકડાઓ દર્શાવતા નીચે મુજબના પત્રકો આ સાથે સામેલ કરેલ છે

પત્રક (૧) સને ૨૦૦૧-૨૦૦૨ થી ૨૦૧૩-૧૪ ના વર્ષવાર સ્ટ્રીટલાઈટીંગ માટે વપરાયેલ વિજળી યુનિટ અને તેનો ખર્ચ થાંભલાઓ ગોળાઓ સાથે સ્ટ્રીટલાઈટીંગ મરામત નિભાવના ખર્ચના વિગત અંગેનું પત્રક.

પત્રક (૨) સને ૨૦૦૧-૨૦૦૨ થી ૨૦૧૩-૧૪ ના વર્ષવાર જુની તથા નવી લીમીટના નવા પોલ સ્ટ્રીટલાઈટ ટયુબલાઈટ, મરકયુરી, સોડિયમ તથા ૧૧વોટ સી.એફ.એલ. ટયુબલાઈટ સાથે કુલ લાઈટની સંખ્યા અંગેનું પત્રક.

પત્રક (૩) સને ૨૦૦૧-૨૦૦૨ થી ૨૦૧૩-૧૪ દરમ્યાન વર્ષવાર થાંભલાની સંખ્યા તેના પર બત્તીના પોઈન્ટની સંખ્યા, કનેકટેડ લોડ, કિલોવોટમાં તથા સરેરાશ બત્તી દીઠ લોડ કિલોવોટમાં દર્શાવતુ પત્રક.

૪.૧૫ સેન્ટ્રલ વર્કશોપ
૨૦૧૩- ૨૦૧૪

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપનું સંચાલન ડે.મ્યુનિસિપલ કમિશ્નર વર્કશોપ અને જોઇન્ટ ડાયરેકટર(મીકે.) શ્રીની સીધી દેખરેખ હેઠળ થાય છે. આ ખાતામાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

(1) મોટર વિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની ૨૪૪ સંખ્યા છે.
(૨) રોલર વિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની ૬૮સંખ્યા છે.
(૩) ટ્રાન્સપોર્ટ વિભાગ : આ વિભાગમાં કાયમી તથા સહાયક ડ્રાયવરો મળીને કુલ ડ્રાયવર ૪૧૬ છે.

આમ,કુલ મળીને સેન્ટ્રલ વર્કશોપ ખાતે ૭૨૮ જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે.

(૧) **<u>મોટર વિભાગ</u>** :-

શહેરમાં જુદા-જુદા ધાર્મિક પ્રસંગો,મેળાવડા,સમારોહ,જાહેર સભા વિગેરે પ્રસંગોએ તથા ઘણી વખત એન્જીનીયરીગ/હેલ્થ વિભાગની જરૂરીયાત અન્વયે મોબાઇલ ટોયલેટ યુનિટો વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે.મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જુદા-જુદા વિભાગોની કામગીરીઓનાં અનુસંધાને જરૂરીયાતનાં વાહનો / સાધનો જેવા કે ટ્રીપર ટ્રક, ડમ્પર-પ્લેસર વાહનો, વોટર ટેન્કર, ન્યુસન્સ ટેન્કર સહિતનાં તમામ જરૂરી વાહનો કે જે સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે તેનાં રીપેર-નિભાવની કામગીરી મોટર વિભાગ દ્વારા કરવામાં આવે છે.વળી ચાલુ વર્ષે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ- JnNURM અંતર્ગત પણ સફાઇ વ્યવસ્થાની જાળવણી સારૂ જરૂરી વાહનો / સાધનો ખરીદ કરી હેલ્થ/સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કામગીરી માટે સોંપવામાં આવેલ છે. મોટર વિભાગનાં હસ્તકનાં હાલમાં ૧૦૩૯ જેટલા વાહનો ઉપલબ્ધ થયેલ છે.

સેન્ટ્રલ વર્કશોપ હસ્તકનાં કુલ વાહનોનું લીસ્ટનું પત્રક - અ (મોટર વિભાગ) તથા પત્રક - બ (રોલર વિભાગ) આ સાથે સામેલ છે.

(૨) **રોલર વિભાગ :-**

રોલર વિભાગ દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા હેલ્થ વિભાગની શહેરની સફાઇની મહત્વની કામગીરી માટે તથા ઇજનેર વિભાગ તેમજ પાણી ખાતાની કામગીરી માટે વપરાતા જુદા-જુદા પ્રકારનાં મશીનોની મરામત અને નિભાવવાનું કામ કરવામાં આવે છે. જે મુખ્યત્વે ઇજનેર,રોડ ખાતાનાં કામ,રેફયુઝ ખાતાનાં કામ,હેલ્થ ખાતાનાં કામો તથા રોડ રીસરફેસીગનાં કામો માટે વપરાય છે.રોડ રીસરફેસીગનાં કામ માટે ફાળવવામાં આવતા રોડ રોલરની મરામત તથા જાળવણીનું કામ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.રેફયુઝ,હેલ્થ તથા દબાણ ખાતાની કામગીરી માટેની હેવી ડયુટી મશીનરી જેવા કે વ્હીલ-ડોઝર,બુલ-ડોઝર,ફ્રન્ટ લોડર મશીનોની મરામત તથા નિભાવની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.ખાળકુવા સફાઇની ગાડીઓનાં તથા ન્યુસન્સ વોટરીગ ગાડીઓનાં પંપ સેટ ઉપરાંત ફોગીગ મશીનોનાં પણ રીપેર-નિભાવની કામગીરી અત્રેથી કરવામાં આવે છે.રોલર વિભાગ હસ્તક હાલમાં ૩૩૫ જેટલાં સાધનો ઉપલબ્ધ છે. ચોમાસાની ઋતુમાં નિચાણવાળા વિસ્તારોમાં ભરાતાં વરસાદી પાણીનાં નિકાલની કામગીરી માટે જરૂરી ટ્રોલી માઉન્ટેડ, ડી-વોટરીગ પણ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે.જે અંગેની તમામ કામગીરી રોલર વિભાગ દ્વારા કરવામાં આવે છે.

૩. **<u>ટ્રાન્સપોર્ટ વિભાગ</u>** :-

આ વિભાગ દ્વારા જુદા - જુદા ખાતાઓની ક્ષેત્રિય કામગીરી માટે વાહનો ત્રણેય શીફટમાં પુરા પાડવામાં આવે છે. તેમજ વર્ષાન્તે ૨૫૫ કાયમી તથા ૧૬૧ સહાયક તેમજ અન્ય ૧૬૧ આમ કુલ મળી ૫૧૭ જેટલા ડ્રાયવર્સની શીફટ અનુસાર દૈનિક ધોરણે વાહન ખાતાની માંગણીઓ અનુસાર ફાળવણી પણ કરવામાં આવે છે.સારા નરસા પ્રસંગોએ જાહેર જનતાને વોટર ટેંકર દ્વારા પાણી વેચાણથી નીચે જણાવેલ નિયત દરથી આપવામાં આવે છે.

ક્રમ	ટેન્કરનો પ્રકાર / ક્ષમતા	મશીન વગરના ટેન્કરનો પ્રતિ ફેરા દીઠ નો અંદાજી ભાવ રૂા.	મશીન સાથેનો ટેન્કરનો પ્રતિફેરા દીઠનો અંદાજી ભાવ રૂા.
૧	ટ્રેકટર ટ્રલર માઉન્ટેડ ટેન્કર અંદાજે ૩૦૦૦ થી૪૦૦૦ લીટર ક્ષમતા	૨૫૦	૪૦૦
૨	નાના વાહનો ઉપર માઉન્ટેડ ટેન્કર અંદાજે ૪૦૦૦ થી ૫૦૦૦ લીટર ક્ષમતા	૩૦૦	૫૦૦
૩	મોટા વાહનો ઉપર માઉન્ટેડ ટેન્કર અંદાજે ૮૦૦૦ થી ૧૦૦૦૦ લીટર ક્ષમતા	૬૦૦	૮૦૦

ફેરફારની વિગતઃ-

(૧) ધાર્મિક સ્થાનોમાં તેમજ વ્યકિતગત/ સંસ્થાઓ દ્વારા ધાર્મિક કાર્યક્રમો, ધાર્મિક યાત્રાઓ, તથા જાહેર કાર્યક્રમોના આયોજન પ્રસંગે સદરહુ પૂરી પાડવા માટે નિયત દરમાં ૨૫% રાહત આપવાની રહેશે.

(૨) શહેરમાં સર્વાધિક જાહેર રીતે યોજાતી ધાર્મિક યાત્રાઓ / ઝુલુસો / નગરયાત્રાઓ (જેવા કે રથયાત્રા, ઈદે મિલાદનુ ઝુલુશ)વિગેરેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિના મૂલ્યે પાણીની સુવિધા પૂરી પાડવાની રહેશે.

(૩) આ ઉપરાંત કોઈપણ પ્રકારે સ્પે.કેસ તરીકે રાહત દરથી / વિના મૂલ્યે સદરહુ સુવિધા પૂરી પાડવા માટે સ્ટેન્ડીગ કમિટિને સત્તા રહેશે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા કોર્પોરેશનનાં તમામ વિભાગોને ફાળવવામાં આવતા વાહનો / સાધનોમાં જે પેટ્રોલ / ડીઝલ વિગેરે ઈસ્યુ કરવામાં આવે છે તેનાં સંભવિત દુરઉપયોગ કે ગેરરીતિ અટકાવવા સારૂ કડક પગલા લેવામાં આવે છે. તથા આ કામગીરીનું સીધુ સંચાલન જવાબદાર ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેકટર હસ્તક મુકી સમગ્ર કામગીરી ઉપર કડક નિયંત્રણ અને સુપરવિઝન રખાયેલ છે.

કોર્પોરેશન દ્વારા દૈનિક ધોરણે જે સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે છે તેમાં સેન્ટ્રલ વર્કશોપ દ્વારા પુરા પાડવામાં આવતા વાહનોનો મોટો ફાળો હોય છે. આ વાહનો દ્વારા કોર્પોરેશનના જુદા -જુદા ઝોનમાંથી કચરો એકત્ર કરી નિયત ડમ્પીગ સાઈડ પર તેનો નિકાલ કરવામાં આવે છે.આમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરનાં નગરજનોને પુરી પાડવામાં આવતી જુદી - જુદી સેવાઓ અંતર્ગત તેમાં ઉપયોગી વાહનો / સાધનો મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ખુબ કાર્યક્ષમ રીતે પુરા પાડી કોર્પોરેશનની કામગીરીને વધુ સક્ષમ બનાવવા સતત પ્રયત્ન કરવામાં આવે છે.

sr. no.	Details	JCB	BEML	L&T	Ingersall Rand	Kirloskar	Hitachi	Atul Shakti	Atlas	Maniyar	Britannia Marshal	Sakai Garlic	Sayaji	Joseph	Others	Total
1	Road Roller								1		2	8	0	0	6	17
2	Front end Loader	31		9												40
3	Bull Dozer		6													6
4	Wheel Dozer		3													3
5	Skip Stear Loader	25			4											29
6	Excavator	3					1									4
7	Soil Compactor			2												2
8	Jetting Rickshow							4		5						9
9	Refuse Rickshow							12								12
10	Loading Rickshow							1							2	3
11	Dewatering Pump (0-6")					13										13
12	Dewatering Trolley Pump (0-3")					100										100
13	Portable Fogging M/c														266	266

14	Super Delux Fogging M/c(Rickshow)														20	20
15	Vehicle Mounted Fogging M/c														7	7
16	Manure Lifting Machine														14	14
	Total	59	9	11	4	113	1	17	1	5	2	8	0	0	315	545

Central Workshop 2013-14

No.	DETAILS	H.M.V				L.M.V											OTHERS						
		Leyland	Tata	Eicher	Mahindra	Mazda	Eicher	Bajaj	Tractor	Tata	M & M	H.M/ Piago	Maruti	Force Motors	Toyoto	Hyundai	chevrolet	Trailer	Other	Total	peoposed to be scap	Total vehicle Remain	Vehicle Under O &M
1	Tipper truck	51	15	34	15															115	9	106	30
2	Dumper placer	119	6	15																140	15	125	95
3	Skip lifter	7	2	7																16	6	10	
4	Garbage tipper			2			3			24	8	4								41	0	41	8
5	Refuse Compactor	26																		26	2	24	24
6	Stationery compactor																		12	12		12	12
7	Hook loader	59																		59	0	59	59
8	Road Sweeper machine	14	1	2														8	15	40		40	40
9	Cars									1	29	3	44		9	6	1			93	11	82	
10	Jeep									22	26									48	8	40	
11	Water Tanker	7	7				12											1		27	3	24	
12	Nuisance Tanker	1	2			2	15			5								1	2	28	2	26	
13	Cess Pool Tanker	13	2				8													23	6	17	
14	Encrochment Van	18		19			7													44	12	32	
15	Pick up Van	1				16	5	1		2										25	4	21	
16	Fogging Van									7										7		7	
17	Tree Trimming Van						8													8		8	8
18	Hospital(Medical) Van					5	7			10										22	1	21	
19	School Van						7													7		7	
20	Dead/Waste Animal Van					2	2			2										6	2	4	
21	Animal ambu.Van					2														2	0	2	
22	Dog control Van									6			7	4						17	2	15	3
23	Break Down Van	1	1	1		1	2													6	1	5	
24	Meat Van	4																		4	3	1	
25	Mobile Court Van		1																	1		1	
26	Mobile Toilet Trailer																	28		28	4	24	
27	C.N.C.D.Trailer																	7		7		7	
28	Tractor								93											93	14	79	
29	Tractor Trailer																	89		89	8	81	
30	Nursing School Bus			2			3											0		5	0	5	
	TOTAL	321	37	82	15	28	79	1	93	79	63	7	51	4	9	6	1	134	29	1039	113	926	279

૪.૧૬ સેન્ટ્રલ લેબોરેટરી
૨૦૧૩-૧૪

સેન્ટ્રલ લેબોરેટરી, દૂધેશ્વર વોટર વર્કસ ખાતે વોટર એનાલીસીસ વીંગ જે પીવાના પાણીની શુધ્ધતા ચકાસવા દરેક વોર્ડમાંથી પીવાના પાણીના સપ્લાય દરમ્યાન નમૂનાઓનું એકત્રીકરણ કરી બેક્ટેરીયોલોજીકલ અને કેમીકલ એનાલીસીસ રીપોર્ટની હેલ્થ તેમજ એન્જીનીયરીંગ ખાતાને જાણ કરવામાં આવે છે. તેમજ હેલ્થ, એન્જીનીયરીંગ અને શહેરીજનો તરફથી આવતી પાણીની પોલ્યુશન અંગેની ફરિયાદોનો પાણીના નમૂના લઇ ટેસ્ટીંગ રીપોર્ટ તૈયાર કરી જે તે ખાતા સાથે સંકલન કરીને તાકીદે નિકાલ કરવામાં આવે છે. તેમજ જે તે વિસ્તારના ડિસ્ટ્રીબ્યુશન સીસ્ટમમાં ડોઝર મશીન વડે ક્લોરીનેશન કરવામાં આવે છે. જેની માત્રા જાણવા ક્લોરીન ચેકીંગની કામગીરી પણ સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા કરવામાં આવે છે. તેમજ ટયુબવેલ સ્ટેશન, ફ્રેન્ચવેલ, કોતરપુર વોટર વર્કસ, દૂધેશ્વર વોટર વર્કસ, જાસપુર તેમજ રાસ્કા જેવા સોર્સના બેક્ટેરીયોલોજીકલ તેમજ કેમીકલ એનાલીસીસ કરવામાં આવે છે.

સેન્ટ્રલ લેબોરેટરી ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટના નમૂનાઓનું રોજબરોજ એકત્રીકરણ તેમજ કાંકરીયા તળાવ અને અન્ય તળાવો, સાબરમતીનદી, ખારીકટ કેનાલ, મેગાપાઇપલાઇનના વેસ્ટ વોટરના સેમ્પલો એકત્ર કરી પૃથ્થકરણ કરવામાં આવે છે.

તદઉપરાંત પીવાના પાણીની શુધ્ધતાની ચકાસણી, પીવાના પાણીના સપ્લાય દરમ્યાન પાણીના નમૂના મેળવી બેક્ટેરીયોલોજીકલ અને કેમીકલ એનાલીસીસ કરવામાં આવે છે. તથા આ અંગેનો રીપોર્ટ દર ૧૫ દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ ઉપર તથા ત્રિમાસિક રીપોર્ટ ગુજરાતી તથા અંગ્રેજી દૈનિક પત્રમાં સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

ઔદ્યોગિક એકમોના એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મોનીટરીંગની કામગીરી તેમજ તેમનું વેસ્ટ વોટર નક્કી કરેલ ધારા ધોરણ મુજબ છે કે નહીં, તેની ચકાસણી કરવામાં આવે છે. જો વેસ્ટ વોટર ધારા ધોરણ મુજબ ન હોય, તો આવા યુનિટસ સામે નોટીસ આપવાની તેમજ કોર્ટ કેસ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જરૂર જણાય તો આવા યુનિટનું ડ્રેનેજ ડીસ્કનેક્ટ કરીને ત્યાર બાદ નક્કી કરેલ એડમીનીસ્ટ્રેટીવ રીકનેક્શન ચાર્જીસની રકમ વસુલ કર્યા બાદ ડ્રેનેજ રીકનેક્શનની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

પીરાણા ખાતે આવેલ, લેબોરેટરી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પીરાણા, નવા પીરાણા, વિંઝોલ અને વાસણા ખાતે બનાવવામાં આવેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પરફોર્મન્સ ચેક કરવા સેમ્પલ એકત્રિત કરીને એનાલીસીસની કામગીરી કરવામાં આવે છે.

તદઉપરાંત શહેરીજનોની સુવિધા માટે ફી લઇને પીવાના પાણીનું તેમજ વેસ્ટ વોટરના નમૂનાઓનું એનાલીસીસ કરી આપવામાં આવે છે. સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા દૂધેશ્વર વોટર વર્કસ ખાતા મારફતે ખરીદવામાં આવતા સોડીયમ હાઇપો ક્લોરાઇટસ તેમજ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા મારફતે ખરીદવામાં આવતા વિવિધ કેમીકલ્સ અને એસીડની ગુણવત્તાનું ટેસ્ટીંગ કરી આપવાનું કાર્ય પણ કરવામાં આવે છે.

આમ, સેન્ટ્રલ લેબોરેટરી વોટર, વેસ્ટ વોટરના ટેસ્ટીંગ તેમજ પર્યાવરણને અનુલક્ષીને ઉદ્ભવતી પ્રદુષણની ફરિયાદોના નિકાલ માટે સતત કાર્યશીલ રહે છે.

<u>વિશિષ્ટ કામગીરી:</u>

સેન્ટ્રલ લેબોરેટરી ખાતા દ્વારા આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ સર્ટીફીકેટ કંપની JAS-ANZ પાસેથી તા.૧૦.૦૩.૨૦૧૪ થી ત્રણ વર્ષના સમયગાળા માટે ગુણવત્તાના ઉચ્ચ વ્યવસ્થાપન માટે ISO-9001-2008 ના પ્રમાણપત્ર મેળવવાની કામગીરી સફળતાપૂર્વક કરેલ છે.

DETAILS OF SAMPLE COLLECTED DURING THE YEAR OF 2013-2014																		
Month	Industrial Samples Collected	CETP Samples Collected	STP							Canal	Lakes & River	Misc; Opinion, Spl. Sample, DPS, NaOCl etc.	Visit & pH Check	Sample Not Available	Paid Samples	Total Samples	Paid sample Fees (Rs)	Admin. Charges (Rs)
			A.S.P.					UASB										
			240 MLD	180 MLD	70 MLD	60 MLD	35 MLD	126 MLD	106MLD									
Apr-13	53	2	0	12	0	30	18	18	26	6	32	20	218	13	25	473	14790	0
May-13	44	4	16	10	8	20	18	18	18	0	0	18	174	14	16	378	8760	0
Jun-13	23	2	14	12	8	24	12	14	20	6	65	5	208	2	7	422	10990	0
Jul-13	38	1	16	16	0	18	14	14	24	4	54	45	244	14	13	515	23670	100000
Aug-13	24	5	12	12	4	20	10	12	20	4	21	26	170	10	10	360	18300	0
Sep-13	36	0	12	16	8	18	14	12	22	4	15	25	182	7	11	382	19540	170000
Oct-13	44	2	0	18	4	16	14	14	16	4	47	14	193	3	8	397	13820	0
Nov-13	28	4	0	16	10	18	10	12	18	5	54	34	209	1	8	427	12810	0
Dec-13	41	2	0	16	4	18	12	14	22	8	23	55	215	1	12	443	22150	100000
Jan-14	63	0	0	20	4	26	4	14	22	4	33	101	291	3	8	593	13240	0
Feb-14	22	0	0	18	8	20	12	10	20	4	9	101	224	3	16	467	28650	50000
Mar-14	0	0	0	26	0	24	2	2	22	0	8	34	118	0	22	258	39210	0
Total	**416**	**22**	**70**	**192**	**58**	**252**	**140**	**154**	**250**	**49**	**361**	**478**	**2442**	**71**	**156**	**5111**	**225930**	**420000**

Details of Potable Water Sample 2013-14					
Sr. No.	**YEAR MONTH**	**Bacteriological samples**	**Chemical samples**	**Extra Residual Cl_2**	**Total Samples**
1	Apr-13	5991	264	1933	8188
2	May-13	7129	236	2261	9626
3	Jun-13	6693	199	2083	8975
4	Jul-13	7053	207	2182	9442
5	Aug-13	6135	182	1955	8272
6	Sep-13	6006	191	1849	8046
7	Oct-13	6091	222	1971	8284
8	Nov-13	5541	218	1899	7658
9	Dec-13	6375	248	2069	8692
10	Jan-14	6508	244	2151	8903
11	Feb-14	5871	194	1882	7947
12	Mar-14	6617	182	2080	8879
	TOTAL	**76010**	**2587**	**24315**	**102912**

એસ્ટાબ્લીસમેન્ટ ખર્ચની માહિતી					
બજેટ સેન્ટર કોડ : ૩૩૦		ખાતાનું નામ : સેન્ટ્રલ લેબોરેટરી(ઈજનેર)			શિડયુલ નં.૨૧
૨૦૧૨-૧૩ વર્ષમાં મંજુર થયેલ જગ્યા	૨૦૧૩-૧૪ વર્ષમાં મંજુર થયેલ જગ્યા	હોદ્દો	ગ્રેડ	ખાલી જગ્યા	ભરેલ જગ્યા
૧	૨	૩	૪	૫	૬
૧	૧	સાયંન્ટીસ્ટ ઈન્ચાર્જ	૧૫૬૦૦-૩૯૧૦૦/૬૬૦૦	૦	૧
૩	૩	પ્લાન્ટ સુપ્રિટેન્ડન્ટ	૯૩૦૦-૩૪૮૦૦/૫૪૦૦	૩	૦
૨	૨	સીનીયર સાયં.આસીસ્ટન્ટ	૯૩૦૦-૩૪૮૦૦/૪૨૦૦	૦	૨
૧	૧	સીનીયર માઈક્રોબાયોલોજીસ્ટ	૯૩૦૦-૩૪૮૦૦/૪૨૦૦	૧	૦
૧૭	૧૭	જુનીયર સાયં. આસીસ્ટન્ટ	૫૨૦૦-૨૦૨૦૦/૨૮૦૦	૩	૧૪
૬	૬	જુનીયર માઈક્રોબાયોલોજીસ્ટ	૫૨૦૦-૨૦૨૦૦/૨૮૦૦	૩	૩
૧	૧	ટાઈપીસ્ટ-કમ-કલાર્ક	૫૨૦૦-૨૦૨૦૦/૨૪૦૦	૦	૧
૧	૧	સીનીયર કલાર્ક	૫૨૦૦-૨૦૨૦૦/૨૪૦૦	૧	૦
૧	૧	લેબોરેટરી આસીસ્ટન્ટ	૫૨૦૦-૨૦૨૦૦/૧૯૦૦	૧	૦

૧	૧	લેબોરેટરી ટેકનીશીયન	૫૨૦૦-૨૦૨૦૦/૧૯૦૦	૦	૧
૬	૬	સીનીયર લેબ.એટેન્ડન્ટ	૫૨૦૦-૨૦૨૦૦/૧૯૦૦	૬	૦
૨	૨	ડ્રાઈવર	૫૨૦૦-૨૦૨૦૦/૧૯૦૦	૨	૦
૧	૧	જુનીયર કલાર્ક	૫૨૦૦-૨૦૨૦૦/૧૯૦૦	૦	૧
૨	૨	પટાવાળા	૪૪૦૦-૭૪૪૦/૧૩૦૦	૦	૨
૨૨	૨૨	જુનીયર લેબ.એટેન્ડન્ટ	૪૪૦૦-૭૪૪૦/૧૩૦૦	૧૦	૧૨
૨	૨	સ્વીપર-કમ-એટેન્ડન્ટ	૪૪૦૦-૭૪૪૦/૧૩૦૦	૦	૨
૬૯	૬૯			૩૦	૩૯

એપ્રિલ-૨૦૧૩ થી માર્ચ-૨૦૧૪

અ.નં.	વિગત	માહિતી આંકડામાં
૧	પીવાના પાણીના બેકટેરીયોલોજીકલ એનાલીસીસનાસેમ્પલો	૭૬,૦૧૦
૨	પીવાના પાણીના કેમીકલ એનાલીસીસના સેમ્પલો	૨,૫૮૭
૩	પીવાના પાણીના કલોરીન ચેકીંગના સેમ્પલો	૨૪,૩૧૫
૪	ઔદ્યોગીક એકમોના સેમ્પલો	૪૧૬
૫	વીઝીટ અને પી.એચ. ચેકીંગ	૨,૪૪૨
૬	સી.ઈ.ટી.પી.ના સેમ્પલો	૨૨
૭	ખારીકટ કેનાલના સેમ્પલો	૪૯
૮	સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સેમ્પલો	૧,૧૧૬
૯	તળાવ અને નદીના સેમ્પલો	૩૬૧
૧૦	પંપીંગ સ્ટેશન તથા મેન-હોલ અને અન્ય સેમ્પલો	૪૭૮
૧૧	ફ્રી લઈને ટેસ્ટ કરેલ સેમ્પલો	૧૫૬
૧૨	સેમ્પલ ટેસ્ટીંગની આવક રૂપિયા	૨૨૫,૯૩૦.૦૦
૧૩	એડમીનીસ્ટ્રેટીવ રી-કનેકશન ચાર્જીસની રકમ રૂપિયા	૪૨૦,૦૦૦.૦૦
૧૪	કુલ આવક રકમ રૂપિયા	૬૪૫,૯૩૦.૦૦

૪.૧૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
૨૦૧૩-૨૦૧૪

ઘણા વર્ષોથી અમદાવાદ શહેરમાં ભુગર્ભ ગટર વ્યવસ્થા કરવામાં આવેલ છે. શહેરીકરણ અને વસ્તી વધારાના કારણે ગંદા પાણીના જથ્થાનું પ્રમાણ વર્ષો વર્ષ વધતુ જાય છે. જેને કરણે ગંદા પાણીનો નિકાલ તથા તેને ટ્રીટમેન્ટ આપવાના જથ્થામાં વધારો થયેલ છે.

અમદાવાદ શહેર સાબરમતી નદીને કારણે ભૌગોલીક રીતે બે ભાગમાં વહેચાયેલ છે. સુએજના નિકાલ માટે ૪૬ જેટલા પંપીંગ સ્ટેશનો તેમજ એસ.આર.એફ.ડી.સી.એલ. અંતર્ગત ૪ પંપીંગ સ્ટેશનો અને તેના ટ્રીટમેન્ટ માટે ૯ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે. જ્યારે પશ્ચિમ ભાગમાં નદી તરફના સંળગ ઢાળને કારણે ૫ પંપીગ સ્ટેશનો તથા ૩ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે.

(૧) ટર્મિનલ પંપીગ સ્ટેશનો

એસ.ટી.પી. ખાતા દ્વારા પૂર્વ અમદાવાદ નરોડાથી ઈસટર્ન ડક્ટ અને પશ્ચિમ અમદાવાદ અખબારનગરથી વેસ્ટર્ન ડક્ટ લાઈન દ્વારા દરેક ઝોનના પંપીંગ સ્ટેશનો દ્વારા સુએજનું પંપીંગ કરી પિરાણા ટર્મીનલ અને વાસણા ટર્મીનલ પંપીંગ સ્ટેશન સુધી પહોંચાડવામાં આવે છે. ઉપરોક્ત સંકુલમાં આવેલ ટર્મીનલ સુએજ પંપીંગ સ્ટેશન દ્વારા સુએજનો નિકાલ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

સુએજ પંપીંગ સ્ટેશનની માહિતી									
અનુ. નં.	સુએજ પંપીંગ સ્ટેશનનું નામ	ઈન્સ્ટોલ્ડ કરેલ પંપ	કાર્યરત પંપ	વધારાના પંપ	કાર્યક્ષમતા	૨૦૧૩		૨૦૧૪	
						સામાન્ય દિવસોમાં પંપીંગ	ચોમાસા દરમ્યાન પંપીંગ	સામાન્ય દિવસોમાં પંપીંગ	ચોમાસા દરમ્યાન પંપીંગ
		નં.	નં.	નં.	એમ.એલડી.	એમ.એલ.ડી.	એમ.એલ.ડી.	એમ.એલ.ડી.	એમ.એલ.ડી.
	મુખ્ય ઝોન								
૧	પીરાણા	૯	૬	૩	૪૩૨.૦	૨૭૪.૭	૪૪૦.૪	૩૧૧.૦	૪૫૬.૩
૨	પીરાણા (ન્યુ)	૮	૫	૩	૨૮૫.૬	૮૯.૯	૧૪૮.૫	૮૮.૫	૨૧૪.૭
૩	જી.આઈ.ડી.સી	૬	૪	૨	૧૫૩.૬	૭૨.૨	૭૯.૯	૬૯.૯	૯૯.૪
૪	વાસણા	૯	૫	૪	૪૩૨.૦	૧૨૪.૯	૩૧૫.૫	૧૪૦.૭	૩૨૬.૯
૫	વાસણા (ઔડા)	૮	૫	૩	૩૪૫.૬	૧૨૭.૧	૨૯૦.૭	૧૭૭.૩	૩૧૦.૩
૬	જમાલપુર	૬	૪	૨	૨૦૧.૮	૪૦.૦	૫૬.૫	૩૮.૧	૯૨.૨
૭	ન્યુ સબર્બન	૬	૪	૨	૨૦૧.૦	૪.૫	૭.૫	૪.૩	૧૪.૮
૮	મણીનગર (ન્યુ)	૬	૩	૩	૧૭૨.૮	૨૧.૯	૧૦૦.૩	૩૧.૮	૧૫૮.૯
૯	વીંઝોલ ઓડા (૨૮૫)	૬	૪	૨	૨૯૭.૦	૫૯.૯	૧૪૬.૬	૭૮.૦	૨૨૫.૬
૧૦	વીંઝોલ	૪	૨	૨	૧૦૧.૧	૮૪.૦	૧૭૩.૯	૯૯.૦	૨૦૨.૦
	કુલ					૮૯૯.૦	૧૭૫૯.૮	૧૦૩૮.૭	૨૧૦૧.૧

(૨) ઈન્ટરમીડીએટ સુએજ પંપીંગ સ્ટેશનો

એસ.ટી.પી. ખાતા હસ્તકના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અને મધ્ય ઝોનમાં આવેલ મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનો તેમજ બ્રાન્ચ સુએજ પંપીંગ સ્ટેશન દ્વારા સ્થાનિક રહેણાંક વિસ્તારના સુએજ પાણીને પંપીંગ કરી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી લઈ જઈ યંત્રોથી શુદ્ધિકરણ કરી પદ્ધતિસર નદીમાં નિકાલ કરવાની કામગીરી ખાતા દ્વારા કરવામાં આવે છે તેમજ નદીની બંને છેડે આવેલ રીવરફ્રન્ટ અંતર્ગત પંપીંગ સ્ટેશનો દ્વારા સુએજ પાણીનો નિકાલ કરવામાં આવે છે. આ સઘળા પંપીંગ સ્ટેશનોની માહિતી નીચે દર્શાવેલ પત્રકમાં સામેલ છે.

અનુ. નં.	સુએજ પંપીંગ સ્ટેશનનું નામ	ઈન્સ્ટોલ્ડ કરેલ પંપ	કાર્યરત પંપ	વધારાના પંપ	કાર્યક્ષમતા	૨૦૧૩		૨૦૧૪	
						સામાન્ય દિવસોમાં પંપીંગ	ચોમાસા દરમ્યાન પંપીંગ	સામાન્ય દિવસોમાં પંપીંગ	ચોમાસા દરમ્યાન પંપીંગ
		નં.	નં.	નં.	એમ.એલડી	એમ.એલ.ડી.	એમ.એલ.ડી	એમ.એલ.ડી	એમ.એલ.ડી
	દક્ષિણ ઝોન								
૧૧	દાણીલીમડા	૫	૩	૨	૦.૦	૧૦.૪	૧૭.૩	૧૧.૦	૨૮.૯
૧૨	બહેરામપુરા	૪	૨	૨	૦.૦	૬.૯	૧૦.૧	૭.૬	૧૩.૭
૧૩	બહેરામપુરા-૧	૫	૩	૨	૦.૦	૦.૦	૦.૦	૪.૨	૯.૪
૧૪	બહેરામપુરા-૨	૫	૩	૨	૦.૦	૦.૦	૦.૦	૪.૪	૯.૯
૧૫	બાગે-ફિરદોસ	૫	૪	૧	૦.૦	૧૬.૮	૨૦.૦	૧૬.૩	૨૬.૨
૧૬	ઈસનપુર-૧	૨	૧	૧	૦.૦	૨.૫	૩.૧	૨.૦	૫.૬
૧૭	ઈસનપુર (મોની)	૬	૩	૩	૦.૦	૭.૭	૧૧.૨	૭.૯	૧૧.૦
૧૮	વટવા નિગમ	૫	૩	૨	૦.૦	૧૦.૩	૧૨.૨	૧૩.૩	૩૦.૫
૧૯	નારોલ શાહવાડી	૫	૨	૩	૦.૦	૨.૨	૩.૩	૪.૮	૧૬.૩
૨૦	નવાણા	૫	૩	૨	૦.૦	૧૨.૨	૨૨.૦	૨૧.૨	૪૧.૧
	કુલ					૬૯.૦	૯૯.૨	૯૨.૮	૧૯૨.૫
	મધ્ય ઝોન								
૨૧	દરિયાપુર	૫	૩	૨	૮૬.૦	૩૦.૯	૫૭.૨	૩૧.૮	૬૪.૪
૨૨	શાહીબાગ	૫	૨	૩	૦.૦	૫.૧	૭.૨	૫.૪	૧૨.૩
૨૩	ન્યુ ગીરધરનગર	૬	૩	૩	૦.૦	૯.૫	૧૮.૭	૮.૮	૧૮.૦
૨૪	જુના ગીરધરનગર	૪	૩	૧	૦.૦	૯.૨	૧૬.૩	૧૦.૩	૨૪.૦
૨૫	મહેંદીકુવા	૩	૨	૧	૦.૦	૪.૬	૬.૪	૪.૩	૧૦.૦
	કુલ					૫૯.૩	૧૦૫.૮	૬૦.૭	૧૨૮.૬
	પૂર્વ ઝોન								
૨૬	ન્યુ ગોમતીપુર	૮	૪	૪	૧૯૬.૧	૬૪.૧	૧૨૦.૫	૬૭.૦	૧૫૬.૦
૨૭	રખીયાલ	૩	૨	૧	૦.૦	૪.૫	૮.૯	૫.૪	૧૨.૦
૨૮	અમરાઈવાડી	૬	૪	૨	૦.૦	૮.૨	૧૭.૪	૧૩.૬	૨૦.૦
૨૯	વિરાટનગર	૫	૩	૨	૦.૦	૧૪.૫	૨૧.૩	૨૦.૨	૩૮.૭
૩૦	અર્બુદાનગર	૪	૨	૨	૦.૦	૮.૬	૧૨.૮	૮.૪	૧૬.૦
૩૧	અંબિકાનગર	૬	૪	૨	૦.૦	૭.૩	૧૨.૫	૧૦.૨	૧૬.૧
૩૨	છોટાલાલની ચાલી	૫	૨	૩	૦.૦	૪.૪	૫.૨	૪.૫	૧૦.૨
૩૩	રબારી વસાહત	૪	૨	૨	૦.૦	૪.૫	૭.૬	૬.૯	૧૪.૧
૩૪	ઓઢવ (ન્યુ)	૩	૨	૧	૦.૦	૨.૨	૬.૨	૭.૪	૧૩.૪
૩૫	નિકોલ (ન્યુ)	૪	૩	૧	૦.૦	૧૩.૬	૧૫.૧	૯.૭	૧૭.૩
	કુલ					૧૩૨.૧	૨૨૭.૪	૧૫૩.૨	૩૧૩.૮

	ઉત્તર ઝોન								
૩૬	સરદારનગર (ન્યુ)	૩	૨	૧	૦.૦	૫.૫	૬.૧	૫.૭	૧૪.૮
૩૭	આંબાવાડી	૩	૨	૧	૦.૦	૨.૭	૪.૭	૩.૪	૭.૪
૩૮	કુબેરનગર (ન્યુ)	૪	૨	૨	૦.૦	૭.૦	૮.૮	૭.૩	૨૪.૧
૩૯	નરોડા ગાયત્રી	૫	૩	૨	૦.૦	૬.૬	૭.૧	૫.૬	૧૬.૨
૪૦	નરોડા જી.આઈ.ડી.સી.	૫	૨	૩	૦.૦	૨.૩	૨.૯	૨.૪	૯.૩
૪૧	નરોડા સત્યમ	૩	૧	૨	૦.૦	૩.૦	૪.૬	૩.૫	૬.૨
૪૨	સૈજપુર બોઘા	૬	૩	૩	૦.૦	૧૪.૮	૨૩.૧	૧૩.૬	૩૦.૧
૪૩	ન્યુ ચમનપુરા	૬	૩	૩	૦.૦	૨૪.૬	૩૬.૭	૨૭.૩	૫૪.૫
૪૪	જુના ચમનપુરા	૩	૧	૨	૦.૦	૧.૨	૨.૯	૧.૩	૩.૩
	કુલ					૬૭.૭	૯૬.૮	૭૦.૦	૧૬૫.૯
	પશ્ચિમ ઝોન								
૪૫	કેશવનગર	૪	૩	૧	૦.૦	૩.૫	૩.૯	૪.૨	૮.૧
૪૬	પાલડી	૭	૫	૨	૦.૦	૭.૧	૧૬.૫	૮.૫	૨૫.૭
૪૭	શારદા સોસાયટી	૩	૨	૧	૦.૦	૫.૮	૮.૦	૫.૨	૯.૪
૪૮	આઈ.યી.પી.ડી. જુહાપુરા	૩	૨	૧	૦.૦	૬.૩	૧૦.૩	૭.૬	૯.૫
	કુલ					૨૨.૭	૩૮.૭	૨૫.૫	૫૨.૮
	એસ.આર.એફ.ડી. સી.એલ.								
૧	ડબલ્યુ-૫	૫	૩	૨	૦.૦	૨૮.૭	૦.૦	૩૨.૦	૫૨.૦
૨	ઈ-૩	૬	૩	૩	૦.૦	૧૩.૮	૫૪.૦	૪૫.૦	૭૭.૦
૩	વાસણા ટર્મીનલ	૬	૩	૩	૦.૦	૩૧.૩	૩૮.૨	૫૦.૦	૭૯.૦
૪	આંબેડકર ટર્મીનલ	૮	૪	૪	૦.૦	૩૭.૧	૧૫૬.૬	૭૬.૩	૧૯૦.૦
	કુલ	૨૬૬	૧૫૪	૧૧૨		૬૮.૪	૧૯૪.૯	૧૨૬.૩	૨૬૯.૦

(૩) <u>સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-</u>

એસ.ટી.પી. ખાતા હસ્તકના પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં આવેલ જુદી જુદી કેપેસીટીના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા શહેરના જુદા જુદા ઝોનમાં આવેલ સુએજ પંપીંગ સ્ટેશનો દ્વારા સુએજ પંપીંગ કરી પ્લાન્ટ ખાતે લાવી પ્લાન્ટના યંત્રોથી શુદ્ધિકરણ કરી પદ્ધતિસર નદીમાં નિકાલ કરવાની કામગીરી ખાતા દ્વારા કરવામાં આવે છે. આ સઘળા પંપીંગ સ્ટેશનોની માહિતી નીચે દર્શાવેલ પત્રકમાં સામેલ છે.

૪) <u>સ્ટોર્મ વોટર ડ્રેનેજ</u>

અ.નં.	પ્લાન્ટનું નામ	પ્રકાર	કેપેસીટી (એમ.એલ.ડી.)
૧	પિરાણા એસ.ટી.પી.	લગુન	૧૮૨
૨	વાસણા એસ.ટી.પી.	લગુન	૭૬
૩	પિરાણા એસ.ટી.પી.	યુ.એ.એસ.બી.	૧૦૬
૪	વાસણા એસ.ટી.પી.	યુ.એ.એસ.બી.	૧૨૬
૫	પિરાણા એસ.ટી.પી.	એ.એસ.પી.	૧૮૦
૬	પિરાણા એસ.ટી.પી.	એ.એસ.પી.	૬૦
૭	વાસણા એસ.ટી.પી.	એ.એસ.પી.	૩૫
૮	વિઝોલ એસ.ટી.પી.	એ.એસ.પી	૭૦
૯	વાસણા ઔડા એસ.ટી.પી.	એ.એસ.પી	૨૪૦

(<u>પંપીંગ સ્ટેશનોઃ-</u> એસ.ટી.પી ખાતા હસ્તકનાં ખારીકટ કેનાલને સંમાતર વરસાદી પાણીના નિકાલ માટે જુદા-જુદા સ્ટ્રોમ વોટર ડ્રેઈન પંપીગ સ્ટેશન બનાવવામાં આવેલ છે,જેની વિગત નીચે મુજબ છે.

ઝોન	અ. નં.	પંપીંગ સ્ટેશન	પંપ કેપેસીટી (મી૩/કલાક)	નંગ
દક્ષિણ ઝોન - ૧	૧	સુરેલીયા	૨૪૦૦	૩
	૨	માટલા સર્કલ	૨૪૦૦	૨
	૩	વ્યાયામ શાળા	૨૪૦૦	૧
	૪	સ્મૃતિ મંદિર	૧૮૦૦	૧
	૫	ઘોડાસર	૦	૦
દક્ષિણ ઝોન - ૨	૬	નિરમાનાળા	૧૮૦૦	૨
	૭	દેવીમાતા	૨૪૦૦	૨
	૮	નુરનગર	૧૮૦૦	૨
	૯	ગેબનશાપીર	૧૮૦૦	૧
	૧૦	ભૈરવનાથ	૨૪૦૦	૩
ઉત્તર ઝોન - ૧	૧	નવયુગ	૨૪૦૦	૩
	૨	પુષ્પકુંજ	૧૮૦૦	૧
	૩	રાજીવપાર્ક	૧૮૦૦	૧
	૪	સીતારામ મઢુલી	૧૮૦૦	૧
	૫	ત્રિકમલાલ ચોકઠા	૨૪૦૦	૩
પૂર્વ ઝોન - ૧	૧	હરિવીલા	૧૮૦૦	૧
	૨	જય કેમીકલ	૧૮૦૦	૨
	૩	ઓઢવ ફાયર સ્ટેશન	૨૪૦૦	૩
	૪	અર્બુદાનગર	૧૮૦૦	૨
	૫	વસ્ત્રાલ	૩૫૦૦	૪
નવા પશ્ચિમ	૧	વેજલપુર	૨૪૦૦	૩

<u>વરસાદી પાણીના સમ્પસ :-</u>

અમદાવાદ શહેરના પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને નવા પશ્ચિમ ઝોનમાંથી પસાર થતી ખારીકટ કેનાલના પેરેલલ જે તે ઝોન દ્વારા નિચાણવાળા વિસ્તારોમાંથી વરસાદી પાણીનો નિકાલ કરવા ખાતા દ્વારા જરૂરીયાત મુજબના સબમર્સીબલ પંપો ઈન્સ્ટોલ કરી તેમજ શહેરના પશ્ચિમ ઝોન ખાતે પણ તૈયાર કરેલ સમ્પોમાં વરસાદી પાણીના નિકાલ માટે જુદી જુદી સાઈઝના સબમર્સીબલ પંપો ઈન્સ્ટોલ વરસાદી પાણીના નિકાલની કામગીરી કરવામાં આવેલ છે. જેનું પત્રક નીચે સામેલ છે.

વોર્ડ નું નામ	અ. નં.	સમ્પનું નામ	પમ્પની વિગત હો.પા.	પંપની સંખ્યા
		દક્ષિણ ઝોન		
મણિનગર	૧	અરમાનપાર્ક	૧૨.૫	૧
	૨	હીરાબાગ	૧૨.૫	૧
	૩	પ્રકાશનગર ટેનીસકોર્ટ	૭.૫	૧
	૪	ઈશ્વરનગર	૧૨.૫	૧
	૫	પાયલોટ ડેરી	૧૦	૧
દાણીલીમડા	૬	ચંડોળાતળાવ (પેટ્રોલ પમ્પ પાસે)	૭.૫	૧
	૭	પટેલ મેદાન	૧૨.૫	૧
ઈસનપુર	૮	ગણેશનગર	૭.૫	૧
	૯	મહારાણા સોસાયટી	૧૦ ૭.૫	૨
	૧૦	ગણેશભૂમિ (ગેબનશાપીર પાસે)	૭.૫	૨
	૧૧	શાંતિબાગ	૭.૫	૧
વટવા	૧૨	મહાલક્ષ્મી તળાવ (નવું)	૧૨.૫ ૭.૫	૨
	૧૩	આત્મમંગલ હોલ	૭.૫	૧
બાગેફીરદોશ	૧૪	શકરીબા પાર્ટી પ્લોટ	૧૨.૫ ૨૦	૨
	૧૫	માતૃભક્તિ	૧૨.૫	૧
	૧૬	રીટાનગર (રક્તપિતીયા કોલોની)	૧૨.૫	૧
	૧૭	રામરાજ્યનગર	૨૦ ૧૨.૫	૨
	૧૮	ભગવતીનગર (નવા)	૧૨.૫ ૨૦	૨
	૧૯	શીવપાર્ક	૧૨.૫	૧
	૨૦	ચિરાગ એસ્ટેટ	૭.૫	૧
	૨૧	બી.આર.ટી.એસ.(જશોદાનગર)	૭.૫ ૭.૫	૧
	૨૨	સત્યસાંઈ	૧૦	૧
	૨૩	હરિઓમ વિજ્યાદશમી	૧૨.૫	૧
		પૂર્વ ઝોન		

નિકોલ	૧	આરતિ સોસાયટી	૧૨.૫	૨
	૨	આશીવાર્દ	૨૦.૦ ૧૦	૪ ૧
	૩	આલોક	૧૨.૫	૧
	૪	જગદીશ પાર્ક (હનુમાન મંદિર)	૧૨.૫	૨
ઓઢવ	૫	ગણેશકુંજ	૨૦.૦ ૧૨.૫	૨
	૬	અંબિકાનગર જુના કુવા	૧૨.૫ ૨૦.૦	૨
	૭	મહાકાળી ટી સ્ટોલ	૧૨.૫	૧
રામોલ	૮	જામફળવાડી (નવા)	૧૨.૫	૨
ભાઈપુરા	૯	જય ગરવી ગુજરાત સોસા.	૧૨.૫ ૧૦	૨
	૧૦	ભગવતી પાર્ક સોસા., ભાઈપુરા	૧૨.૫	૨
	૧૧	સુવિધા પાર્ક (આવકાર હોલ સામે)	૧૨.૫	૨
	૧૨	સંત શિરોમણી	૧૨.૫	૨
	૧૩	સત્યનારાયણ	૧૦	૧
	૧૪	જશોદાનગર	૨૦	૨
અર્બુદાનગર	૧૫	હરિગંગા	૧૨.૫	૨
	૧૬	રાજેન્દ્રપાર્ક	૧૨.૫	૧
પશ્ચિમ ઝોન				
સ્ટેડિયમ	૧૭	નટના છાપરા	૧૨.૫	૧
નવા પશ્ચિમ ઝોન				
વેજલપુર	૧૮	વેજલપુર વોર્ડ ઓફિસ પાસે	૩૦ ૧૨.૫	૩ ૨

(૬) <u>ડીશીલ્ટીંગ ઈક્વીપમેન્ટ :-</u>

એસ.ટી.પી. ખાતા દ્વારા શહેરની જુદી જુદી કેપેસીટીની સુએજ લાઈનોમાં જમા થતા શીલ્ટને દુર કરી લાઈનોમાં થયેલા ચોકઅપને ખુલ્લો કરી સુએજનું સરળતાથી વહન થઈ શકે તે માટેના ડીશીલ્ટીંગ ઈક્વીપમેન્ટ ખાતા દ્વારા ખરીદ કરી શહેરના જુદા જુદા ઝોનમાં ફાળવવામાં આવે છે. સદર ડીશીલ્ટીંગ મશીનનું ઓપરેશન મેઈન્ટેનન્સની કામગીરી ઝોન દ્વારા કરવામાં આવે છે.તેમજ બીલ સર્ટીફાઇડની કામગીરી પણ ઝોન દ્વારા કરવામાં આવે છે.

અનુ. નં.	ઝોન	સુપરસકર મશીન	કમ્બાઈન્ડ મશીન	જેટીંગ મશીન	ગલી એમ્પીયર / સક્શન મશીન	હાઈફ્લો જેટીંગ મશીન	આઈસર માઉન્ટેડ જેટીંગ મશીન	પાવર રોડીંગ મશીન	હાઈડ્રા માઉન્ટેડ ગ્રેબ બકેટ યુનિટ
૧	ઉત્તર	GJ-1-XX- ૭૭૦૬/૭૭૦૭/૭૭૦૮ GJ-1-DU- ૬૫૬૮/૬૭૨૮/૬૬૦૫	૯૫૬૧ ૭૫૩૯ ૭૬૭૯ ૧૨૨૫	--	૮૬૯૫	૮૧૮૩ ૦૭૦૫	૪૬૫૪	--	--
૨	દક્ષિણ	GJ-1-XX- ૭૯૨૩/૭૯૨૬/૭૯૨૭ GJ-1-XX- ૭૯૨૨/૭૯૨૪/૭૯૨૫	૯૫૬૨ ૭૬૭૮ ૭૬૮૨ ૭૫૩૬ ૧૨૭૦	૭૮૮૪	૭૯૦૨ ૮૬૬૫	૮૧૯૩ ૦૪૪૯	૪૬૪૦ ૪૬૪૩	--	--
૩	પૂર્વ	GJ-1-DU- ૬૫૬૮/૬૭૨૮/૬૬૦૫	૯૫૬૩ ૭૬૮૦ ૭૬૮૩ ૧૬૮૯	૭૮૪૪	૭૮૯૯ ૮૬૭૬	૭૭૮૩ ૦૮૪૪	૪૬૩૪	--	--
૪	પશ્ચિમ	GJ-1-XX- ૭૭૦૬/૭૭૦૭/૭૭૦૮	૭૫૪૧ ૭૫૩૭ ૭૬૮૧ ૧૮૮૮	--	--	૨૨૦૬ ૦૪૬૧	૪૬૩૮	--	--
૫	મધ્ય	GJ-1-DU- ૬૬૮૯/૬૬૫૧/૬૫૫૪	૦૫૩૭ ૭૬૮૪ ૭૬૬૬	૭૮૮૫	૭૯૦૧	૭૭૮૨ ૦૪૭૯	૪૬૩૯ ૪૬૩૫	--	--
૬	નવા પશ્ચિમ	GJ-1-XX- ૭૭૦૬/૭૭૦૭/૭૭૦૮	૭૫૪૦ ૨૦૧૭ - ઔડા ૪૯૯૦ - ઔડા ૧૭૨૦	--	૭૯૦૦ ૮૬૭૦	૨૨૦૫ ૦૮૪૧	૪૬૫૯	--	--
	કુલ	૦૮	૨૨ + ૦૨	૦૩	૦૮	૧૨	૦૮	૦૧	૦૧

(૭) પ્રોજેક્ટને લગતી વિગત :-

એસ.ટી.પી. ખાતા દ્વારા નવા વિકસી રહેલ શહેરના જુદા જુદા ઝોનના વિસ્તારોમાં સુએજ પંપીંગ અંગેની કામગીરી માટેના પંપીંગ સ્ટેશનો તેમજ સ્ટોર્મ વોટર ડ્રેઈન પંપીંગ સ્ટેશનો તેમજ હયાત પંપીંગ સ્ટેશનોમાં વધુ કેપેસીટીના પંપો બદલવાની, જરૂરી ઈલે. પાવર વધારવાની, ઈલે. ઈન્સ્ટ્રુમેન્ટ બદલવાની, ઓગમેન્ટેશનની કામગીરી તેમજ ઈલે. પાવરમાં પાવર ફેક્ટર ઈમ્પ્રુવમેન્ટ કરવા જરૂરી એ.પી.એફ.સી. પેનલો બદલવાની કામગીરી કરવામાં આવે છે.

૪.૧૮ સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ

૨૦૧૩-૧૪

અમદાવાદ શહેરમાં આવેલ ઝુંપડપટી તેમજ ચાલીઓનાં ગંદા વિસ્તારોમાં વસતા નાગરીકોના જીવનની ગુણવત્તાનું ધોરણ ઉંચુ લાવવાના શુભ આશયથી આવા સ્લમ વિસ્તારના રહીશો, બીન સરકારી સ્વૈચ્છીક સામાજીક સંસ્થાઓના આર્થીક સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો.માં સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ અન્વયે કામગીરી કરવામાં આવે છે. જો કોઇ પ્રાઇવેટ સંસ્થા અથવા ઔધ્યોગિક ગૃહો પોતાનો ફાળો આપવા ઇચ્છતી હોય તો, તેઓ પણ ઘરદીઠ ફાળો આપી યોજનાંમાં જોડાઇ શકે છે.

આ યોજના અંતર્ગત સ્લમ વિસ્તારોમાં ધેર ધેર ગટર કનેકશન, પાણીના કનેકશન , ઘરદીઠ જાજરુ, પાકા રસ્તા, વરસાદી પાણીના નીકાલની વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ , કચરાના નિકાલની વ્યવસ્થા તેમજ વૃક્ષારોપણ જેવી પાયાની સુવિધાઓ એકી સાથે પુરી પાડવામાં આવે છે. આવી આંતરીક સુવિધાઓને બાહય સેવાઓ સાથે સાંકળી લેવામાં આવે છે .આ ઉપરાંત આ યોજનામાં જોડાનાર સ્લમ વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, બચત તેમજ આવકના સાધનો ઉભા કરવા વિગેરે સામુદાયિક વિકાસ ના કામો પણ હાથ ધરવામા આવે છે.

આ સમગ્ર સુવિધાઓ પુરી પાડી યોજનાનો અમલ કરવા માટે હાલમાં મ્યુનિ. કોર્પો .ને આશરે ઘર દીઠ રૂા.૨૨, ૦૦૦.૦૦ થી ૨૫,૦૦૦.૦૦ જેટલો ખર્ચ થાય છે. જેમાં રૂા.૨૧૦૦.૦૦ ઘરદીઠ લોકફાળો એન.જી.ઓ / સ્થાનિક મંડળ દ્વારા બચત પ્રવૃતિ મારફતે ઉઘરાવવવામાં આવે છે. જેમાં રૂા.૨૦૦૦.૦૦ ઘરદીઠ કામ પુર્ણ થયે કોર્પોરેશનમાં જમા કરાવવામાં આવે છે અને રૂા. ૧૦૦.૦૦ ઘરદીઠ ભવિષ્યમાં જરૂરી રીપેરીંગ - સમારકામ માટે સ્થાનિક મંડળ જમા રાખે છે. આજ સુધીમાં કુલ ૪૮ વિસ્તારમાં ૮૪૫૪ ઝુંપડાઓ આશરે ૩૫,૦૦૦ લોકોએ લાભ લીધેલ છે.

❖ **<u>સોશીયો ઈકોનોમીક તેમજ બાયોમેટ્રીક સર્વે :-</u>**

શહેરમાં આવેલ તમામ ૫૮૮ સ્લમ પોકેટના રહેવાસીઓની તેમજ બિનસંગઠીત કામદારો માટે સામાજીક તથા આર્થિક મોજણી કામગીરી પૂર્ણ કરેલ છે. સાથે સાથે લાભાર્થીઓની ચોકકસ ઓળખ માટે સોશીયો ઇકોનોમીક સર્વે ની કામગીરી પૂર્ણ કરેલ છે તેમજ નવા ઉમેરાયેલ વિસ્તારના સર્વેની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

❖ **<u>ટોટલ સ્ટેશન સર્વે :-</u>**

તમામ સ્લમ વિસ્તારોમાં ટોટલ સ્ટેશન સર્વે દ્વારા મકાનોની હયાત પરિસ્થિતિ તેમજ સ્લમ વિસ્તારમાં આવેલ ઈન્ફાસ્ટ્રકચરનો સર્વે કરવામાં આવેલ છે. સર્વે દ્વારા એકત્રિત થયેલ માહિતીના આધારે જે તે સ્લમના અધુરા ઈન્ફાસ્ટ્રકચર પુરા કરવામાં આવશે અને પાયાની સગવડ માટે નવા ઈન્ફા.નું આયોજન કરવામાં મદદરૂપ થશે. જુની લીમીટમાં આવેલ સ્લમ વિસ્તારનો તેમજ નવા ઉમેરાયેલ વિસ્તાર ટોટલ સ્ટેશન સર્વેની કામગીરી પૂર્ણ કરેલ છે.

❖ **વ્યકિતગત શૌચાલયઃ-**

શહેરને ઓપન ડેફેકેશનથી સંપૂર્ણરીતે મુકત કરવાના આયોજન પૈકી નીચે મુજબના વ્યકિતગત શૌચાલય શહેરમાં જી.એમ.એફ.બી. (ગુજરાત સરકાર) અને અ.મ્યુ.કોર્પો.ના સહયોગથી વિના મુલ્યે બનાવી આપવામાં આવે છે આ અંતર્ગત શહેરમાં થયેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	*ફાળવેલ શૌચાલયનો લક્ષ્યાંક*	*પૂર્ણ કરેલ શૌચાલય*
૨૦૦૮-૦૯	૧૦૦૦૦	૯૭૯૬
૨૦૦૯-૧૦	૨૧૦૦૦	૧૯૦૨૭
૨૦૧૦-૧૧	૧૮૭૨૨	૭૫૩૮
૨૦૧૧-૧૨	૧૮૩૧૪	૧૮૯૨
૨૦૧૩-૧૪	૧૬૭૦૦	૫૧૭૭

❖ **પે એન્ડ યુઝ :**

જે સ્લમ વિસ્તારમાં જગ્યાના અભાવે વ્યકિતગત શૌચાલય બનાવી શકાય તેમ ન હોય તેવી જગ્યાએ સામુહિક શૌચાલય (પે એન્ડ યુઝ)બનાવવાની કામગીરીનું આયોજન છે. જેમાં મહીલાઓ તેમજ બાળકો પાસેથી કોઇ ચાર્જ વસુલ કરવામાં આવતો નથી. આમ, શહેરને સંપૂર્ણ ઓપન ડેફેકેશન થી મુકત કરી શહેરની પ્રજાને સ્વચ્છ વાતાવરણ પુરું પાડવાનું આયોજન છે.હાલમાં અમદાવાદ શહેરમાં આવેલ પે એન્ડ યુઝની વિગત નીચે મુજબ છે.

ક્રમ	ઝોનનું નામ	લોકેશન
૧	મધ્યઝોન	૭૨
૨	ઉતર ઝોન	૫૦
૩	દક્ષિણ ઝોન	૨૮
૪	પૂર્વ ઝોન	૫૯
૫	પશ્ચિમ ઝોન	૬૪
૬	નવા પશ્ચિમ ઝોન	૪૧
	કુલ	૩૧૪

❖ **<u>અધ્યતન શૌચાલય (કોમ્યુનીટી શૌચાલય)</u>**

અમદાવાદ શહેરમાં ચાલી વિસ્તારમાં તેમજ અન્ય જગ્યાએ પબ્લીક ટોયલેટ જે અધ્યતન બનાવવામાં આવે છે. અને જુના ટોયલેટ અધ્યતન કરવાની કામગીરી ચાલુ છે. હાલમાં જુદા જુદા ઝોનમાં કુલ નીચે મુજબ શૌચાલયના લોકેશન / સંખ્યા હયાત છે.

અ.નં.	ઝોન	પબ્લીક ટોયલેટના લોકેશન
૧	ઉતર ઝોન	૧૫૪
૨	દક્ષિણ ઝોન	૨૧૦
૩	પૂર્વઝોન	૨૭૯
૪	પશ્ચિમ ઝોન	૫૬
૫	નવા પશ્ચિમઝોન	૧
૬	મધ્ય ઝોન	૨૫૭
કુલ		**૯૫૭**

❖ **<u>નાઇટ શેલ્ટર (રેન બસેરા):</u>**

શહેરમાં રહેતા ઘરવિહોણા લોકો માટે નામદાર સુપ્રિમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન અનુસંધાને શહેરમાં કુલ ૪૫ જગ્યાએ નાઇટ શેલ્ટર્સ બનાવવામાં આવેલ છે તેમજ તેના સંચાલનની કામગીરી એન.જી.ઓ. દ્વારા કરવામાં આવે છે તેમજ વધુ ૯ જગ્યાએ નાઇટ શેલ્ટર બનાવવા પૈકી ૨ જગ્યાએ નાઇટ શેલ્ટર્સ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે. નાઇટ શેલ્ટર્સમાં રસ્તા ઉપર સૂતા લોકોને રાત્રિ આશ્રય આપવામાં આવે છે. નાઇટ શેલ્ટરમાં ગાદલા ઓશીકું, ધાબળા, ચાદર વગેરેની સગવડ પુરી પાડવામાં આવેલ છે તેમજ કોઇપણ પ્રકારના ચાર્જ લેવામાં આવતો નથી. નાઇટ સેલ્ટર્સમાં સૂવા માટેની તેમજ શૌચાલયની સુવિધા આપવામાં આવેલ છે.

❖ **સર્વીસ એક્ષચેન્જ પ્રમોશન સેન્ટરઃ**

અસંગઠિત કામદારોના ઉત્થાન માટે તેમજ તેઓને જે તે કામગીરી માટે ટ્રેનીગ આપવા, રજીસ્ટ્રેશન કરીને જરૂરીયાતવાળી વ્યકિતને કામગીરી મળે તે માટે સેતુરૂપ થવા તેમજ અસંગઠિત કામદારોનું શોષણ થતું રોકવા બહેરામપુરા વિસ્તારમાં આશરે રૂા.૧.૪૭ કરોડના ખર્ચે રાજ્ય સરકારશ્રીની ગ્રાંટમાંથી એસ.ઇ.પી.સી. સેન્ટર બહેરામપુરા વિસ્તારમાં બનાવવામાં આવેલ છે. જેમા જમીન તેમજ જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર અમ.મ્યુ.કોર્પો.દ્વારા પુરુ પાડવામાં આવેલ છે.

❖ **<u>ગુજરાત રાજ્ય અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૦ ના અમલીકરણ</u>**

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે તે જગ્યાએ ડેવલપ (તે જે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૦ની નીતિ મુજબ અમલીકરણ કરવામાં આવનાર છે. સદરહુ નીતિ મુજબ જે તે ઝુંપડપટ્ટીમાં રહેતો હોય તેને તેજ જગ્યાએ પાકું મકાન ૨૫ ચો.મી.નું આપવાનું (ગ્રાઉન્ડ + ત્રણ માળ) નક્કી કરવામાં આવેલ છે. તેનું અમલીકરણ ખાનગી ડેવલપરની પ્રપોઝલ મુજબ રાજ્ય સરકારશ્રીની નિતી અનુસાર કરવામાં આવશે. જે મુજબ રાજ્ય સરકારશ્રીમાંથી ૧૨ જગ્યાની દરખાસ્તો મંજુર થયેલ છે જે પૈકી કૈલાસનગર, સાબરમતીમાં આવાસોની કામગીરી પૂર્ણ કરી લાભાર્થીઓને

તેનું એલોટમેન્ટ આપવામાં આવેલ છે તેમજ અન્ય ૯ જગ્યાએ આશરે ૨૨૬૪ જેટલા ઝુંપડાવાસીઓને તે જ જગ્યાઓએ પ્રાથમીક સગવડ સાથે પાકા મકાનો બનાવી આપવાની કામગીરી હાલમાં ચાલુ છે.

❖ **<u>ઝુંપડાવાસીઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૩ અંગની પોલીસી</u>**

ગુજરાત સરકારના ગ્રુહ વિભાગના નં.જા.૯૭/૧૪૧ સીટીએ, ૧૦૯૨/૩૫૧૯/એમ તા.૧૩.૧૦.૧૯૯૮ મુજબ દિન-૧ ના વર્ષ પ્રમાણે જાનવર દીઠ વસુલ લેવાના દંડ, ખોરાકી તથા વહીવટી ચાર્જ

અનં.	ઢોરનો પ્રકાર	નક્કી કરેલ દંડ રૂા. (તા.૨૮.૧૦. ૨૦૦૩ સુધી)	નક્કી કરેલ દંડ રૂા. (તા.૨૯.૧૦. ૨૦૦૩ થી)	ખોરાકી રૂા.	વહીવટી ચાર્જ રૂા.
૧	હાથી	૨૦૦૦	૫૦૦૦	૩૦૦	૩૦૦
૨	ઉંટ	૪૦૦	૧૫૦૦	૨૨૫	૩૦૦
૩	ભેંસ,પાડો, ખચ્ચર, બળદ, ગાય,આખલો	૨૫૦	૧૦૦૦	૨૦૦	૩૦૦
૪	ધાવતા વાછરડા, વાછરડી, પાડો,પાડી	૧૫૦	૫૦૦	૧૫૦	૧૫૦
૫	ગધેડા,ભુંડ	૧૫૦	૫૦૦	૧૫૦	૧૫૦
૬	ઘેંટા,બકરા	૧૦૦	૩૦૦	૧૫૦	૧૫૦
૭	ઘોડા	૨૫૦	૧૦૦૦	૨૨૫	૩૦૦

૮.૧ શેઠ વા.સા. જનરલ હોસ્પિટલ

૨૦૧૩-૧૪

સને ૧૯૩૦-૩૧ માં ભારતની આઝાદીની ચળવળમાં સત્યાગ્રહ અને અસહકારનાં આંદોલનમાં ભાગ લેતાં સ્વયંસેવકોની સારવાર આપવાનાં આશયથી , સ્વ.શેઠ શ્રી વાડીલાલ સારાભાઈનાં કુટુંબીજનોને, હોસ્પિટલ શરૂ કરવાની પ્રેરણા મળતાં રૂ.૪ લાખનાં દાનથી, ૧૨૦ પથારીઓથી હોસ્પિટલની શરૂઆત કરવામાં આવી હતી. અ.મ્યુ.કોર્પો.એ ટ્રસ્ટીઓ સાથે કરેલ કરાર મુજબ આ સંસ્થા નિભાવવાની તમામ જવાબદારી ઉપાડી છે. આ સંસ્થા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ અન્વયે રજીસ્ટર્ડ કરવામાં આવી છે. અહેવાલી વર્ષમાં પથારીની સંખ્યા વધીને ૧૧૫૫ ની થવા પામી છે. આ સંસ્થાનો વહીવટ ટ્રસ્ટ ડીડ અન્વયે રચાયેલ વ્યવસ્થાપક મંડળના ૧૦ સભ્યો દ્વારા ચલાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ મંડળની ૮ બેઠકોમાં ૭૧ ઠરાવ પસાર કરવામાં આવ્યાં છે.

હોસ્પિટલમાં મેડીકલ, કાર્ડિયોલોજી, કીડની તથા પેશાબનાં દર્દોનો વિભાગ, ન્યુરોલોજી, એન્ડોક્રીનોલોજી ન્યુક્લીયર મેડિસીન , સર્જરી, કાર્ડિયો થોરેસીક સર્જરી, ગેસ્ટ્રો એન્ટરોલોજી સર્જરી , પ્લાસ્ટીક સર્જરી, પિડીયાટ્રીક સર્જરી,ઓબસ્ટ્રેટીક્સ અને ગાયનેકોલોજી, સોનોગ્રાફી,ઓર્થોપેડિક, ન્યુરો સર્જરી, ઈ.એન.ટી.સર્જરી, પિડીયાટ્રીક સાયક્યાટ્રીક, ડેન્ટલ, ઓપ્થલ્મીક,એનેસ્થેશીયા, પેથોલોજી, માઈક્રો બાયોલોજી, ફોરેન્સીક મેડીસીન, રેડિયોલોજી, કેજ્યુઅલ્ટી, તબીબી તથા તબીબી શિક્ષણ જેવાં વિભાગો આવેલાં છે.

મેડિસીન વિભાગમાં કુલ ૬ યુનીટમાં ૧૮૦ પથારીઓની વ્યવસ્થા છે.પિડીયાટ્રીક તથા પીડયાટ્રીક સર્જરી વિભાગમા કુલ ૧૧૫ ,ઓર્થોપેડિક વિભાગમાં ૯૦ પથારીઓ, જનરલ સર્જરીમાં ૧૮૦ પથારીઓ,સાઇકયાટ્રીક વિભાગમાં ૩૦ પથારીઓ, ઓપન હાર્ટ સર્જરી વિભાગમાં ૨ પથારીઓ,કાર્ડિયોથેરાસીક સર્જરી વિભાગમાં ૨૦ પથારીઓ, ન્યુરોસર્જરી વિભાગમાં ૨૦ પથારીઓ, ઈ.એન.ટી.માં ૩૦,ઓબ્સ્ટ્રેટીક્સ અને ગાયનેક વિભાગમાં ૧૮૦ પથારીઓની વ્યવસ્થા છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૧ માં દર્શાવી છે.

મ્યુ.મેડીકલ કોલેજ સાથે સંલગ્ન આ સંસ્થામાં ગુજરાત યુનિવર્સીટી માન્ય થયેલ ક્લીનીકલ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આવે છે. અનુસ્નાતક કક્ષા માટે કે.એમ.સ્કુલ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીસીન અને રીસર્ચ દ્વારા ચલાવાતા અભ્યાસક્રમ અહીં કરવામાં આવે છે.જેમાં એમ.ડી.ની ડીગ્રી માટે, જનરલ મેડીસીન , પેથોલોજી, ઓબ્સ્ટ્રેટીક્સ અને ગાયનેકોલોજી, પીડીયાટ્રીક્સ, એનેસ્થેશીયોલોજી, રેડિયો ડાયગ્નોસીસ ડરમેટોલોજી, સાયકોલોજીકલ મેડીસીનનાં વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. એમ.એસ.ની ડીગ્રી માટે જનરલ સર્જરી, ઈ .એન.ટી. સર્જરી, ઓર્થોપિડીક સર્જરી, ઓપ્થેલ્મીક સર્જરી વિ. વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. ઉપરાંત એમ.સી.એચ.ની ડીગ્રી માટે ન્યુરો સર્જરી, પ્લાસ્ટીક સર્જરી, પીડીયાટ્રીક સર્જરી, સી.ટી.સર્જરી વિ.વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. તથા ડી.સી.પી., ડી.જી.ઓ., ડી.પેડ., ડી.એ., ડી.એમ.આર.ઈ.સ, ડી.વી.ડી., ડી.પી.એમ., ડી.એલ.ઓ., ડી.ઓ. જેવાં ડિપ્લોમાં કોર્સ માટે આ સંસ્થાને માન્ય કરવામાં આવી છે.

એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપીઃ-

આ હોસ્પિટલમાં નવી ફીઝીયોથેરાપી કોલેજ સદ્ભાવના ટ્રસ્ટના પ્રાથમિક રૂા.૫૧લાખના દાનથી શરૂ કરેલ છે.જે ને ગુજરાત યુનિવર્સીટીની માન્યતા મળેલ હોવાથી જુન-૯૯થી ૩૦ વિધ્યાર્થીઓથી ૪.૫ વર્ષનો બી.ફીઝીયો.ડીગ્રી કોર્સ ચાલુ કરવામાં આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન લેવાયેલ ફીઝીયોથેરાપી પરિક્ષાના જુદા જુદા વર્ષમાં પરિક્ષામાં બેસેલ કુલ ૮૬

વિદ્યાર્થીઓમાંથી ૫૪ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. અને એમ.પી.ટી.પરીક્ષામાં બેસેલ કુલ ૬ માંથી ૬ વિધાર્થીઓ ઉત્તીર્ણ થયેલ હતા.

આ સંસ્થામાં અદ્યતન તબીબી પુસ્તકાલય છે જેનો ઉપયોગ શિક્ષણ ગણ, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને શ્રીમતી નાથીબા હરગોવિંદદાસ લક્ષ્મીચંદ મ્યુનિ.મેડીકલ કોલેજનાં વિદ્યાર્થીઓ કરે છે. અહીં મેડીકલ વિદ્યાશાખાનાં નાના મોટાં થઈને ૨૬૦૭૦ પુસ્તકો વસાવવામાં આવ્યા છે. અહેવાલી વર્ષ દરમ્યાન નેશનલ અને ઈન્ટરનેશનલએમ કુલ ૯૨ મેડીકલ સામાયિકો મંગાવવામાં આવેલ.વા.સા.હોસ્પિ.અને મ્યુ.મેડીકલ કોલેજના સંયુકત લાયબ્રેરીમાં ઈન્ટાસ ઈન્ફોર્મેશન સેલ નામથી કોમ્પ્યુટર સેન્ટર છે.

ગુજરાત બહારની કોલેજોના બીપીટી વિધાર્થીઓ પણ ઈન્ટર્નશીપ કરવા માટે આ કોલેજોને પસંદ કરે છે.ચાલુ વર્ષે ગુજરાત ગર્વ.ની મંજુરીથી ગુજ.યુનિ.માન્ય વાર્ષિક૧૮ બેઠકો સાથે એમ.પી.ટી. કોર્ષ શરૂ કરેલ છે જેમાં ન્યુરોલોજી,ઓર્થોપેડિક,કાર્ડિયોલોજી વિગેરેમાં પી.જી.શિક્ષણ આપવામાં આવે છે.આ કોર્ષ સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ છે અને આ બે વર્ષનો કોર્ષ છે.બી.પી.ટી.કોર્ષની હાલની ૩૦ સીટોની ઈન્ટેક કેપેસીટીમાં ૨૦ સીટો વાધારીને હાલમાં ૫૦ બેઠકો કરવામાં આવેલ છે.

આ હોસ્પિટલમાં નર્સીંગનું શિક્ષણ આપવાનું કાર્ય પણ ચાલે છે. પરિચારિકા શાળામાં વ્યાખ્યાન ખંડો, રમત-ગમતનું મેદાન,પુસ્તકાલય, હોસ્ટેલ, મેસ,વિ. સુવિધા મળેલ છે. આ શાળાને ગુજરાત નર્સીંગ કાઉન્સીલની તેમજ ઈન્ડીયન નર્સીંગ કાઉન્સેલની માન્યતા મળી છે જેમાં સ્ટુડન્ટ નર્સીસની સંખ્યા ૨૮૫ હતી. પ્રથમ, દ્વિતીય અને તૃતિય વર્ષની નર્સીંગની પરીક્ષામાં કુલ ૨૮૫ વિદ્યાર્થીનીઓમાંથી ૨૭૪ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા પાસ કરી હતી.આ સંસ્થામાં મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન (સી.એમ.એલ.ટી) નો ૧ વર્ષનો સર્ટીફીકેટ કોર્ષ ચાલે છે.જેમાં દર વર્ષે ૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.સફળતાપૂર્વક તાલીમ પુરી કરનાર વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવે છે.આ કોર્ષમાં લ.ગો.હોસ્પિટલ અને શા.ચી.લા. હોસ્પિટલ પણ જોડાયેલ છે.

આ સંસ્થામાં રેડિયોગ્રાફર કોર્ષની શરૂઆત સને ૧૯૬૩થી કરવામાં આવેલી.

હોસ્પિટલમાં અહેવાલી વર્ષમાં કુલ ૫૭૮૬૩ દર્દીઓએ અંદરનાં દર્દી તરીકે સારવાર લીધી હતી. જેમાં નવા જન્મેલા બાળકોની સંખ્યા ૭૬૯૮ ની હતી. બહારના નવા દર્દીઓની સંખ્યા ૨૧૨૫૮૬ તથા બહારના જુના દર્દીઓની સંખ્યા ૩૨૩૭૪૪ મળી કુલ દર્દીઓની સંખ્યા ૫૩૬૩૩૦ જેટલી થાય છે. પ્રતિદિન સરેરાશ બહારનાં દર્દીઓની સંખ્યા ૧૪૬૯ હતી, ગતવર્ષે આ સંખ્યા ૧૪૬૦ ની હતી. એન્ટીરેબીક સારવાર નવા ૮૪૩૯ અને જુના ૨૨૫૧૯ મળી કુલ ૩૦૯૫૮ દર્દીઓને સારવાર આપેલ. ગતવર્ષે આ સંખ્યા ૨૮૦૬૭ ની હતી. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ખર્ચ રૂા.૭૬૯૮.૯૨ લાખનો થયેલ છે.આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં મેજર ૧૧૮૨૦ અને માઈનોર ૧૨૩૧૫ એમ કુલ ૨૪૧૩૫ ઓપરેશન કરવામાં આવેલ. ગતવર્ષે આ સંખ્યા ૨૪૧૮૦ ની હતી. આ અંગેની માહિતી પત્રક ૮.૧.૩ માં દર્શાવી છે.

<u>ઓપન હાર્ટ સર્જરી વિભાગ (કાર્ડિયોથોરેસીક સર્જરી) :-</u>

ગુજરાતમાં ઓપનહાર્ટ સર્જરીની કોઈ સગવડ ન હતી ત્યારે તા.૨૭/૭/૮૭ના રોજ સૌ પ્રથમ અહીં ઓપનહાર્ટ સર્જરીના ઓપરેશન કરવામાં આવેલ. સને ૯૫ માં સૌ પ્રથમ કોરોનરી બાયપાસ સર્જરીનું ઓપરેશન કરવામાં આવેલ. બહારથી એન્જીઓગ્રાફી કરાવેલ દર્દીનું બાયપાસ સર્જરીનું ઓપરેશન પણ કરવામાં આવે છે. ચાર નિષ્ણાંત સર્જનો દ્વારા અદ્યતન સારવારથી હદય અને ફેફસાનાં ઓપરેશન કરવામાં આવે છે. ઉપરાંત વાલ્વ રીપ્લેસમેન્ટ એ.એસ.ડી.,

વી.એસ.ડી., પેસ મેકર મુકવું બ્રોન્કોસ્કોપીની પણ અહીં વ્યવસ્થા છે. ન્યુ.મોથોરેક્સ,એમ્પાઈમા, લોબેક્ટોચી, ન્યુમોનેકટોચી,લંગ બાયોપ્સી વિગેરે ઓપરેશન કરવામાં આવે છે. આ વિભાગમાં ૧. હાર્ટ લન્ગ મશીન, ૨. ડીફીબ્રીલેટર, ૩. કાર્ડિઆક મોનીટર, ૪. પલ્સ ઓક્સીમીટર, ૫. બ્લડ ગેસ એનાલાઈઝર, ૬. ઈન્ફુઝન પંપ, ૭. થર્મા ડાયલ્યુશન યુનિટ, ૮. વેન્ટીલેટર, ૯.મલ્ટીપેરા મોનીટર , ૧૦. ઈન્ફયુઝન પંપ ટુ ચેનલ મોનીટર, ૧૧. પેરીફરેલ વાસ્ક્યુલર ડોપ્લર, ૧૨. ઈન્ટ્રા એઓર્ટિક બલુન જેવા આધુનિક સાધનો વસાવવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસીગ પ્રોજેકટ દ્વારા રૂા.૨.૮૧ કરોડના ખર્ચે કાર્ડીયો થોરાસીક ઓપરેશન થીયેટરનું રીટ્રોફીટીગ,રીપેરીગ,સેન્ટ્રલ એર કન્ડીશનીગ અને સંપુર્ણ રીનોવેશનના કામો પુર્ણ કરવામાં આવેલ છે.ઓપન હાર્ટ સર્જરી માટેના ઓપરેશન થીયેટર તેમજ પોષ્ટ ઓપરેટીવ વોર્ડ રૂા.૩૧૪.૦૦ લાખના નવા તબીબી સાધનો તેમજ રૂા.૮.૬૪ લાખના નવા ફર્નીચરથી સુસજ્જ કરેલ છે.જેમાં કાર્ડીથોરાસીકસર્જરીને લગતી ઓપન હાર્ટ સર્જરી,બાયપાસ સર્જરી તેમજ વાલ્વ રીપ્લેસમેન્ટ સર્જરી તેમજ થોરેસીક સર્જરીઓ માટે અલગ ઓપરેશન થીયેટર બનાવેલ છે.આ વિભાગ ખાતે બેકઅપ પાવર સપ્લાય આપવા ૧૨૫ કે.વી.એ.કેપેસીટીનો ડી.જી.સેટ તેમજ સ્પ્લીટ એ.સે. રૂા.૧૬.૦૦ લાખાન ખર્ચે ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે.આ વિભાગથી દર્દીની સુવિધામાં વધારો થયેલ છેતેમજ ગુજરાત સરકારના શાળા બાળ આરોગ્ય સારવાર કાર્યક્રમ અંતર્ગત હોસ્પિટલ ખાતે રીફર થયેલ સ્કુલના બાળકોના ઓપરેશન માટેના વેઈટીગ લીસ્ટમાં ઘટાડો થયેલ છે.નવા બનેલા સી.ટી.ઓ.ટી.વિભાગની લોકાર્પણ વિધી માન. મેયર શ્રી અસિતભાઈ વોરાના હસ્તે તા:૨૦/૧૧/૨૦૧૧ ના રોજ કરવામાં આવી.

<u>ન્યુરો મેડીસીન વિભાગ :-</u>

પાંચ નિષ્ણાત તબીબો દ્વારા બહારનાં તેમજ અંદરના દર્દીઓને સારવાર આપવામાં આવે છે. સ્ટ્રોક સ્પેશીયલીસ્ટની સેવાઓ ઉપલબ્ધ છે.મગજના રોગો, વાઈની બિમારી, મગજમાં સોજો આવવો, ગાંઠ હોવી વિગેરેના નિદાન માટે કેરોટીડ એન્જીયોગ્રાફી ઉપરાંત ઈ.ઈ.જી.- ઈ.સી.જી. ની જરૂરી છે. આ વિભાગમાં ૧૬ ચેનલ વાળો ઈ.ઈ.જી. મશીન છે.

<u>રેડીયોલોજી વિભાગ :-</u>

આ વિભાગ રેડીયો ડાયગ્નોસીસ માટેના અદ્યતન સાધનોથી સુસજ્જ કરવામાં આવેલ છે.આ વિભાગમાં બેરીયમ સ્ટડીઝ, ઈન્ટ્રાવીન સપાયલોગ્રાફી, પેરીફેરલ એન્જીયોગ્રાફી વિગેરે ઈન્વેસ્ટીગેશન દ્વારા શરીરનાં જુદાજુદા અવયવોના એક્સ-રે લેવામાં આવે છે. સર્જીકલ ઓ.પી.ડી. વિભાગમાં એક્સ - રે ફિલ્મ પ્રોસેસર મુકવામાં આવેલ છે. કલર ડોપ્લરથી લોહીની નળીઓમાં લોહીના પ્રવાહની માહીતી મેળવી શકાય છે અને વાસ્ક્યુલર સર્જરીમાં સરળતા રહે છે. અલ્ટ્રાસાઉન્ડ પધ્ધતિથી એન્જીયોગ્રાફીની કામગીરીમાં સરળતા રહે છે. યકૃત, બરોળ, સ્વાદુપિંડ, પિત્તાશયની કોથળી, કીડની, પ્રોસ્ટેટ ગ્રંથિ , ગર્ભાશય, અંડબીજ વિગેરેની અલ્ટ્રા સાઉન્ડ પધ્ધતિથી નિદાન કરવામાં આવે છે. આ વિભાગમાં રૂા. દોઢ કરોડના ખર્ચે અદ્યતન હોલ બોડી સ્કેનની વ્યવસ્થા કરવામાં આવી છે.ઉપરાંત તાજેતરમાં ડાહયાભાઈ છોટાભાઈ ચેરીટી ફાઉન્ડેશન ટ્રસ્ટના રૂા.૧૫લાખના દાનથી નવું આઈ.આઈ.ટી.વી.મશીન ખરીદવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૬માં રૂા ૪ કરોડના ખર્ચે કોર્પો.ની લોનમાંથી નવું એમ.ડી.સીમેન્સ ૬૪ સીટી સ્કેન વસાવેલ છે અને નવું ઈમેજ ઈન્ટેશી ફાયર તેમજ એકસ રે મશીન વસાવેલ છે. અહીંયા ટેક્નીશીયન, રેસીડેન્ટ અને રેડિયોલોજીની સેવા ૨૪ કલાક મળી શકે છે.આ સીટી સ્કેનથી સીટી એન્જીયોગ્રાફી ફક્ત ૧૦ સેકન્ડમાં થઈ શકે છે.જેમાં હૃદ્યની કોરોનરી,મગજની કેરોટીડ વર્ટીબલ,પલ્મોનરી,મીઝેન્ટ્રીક અને પેરીફેરલ એન્જીઓગ્રાફીનો સમાવેશ થાય છે.અને રોગોના નિદાનમાં ઘણું ઉપયોગી છે.આ સીટી સ્કેનથી હાડકામાં રહેલ

કેલ્શીયમનું પ્રમાણ (બોનડેન્શીટી)જાણી શકાય છે.ઓસ્ટેઓ પોરોસીસના વહેલા નિદાનમાં ઉપયોગી છે.તેમજ રેડીયોલોજી વિભાગમાં રૂા.૨૬ લાખના ખર્ચે મેમોગ્રાફી મશીન વસાવેલ છે.બ્રેસ્ટ કેન્સરની નાનામાં નાની થતી ગાંઠનું નિદાન આ મશીન દ્વારા રાહત દરે શકય બનેલ છે.બ્રેસ્ટ કેન્સરના સ્ક્રીનીંગ માટે તેમજ હેલ્થ ચેકઅપ માટે આવતા મહિલા દર્દીઓની બ્રેસ્ટ કેન્સરના પ્રાથમિક સ્ક્રીનીંગ માટે આ મશીન અત્યંત ઉપયોગી છે. જે અંગેની વિગતવાર માહિતી પત્રક ૮.૧.૪ માં દર્શાવી છે.

<u>ન્યુક્લીયર મેડીસીન વિભાગ :-</u>

આ વિભાગમાં થાઈરોઈડ અને અંતઃસ્ત્રાવને લગતાં લોહીનાં ટેસ્ટ જેવાં કે સીરમ ટી–૩, ટી-૪, ટી.સી.એચ., સીરમ એફ.એસ.એચ.,એલ.એચ.,પ્રોલેક્ટીન,બીટા એચ.સી.જી.,યુરીનરી માઈક્રો આલ્બ્યુમીન કરવામાં આવે છે. ઉપરાંત ટી.બી.ની તપાસ માટે ટયુબરકલ આઈ.જી.જી.આઈ.જી.એમ. ટેસ્ટ કરવામાં આવે છે.હાલમાં એઈડઝના રોગ માટે અત્યંત સંવેદનશીલ ટેસ્ટ વેસ્ટર્ન બ્લોટ શરૂ કરવામાં આવ્યો છે. ભારત સરકાર સી.એસ.આઇ.આર. નવી દિલ્હીના નેજા હેઠળ ટેકનોલોજી નેટવર્ક અને બીઝનેસ ડેવલેપમેન્ટ વિભાગ શરૂ કરેલ છે તેના દ્વારા હાલમાં જુદી જુદી હર્બલ દવાઓ જેમકે હળદર,આમળાં તથા અન્ય દવાઓનાં ડાયાબીટીસના દર્દીઓમાં પ્રયોગ કરવામાં આવે છે.એન્ડોક્રાઇનને લગતું રીસર્ચ પણ અહિં કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૫૫૮ વ્યક્તિઓને ઈ.સી.ટી. સારવાર તથા ૩૦૩૯૩ વ્યક્તિઓને ઈ.સી.જી. સારવાર, ૪૯૫ વ્યક્તિઓને ઈ.ઈ.જી. સારવાર આપવામાં આવી છે. હીમોડાયાલીસીસના ૩૧૬૪ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૫ માં દર્શાવી છે.

<u>ફિઝીયોથેરાપી વિભાગ :-</u>

અહેવાલી વર્ષમાં ૪૨૨૦૦ દર્દીઓને ડાયાથર્મી, ૩૧૨૦૦ દર્દીઓને મેડીકલ કરંટ, ૩૦૦૦ દર્દીઓને અલ્ટ્રાવાયોલેટ કિરણ, ૪૨૩૦ દર્દીઓને હાઈડ્રો થેરેપી, ૨૦૧૮૦૦ દર્દીઓને કસરત થેરોપી તથા ૨૧૬૫૮ દર્દીઓને આઈ.એફ.ટી અને લેસરની સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૬ માં આપી છે.

<u>ઓર્થોપેડીક વિભાગ :-</u>

હાડકા અંગેની સારવારમાં આ હોસ્પિટલ ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થવાથી દર્દીઓની સારવાર માટે ત્રણ વોર્ડ રાખવામાં આવેલ છે. આ વિભાગમાં આંગળાનાં સાંધાની માઈક્રો સર્જરી કરવામાં આવે છે. ઉપરાંત સાંધા બદલવાના , ઘૂંટણનો સાંધો , થાપાનો સાંધો બદલવાના ઓપરેશન કરવામાં આવે છે. આ વિભાગમાં બે ઈમેજ ઈન્ટેન્સીફાયર ટી.વી.યુનિટ દ્વારા ચોકસાઈપૂર્વક સફળ ઓપરેશન કરી શકાય છે.જેનાથી દર્દીઓને ખૂબજ રાહત થાય છે.

<u>વોલેન્ટરી બ્લડ બેંક :-</u>

ઓપરેશનના દર્દીઓને લોહીની જરૂર પડતાં યોગ્ય ગ્રુપનું લોહી પુરૂ પાડવાની જવાબદારી બ્લડ બેંક ઉપાડે છે. દર્દીઓના સગાએ દર્દીને અપાયેલ લોહી રીપ્લેસ કરવાનું હોય છે. છતાં જો દર્દીનાં સગા લોહી રીપ્લેસ ન આપે તો બ્લડ બેંકમાં લોહીનો પુરવઠો જાળવવાનું મુશ્કેલ બને છે. આ માટે વોલન્ટરી બ્લડ બેંક , ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની મદદથી, વિમા કંપની, મીલો, શાળા કોલેજ, બેંકો, સોસાયટીઓ તથા શહેરનાં વિસ્તારો તથા બહારગામથી આઉટડોર ટેપીંગ કરી લોહીની બોટલો પ્રાપ્ત કરી હોસ્પિટલ માટે લોહીનો જરૂરી પુરવઠો જાળવી રાખવામાં આવે છે. લોહીની બોટલો જાળવી

રાખવા બ્લડ સ્ટોરેજ કેબીનેટની વ્યવસ્થા કરવામાં આવી છે.આ વિભાગમાં બ્લડ, કોમ્પોનન્ટ સેપરેશન યુનિટમાં નાકો તરફથી રૂા.૨૨લાખની સાધન સામગ્રી મળેલ છે.આ સુવિધાથી દર્દીને જરૂરિયાત પ્રમાણે રક્તના ઘટકો જેવાકે રક્તકણ,ત્રાકકણ,પ્લાઝમા વિ.વિના મૂલ્યે આપવામાં આવે છે. સ્વૈચ્છિક રકતદાન વધુ મળી રહે તે માટે માનનીય સંસદ સભ્યશ્રી કે.જના.કિષ્નામૂર્તિની એમ.પી.ની રૂા.૧૫ લાખની ગ્રાન્ટમાંથી મોબાઈલ બ્લડ કલેકશન વાન ઉપલબ્ધ કરવામાં આવી છે.તેમજ રૂા.૧૩ લાખની ગ્રાન્ટમાંથી ઓટો બ્લડ સેલ કાઉન્ટર હિમોમીક્ષચર ટયુબસીલર વસાવવામાં આવેલ છે. રક્તદાતાના લોહીનો ઓસ્ટ્રેલીયા એન્ટીજન , એચ.આઈ.વી., વી.ડી.આર.એલ. અને એમ.પી.માટે ટેસ્ટ કરવામાં આવે છે.પેથોલોજી વિભાગમાં બ્લડનાં જુદા જુદા ટેસ્ટ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં રીપ્લેસમેન્ટ દ્વારા ૩૫૩૨બોટલ્સ બ્લડ પ્રાપ્ત કરવામાં આવ્યુ. જયારે સ્વૈચ્છિક રક્તદાન દ્વારા ૧૧૨૭૭ બોટલ્સ બ્લડ મેળવવામાં આવેલ. કુલ ૮૫ બોટલ્સ લોહી દર્દીઓને આપવામાં આવ્યું હતું. આ અંગેની વિસ્તૃત માહિતીપત્રક ૮.૧.૭ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં પોસ્ટ પાર્ટમ યુનિટ (કુટુંબ કલ્યાણ કેન્દ્ર) દ્વારા વાઝેક્ટોમીના ૦૨ ઓપરેશન તથા ટયુબેકટોમીના ૪૦૩ ઓપરેશન કરવામાં આવ્યા છે. ૭૬૯ બહેનોએ આંકડી મુકાવી છે. તથા ૧૦૭૬૦ વ્યક્તિઓએ કોન્ટ્રાસેપ્ટીવનો ઉપયોગ કરેલ છે. ૬૯૫૨ વ્યક્તિઓએ ઓરલ ગોળીઓ લીધી છે.કેન્દ્ર સરકારની આર્થિક સહાયથી કુટુંબ કલ્યાણ કેનદ્ર તા:૦૧/૦૪/૧૯૫૭ થી શરૂ કરવામાં આવેલ છે.

પથારી દીઠ દૈનિક ખર્ચ અહેવાલી વર્ષમાં રૂા.૨૪૮૨ થવા પામેલ છે. અહેવાલી વર્ષમાં વ્યક્તિ અગર સંસ્થા તરફથી મળેલ દાન અને ભેટની વિગત પત્રક ૮.૧.૮ માં દર્શાવી છે તથા દર્દી દીઠ દૈનિક સરેરાશ ખર્ચ પત્રક ૮.૧.૯ માં દર્શાવેલ છે. અહેવાલી વર્ષમાં રૂા.૧૨૨૬.૫૦ લાખની આવક થઈ છે. જયારે અહેવાલી વર્ષમાં કુલ ખર્ચ રૂા. ૭૬૯૮.૯૧ લાખનો થયો છે. તેની માહિતી પત્રક ૮.૧.૧૦ માં દર્શાવી છે.

સને ૧૯૭૦ થી ઈમરજન્સી વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. જયાં પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી ધરાવતાં ડોક્ટર્સ સતત ૨૪ કલાક ફરજ પર હાજર રહે છે. સને ૧૯૭૨ થી શરૂ કરાયેલ આઈ.સી.સી.યુ. વિભાગને ૧૯૯૭ માં વાતાનુકુલિત બનાવી અદ્યતન સાધનોથી સજ્જ કરવામાં આવ્યો છે, અહી સેન્ટ્રલ કોન્સોલ સીસ્ટમ દ્વારા દર્દીને તુર્ત જ ૨૪ કલાક યોગ્ય સારવાર મળી શકે છે. અહીં દર્દીની આવક પ્રમાણે ચાર્જ લેવાય છે. ગેસ્ટ્રો એન્ટરોલોજી વિભાગમાં, ગાયનેક વિભાગ, ઓબસ્ટ્રેટીક્સ, મેડીસીન, પીડીયાટ્રીક્સ, ન્યુરોસર્જરી, ઈ .એન. ટી., પીડીયાસ્ટ્રીક સર્જરી જેવા અન્ય વિભાગ પણ આવેલ છે.મેડીસીન વિભાગમાં પલ્યોનરી ફંકશન સુવિધા ઉપલબ્ધ છે.

શેઠ વી.એસ.હોસ્પિટલમાં નાકો અને અ.મ્યુ.કોર્પોરેશન એઇડસ કન્ટ્રોલ સોસાયટીની ગ્રાંટમાંથી નીચે જણાવેલ પ્રોજેકટ ચાલી રહયો છે.

૧.સ્વૈચ્છિક એચ.આઇ.વી.ટેસ્ટની તપાસ વિના મૂલ્યે કરવામાં આવે છે.તેમજ એચ.આઇ.વી.પોઝીટીવ વ્યકિતઓના કાઉન્સેલીગ કરવામાં આવે છે.(વી.સી.ટી.સી.ગ્રાન્ટ)હેઠળ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કાઉન્સેલીગની સંખ્યા ૬૪૨૪

૨.પ્રસૂતા સ્ત્રીમાં એચ.આઇ.વી.પોઝીટીવ હોય અને જન્મનાર બાળકમાં ન આવે તે માટે દવાઓ વિના મૂલ્યે પ્રસુતિ વિભાગમાં પુરી પાડવામાં આવે છે.પી.પી.ટી.સી.ટી.ગ્રાંટ અંતર્ગત વર્ષ દરમ્યાન થયેલ ટેસ્ટની સંખ્યા ૭૪૪૩

૩. એચ.આઇ.વી.પોષ્ટ એક્સપોઝર થેરાપી માટે અને એઇડસ ઓપર્ચ્યુનીકટીક ઇન્ફેકશન માટે એન્ટી રીટ્રો વાઇરલ દવાઓ મેડીકલ વિભાગમાં વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે.(ઓ.આઇ.અને પીઇપી ગ્રાંટ)૪૨૭૮

૪. એચ.આઇ.વી.અને વી.અને વી.ડી.આર.એલ.ટેસ્ટ માટે કીટ સ્કીન વિભાગમાં વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે(વી.સી.ટી.સી.ગ્રાંટ).વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ટેસ્ટની સંખ્યા ૬૫૦

પત્રક ૮.૧.૧
વિભાગવાર પથારીઓનું વર્ગીકરણ

અ.નં	વોર્ડનું નામ	પથારીની સંખ્યા	અ.નં.	વોર્ડનું નામ	પથારીની સંખ્યા
૧	મંડિકલ વોર્ડ-૧	૩૮	૨૧	પિડિયાટ્રીક વોર્ડ નં.૧૩	૫૫
૨	મેડિકલ વોર્ડ-૨	૩૮	૨૨	નીયોનેટલ	૩૫
૩	મેડિકલ વોર્ડ- ૧૦ અને ૧૦ એ	૮૦	૨૩	સ્કીન વોર્ડ	૧૬
૪	વોર્ડ-૭ (પુરૂષ) અને ૮ સ્ત્રી (જૈન)	૨૬	૨૪	સાયકયાટ્રી વોર્ડ	૧૮
૫	મેડિકલ મેઇલ(એમ.એમ.એસ.)	૧૨	૨૫	લેબરરૂમ	૧૮
૬	સર્જીકલ વોર્ડ-૪	૩૮	૨૬	મેટરનીટી વોર્ડ નં.૧ થી ૪	૬૩
૭	સર્જીકલ વોર્ડ-૧૧	૬૦	૨૭	મેટરનીટી વોર્ડ નં ૫ થી ૬	૨૮
૮	સર્જીકલ વોર્ડ-૧૨	૬૦	૨૮	ફેમીલી પ્લાનીગ વોર્ડ	૩૩
૯	સર્જીકલ વોર્ડ-૧૫	૪૪	૨૯	ગાયનેક વોર્ડ	૪૪
૧૦	ઓર્થો વોર્ડ -૩	૩૬	૩૦	પીડીયાટ્રીક સર્જરી વોર્ડ	૩૦
૧૧	ઓર્થો વોર્ડ-૯	૪૦	૩૧	સી.એમ.એચ.સ્પે.રૂમ	૧૩
૧૨	હેન્ડ સર્જરી વોર્ડ	૧૨	૩૨	સર્જીકલ ગેસ્ટ્રોલોજી વોર્ડ	
૧૩	સર્જીકલ સ્પે. વોર્ડ-૫	૪૭	૩૩	મેડીકલ ગેસ્ટ્રોલોજી વોર્ડ	
૧૪	સર્જીકલ વોર્ડ-૬	૩૯	૩૪	સી.એમ.એચ.સ્પે.વોર્ડ	૪૩
૧૫	સીટી પોસ્ટ ઓપ (ઓ.એચ.)વોર્ડ-૧૫	૧૨	૩૫	સ્પે.સેમી	૬
૧૬	આઇ.સી.સી.યુ	૧૦	૩૬	આરોગ્ય ભુવન	૩૦
૧૭	કેથલેબ, કાર્ડિયોલોજી વોર્ડ,પોષ્ટ કેથલેબ વોર્ડ	૮	૩૭	ઇમરજન્સી મેડીસીન ટ્રોમા સેન્ટર	૪૦
૧૮	વોર્ડ નં. -૧૪- કાર્ડિયોલોજી, ન્યુરોલોજી, એન્ડોક્રિનોલોજી	૪૨			
૧૯	સ્પે.રૂમ એ-	૧૬	કુલ		૧૧૫૫
૨૦	સ્પે.રૂમ બી-	૭			

૧	શેઠ.વા.સા.જનરલ હોસ્પિટલ	૭૬૬
૨	શેઠ ચિનાઇ પ્રસુતિ હોસ્પિટલ	૩૧૯
૩	આરોગ્ય ભુવન	૩૦
૪	ઇમરજન્સી મેડીસીન	૪૦
	કુલ-	૧૧૫૫

પત્રક ૮.૧.૨
ઈન્ડોર અને આઉટડોર વિભાગમાં સારવાર આપેલ દર્દીઓની માહિતી

અ.નં.	વિભાગ	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧.	અંદરના દર્દી તરીકે સારવાર આપેલ દર્દીની સંખ્યા	૫૫૨૧૮	૫૭૮૬૩
૨.	નવા જન્મેલા બાળકોની સંખ્યા	૬૦૧૨	૭૬૯૮
૩.	ટી.બી.ઓ.પી.ડી.		
	ઓપીડીના નવા દર્દીઓની સંખ્યા	૨૦૭૮૮૧	૨૧૨૫૮૬
	ઓપીડીના જુના દર્દીઓની સંખ્યા	૩૨૪૯૬૩	૩૨૩૭૪૪
	ઓપીડીના નવા જુના દર્દીઓની કુલ સંખ્યા	૫૩૨૭૮૧	૫૩૬૩૩૦
	ઓપીડીના નવા જુદા દર્દીઓની દૈનિક સંખ્યા	૧૪૬૦	૧૪૬૯
	એન્ટીરેબીક સારવાર		
	અ) નવા દર્દીઓની સંખ્યા	૮૭૧૧	૮૪૩૯
	બ) જુના દર્દીઓની સંખ્યા	૧૯૩૫૬	૨૨૫૧૯

ઓપરેશનની વિગતો દર્શાવતું પત્રક

અ.નં.	વિગત	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧.	મેજર ઓપરેશનની સંખ્યા	૧૧૫૭૨	૧૧૮૨૦
૨.	માઈનોર ઓપરેશનની સંખ્યા	૧૨૮૧૪	૧૨૩૧૫
	કુલ ઓપરેશનની સંખ્યા	**૨૪૩૮૬**	**૨૪૧૩૫**

પત્રક ૮.૧.૩
ઓપરેશનની વિગતો દર્શાવતુ પત્રક

અ.નં.	ઓપરેશનની વિગત	૨૦૧૨-૧૩		૨૦૧૩-૧૪	
		મેજર	માઈનોર	મેજર	માઈનોર
૧	૨	૩	૪	૫	૬
૧.	ઓબ્સ્ટ્રે. અને ગાયનેક	૩૭૩૨	૫૬૭	૩૯૫૧	૬૯૫
૨.	જનરલ સર્જરી	૨૩૭૦	૧૮૦૪	૨૩૭૪	૧૭૩૭
૩.	ઓથોપેડિક સર્જરી	૨૧૫૬	૯૫૦	૨૧૮૫	૭૮૦
૪.	ઈ .એન.ટી. સર્જરી	૩૪૬	૧૨૩૬	૨૮૦	૧૩૨૬
૫.	ગેસ્ટ્રો એન્ટ્રોલોજી	૨૦૨	૨૦૩૪	૨૦૭	૨૧૪૭
૬.	પ્લાસ્ટીક સર્જરી	૭૪૬	૪૬૦	૮૧૯	૫૬૩
૭.	કાર્ડિયોથોરેસીક સર્જરી	૮૧૨	૩૪૭	૪૩૬	૩૩૯

૮.	ન્યુરો સર્જરી	૨૦૨	૧૬૫	૭૩૮	૧૭૩
૯.	ઓપન હાર્ટ ઓપરેશન	૪૯૨	-	૧૦૮	-
૧૦.	બીટીંગ હાર્ડ	-	-	૪૧	-
૧૧.	રી-એકસપલોરેશન	-	-	૧૪	-
૧૨.	કેજ્યુલીટી ઓપરેશન	-	૨૮૪૦	-	૧૮૯૨
૧૩.	પીડીયાટ્રીક સર્જરી	૪૯૨	૪૩૩	૬૬૭	૫૭૭
૧૪.	ડેન્ટલ સર્જરી	-	૧૭૯૪	-	૨૦૮૬
	કુલ	**૧૧૫૫૦**	**૧૨૬૩૦**	**૧૧૮૨૦**	**૧૨૩૧૫**

પત્રક ૮.૧.૪

કાર્ડિયોલોજી, હેમો ડાયાલીસીસ અને ન્યુરો મેડીસીન તથા ઈ.સી.ટી., ઈ.સી.જી. તેમજ રેડિયોલોજી વિભાગની કામગીરી દર્શાવતુ પત્રક

અ.નં.	વિગત	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
અ	**કાર્ડિયોલોજી વિભાગ**		
૧.	પેસમેકર (પરમેન્ટ)	૨૯	૨૮
૨.	૨- ડી ઈકો	૧૧૩૧૯	૧૧૬૮૫
૩.	કાર્ડિયોવર્ઝન	૧૮	૨૫૭
૪.	ટ્રેડ મીલ એક્સરસાઈઝ ટેસ્ટ	૫૩૮	૩૮૬
૫.	હોલ્ટર ટેસ્ટ	૧૩	૪૨
બ	**હેમો ડાયાલીસીસની વિગત**		
	૧. હેમોડાયાલીસીસ	૫૯૨૩	૩૧૬૪
	૨. પ્લાઝમર ફેરેસીસ ડાયાલીસીસ	૧૭૫	૨૦૬
ક	**ન્યુરો મેડીસીન વિભાગ**		
	૧. ઈ.ઈ.જી.	૧૩૭૨	૪૯૫
ડ	**ઈ.સી.ટી. અને ઈ.સી.જી. વિભાગ**		
	૧. ઈ.સી.ટી. સારવાર લેનાર દર્દીની સંખ્યા	૬૮૨	૫૫૮
	૨. ઈ.સી.જી. લેવામાં આવ્યાં હોય તેવા દર્દીઓ	૩૧૬૫૬	૩૦૩૯૩

પત્રક ૮.૧.૫
ન્યુક્લીયર મેડીસીન વિભાગની આંકડાકીય માહિતીનું પૃથ્થકરણ

અ.નં.	વિગત	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧.	ટી-૩ અને ટી-૪ (આર.આઈ.એ.ટેકનિક)	૨૮૩૮	૨૫૫૯
૨.	ટી.એસ.એચ.	૧૧૮૭૪	૧૨૬૬૧
૩.	એફ.એસ.એચ.	૩૫૫	૫૪૭
૪.	એલ.એચ.	૩૨૧	૪૯૬
૫.	પી.આર.એલ.	૨૯૬	૪૧૯
૬.	એ.પી.એલ.	૧૬૫	-
૭.	થાઈરોઈડ એન્ટી બોડીઝ	૩૪૧	-
૮.	ફી.ટી. ૪	૨૪૬૯	૨૪૧૯
૯.	ફી.ટી.૩	૧૯૮૫	૩૦૯૫
૧૦.	પી.એસ.એ.	૪૩૩	૨૭૧
૧૧.	એ.એન.એ.	૧૧૫૮	૭૪૭
૧૨.	એન્ટી ફોસ્કોલીપીડ એન્ટીબોડી (એપીએલએ)	-	૦૪
૧૩.	એ.એન.એ.બ્લોટ	૧૪૨	૮૬
૧૪.	એન્ટી ટીજી	-	૩૧૫
૧૫.	એન્ટી ટી.પી.ઓ.	-	૩૧૧

પત્રક ૮.૧.૬
ફિઝીયોથેરાપી વિભાગની આંકડાકીય માહિતી દર્શાવતુ પત્રક

અ.નં.	વિભાગ	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧.	ડાયાથર્મી આપેલ દર્દીઓની સંખ્યા	૩૮૨૦૦	૪૨૨૦૦
૨.	મેડીકલ કરંટ આપેલ દર્દીઓની સંખ્યા	૨૧૮૦૦	૩૧૨૦૦
૩.	અલ્ટ્રાવાયોલેટ કિરણ આપેલ દર્દીઓની સંખ્યા	૨૦૧૦	૩૦૦૦
૪.	હાઈડ્રોથેરેપી	૩૬૧૨	૪૨૩૦
૫.	અલ્ટ્રા સોનીક	૨૧૫	૪૪૫
૬.	કસરત થેરાપી	૧૦૭૦૦૦	૨૦૧૮૦૦
૭.	આઈ.એફ.ટી.અને લેસર	૧૯૮૮૪	૨૧૬૮૫
૮.	ઇ.એમ.જી.	૮૫૦	૯૪૫
૯.	પી.એફ.ટી.	૭૮૫	૮૩૩

પત્રક ૮.૧.૭
વોલન્ટરી બ્લડ બેંકની માહિતી દર્શાવતુ પત્રક

અ.નં.	વિભાગ	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧.	રીપ્લેસમેન્ટ દ્વારા પ્રાપ્ત કરેલ બ્લડ બોટલ્સ/બેગ્સ	૨૩૪૩	૩૫૩૨
૨.	સ્વૈચ્છિક રક્તદાન દ્વારા મેળવેલ બ્લડ બોટલ/બેગ્સ	૯૪૪૭	૧૧૨૭૭
૩.	લોહી આપવામાં આવ્યુ હોય તેની સંખ્યા	૫૫૯	૮૫
૪.	બ્લડ કોમ્પોનેન્ટ બનાવ્યા	૨૯૪૪૨	૩૪૨૬૮
૫.	બ્લડ કોમ્પોનેન્ટ આપ્યા	૨૬૯૬૨	૩૩૧૭૯
૬.	એચ.આઇ.વી.	૧૨૦૯૦	૧૪૮૦૯
૭.	એચ.સી.વી.	૧૨૦૯૦	૧૪૮૦૯
૮.	વી.ડી.આર.એલ.	૧૨૦૯૦	૧૪૮૦૯
૯.	એચ.બી.એસ.એ.જી.	૧૨૦૯૦	૧૪૮૦૯
૧૦.	રક્તદાતાના બ્લડ ગ્રુપની સંખ્યા	૧૨૦૯૦	૧૪૮૦૯
૧૧.	દર્દીના બ્લડ ગ્રુપની સંખ્યા	૪૭૯૧૦	૪૪૩૮૬
૧૨.	બ્લડ ડોનેશન કેમપ્રી સંખ્યા	૪૬	૩૧

પત્રક ૮.૧.૮
ભેટ (દાન) મળેલ ચીજ વસ્તુઓની વિગત દર્શાવતું પત્રક ૨૦૧૩-૧૪

અ.નં	દાતાનું નામ	દાનમાં મળેલ વસ્તુ	જથ્થો
૧	મેધાબેન ચિતલીયા	સીલ્વર નાઇટ્રેટ જેલ (૨૪૦ ગ્રામ)	૧૬૩ નંગ
૨	સદગુરૂ હિન્દુકલા ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ	લાઇટ સોર્સ ટવીન બલ્બ એફ.ઓ.કેબલ ઇમ્પોટેડ હેડ બેન્ડ	૦૧ નંગ ૦૧ નંગ ૦૧ નંગ
૩	રાજુભાઇ ઠક્કર	દિવાલ ઘડિયાળ	૦૧ નંગ
૪	સિરાલીબેન / મનાલીબેન/ રિધ્ધીબેન અને રાજીબેન (પ્રેરક જીતુભાઇ શાહ)	વોટર કુલર	૦૧ નંગ
૬	જયંતિલાલ ચીમનલાલ શાહ	વોટર કુલર	૦૧ નંગ

૦જી હેઠળ ગરીબ દર્દી અનામત ખાતે મળેલ કુલ દાનની રકમ રૂા.૭૫,૪૪૦/-
દાન આપનાર દાતાશ્રીઓની યાદી

અ.ન.	વિગત	૨૦૧૩-૧૪
૧.	ચારૂલભાઇ ડી. વક્તા	૩૭,૧૧૪
૨.	મુક્તીયાદ એ. સૈયદ	૫,૦૦૦
૩.	હુસેન એમ. શેખ	૨,૦૦૦
૪.	ગીતાબેન દેવન્દ્રકુમાર સોલંકી	૫,૦૦૧
૫.	કિરીટભાઇ કે. શાહ	૨,૦૦૦
૬.	સોનલબેન એમ. પટેલ	૯,૬૨૫
૭.	ગૌરાંગકુમાર પી. પટેલ	૧૦,૦૦૦
૮.	મંજુલાબેન છોટાલાલ પારીખ	૫,૦૦૦

પત્રક ૮.૧.૯
દર્દી દીઠ સરેરાશ દૈનિક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

(રૂા.માં)

અ.નં.	વિભાગ	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧.	એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ	૨૭૦૬	૨૩૩૯
૨.	દવા, ઈન્જેક્શન એપ્લા. ખર્ચ	૨૮૬	૯૧
૩.	ખોરાક ખર્ચ	૩૬	૨૫
૪.	કાપડ અને ધોવરામણ ખર્ચ	૦૭	૦૨
૫.	બીજા ખર્ચ	૨૦૦	૨૫
	કુલ		
૬.	નિયત પથારીની સંખ્ય પ્રમાણે પથારી દીઠ દૈનિક ઈન્ડોર દર્દીની સરેરાશ સંખ્યા	૩૨૩૫	૨૪૮૨
૭.	અંદરના દર્દીઓની પથારીની સંખ્યા	૧૧૫૫	૧૧૫૫
૮.	કુલ ખર્ચ(લાખમાં)	૯૪૪૫.૧૮	૭૬૯૮.૯૨

૮.૨ શ્રીમતી શા.ચી.લા.મ્યુનિ.જનરલ હોસ્પિટલ
વર્ષઃ૨૦૧૩-૨૦૧૪

શેઠ શ્રી ચીમનલાલ લાલભાઇ તરફથી મળેલ રૂા.૨૫૦૦૦૧/- દાનથી શરૂ કરવામાં આવેલ શ્રીમતી શા.ચી.લા.મ્યુનિ.જન.હોસ્પિટલ અમદાવાદ શહેરનાં ઔધોગિક તેમજ મજુર વિસ્તારવાળા રહીશો, ઉપરાંત રાજય અને તેની સંલગ્ન આવેલા રાજયો બહારનાં દર્દી માટે આશીર્વાદ રૂપ છે. તા.૨૮/૧૧/૧૯૫૯ નાં રોજ ભારતનાં વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુનાં વરદ હસ્તે ખુલ્લી મુકાયેલ આ હોસ્પિટલે ૫૪ વર્ષ પુરા કરી ૫૫ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ૧૯૬૩ સુધી આ હોસ્પિટલમાં ૮૦ પથારી હતી. જેમાં ઉત્તરોતર જરૂરીયાત પ્રમાણે વધારો કરી પ્રસુતિગૃહમાંથી વિકસેલ આજે ૪૯૦ ટીચીંગ+ ૧૩૦ ક્લીનીકલ બેડ મળીને કુલ ૬૨૦ પથારી ધરાવતી એક જનરલ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તબીબી શિક્ષણ આપતી જનરલ હોસ્પિટલ છે. હાલમાં હોસ્પિટલમાં નીચે મુજબની તબીબી સેવાઓ ઉપલબ્ધ છે.

૧	સર્જીકલ	૩ યુનિટો
૨	મેડીકલ	૩ યુનિટો
૩	ઓબ્સટ્રેટીકસ એન્ડ ગાયનેકોલોજી	૩ યુનિટો
૪	પીડીયાટ્રીકસ	૨ યુનિટો

આ ઉપરાંત ઓર્થોપેડીક વિભાગ, બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી, નાક-કાન-ગળાનાં દર્દીઓ માટે ઇ.એન.ટી.વિભાગ, આંખ વિભાગ, માનસિક રોગોના દર્દીઓ માટે સાઇકીયાટ્રી વિભાગ, ચામડીના દર્દી માટે ડર્મેટોલોજી વિભાગ, ઇમરજન્સી વિભાગ, એકસ-રે વિભાગ, પેથોલોજી લેબોરેટરી,બ્લડ બેન્ક, ડેન્ટલ,નર્સિંગ સકૂલ,આર્યુવેદીક વિભાગ,એઇડઝ વિભાગ તથા ઓડીયોલોજી એન્ડ સ્પીચથેરાપી વિભાગની સેવાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

<u>સને ૨૦૧૩-૧૪માં જુદાં જુદાં વિભાગો માટે નીચેના ઇન્સટ્રુમેન્ટસ વસાવવામાં આવેલ છે.</u>

Medicine Department
- E.C.G. Machine – 4 Unit – Rs.71,400/-

Central sterilizer Department
- Horizontal, Ractangular high pressure steam sterilizer (small)- 2 unit – Rs.21,44,459/-

Padiatric department
- Pulse Oxymeter – 18 Unit- Rs.5,84,460/-
- Bubble C pap – 1 Unit – Rs.4,80,000/-
- T- Piece Resuscitator – 1 Unit – Rs.1,57,740/-
- LED Double surface Phototherapy – 8 Unit – Rs.6,72,000/-
- Syringe Pump – 15 Unit Rs.6,14,250/-
- Infustion Pump – 6 Unit – Rs.4,34,700/-

Plastic department
- Electric dermatome with Skin graft meshar – 1 Unit – Rs.8,80,425/-
- Handle for Skin Grafting Blade – 2 Unit Rs. 1,46,580/-
- Micromotor drill with all attachment – 1 Unit – Rs.9,74,809/-

Ortho department

- C- ARM IITV machine – 1 Unit – Rs.12,78,675/-
- Electric Hand Drill system – 1Unit - Rs.1,82,385/-
- Impontent battery operated drill system with all attachment – 1 Unit – Rs.6,34,200/-

ENT Department

- cold Light Source Xenon – Unit – Rs.1,53,300/-
- Digital Audiometer – 1 Unit – Rs. 3,56,905/-
- Bera & ASSR Machine – 1 Unit – Rs. 7,87,500/-
- Digital Video endostroboscpe – 1 Unit – Rs.23,03,990/-

Radiology Department

- Toshiba color doppler ultrasound scanner (4D color doppler)- 1 unit – Rs.47,00,000/-

Gynec Department

- Operating microscope with monitor with std. objective lens F-250mm – 1 Unit – Rs.11,70,035/-
- Hysteroscopy (30^0) – 1 Unit – Rs.2,88,000/-
- Xenon Light Source – 2 Unit – Rs.4,20,000/-
- Under woter hitting bipolar cautery with instrument SET – 1 Unit- Rs.7,24,500/-
- HD Three chip camera with xenon light source and medical grade monitor – 1 Unit – Rs.16,01,250/-
- HD 3 chip endoscope camera- 1 Unit – Rs.12,99,999/-
- LED Medical Grade Monitor – 1 Unit – Rs.3,58,800/-
- Multipara monitor - 2 Unit – Rs.1,70,000/-

Anaesthesia Department

- Biphasic Defibrilator with Monitor - 4 Unit - Rs.6,16,680/-
- oxygenAnalyser – 1 Unit – Rs.36000/-
- Multipara Monitor with $ETCO_2$ - 4 Unit – Rs.8,24,000/-

Surgical Department

- Multipara monitor - 3 Unit – Rs.2,55,000/-
- LED Medical Grade Monitor – 1 Unit – Rs.3,58,800/-
- Multipara Monitor with Central Moniroing System – 8Unit - Rs.6,47,619/-
  -1 Unit – Rs.1,23,809/-

Skin Department

- Computerised Puva Chamber – 1 Unit – Rs.7,87500/-
- Microdebrider – 1 Unit – Rs.10,15,174/-
- Patient derma chair – 1 Unit - Rs.72,450/-

Palmonary Department

- Pulse Oxymeter – 1 Unit – Rs.32,470/-

આમ દિન પ્રતિદિન વધતા જતા શહેરીકરણ તથા વહેપારીકરણનાં માહોલમાં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત આ હોસ્પિટલ દ્વારા રાહતના દરે અપાતી તબીબ સેવાઓ આ વિસ્તારની જનતા માટે ખુબ આશીર્વાદરૂપ છે.

આ વર્ષ દરમ્યાન કુલ આવક રૂા.૨,૧૦,૧૨,૨૩૨(અંકે રૂપિયા બે કરોડ દસ લાખ બાર હજાર બસ્સો બત્રીસ પુરા) થયેલ છે. જ્યારે ખર્ચ રૂા.૨૨,૨૬,૮૫,૫૧૮/-(અંકે રૂપિયા બાવીસ કરોડ છવ્વીસ લાખ પંચયાસી હજાર પાંચસો અઢાર પુરા)થયેલ છે.

હોસ્પિટલનાં વિકાસ તથા તેની ઉચ્ચ કક્ષાની કાર્યક્ષમતા દાનવીરો અને સદગૃહસ્થોની દુરંદેશી, ચુંટાયેલ પાંખ તથા વહીવટી પાંખની સનિષ્ઠ કુશળ કામગીરી, તબીબોની કાર્ય પરાયણ નર્સિંગ સ્ટાફની લાગણીસભર અન્ય કર્મચારી ભાઈ-બહેનોની સેવાનાં પ્રદાનને આભારી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શ્રીમતી શા.ચી.લા. જનરલ હોસ્પિટલ સરસપુર અમદાવાદ.૧૮
અહેવાલી વર્ષમાં હોસ્પિટલની કામગીરી વિસ્તૃત આંકડાકીય માહિતી
તા.૦૧/૦૪/૨૦૧૩ થી તા.૩૧/૦૩/૨૦૧૪

અ.નં	હોસ્પિટલના જુદા જુદા વિભાગો	૨૦૧૩-૨૦૧૪
૧	પથારીની સંખ્યા	૬૨૦
૨	ઓ.પી.ડી વિભાગ માહિતી (અ) નવા દર્દીઓ (બ) જુના દર્દીઓ કુલ દર્દીઓઃ- (ક) ઓ.પી.ડી. ના સરેરાશ દૈનિક દર્દીઓ (ડ) બહારના દર્દીઓના દવા આપી તેના દિવસો (ઇ) બહારના દર્દીઓની સરેરાશ દિવસમાં આપેલ દવાઓ	 ૧,૨૯,૬૯૯ ૩,૫૯,૪૨૯ ૪,૮૯,૧૨૮ ૧૩૪૦.૦૭ ૧૪,૩૫,૬૬૨ ૩૯૩૩.૩૨
૩	અંદરના દર્દીઓ તરીકે દાખલ થયેલા	૨૬,૫૭૮
૪	દૈનિક સરેરાશ મુજબ વાર્ષિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા	૯૪,૩૮૬
૫	અંદરના દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા	૨૫૮.૫૯
૬	મરણ પામેલ દર્દીઓની સંખ્યા	૬૯૮
૭	પ્રસુતીની સંખ્યા	૫,૧૩૭
૮	કુલ બાળકો	૫,૨૧૭
૯	જન્મની સાથે મરણ	૦૫
૧૦	એક્સ-રે - ડીજીટલ એક્સ-રે = ૫૭૪૫૬ -ડીજીટલ એમ.એલ.સી.એક્સરે = ૪૩૭૮ - જનરલ એકસરે= ૬૬૭૮ - એમ.એલ.સી એકસરે = ૪૭૫૨ -સાદા એમ.એલ.સી. એકસરે = ૩૭૪ - ચાર મુદ્દા એકસરે=૧૪૭	૭૩,૭૮૫

૧૧	સીટીસ્કીન પ્લન ૮૬૩ કોન્ટ્રાસર = ૩૯૮	૧,૨૬૧
૧૨	સોનોગ્રાફી (યુ.એસ.જી)	૨૯,૧૪૯
૧૩	ઈકોકાર્ડીયાગ્રાફી ઓ.પી.ડી.= ૭૧૦૦ ઈન્ડોર= ૮૪૯૦ આઈ.સી.સી.યુ = ૩૦૮૪	૧૮,૬૭૪
૧૪	ટ્રેડમીલ ટેસ્ટ	૨૨
૧૫	પી.એફ.ટી. = - ઈકોકાર્ડીયો=૮૧૧	૮૧૧
૧૬	ડોપ્લર ઓ.પી.ડી.=૮૫૭ ઈન્ડોર=૮૫૬	૧,૭૧૩
૧૭	મેજર ઓપરેશન= ૪૧૦૯ એબ્ડોમીનલ=૩૬૫	૪,૪૭૪

૧૮	માઈનોર ઓપરેશન - માઈનોર= ૪૧૧૬ - વાઝેક્ટોમી= ૦૭ - એમ.ટી.પી= ૧૪૯ - કોપર ટી= ૭૭૯ - કેજ્યુલીટી= ૩૪૮૧	૮૫૩૨
૧૯	હડકવા વિરોધી રસી (અ) નવા કેસ= ૪૩૮૩ (બ) જુના કેસ = ૭૯૬૨ કુલ	૧૨૩૪૫
૨૦	રોગ પ્રતિકારક બી.સી.જી. રસીના લાભાર્થી બાળકો	૩૨૦૯
૨૧	ત્રીગુણી તથા બાળ લકવા વિરોધી રસીના લાભાર્થી બાળકો	૫૯૬૭
૨૨	બાળ લકવા પોલીયો સાથે	૭૪૬૩

નોંધઃ- ઓ.પી.ડી. માટે કેજ્યુલીટી વોર્ડ જાહેર રજાના દિવસે પણ ચાલુ રહેતો હોઈ સરેરાશ માટે ૩૬૫ દિવસ ધ્યાનમાં લીધેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શ્રીમતી શા.ચી.લા. જનરલ હોસ્પિટલ સરસપુર અમદાવાદ.૧૮
વાર્ષિક વહીવટીય અહેવાલ વર્ષ -૨૦૧૩-૨૦૧૪

અ.નં	વિભાગનું નામ	બહારના દર્દીઓ			અંદરના દર્દીઓ	
		નવા	જુના	કુલ	નવા દાખલ	દરરોજની સરાસરી
૧	મેડીકલ	૨૨,૨૧૧	૬૬,૨૯૧	૮૮,૫૦૨	૨૨૯૫	૪૬૧૨
૨	સર્જીકલ	૧૪,૯૫૫	૪૪,૧૬૫	૫૯,૧૨૦	૨૨૩૭	૩૨.૮૬
૩	ગાયનેક	૨૧,૯૬૬	૬૮,૫૦૮	૯૦,૪૭૪	૮૪૭૯	૭૪.૪૯
૪	પીડીયાટ્રીક	૧૫,૮૯૫	૪૬,૯૩૯	૬૨,૮૩૪	૩૩૬૦	૩૦.૬૭
૫	ઓર્થોપેડીક	૭,૫૧૬	૨૪,૩૨૩	૩૧,૮૩૯	૯૯૯	૧૯.૪૪
૬	બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક	૧,૩૬૬	૭,૯૮૧	૯,૩૪૭	૪૬૪	૧૧.૬૪
૭	ઈ.એન.ટી.	૮,૮૨૧	૨૭,૪૪૧	૩૬,૨૬૨	૪૩૫	૩.૫૭
૮	સ્કીન એન્ડ વી.ડી.	૧૪,૯૭૧	૪૪,૧૩૪	૫૯,૧૦૫	૨૫	૦.૨૯
૯	આંખનો વિભાગ	૨,૩૨૨	૧૦,૦૧૬	૧૨,૩૩૮	-	-
૧૦	માનસિક રોગ વિભાગ	૧,૧૧૮	૨,૧૯૦	૩,૩૦૮	-	-
૧૧	સ્પે.,સેમી.સ્પે., ડિલક્ષ આઈ.સી.સી.યુ.	-	-	-	૧૩૭૨	૧૪.૨૫
૧૨	દાંતનો વિભાગ	૧,૮૩૯	૨,૩૫૩	૪૧૯૨	-	-
૧૩	પોલીયો રસીના કેસ	૭,૪૬૩	-	૭૪૬૩	-	-
૧૪	પોલીસ કેશ	૧,૮૬૭	-	૧૮૬૭	-	-
૧૫	હડકવા વિરોધી રસીના કેશો	૪,૩૮૩	૭,૯૬૨	૧૨,૩૪૫	-	-
૧૬	ઈમરજન્સી વોર્ડ	-	-	-	૫૭૮૭	૫.૮૫
૧૭	નવજાત શીશુ વોર્ડ	-	-	-	૮૯૯	૧૪.૨૦
૧૮	આયુર્વેદિક	૫૬૮	૯૬૦	૧૫૨૮	-	-
૧૯	ટી.બી.	૨,૪૩૮	૬,૧૬૬	૮૬૦૪	૨૨૩	૯.૯૫
૨૦	આઈસોલેશન	-	-	-	૦૩	૦.૧૦
૨૧	સ્વાઈનફ્લુ	-	-	-	-	૦.૦૧
	કુલ	૧,૨૯,૬૯૯	૩,૫૯,૪૨૯	૪,૮૯,૧૨૮	૨૬,૫૭૮	૨૬૩.૪૪

૧	ફીઝીયોથેરાપી વિભાગ	નવા	જુના	કુલ	દરરોજની સરાસરી
૨	ઓ.પી.ડી.	૨૧૧૦	૧૨૮૯૫	૧૫૦૦૫	૪૯.૮૫
૩	અંદરના દર્દીઓ	૭૮૬	૨૭૦૯	૩૪૯૫	૧૧.૬૧

અ.નં	વિગત	ઓ.પી.ડી.	ઈન્ડોર
૧	અમદાવાદ શહેરના કેસો	૯૬,૫૭૪	૧૮,૫૩૬
૨	શહેર બહારના કેસો	૩૩,૧૨૫	૮,૦૪૨
૩	કુલ નવા કેસો	૧,૨૯,૬૯૯	૨૬,૫૭૮

પ્રસુતિના કેસો	નોર્મલ	એબ્નોર્મલ	કુલ
	૩૧૬૦	૧૯૭૭	૫૧૩૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શ્રીમતી શા.ચી.લા. જનરલ હોસ્પિટલ સરસપુર અમદાવાદ.૧૮ વાર્ષિક વહીવટીય અહેવાલ વર્ષ -૨૦૧૩-૨૦૧૪

મેજર માઈનોર ઓપરેશન આંકડા

અ.નં	વિગત	મેજર	માઈનોર	કુલ
૧	સર્જીકલ	૯૨૨	૧૦૩૯	૧૯૬૧
૨	ગાયનેક	૨૨૫૯	૫૦૩	૨૭૬૨
૩	ઈ.એન.ટી.	૩૭૦	૧૩૪૦	૧૭૧૦
૪	ઓર્થોપેડીક	૫૦૭	૫૯૦	૧૦૯૭
૫	બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક	૩૯૯	૪૦૮	૮૦૭
૬	આંખનો વિભાગ	-	-	-
૭	દાંતનો વિભાગ	૧૭	૨૩૬	૨૫૩
૮	બ્રોન્કો સ્કોપી	-	-	-
	કુલ	૪૪૭૪	૪૧૧૬	૮૫૯૦

૮.૩ શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ

૨૦૧૩-૨૦૧૪

શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ મ્યુ. જનરલ હોસ્પિટલ સને ૧૯૫૪થી અમદાવાદ શહેરની મણિનગર અને તેની આસપાસના વિસ્તારના નાગરિકોને વૈદકિય સહાય પૂરી પાડે છે. અહેવાલી વર્ષમાં હોસ્પિટલ કેમ્પસમાં નવા મલ્ટીસ્ટોરી બિલ્ડીંગમાં એમસીઆઈ ના ધારા-ધોરણ અનુસાર ટીચીંગ સુવિધા ધરાવતા સર્જરી, ઓર્થો., આંખ, ઈએનટી, ચામડી, માનસિક, મેડીકલ, પિડીયાટ્રીક જેવા વિભાગો આવેલ છે.

અહેવાલી વર્ષ : ૨૦૧૩-૧૪ માં હોસ્પિટલની આવક રૂા.૪૭૧.૨૭ લાખ અને ખર્ચ રૂા.૨૮૯૨.૭૦ લાખ થયેલ છે. ગત વર્ષે આવક રૂા.૩૭૫.૬૦ લાખ અને ખર્ચ રૂા.૨૩૪૯.૨૧ લાખ થયો હતો.

અત્રે હાલમાં કુલ-૮૦૦ (૭૦૦ ટીચીંગ પથારીઓ સાથે) પથારીઓની સુવિધા ઉપલબ્ધ છે. દર્દીઓને સારવાર આપતાં કુલ-૨૪ વિભાગો અને ૪૪ યુનીટની માહિતી નીચે મુજબ છે.

અનં.	વિભાગ	યુનીટ		અનં.	વિભાગ	યુનીટ
૧	મેડિકલ	૬		૧૩	આઈ.સી.યુ.	૧
૨	સર્જીકલ	૬		૧૪	ઈ.એન.ટી.	૧
૩	ગાયનેક	૬		૧૫	ઓર્થોપેડીક	૩
૪	પીડીયાટ્રીક	૩		૧૬	બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક	૧
૫	આંખ	૧		૧૭	સયક્યાટ્રીક	૧
૬	ડેન્ટલ	૨		૧૮	પોસ્ટ ઓપરેટીવ	૧
૭	એકસ-રે	૧		૧૯	ઈમરજન્સી-કેર (ટ્રોમા)	૧
૮	લેબોરેટરી	૧		૨૦	સોનોગ્રાફી	૧
૯	ફીઝીયોથેરાપી	૧		૨૧	સ્પેશ્યલ રૂમ	૧
૧૦	એનેસ્થેસીયા	૧		૨૨	નીઓનેટલ	૧
૧૧	બ્લડ-બેન્ક	૧		૨૩	આર.આઈ.સી.યુ.	૧
૧૨	આઈ.સી.સી.યુ.	૧		૨૪	સ્કીન એન્ડ વી.ડી.	૧

હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓના ઓપરેશન માટે નીચે મુજબ જુદા જુદા ઓપરેશન થીયેટર્સની સગવડ ઉપલબ્ધ છે.

(૧)	સર્જીકલ	:-	ત્રણ ટેબલ
(૨)	ગાયનેક	:-	ત્રણ ટેબલ
(૩)	ઓપ્થેમોલોજી	:-	એક ટેબલ
(૩)	ઈએનટી પ્લાસ્ટી સર્જરી અને ઓર્થોપેડીક	:-	ચાર ટેબલ
(૫)	સર્જીકલ કેજયુઅલ્ટી	:-	એક ટેબલ
(૬)	બર્ન્સ, ડ્રેસીંગ, સર્જરી	:-	એક ટેબલ

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ
વાર્ષિક વહીવટી અહેવાલ : ૨૦૧૩-૨૦૧૪

ટીચીંગ બેડ :-

ક્રમ	યુનિટનું નામ	પથારીની સંખ્યા
૧	સર્જીકલ	૧૫૦
૨	ઓર્થોપેડીક	૯૦
૩	આઈ	૩૦
૪	ઈ.એન.ટી.	૩૦
૫	સ્કીન	૧૫
૬	મેડીકલ	૧૫૦
૭	પિડીયાટ્રીક	૯૦
૮	ટી.બી.	૩૦
૯	સાયકિયાટ્રીક	૧૫
૧૦	ગાયનેક	૧૦૦
	કુલ ...	**૭૦૦**

ફલોટીંગ બેડ :-

ક્રમ	યુનિટનું નામ	પથારીની સંખ્યા
૧	આઈ.સી.યુ.	૬
૨	આઈ.સી.સી.યુ.	૫
૩	આર.આઈ.સી.યુ	૫
૪	નિયોનેટલ	૧૦
૫	પિડીયાટ્રીક (આઈસીયુ)	૨
૬	બર્ન્સ (આઈસીયુ)	૬
૭	બર્ન્સ	૧૦
૮	લેબર રૂમ	૧૩
૯	કેજયુઅલ્ટી	૨૫
૧૦	સ્પેશ્યલ રૂમ	૧૮
૧૧	પોસ્ટ ઓપરેટીવ	૧૦
	કુલ ...	**૧૧૦**

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ
૨૦૧૩-૨૦૧૪

અહેવાલી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં બહારના વિભાગમાં નવા ૧,૮૫,૦૯૦ દર્દીઓ, અને જૂના ૨,૨૭,૩૪૯ દર્દીઓ મળી કુલ ૪,૧૨,૪૩૯ દર્દીઓએ સારવાર લીધી હતી. જયારે અંદરના નવા દાખલ થયેલ દર્દીઓની સંખ્યા ૪૦,૨૫૮ હતી. આ અંગેની જુદા જુદા પ્રકારની આપવામાં આવતી સારવાર અંગેની છેલ્લા બે વર્ષની માહિતી સામેલ પત્રકમાં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં કેટલીક નવી વધારાની સગવડો ઉભી કરવા માટે પ્રમાણમાં આધુનિક સાધન સામગ્રી ખરીદવામાં આવેલ છે. જેની વિગત નીચે જણાવ્યા મુજબ છે.

ક્રમ	મેડીકલ સાધનનું નામ	જથ્થો નંગમાં	અંદાજીત રકમ રૂા.
૧	૫૦૦ એમ.એ. એકસ-રે મશીન વીથ સીંગલ ટયુબ	૦૧	૫૦૩૨૦૫
૨	એનબી યુવીબી ચેમ્બર	૦૧	૭૮૭૫૦૦
૩	હોરીઝોન્ટલ રેક્ટેન્યુલર હાઈપ્રેશર સ્ટીમ સ્ટરીલાઈઝર (સ્મોલ)	૦૨	૨૧૪૪૪૫૮
૪	સીસ્ટ્રોસ્કોપ એન્ડ ટીયુઆરપી બેઝીક સેટ વીથ યુરેથોટોમ સેટ	૦૧	૪૩૬૬૪૧
૫	પીડીયાટ્રીક સીસ્ટો યુરેસ્ટ્રોસ્કોપ	૦૧	૫૨૮૦૪૫
૬	ઈન્ટયુબેટીંગ ફાયબર ઓપ્ટીક લેરેન્ગોસ્કોપ	૦૧	૯૯૭૫૦૦
૭	સાયટો સેન્ટ્રીફયુજ સાયટોસ્પીન મશીન	૦૧	૬૪૧૪૨૧
૮	ઓપરેટીંગ માઈક્રોસ્કોપ વીથ સીસીટીવી કેમેરા	૦૧	૧૮૦૦૦૦૦
૯	હોરીજોન્ટલ રેક્ટેન્યુલર હાઈપ્રેશર સ્ટીમ સ્ટરીલાઈઝર (બીગ)	૦૨	૨૭૨૩૧૦૪
૧૦	એલઈડી મેડીકલ ગ્રેડ મોનીટર	૦૧	૩૫૮૮૦૦
૧૧	ઈમ્યુનો ફલોરેસન્સ માઈક્રોસ્કોપ	૦૧	૧૨૪૯૭૫૭
૧૨	બાય-હેડ ટીચીંગ માઈક્રોસ્કોપ	૦૧	૭૨૯૭૯૬
૧૩	બાયો કેમેસ્ટ્રી સેમી ઓટોએનાલાઈઝર	૦૧	૯૯૭૫૦
૧૪	ફીટલ મોનીટર	૦૧	૨૫૫૦૦૦
૧૫	ફ્લેકસીબલ વિડીયો બ્રાન્કોસ્કોપ	૦૧	૩૧૦૦૦૦૦
૧૬	પોર્ટેબલ કલર ડૉપ્લર ફોર એનેસ્થેસિયાલોજી	૦૧	૧૩૬૦૯૦૩
૧૭	એડવાન્સ ઈલેકટ્રો સર્જીકલ યુનિટ વીથ વેસલ સીલીંગ	૦૧	૧૫૭૫૦૦૦
૧૮	કાયોબાથ	૦૧	૧૮૬૨૦૦
૧૯	બાયફેઝીક ડીફીબ્રીલેટર મોનીટર	૦૫	૭૭૦૮૫૦
૨૦	સીઆર્મ આઈઆઈટીવી મશીન	૦૧	૧૨૭૮૬૭૫
૨૧	ડર્મોસ્કોપ	૦૧	૭૮૭૫૦
૨૨	પ્લાઝમા થોઈંગ બાથ	૦૧	૧૬૦૦૦૦
૨૩	કાયોસ્ટેટફોર ફ્રોઝન સેકશન	૦૧	૨૬૭૩૦૦૦
૨૪	સ્ટરાઈલ ટયુબ કનેકટીંગ ડીવાઈસ	૦૧	૧૦૪૭૭૬૨
૨૫	ગ્રોસીંગ ટેબલ	૦૧	૫૦૬૨૫૦
	કુલ રકમ રૂા....		**૨૫૯૯૨૩૬૭**

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ

૨૦૧૩-૨૦૧૪

હોસ્પિટલની બ્લડ-બેન્કને ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ વિભાગ દ્વારા લાયસન્સ મળેલ છે. અહીં સરકારશ્રીના ધારાધોરણ મુજબ દરેક દર્દીને એચઆઈવી હીપેટાઈટસ વિગેરેની તપાસ કર્યા બાદ લોહી આપવામાં આવે છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગ્રાંટ યોજના સાથે સંકળાયેલ આ બ્લડ બેન્કમાં અહેવાલી વર્ષ દરમ્યાન કુલ **૩૮૦૬** બોટલ લોહી મેળવવામાં આવ્યું છે. જે પૈકી **૩૭૨૫** બોટલ દર્દીઓને ચઢાવવામાં આવ્યું. હોસ્પિટલનો પેથોલોજી વિભાગ બ્લડ ગેસ અને લાઈઝર, બ્લડ કેમેસ્ટ્રી એનેલાઈઝર અને બ્લડ સેલ કાઉન્ટર જેવા કિંમતી અને અદ્યતન સાધનોથી સુસજ્જ થતાં દર્દીનું લોહી લઈ વ્યવસ્થિત પૃથક્કરણ કરી શકાય છે. અહેવાલી વર્ષમાં **૮૯૧૩૬૫** નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. ગતવર્ષે આ સંખ્યા **૮૩૮૪૫૦** હતી. આ અંગેની માહિતી પત્રકમાં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષમાં કુલ **૧૦૫૪૨૪** એકસ-રે, **૩૫૬૫૭** સોનોગ્રાફી **૬૫૯** ઈ.ઈ.જી. લેવામાં આવ્યા હતાં. અહેવાલી વર્ષમાં **૬૦૪૫** મેજર ઓપરેશન, **૩૮૪૫** માઈનોર ઓપરેશન મળી કુલ **૯૮૯૦** ઓપરેશન કરવામાં આવેલ છે. ગતવર્ષે આ સંખ્યા અનુક્રમે **૫૬૫૩**, **૪૭૧૯** અને **૧૦૩૭૨** હતી. આ અંગેનું તુલાત્મક પત્રક સામેલ કરવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં ઈન્ડોર વિભાગમાં સરેરાશ દૈનિક દર્દીઓની સંખ્યા **૪૬૮.૧** છે. જે ગત વર્ષે **૩૯૯.૧** ની હતી. અહેવાલી વર્ષમાં દર્દીઓનો સરેરાશ દૈનિક ખર્ચ રૂા.૩૭૦૯.૭૮ થયેલ છે. જે ગત વર્ષે રૂા.**૨૫૬૮.૬૮** હતું. આ અંગેની માહિતી સામેલ પત્રકમાં દર્શાવી છે.

વર્ષ દરમ્યાન દાતાઓનો સહકાર હોસ્પિટલને મળેલ છે. માનનીય સંસદસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓએ તેમને ફાળવેલ બજેટમાંથી સંસ્થાને ઉદાર હાથે મોટી રકમો ફાળવી સંસ્થાને અદ્યતન બનાવવામાં ખૂબ સહયોગ આપેલ છે. જેની આ તબક્કે નોંધ લેવી જરૂરી છે.

આમ હોસ્પિટલનો સઘળો વિકાસ વૃધ્ધિ અને સારી તબીબી સારવારનો યશ દાનવીર સદગૃહસ્થોની ઉદારતા, તબીબોની ઉચ્ચ કુશળ ક્ષમતા, નર્સીસ સ્ટાફની સૌજન્યતા અને માવજત તથા દરેક વર્ગના કર્મચારીઓને ફાળે જાય છે.

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ :

૨૦૧૩-૨૦૧૪

વિભાગ વાઈઝ પથારીનું પૃથ્થકરણ :-

Department	Floor	Sector	Sheduled No.of Beds
New Building ***SURGERY & ALLIED***			
(A) General Surgery (140)			
Male Sug.-1	8th	A	30
Female Sug.-1	8th	B	20
Male Sug.-2	7th	A	30
Female Sug.-2	7th	B	20
Male Sug.-3	6th	A	30
Female Sug.-3 + Psy	6th	B	5 + 15
-Orthopaedic (90)			
Male Orthopaedic -1	5th	A	30
Male Ortho.-1	4th	A	30
Female Ortho.-1	3rd	A	30
-Optholmo (30)			
Male Opthalmo	4th	B	20
Female Opthalmo	2nd	B	10
-E.N.T. (30)			
Male ENT	5th	B	20
Female ENT	2nd	B	10
-Dermatology (15) + Surj.(5)			
Male	3rd	B	7 + 3
Female	3rd	B	8 + 2
Total % of Occupanc			
Old Building			
MEDICINE & ALLIED			
(B) General Medicine(150)			
Male Medicial	2nd	A	37
Male Medicial	2nd	B	36 + 2
Female Medicial	3rd	A	36 + 2
Female Medicial	3rd	B	37
Paeditrics (90)			
Paed-I	G	A	30
Paed-II	G	B	30
Paed-III	G	C	30
T.b. & Chest Diseases(30)			
Male	1st	-	15
Female	1st	-	15
(C) Ob & Gynaec (100)			16
Maternity	1st	A	50
Gynaec	1st	B	34
(D) Burns (10)			
Male	1st		03
Female	1st		06

Paed.	1st		01
Total of A+B+C+D Teach_Bed			**700**
(E) I.C.Us.(24)			
I.C.U.	1st		06
I.C.C.U.	1st		05
R.I.C.U.	1st		05
N.I.C.U.	1st		10
P.I.C.U.	G		02
Burns ICU	1st		06
(F) Labour (13)			
Clean	1st		07
Septic	1st		02
Eclampsia	1st		04
(G) OTHERS (48)			
Casuality	G		25
Sp. Room	G		18
Post Operative	G		10
Total % of Occupanc			
Grant Total (Tech.+Floti)			700+100 = **800**

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ
વાર્ષિક વહીવટી અહેવાલ : ૨૦૧૩-૨૦૧૪

ક્રમ	વિભાગનું નામ	નવા દાખલ	દરરોજ સરાસરી મુજબ માસિક દર્દીની સંખ્યા	મરણ
૧.	મેડિકલ	૮૬૨૪	૩૯૧૭૨	૯૨
૨.	સર્જીકલ	૨૮૭૪	૨૫૪૫૧	૦૯
૩.	ઈ.એન.ટી.	૮૭૫	૨૮૪૫	૦૨
૪.	ઓર્થોપેડીક	૧૭૩૮	૨૧૬૦૩	૦૫
૫.	બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક	૨૨૨	૩૯૭૭	૮૯
૬.	ટી.બી.	૧૦૫૦	૭૬૯૭	૨૬
૭.	આઈ.સી.યુ.	૩૯૯૪	૪૩૬૮	૫૭૯
૮.	આઈ.સી.સી.યુ.	૧૬૦૮	૧૩૧૬	૧૩૫
૯.	ટ્રોમા	૧૪૭૫	૧૪૨૩	૩૫
૧૦.	પોસ્ટ ઓપરેટીવ	૫૩૪	૧૪૩૩	૧૫
૧૧.	પિડીયાટ્રીક	૪૭૪૧	૧૪૯૬૩	૭૭
૧૨.	ગાયનેક	૯૫૬૦	૩૧૯૧૫	૦૧
૧૩.	સ્પેશ્યલ રૂમ	૬૧૧	૨૫૯૫	૦૬
૧૪.	સ્કીન	૨૮૭	૧૩૦૬	૦૦
૧૫.	આઈ	૭૩૪	૧૨૦૧	૦૦
૧૬.	નિયોનેટલ	૧૦૩૬	૭૫૮૬	૧૮૪
૧૭.	માનસિક	૨૯૫	૨૦૦૬	૦૦
	કુલ ...	**૪૦૨૫૮**	**૧૭૦૮૫૭**	**૧૨૫૫**

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ
૨૦૧૩-૨૦૧૪
આઉટ ડૉર (બહારના દર્દીઓ)

ક્રમ	વિભાગનું નમ	નવા	જુના	કુલ
૧.	મેડિકલ	૨૬૬૫૦	૩૭૫૪૮	૬૪૧૯૮
૨.	સર્જીકલ	૨૭૭૫૩	૨૩૪૯૨	૫૧૨૪૫
૩.	ગાયનેક	૨૬૮૬૬	૩૦૪૩૪	૫૭૩૦૦
૪.	પીડીયાટ્રીક	૧૭૦૬૦	૨૦૫૭૧	૩૭૬૩૧
૫.	ઓર્થોપેડીક	૨૨૧૫૩	૨૪૧૫૦	૪૬૩૦૩
૬.	પ્લાસ્ટીક એન્ડ બર્ન્સ	૧૦૮૬	૩૮૨૪	૪૯૧૦
૭.	ઈ.એન.ટી.	૧૫૨૨૬	૧૪૦૨૮	૨૯૨૫૪
૮.	સ્કીન એન્ડ વી.ડી.	૧૯૨૬૨	૨૦૪૪૧	૩૯૭૦૩
૯.	ડેન્ટલ	૩૪૧૦	૪૯૭૬	૮૩૮૬
૧૦.	આઈ	૯૫૫૬	૫૭૬૯	૧૫૩૨૫
૧૧.	સાયક્યાટ્રીક	૪૩૬૨	૫૧૬૪	૯૫૨૬

૧૨.	ફીઝીયોથેરાપી	૪૦૪૪	૨૧૩૭૪	૨૫૪૧૮
૧૩.	ન્યુરો સર્જરી	૦૦	૦૦	૦૦
૧૪.	એન્ટીરેબીક	૭૩૨૧	૧૫૨૭૬	૨૨૫૯૭
૧૫.	ન્યુરો મેડીકલ	૩૪૧	૩૦૨	૬૪૩
	કુલ ...	**૧૮૫૦૯૦**	**૨૨૭૩૪૯**	**૪૧૨૪૩૯**

		ઓ.પી.ડી.	ઈન્ડોર
૧	અમદાવાદ શહેરના નવા કેસો	૧૮૧૪૨૩	૩૮૯૯૯
૨	શહેર બહારના નવા કેસો	૩૬૬૭	૧૨૫૯

એન્ટીરેબીક

	નવા	જુના	કુલ
એન્ટી રેબીક	૭૩૨૧	૧૫૨૭૬	૨૨૫૯૭

ફેમેલી પ્લાનીંગ

ટયુબેકટોમી	વાઝેકટોમી	એમ.ટી.પી.	કોપરટી
૪૬૫	૦૨	૧૬૯	૯૨૨

પ્રસુતિ

નોર્મલ	એબનોર્મલ	કુલ
૪૧૮૨	૨૦૮૬	૬૨૬૮

સીટી સ્કેન	ઈ.સી.જી.
૪૫૩૨	૩૧૫૬૧

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ

૨૦૧૩-૨૦૧૪

-:પત્રક:-

જુદા જુદા પ્રકારની આપવામાં આવતી સારવારની છેલ્લા બે વર્ષની માહીતી

અનં.	વિગત	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧	**પથારીઓની સખ્યા**	**૭૪૧** (૬૪૫ ટીચીંગ-બેડ)	**૮૧૦** (૭૦૦ ટીચીંગ બેડ)
૨	**ઓપીડી વિભાગની માહિતી :-** (અ) નવા દર્દીઓ (બ) જુના દર્દીઓ કુલ	 ૧૫૭૧૫૭ ૧૯૯૮૧૫ ૩૫૬૯૭૨	 ૧૮૫૦૯૦ ૨૨૭૩૪૯ ૪૧૨૪૩૯
૩	અંદરના દર્દીઓની સંખ્યા	૩૨૭૪૪	૪૦૨૫૮
૪	દૈનિક સરેરાશ મુજબ વાર્ષિક સારવાર	૧૪૫૬૭૭	૧૭૦૮૫૭

	આપેલ દર્દીઓની સંખ્યા		
૫	અંદરના દર્દીઓની દૈનિક સરેરાશ	૩૯૯.૧	૪૬૮.૧
૬	મરણ પામેલ દર્દીઓની સંખ્યા	૧૧૮૪	૧૨૫૫
૭	પ્રસુતિની સંખ્યા	૪૮૨૦	૬૨૬૮
૮	**એકસ-રે તથા સોનોગ્રાફી :-**		
	(અ) એકસ-રે	૯૨૪૫૯	૧૦૫૪૨૪
	(બ) સોનોગ્રાફી	૨૯૮૨૬	૩૫૬૫૭
	(ક) ઈઈજી ની સંખ્યા	૬૭૧	૬૫૯
૯	**હડકવા વિરોધી રસી :-**		
	(અ) નવા કેસ	૮૦૭૯	૭૩૨૧
	(બ) જુના કેસ	૧૬૧૫૧	૧૫૨૭૬
	કુલ	૨૪૨૩૦	૨૨૫૯૭
૧૦	**કુટુંબ કલ્યાણની કેન્દ્રની માહિતી :-**		
	(પોસ્ટ પાર્ટમ યુનિટ)		
	(૧) ફેમીલી પ્લાનીંગ ઓપરેશન		
	(અ) ટયુબેક ટોમી	૪૫૭	૪૬૫
	(બ) વાકેઝ ટોમી	૦૬	૦૨
	(૨) કોપર ટી	૯૪૯	૯૨૨
	(૩) એમટી એકટ મુજબ ગર્ભપાત	૨૦૩	૧૬૯

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ
૨૦૧૩-૨૦૧૪

ઓપરેશનની માહિતી : -

ક્રમ	વિભાગ	મેજર	માયનોર	કુલ
૧.	સર્જીકલ	૮૭૪	૧૦૨૫	૧૮૯૯
૨.	ગાયનેક	૨૭૪૮	૬૪૩	૩૩૯૧
૩.	ઈ.એન.ટી.	૩૨૪	૫૭૯	૯૦૩
૪.	ઓર્થોપેડીક	૧૧૫૯	૭૪૦	૧૮૯૯
૫.	બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક	૪૧૧	૨૦૦	૬૧૧
૬.	બર્ન્સ એન્ડ પ્લા.ઓપીડી.	૦૦	૨૭૬	૨૭૬
૭.	એન્ડોસ્કોપી	૨૦૬	૬૭	૨૭૩
૮.	આઈ	૩૨૩	૧૩૦	૪૫૩
૯.	ડેન્ટલ ઓપીડી	૦૦	૧૮૫	૧૮૫
	કુલ ...	**૬૦૪૫**	**૩૮૪૫**	**૯૮૯૦**

લેબોરેટરી તપાસ : -

ક્રમ	વિગત	સંખ્યા
૧.	ઝાડાની તપાસ	૫૫૩૭
૨.	પેશાબની તપાસ	૪૭૧૯૬
૩.	બ્લડ ટેપીંગ	૩૬૭૦
૪.	બ્લડ ટ્રાન્સ્ફયુઝન	૩૬૧૯
૫.	સ્પુટમ	૩૭૩૦
૬	લોહી	૩૭૦૪૨૨
૭.	બ્લડ ગ્રૂપીંગ મેચીંગ	૨૫૪૭૩
૮.	ઓસ્ટ્રેલીયા એન્ટીજન	૨૧૪૭૨
૯.	બાયોકેમેસ્ટ્રી	૨૯૨૩૬૭
૧૦.	વીડાલ, સી.એસ. એફ વીડીઆરએલ, હીસ્ટો	૧૧૭૮૭૯
	કુલ ...	**૮૯૧૩૬૫**

ક્રમ	વિગત	સંખ્યા
૧	એકસરેની સંખ્યા	૧૦૫૪૨૪
૨	સોનોગ્રાફી સંખ્યા	૩૫૬૫૭
૩	ઈઈજી સંખ્યા	૬૫૯
૪	હોસ્પિટલની કુલ આવક રૂા.	૪,૭૧,૨૭,૦૦૦

શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ
વાર્ષિક વહીવટી અહેવાલ : ૨૦૧૩-૨૦૧૪

-: પત્રક :-

છેલ્લા બે વર્ષની પથારીદીઠ દૈનિક સરેરાશ ખર્ચની તુલનાત્મક માહિતી દર્શાવતું

રૂપિયા લાખમાં

અનં.	વિગત	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
૧	એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ	૧૬૩૨.૧૬	૧૮૭૨.૦૮
૨	લીનન ખર્ચ	૩.૯૪	૮.૩૦
૩	દવા, ઈન્જેકશન ખર્ચ	૧૮૧.૧૧	૨૮૯.૬૪
૪	ખોરાકી ખર્ચ	૮૮.૬૪	૧૦૬.૮૯
૫	અન્ય ખર્ચ	૩.૯૯	૭.૪૩
	કુલ રૂ. ...	**૧૯૦૯.૮૪**	**૨૨૮૪.૩૪**

૮.૪ નગરી આંખની હોસ્પીટલ
૨૦૧૩-૧૪

➢ **માહિતીઃ**

અમદાવાદ શહેરની જનતાને આંખના રોગો માટે વિવિધ પ્રકારની સારવાર આપવા માટે શ્રી.ચી.હ.નગરી આંખની હોસ્પિટલનું સંચાલન મ્યુનિ.કોર્પો. તરફથી કરવામા આવે છે.આ હોસ્પિટલમાં આંખના રોગોના નિદાન તથા સારવાર માટે અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે. જેના દ્વારા નિષ્ણાંત ડોક્ટરો દર્દીઓને સારામાં સારી સારવાર આપે છે.આ હોસ્પિટલની શરૂઆત ૧૯૬૪માં થઇ હત, જેનુ ઉદ્ઘાટન ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. શ્રી જવાહરલાલ નહેરૂએ કર્યુ હતું.

➢ **ઓ.પી.ડી. :**

નગરી આંખની હોસ્પિટલમાં સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝ ઓ.પી.ડી. વિભાગ ચાર વાતાનુકુલીત કન્સલ્ટીંગ રૂમ, છ વિશિષ્ટ કલીનીક, માઇનોર ઓપરેશન થીયેટર અને લેબોરેટરી છે. હોસ્પિટલમાં સોમ થી શુક્ર દરરોજ સવારે ૯-૦૦ થી ૪-૦૦ તેમજ શનિવારે ૯.૦૦ થી ૧.૦૦ ના સમય દરમ્યાન ઓ.પી.ડી. વિભાગ ચલાવવામાં આવે છે. જેમાં આંખને લગતા રોગોની તપાસ અને સારવાર કરવામાં આવે છે. જેનો લાભ અમદાવાદ ઉપરાંત ગુજરાત રાજ્યનાં તેમજ રાજસ્થાન,મધ્યપ્રદેશ જેવા પડોશી રાજ્યોનાં શહેર તેમજ ગામડાઓમાંથી આવતા દર્દીઓ લે છે.

ચાલુ વર્ષમા ઓ.પી.ડી. વિભાગમાં જુના નવા મળી કુલ **૧૦૬૭૧૦** દર્દીઓને તથા ઇન્ડોર વિભાગમાં **૩૭૦૫** દર્દીઓને વિવિધ આંખનાં રોગોની સારવાર આપવામાં આવી છે. આ અંગેની માહિતી આ સાથે સામેલ પત્રક-' એ' માં દર્શાવવામાં આવી છે.

➢ **દાખલ દર્દીઓ માટે સુવિધાઃ**

નગરી હોસ્પિટલમાં દાખલ દર્દીઓનો વિભાગ આધનિક સુવિધાઓથી સુજજ છે. જેમાં સંપૂર્ણપણે સુસજજ એવા ચાર ઓપરેશન થીયેટર, ૧૦૦ પથારીઓની સુવિધા છે. જેમા અલગ અલગ સારવાર માટે સેપ્ટિક વોર્ડ, કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટની સારવાર માટે વિશેષ વોર્ડ છે. ઓપ્થાલ્મિક તાલીમ પામેલા સારવાર સહાયકો ચોવીસે કલાક દાખલ દર્દીઓની સંભાળ માટે હાજર રહે છે.

ફેકોમલ્સીફીકેશન અને ફોલડેબલ ઇન્ટ્રાઓકયુલર લેન્સ ઇમ્પલાન્ટ માટે હોસ્પિટલ અત્યાધુનિક નાના કાપાવાળી સર્જરી કરી સારવાર આપે છે. નગરી હોસ્પિટલમાં વાર્ષિક આશરે ૨૫૦૦ થી વધારે મોતિયાના ઓપરેશન થાય છે.

➢ **ઓપરેશન થીયેટરઃ**

નગરી હોસ્પિટલમાં પાંચ સંપૂર્ણપણે સુસજ્જ ઓપરેશન થીયેટર, જેમાં ત્રણ મુખ્ય, એક માઇનેર ઓપરેશન થીયેટર અને એક અલગ સેપ્ટીક ઓપરેશન થીયેટર છે.આ ઉપરાંત નગરી હોસ્પિટલ ખાતે નીચે જણાવેલ સ્પે.ક્લીનિક ચલાવવામા આવે છે. આ સ્પે. કલીનીકો માં જે દર્દીઓએ લાભ લીધેલ છે તેની માહિતી પત્રક "સી"માં દર્શાવેલ છે.

➢ **સ્પેશ્યાલીટી કલીનીકઃ**

- **કીકી કલીનીકઃ-** કોર્નિયાની કોઇ પણ તકલીફ માટે કોર્નિયા કલીનીક ઉત્તમ સારવાર આપે છે. આ વિભાગ કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ કરે છે તે વિષે જાગૃતિ ફેલવવાનું કામ કરે છે. તે ઓકયુલર સરફેસ ડીસીઝ, કોર્નિયલ ઇન્ફેકશન અને ઓકયુલર સરફેસ ટયુમર જેવા રોગો માટે અદ્યતન સારવાર આપે છે. આ વિભાગ વર્ષે લગભગ ૨૭૦૦ દર્દીઓની સારવાર કરે છે અને લગભગ ૧૩૫ કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવે છે.

- **ઝામર કલીનીકઃ-** આ વિભાગ વર્ષ લગભગ ૭૫૦૦ દર્દીઓ તપાસે છે. આ વિભાગ મેડમોન્ટ અને હમ્ફી વિઝ્યુઅલ ફિલ્ડ એનાલાઇઝર્સ, ગોલ્ડમેન એન્ડ પાકિન્સ એપ્લાનેશન ટોનોમીટર્સ, ઓપ્ટિક ડિસ્ક એનાલીસીસ માટે એચઆરટી જેવા નિદાન માટેના અદ્યતન સાધનોથી સુસજ્જ છે. બાળકો અને વયસ્ક દર્દીઓમાં ગ્લુકોમાની સારવાર માટે લેસ અને સર્જીકલ પ્રોસીજર સાથે અદ્યતન સારવાર સુવિધાઓ છે. આ વિભાગ વર્ષે આશરે ૧૫૦ વિવિધ પ્રકારની એન્ટીગ્લુકોમા સર્જરી કરે છે.
- **ત્રાંસી આંખ અને ઓકયુલોપ્લાસ્ટી કલીનીકઃ-** ત્રાંસી આંખનુ નિદાન તથા સારવાર કસરત દ્વારા અને સર્જરીથી કરવામાં આવે છે. આ માટે મેડોલ્સ વિંગ, ટીટમસ, પ્રીઝમ બાર જેવા મશીન આવેલ છે. આ વિભાગમાં પાંપણનું ઢળી જવુ,, પાંપણનુ અંદર કે બહારની તરફ વળી જવુ, નાસૂરની તકલીફ, અઅંખની ગાંઠ તથા કોસ્મેટીક સર્જરી જેવા અનેક પ્રકારના ઓપરેશન કરવામાં આવે છે. બાળકોના ત્રાંસી આંખના ઓપરશન તેમજ વિઝન થેરાપી જેવા ઉપચાર કરવામાં આવે છે.
- **કોન્ટેકલેન્સ કલીનીક :-** આ વિભાગ લઘુ દ્રષ્ટિ, ગુરૂ દ્રષ્ટિની ખામી, કેરાટોકોનસની તકલીફ માટે વિવિધ કોન્ટેકટ લેન્સ પૂરા પાડે છે. જેમ કે સોફ્ટ કોન્ટેકસ લેન્સ, કીકીના ડાઘ માટે કલર કોન્ટેકટ લેન્સ, કોરાટોકોનસ માટે સ્પેશ્યલ કોન્ટેકટ લેન્સ વગેરે. કેરાટોમેટ્રીક અને ટોપોગ્રાફીક તપાસ કરે રાહત દરે કોન્ટેકટ લેન્સ પૂરા પાડવામાં આવે છે.
- **આંખના પડદાનો વિભાગ :-** વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ૨૩૦૦૦ દર્દીની તપાસ થેયલ છે અને લગભગ ૭૦૦ વિટ્રોરેટીનલ સર્જરી કરવામાં આવે છે. આ વિભાગમાં પડદાનું ખસી જવુ. પડદામાં કાણું પાડવુ, ડાયાબીટીસના કારણે પડદાની તકલીફ, જન્મજાત પડદાની ખોડખાપણ, પડદા પર લોહી આવવું, નસમાં સોજો આવવો જેવી પડદાની તકલીફ માટે વિવિધ અદ્યતન મશીન દ્વારા નિદાન અને સારવાર ઉપલન્ધ છે.અલ્ટ્રા સોનોગ્રાફી મશીન દ્વારા નેત્રમણીથી અંદરના ભાગની અને પડદાની તપાસ અને લેસર ફોટોકોએગ્યુલેશન મશીન દ્વારા પડદાના સોજાની સારવાર આપવામાં આવે છે. પડદાના સીટી સ્કેનની સુવિધા ઉપલબ્ધ છે. વિટ્રેકટોમી સર્જરી અને વિટ્રોરેટીનલ સર્જરી જેવા ઓપરેશન તથા ઇન્ટ્રાવીટ્રીયલ ઇન્જેકશન આ વિભાગમાં આપવામાં આવે છે.
- **રીફ્રેકટીવ સર્જરીઃ-** લેસર દ્વારા આંખના નંબર ઉતારવાનો આ અદ્યતન વિભાગમાં ` ૫ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે. જેમા જર્મનીના આધુનિક લેસર માશીન વડે ચશ્માના નંબર ઉતારી શકાય છે. આ અદ્યતન સુવિધા તદ્દન વ્યાજબી ભાવે ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ૭૦૮ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવેલ છે જે પૈકી૨૭૮ જેટલી રીફ્રેકટીવ સર્જરી કરવામાં આવી છે.

➢ **ડાયાબીટીસના દર્દીઓ માટે આંખની ખાસ તપાસ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન અને સંવેદના ટ્રસ્ટ (અમેરીકા)અને વર્લ્ડ ડાયાબીટીક ફાઉન્ડેશન(ડેન્માર્ક)ના સહયોગથી નગરી હોસ્પિટલ ખાતે જાન્યુઆરી-૨૦૦૭ થી ૨૦૧૩ સુધી " સંવેદના આઇ કેર ફોર ડાયાબીટીસ પ્રોજેક્ટ ચલાવવામાં આવેલ હતો. ઉપરોકત તપાસ દરમ્યાન જે કોઇ દર્દીને ડાયાબીટીસને કારણે પડદા ઉપર અસર થઇ હોય અને તેઓને લેસર સારવાર અથવા ઓપરેશનની જરૂર હોય તો નગરી હોસ્પિટલ ખાતે રાહતદરે નિદાન અને સારવાર કરવામાં આવે છે. આ પ્રોજેકટ અંતર્ગત નગરી હોસ્પિટલ દ્વારા આજે પણ ઓ.પી..ડી. માં આવતા ચાલીસ વર્ષથી વધુ ઉંમરના દરેક દર્દીઓની ડાયાબીટીસની તપાસ વિનામુલ્યે કરવામાં આવે છે. તદઉપરાંત તે દર્દીઓની ડાયાબીટીસને કારણે આંખામાં થતી આડ અસરને ઝીણવટથી તપાસવામાં આવે છે વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ૨૩૦૧૪ દર્દીઓની ડાયાબીટીસ તપાસ વિનામુલ્યે કરવામાં આવી છે.

➢ **હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સગવડ :**

શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ ખાતે આંખના તમામ પ્રકારના રોગોનાં નિદાન તથા સારવાર માટે અદ્યતન સાધનો ઉપલબ્ધ છે. જેનો લાભ ફક્ત અમદાવાદના નાગરીકો જ નહીં પરંતુ રાજયના તથા પાડોશી રાજયોના દર્દીઓ પણ લે છે. શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ ખાતે વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન આંખના જુદાજુદા પ્રકારના ૬૨૧૭ ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં મોતિયો કાઢી કુત્રિમ નેત્રમણી બેસાડવાના, ઝામરના,પડદાના,ઢળેલા પોપચાને ઠીક કરવાના, કીકી પ્રત્યારોપણ કરવાના, ત્રાંસી આંખના, આંખની પ્લાસ્ટિક સર્જરી, નાસુરના વિગેરે જુદા જુદા ઓપરેશન સામેલ છે. નગરી હોસ્પિટલ ખાતે મોતિયાની આધુનિક સેવા Phacoemulsificationના ઓપરેશન સફળતાપૂર્વક કરવામા આવે છે. ઓપરેશનની માહિતી દર્શાવતું પત્રક " બી " સામેલ કરેલ છે

➢ **આઇ બેન્ક :**

શ્રી ચી.હ. નગરી હોસ્પિટલમાં ચક્ષુ દાનમાં આપવામાં આવતી આંખોની સાચવણી તથા તપાસ માટે આઇ બેંક આવેલી છે. સદર આઇ બેંક હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એકટ અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ છે તેમજ આઇ બેન્ક એસોસીએશન ઓફ ઇન્ડીયાની સભ્ય છે. મરણ પામેલા વ્યકિતઓની દાનમાં મળેલ આંખો આઇ બેંકમાં સાચવવામાં આવે છે અને જરૂરીયાત મુજબની કોર્નિયા બદલવા આ દાનમાં મળેલ આંખોનો ઉપયોગ કરવામા આવે છે. આઇ બેંકમાં સ્પેકયુલર માઇક્રોસ્કોપી તથા સ્લીટલેમ્પ ફોટોગ્રાફી જેવા અદ્યતન મશીન વસાવવામાં આવે છે. આ વિભાગમાં કીકી પ્રત્યારોપણના ઓપરેશનની સેવા પણ ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ૨૦૫ આંખો દાનમાં મળેલ છે, તથા ૧૩૨ કીકી બદલવા ઓપરેશન કરવામાં આવેલ છે.

➢ **ટીચીંગ :**

શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલ ,શ્રીમતી એન.એચ.એલ. મેડીકલ કોલેજ સાથે સંલગ્ન છે.હોસ્પિટલ ખાતે અન્ડર ગ્રેજ્યુએટ તથા પોષ્ટગ્રેજ્યુએટ ટીચીંગ સુવીધા ઉપલબ્ધ છે.નગરી આંખની હોસ્પિટલમાં આંખના વિભાગ તરીકે ગુજરાત યુનિવર્સીટી તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાનો માન્ય અનુસ્નાતક ડીગ્રીનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. તદઉપરાંત નગરી હોસ્પિટલ ખાતે ફીઝીયોથેરાપી તેમજ નર્સીંગ સ્કુલના વિદ્યાર્થીઓના લેકચર પ્રોગ્રામ ગોઠવવામાં આવે છે.

➢ **નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટઃ**

નગરી આંખની હોસ્પિટલના વધુ વિકાસાર્થે સાધનો વસાવવામા આવી રહેલ છે. આ સાધનો માટે અને સંસ્થા પાસેથી દાન મળે તે હેતુથી સ્ટે.ક.ઠ.નં. ૨૨૩૮ તા. ૨૧-૩-૧૯૯૧ અનુસાર " નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન " નામનુ ટ્રસ્ટ જુન-૧૯૯૧ માં શરૂ કરવામાં આવેલ છે. આ ટ્રસ્ટને અવાર-નવાર નાના-મોટા દાનની રકમ રોકડમાં તેમજ સાધનના સ્વરૂપમાં મળેલ છે. આ ટ્રસ્ટને મળનાર દાન ને ભારત સરકારનાં ઇન્કમટેક્ષ ખાતા તરફથી ૧૦૦% કરમુક્તિ આપવામાં આવેલ છે. વધુમાં વધુ દાનની રકમ મેળવી અતિ આધુનિક સાધનો વસાવી તેમજ આંખના રોગો ની સારવાર માટે સંશોધન ની કાર્યવાહી પણ નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલ છે. ટ્રસ્ટ દ્વારા રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ આંખને લગતી વિવિધ કોન્ફરન્સમાં દર વર્ષે સંશોધન લેખો રજૂ કરવામાં આવે છે.ધ્યેયની સિધ્ધી માટે શ્રી ચી.હ.નગરી મ્યુ. આંખની હોસ્પિટલ ટ્રસ્ટનું માધ્યમ છે અહીં આંખના દરેક પ્રકારનાં રોગો તથા ખામીનું નિદાન અને સારવાર અત્યાધુનક સધનો અને નિષ્ણાંત ડોકટરો દ્વારા કરવામાં આવે છે. જેનો લાભ માત્ર અમદાવાદ કે ગુજરાતના જ નહી પરંતુ રાજસ્થાન, મધ્ય પ્રદેશ જેવા પડોશી રાજયોના દર્દીઓ પણ લે છે. હોસ્પિટલ

તથા ટ્રસ્ટ દ્વારા રાજય કક્ષાએ આંખને લગતી વિવિધ કોન્ફરન્સમાં દર વર્ષે સંશોધન લેખો રજૂ કરવામાં આવે છે. ઉપરાંત આંખના સર્જનોને અદ્યતન કાણલારી આપી શકાય તે માટે દર ત્રણ મહીને સેમીનાર યોજવામાં આવે છે. શૈક્ષણિક કાર્ય માટે આંખને લગતા પુસ્તકો અને જર્નલો ઉપરાંત ઇન્ટરનેટ અને વિડીયો લાયબ્રેરીની સગવડ પણ ઉપલબ્ધ છે. ૨૦૧૩-૧૪ના વર્ષમાં આ હોસ્પિટલમાં વિવિધ પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થયેલ છે. જેમાં જુદાજુદા ડોકટરોએ જરૂરી સંશોધન કરી પેપર્સ તૈયાર કરેલ છે. જેને IJO ઇન્ડિયન જર્નલ ઓફ ઓપ્થોલ્મોલોજીમાં પણ સ્થાન મળેલ છે. વધુમાં NERF દ્વારા યોજવામાં આવેલ આંખના રોગોનાં વિશેષજ્ઞો સાથેનાં CME પ્રોગ્રામમાં ભાગ લઇ આધુનિક સારવાર માટેની માહિતીઓ મેળવેલ છે.

➢ **નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી :**

